તદ્દન નવો સ્ટોક આવી ગયેલ છે
બાંધણી
પ્યોર સિલ્ક
પટોળા
ઘરચોળા
Bhatia Creation
Sir. Lakhajiraj Road, Rajkot
8238200086

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

જેઠ સુદ-૧૫ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ | સ્થાપક : બાબુભાઈ શાહ | તા. ૧૧-૬-૨૦૨૫ – બુધવાર | રાજકોટ (સીટી)

હરસ, ભગંદર, ફીશરની ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન હાર્મોનિક-લેસોટ્રેક્સ લેસર-HAL-IRC-K.S. દાખલ થયા વિના સારવાર
ડૉ. વેકરીયા પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 98240 66321
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર

વર્ષ : ૩૯ અંક : ૨૪૮ | RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT | તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ | sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

## નવા AC માં હવે ન્યુનતમ ૨૦ ડીગ્રી તથા મહતમ ૨૮ ડીગ્રી તાપમાન સેટ થશે: અનોખો પ્રયોગ

### ત્રણ વર્ષમાં ૧૮૦૦૦ થી ૨૦,૦૦૦ કરોડની વિજ બચત થવાનો દાવો

નવી દિલ્હી તા.૧૧

આબોહવા પરિવર્તન તથા આકરી ગરમીના પ્રવર્તમાન દોરમાં અનિવાર્ય થઈ પડેલા એરકન્ડીશન માટેની નીતિમાં સરકારે મોટો બદલાવ કર્યો છે હવે તમામ નવા એરકન્ડીશન (એસી)માં ન્યુનતમ તાપમાન ૧૬-૧૮ ડીગ્રીને બદલે હવે ૨૦ ડીગ્રી રહેશે જયારે મહતમ તાપમાન ૩૦ ડીગ્રીને બદલ, ૨૮ ડીગ્રી રહેશે.



સરકારનાં આ કદમથી ત્રણ વર્ષે ૧૮૦૦૦ થી ૨૦૦૦૦ કરોડની ઉર્જા બચત થવાનો દાવો કરવામાં આવ્યો છે.

કેન્દ્રીય ઉર્જા મંત્રી મનોહરલાલ ખટ્ટરે આ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે આ એક અનોખો પ્રયોગ છે. નવા નિયમથી એસીની કુલીંગ કાર્યક્ષમતામાં વધારો થશે. ઉર્જા માંગ નિયંત્રીત થશે અને વિજબીલમાં પણ રાહત થશે.

નવા નિયમો નોટીફાઈ થવાની સાથે જ તમામ ક્ષેત્રોમાં વપરાતા એરકન્ડીશન્ડમાં તે લાગુ પડી જશે. રહેણાંક મકાનોથી માંડીને ઓફીસ, મોલ, હોટેલ, થિયેટર સહીતનાં કોમર્સીયલ ક્ષેત્રમાં પણ અમલી બનશે.

જાપાન તથા ઈટાલીમાં સમાન પ્રકારનાં નિયમોથી પ્રેરાઈને આ કદમ ઉઠાવવામાં આવ્યુ છે. રોમમાં જાહેર ક્ષેત્રની ઈમારતોમાં ન્યુનતમ તાપમાનની માત્ર ૨૩ ડીગ્રી રાખવામાં આવી છે. જાપાનમાં ૨૭ ડીગ્રીનો નિયમ અમલમાં છે.

સરકારના આંકડાકીય રીપોર્ટ પ્રમાણે કુલીંગ માટે એસીનાં તાપમાનમાં એક ડીગ્રીનો વધારો કરવામાં આવે તો ઉર્જા વપરાશમાં ૬ ટકાનો ઘટાડો થાય છે. ૬ કરોડ રહેણાંક એસીમાં તથા ૫૨ લાખ કોમર્સીયલ ક્ષેત્રના એસી ૨૨ થી ૨૪ ડીગ્રીની રેન્જમાં રાખવામાં આવે તો વર્ષે ૨૨ થી ૧૫ અબજ યુનિટ વિજળીની બચત થઈ શકે છે અને ૪ થી ૫ કોલસા આધારીત પાવર પ્લાંટમાંથી ઉત્પાદીત વિજળી બની શકે છે. કાર્બન ઉત્સર્જનનાં પ્રદુષણમાં પણ મદદ મળી શકે છે

## શુક્રવારથી ચોમાસુ ફરી સક્રિય થશે

### હવામાન વિભાગની આગાહી: બંગાળની ખાડીમાં ઉપરાઉપરી બે સિસ્ટમના પ્રભાવ હેઠળ ચોમાસુ નવા ભાગોમાં આગળ વધવા લાગશે

પુના તા.૧૧

ગુજરાત સહિત દેશભરમાં છેલ્લા એકાદ પખવાડીયાથી સ્થગીત થયેલુ ચોમાસુ હવે બે દિવસમાં એક્ટીવ થઈ જશે અને આગામી ૧૩મી જૂનથી આગળ ધપવા લાગશે તેવી મહત્વની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.



ભારતીય હવામાન વિભાગ ઉપરાંત ખાનગી હવામાન એજન્સી સ્કાયમેટે આગાહીમાં જણાવ્યું છે કે પશ્ચિમમાં મુંબઈ અને પુર્વમાં પશ્ચિમ બંગાળ તથા સિક્કીમ પર સર્જાયેલી સીસ્ટમના કારણે ચોમાસુ ફરી સક્રીય થઈ જશે. બંગાળની ખાડીમાં ઉપરાઉપરી બે સિસ્ટમ આકાર લઈ રહી છે જેને પગલે અગાઉ જ જયાં ચોમાસુ પ્રવેશી ગયુ હતું તે વિસ્તારો ઉપરાંત નવા ભાગોમાં તે આગળ ધપશે.

ચોમાસાની ઉતરીય રેખા આગામી દિવસોમાં વિસ્તરશે અને નવા ભાગોમાં ચોમાસુ આગળ વધશે. પશ્ચિમ મધ્ય બંગાળની ખાડીમાં સાયકલોનીક સરક્યુલેશન ઉદભવી ચૂક્યુ છે અને તેના પ્રભાવ હેઠળ તટીય આંધ્રપ્રદેશ રાયલ સીમા તથા કર્ણાટકમાં વરસાદ વરસશે. ૧૪મી જૂને ઉતરીય બંગાળની ખાડીમાં નવુ સાયકલોનીક સરક્યુલેશન સર્જાશે અને તેમની અસરે ઓડીસા, ઝારખંડ, છતીસગઢ, મધ્યપ્રદેશ તથા મહારાષ્ટ્રમાં વરસાદ વરસશે. આ બંને સિસ્ટમની સંયુક્ત અસર હેઠળ ચોમાસુ સક્રીય થશે અને પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ, છતીસગઢ તથા પુર્વીય મધ્યપ્રદેશમાં આગળ વધશે. જો કે ૧૪મી જૂને ઉદભવનારા સાયકલોનીક સરક્યુલેશનની અસર ઉપર વધુ વોચ રાખવામા આવી રહી છે.

હવામાન વિભાગ દ્વારા એમ કહેવામાં આવ્યું છે કે ૧૩મી જુલાઈથી ઉતર ભારતના રાજયોમાં હીટવેવની સ્થિતિમાંથી રાહત મળવા લાગશે. ઉતરીય મધ્યપ્રદેશ, પશ્ચિમી રાજસ્થાન, હરિયાણા, ચંદીગઢ, પંજાબ, દિલ્હી, જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ તથા દક્ષિણ પશ્ચિમી ઉતરપ્રદેશમાં હીટવેવની સ્થિતિ સર્જાયેલી છે. ઉતરીય ઓડીશામાં સાયકલોનીક સરક્યુલેશન છે અને તેના સંલગ્ન ભાગોમાં શક્તિશાળી ચોમાસુ પવનો ફુંકાવા લાગ્યા છે.

### ગેરકાનુની વસાહતીઓ સામેની કાર્યવાહીમાં ટ્રમ્પ મક્કમ: મરીન ઉતાર્યા

# અમેરિકાના વધુ શહેરોમાં તોફાન પ્રસર્યા: લોસ એન્જીલીસમાં કર્ફયું







વોશિંગ્ટન: અમેરિકામાં ગેરકાનુની વસાહતીઓને શોધી શોધીને તેને તડીપાર કરાતા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ તથા અમેરિકી ઈમીગ્રેશન એજન્સીની આકરી કાર્યવાહીના વિરોધમાં લોસ એન્જીલીસમાં પ્રથમ તોફાનો પાટી નિકળ્યા બાદ હવે તે અમેરિકાના વધુ શહેરો સુધી ફેલાતા અને વધુ હજારો લોકો સડક પર આવીને આગજની-તોડફોડ અને વ્યાપક લુંટફાટ શરૂ કરતા હવે ટ્રમ્પ તંત્ર માટે આ તોફાનો ડામવા એ મોટો પડકાર બની ગયો છે તો ત્યારથી આ તોફાનોનો પ્રારંભ થયો ત્યાં વધુ હજારો નેશનલ ગાર્ડની સાથે ખતરનાક ગણતા ૭૦૦ મરીનને પણ કાયદો વ્યવસ્થા જાળવ્યા મુજબ તંત્ર તો મેદાનમાં ઉતરતા જ આ રાજયના ગવર્નર ભડકી ઉઠયા છે. જો કે લોસ એન્જીલીસમાં તોફાનો વકરતા કર્ફયુ લાદવામાં આવ્યો છે તથા મહાનગરના મેયર કટોકટી જેવી સ્થિતિ હોવાનું જાહેર કર્યુ છે. તેઓએ પ્રમુખ ટ્રમ્પને હાલ ગેરકાનુની વસાહતીઓ સામેની કાર્યવાહી બંધ રાખવા અપીલ કરી છે. લોસ એન્જીલીસના પુરા

(અનુસંધાન છઠ્ઠા પાને)

### હજારો દેખાવકારોએ લોસ એન્જીલીસના ડાઉન ટાઉનમાં એપલ સ્ટોર્સ સહિત ૨૩ સ્થળોએ લુંટફાટ ચલાવી: શિકાગોથી તોફાનની આગળ હવે છેક વોશિંગ્ટન ડી.સી. સુધી પહોંચી: હાલત બેકાબુ

### ખતરનાક ગણાતા મરીન કમાન્ડોને ડયુટી સોપાતા ગવર્નર-મેયરનો વિરોધ: ટ્રમ્પ સામે દેશની જનતાને સૈન્યને હવાલે કરવાનો આરોપ: ગવર્નર-ગેવિનની ધરપકડની ટ્રમ્પની ચેતવણી

## ફ્રેમવર્ક તૈયાર: ચીન અમેરિકા વચ્ચે વ્યાપાર સમજુતી: અનેક નિયંત્રણો જશે

### લંડનમાં બન્ને દેશો વાટાઘાટો ચાલુ રાખવા સંમત


લંડન: અમેરિકામાં છેડેલા ટ્રેડવોરમાં એક તબકકે ચીન પર ૧૫૪% સુધીના ટેરીફ લાદયા બાદ સમાધાનના માર્ગે આવેલા બન્ને દેશો વચ્ચે હવે પ્રથમ તબકકાની વ્યાપાર સમજુતી થઈ ગઈ છે. લંડનમાં બન્ને દેશોના વ્યાપારી બાબતોના પ્રતિનિધિમંડળ વચ્ચે ૪૮ કલાકની વાતચીત બાદ ચીન અમેરિકી નિકાસ પરના કેટલાક પ્રતિબંધો હટાવશે. જો કે બન્ને દેશોએ કોઈ મોટી જાહેરાત કરી નથી પણ તા.૧૦ ઓગષ્ટ જે ટ્રમ્પની ૯૦ દિવસની ડેડલાઈનનો અંત આવે છે તે પુર્વે પુરી સમજુતી થઈ જશે તેવો આશાવાદ દર્શાવ્યો છે. સૌથી મહત્વનુ ચીને જે ઓટો સહિતની ઈન્ડસ્ટ્રી માટે મહત્વના રેર અર્થ મટીરીયલ પર હાલ જે રીતે આકરા પ્રતિબંધો મુકી દીધા છે તે હળવા કરવા સંમત થયુ છે. આ કરારને અમેરિકી પ્રતિનિધિમંડળના વડા તથા કોમર્સ સેક્રેટરીએ બ્રેડ પર બટર લગાડાઈ ગયું હોવાનું જણાવ્યુ હતું. ગત મહિને જીનીવામાં વાટાઘાટો બાદ દેશો એ લંડનમાં મળવાનો નિર્ણય લીધો હતો. જીનીવામાં કોઈ નકકર સમજુતી થઈ ન હતી તે પછી ચીને આકરા નિકાસ નિયંત્રણો લાદયા હતા. બન્ને દેશોએ દાવો કર્યો કે ટેરીફ ફ્રેમવર્ક તૈયાર થઈ ગયુ છે અને બન્ને દેશો તેના પર આગળ વધશે.

## ટ્રેન ઉપડવાના ૨૪ કલાક પહેલા મુસાફરોની કન્ફર્મ ટિકિટનો ચાર્ટ જાહેર કરાશે

### મુસાફરો ૨૪ કલાક પહેલા તેમની સીટની સ્થિતિ જાણી શકશે

નવી દિલ્હી: તા.૧૧

ટ્રેનમાં મુસાફરી કરનારાઓ માટે સારા સમાચાર છે. રેલ્વે હવે એક નવો નિયમ પર વિચારણા કરી રહી છે. આનાથી મુસાફરોને ટ્રેનમાં સીટ મેળવવામાં આવતી મુશ્કેલીઓ ઓછી થશે. નવા નિયમ મુજબ, રેલ્વે ટ્રેન ઉપડવાના ૨૪ કલાક પહેલા ચાર્ટ જારી કરવાની યોજના બનાવી રહી છે. આ રીતે, મુસાફરો ૨૪




(અનુસંધાન છઠ્ઠા પાને)

### મુસાફરોને આ સુવિધા મળશે

રેલ્વે અધિકારીઓનું કહેવું છે કે આ નવી સિસ્ટમ મુસાફરોને તેમની મુસાફરીનું વધુ સારી રીતે આયોજન કરવામાં મદદ કરશે. ઉદાહરણ તરીકે, ૧૦૦ કિમી કે તેથી વધુ દૂરથી આવતા મુસાફરોને વધુ સારી માહિતી અને સ્ટેશન પહોંચવાનો સમય મળશે. આનાથી છેલ્લી ઘડીની મુશ્કેલીઓ ઓછી થશે. આ નવો નિયમ તે લોકોને અસર કરશે નહીં જેઓ છેલ્લી ઘડીએ મુસાફરી કરવાનું વિચારી રહ્યા છે અને તત્કાલ ટિકિટ બુક કરાવી રહ્યા છે. અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે તત્કાલ ટિકિટ ટ્રેન ઉપડવાના ૨૪ કલાક પહેલા બુક કરાવવામાં આવે છે, તેથી એક દિવસ અગાઉ સંપૂર્ણ ચાર્ટ જાહેર કરવામાં કોઈ સમસ્યા રહેશે નહીં.

### વધુ યાદીઓ બહાર પાડવામાં આવશે?

હજુ સુધી એ સ્પષ્ટ નથી કે રેલવે કન્ફર્મ રિઝર્વેશન ધરાવતા મુસાફરોની બીજી અને ત્રીજી યાદી બહાર પાડશે કે નહીં. કારણ કે શક્ય છે કે ઘણા મુસાફરો કન્ફર્મ ટિકિટ હોવા છતાં છેલ્લા ૨૪ કલાકમાં તેમનું બુકિંગ રદ કરી શકે છે. એક સૂત્રએ જણાવ્યું હતું કે પહેલા પાયલોટ પ્રોજેક્ટ પૂર્ણ થવા દો, ત્યારબાદ મુસાફરોના હિતને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવામાં આવશે. અગાઉ, રેલ્વે રિઝર્વેશન ચાર્ટ સામાન્ય રીતે બે વાર તૈયાર કરવામાં આવતા હતા. પહેલો ચાર્ટ ટ્રેનના નિર્ધારિત પ્રસ્થાન સમયના ચાર કલાક પહેલા તૈયાર કરવામાં આવતો હતો અને બીજો, અથવા અંતિમ, ચાર્ટ ટ્રેનના પ્રસ્થાનના ૩૦ મિનિટ પહેલા તૈયાર કરવામાં આવતો હતો. રેલ્વેને આશા છે કે આ નવો નિયમ મુસાફરોને ગમશે.

## ભારતના શુભાંશુની અંતરિક્ષ યાત્રા ફરી ટળી: રોકેટમાં ખરાબીના કારણે લોન્ચીંગ રોકાયું

### ફોલ્ટ રિપેર થયા બાદ પ્રક્ષેપણની નવી તારીખ જાહેર થશે



નવી દિલ્હી તા.૧૧

ભારતીય અંતરિક્ષયાત્રી શુભાંશુને આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન-આઈએસએસ લઈ જનાર એકસીઓમ સ્પેસના મિશન એકસીઓમ-૪ને વધુ એકવાર રોકી દેવામાં આવ્યું છે. આ મિશન આજે બુધવારે લોન્ચ થવાનું હતું પણ ફાલ્કન-૯ રોકેટમાં ખરાબીના કારણે આ પ્રક્ષેપણને રોકી દેવામાં આવ્યું છે.

ભારતીય અંતરિક્ષ યાત્રી શુભાંશુ શુકલાનું Axiom-4 મિશન ફરી એકવાર મુલતવી રાખવામાં આવ્યું છે. 'સ્ટેટિક ફાયર' પરીક્ષણ પછી બૂસ્ટરના નિરીક્ષણ દરમિયાન લિક્વિડ ઓક્સિજન (LOx) લીકેજ મળી આવ્યા બાદ મિશન પર બ્રેક લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ મિશન હેઠળ, ભારતીય વાયુસેનાના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુકલાને ISS મોકલવાના હતા.

સ્પેસએક્સે આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ મથક (ISS) માટે નિર્ધારિત Axiom-4 મિશનના લોન્ચિંગને મુલતવી રાખવાની પુષ્ટિ કરી છે. શુભાંશુને લઈને Axiom-4 મિશન બુધવારે સાંજે ૫:૩૦ વાગ્યે લોન્ચ થવાનું હતું. Axiom-4 મિશનમાં ભારત, પોલેન્ડ અને હંગેરીના અંતરિક્ષ યાત્રીઓ શામેલ હતા. સ્પેસએક્સે X પર પોસ્ટ કરીને લખ્યું છે કે Axiom-4 મિશન માટે ફાલ્કન ૯ રોકેટનું આવતીકાલનું લોન્ચિંગ મુલતવી રાખવામાં આવી રહ્યું છે જેથી સ્પેસએક્સ ટીમો LOx લીકને ઠીક કરી શકે. કંપનીએ વધુમાં જણાવ્યું હતું કે લોન્ચિંગની નવી તારીખ સમારકામ પૂર્ણ થવા અને રેન્જ ઉપલબ્ધતાના આધારે શેર કરવામાં આવશે.

મિશનના ઉડાનની નવી તારીખ હજુ જાહેર નથી થઈ. એન્જીનીયરોએ સ્પેસ

(અનુસંધાન છઠ્ઠા પાને)

## ટ્રમ્પ પર આક્ષેપો બદલ મસ્કને હવે 'પસ્તાવો' થયો

### મને બહુ અફસોસ છે: વાત ઘણી આગળ વધારી દીધી હતી: નવી પોસ્ટ લખી



વોશિંગ્ટન: અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે એક સમયે ખાસ સાથી બનેલા એલન મસ્કે જે રીતે બાદમાં ગત સપ્તાહે ટ્રમ્પ સામે સોશ્યલ મીડીયામાં એપસ્ટીન ફાઈલ સહિતના મુદે સર્જી દીધો હતો તે માટે હવે પોતાની સોશ્યલ મીડીયા પોષ્ટ પર દિલગીરી દર્શાવી છે અને એમ પણ લખ્યુ કે વાત ખૂબજ આગળ વધી ગઈ છે. તેણે સોશ્યલ મીડીયા પર જ પસ્તાવો-દિલગીરી દર્શાવતા કહ્યું કે મને મારી પોષ્ટ પર ખૂબજ દુ:ખ છે. આમ કહીને તેણે ટ્રમ્પ સાથે હવે સમાધાનના સંકેત આપી દીધા હતા. અગાઉ ગઈકાલે ટ્રમ્પે પણ મસ્ક માટે હળવા શબ્દોનો ઉપયોગ કર્યો હતો અને જણાવ્યું કે તે મારી સાથે વાત કરવા માંગે છે તો હું તૈયાર

(અનુસંધાન છઠ્ઠા પાને)

### અમેરિકી ગુપ્તચર એજન્સીના વડાનું ધ્રુજાવનારૂ વિધાન

## વિશ્વ અણુયુદ્ધની સૌથી નજીક: તુલસી ગવાર્ડ

### એક શક્તિશાળી જૂથ વિશ્વની મહાસતાઓને લડાવવા માંગે છે: હીરોશીમાની મુલાકાત બાદ કરેલુ વિધાન સૂચક



વોશિંગ્ટન: રશિયા અને યુક્રેન વચ્ચે સતત ભીષણ બનતા જતા યુદ્ધ અને હવે યુરોપના દેશોને પણ રશિયા તેના પર આક્રમણ કરશે તેવી ચિંતા વચ્ચે અમેરિકાના રાષ્ટ્રીય ઈન્ટેલીજન્સના વડા તુલસી ગબાર્ડ એક અત્યંત ગંભીર વિધાનમાં કહ્યું હતું કે વિશ્વ અગાઉ કયારે પણ ન હતુ તેટલુ અણુયુદ્ધની નજીક પહોંચી ગયુ છે. યુક્રેને જે રીતે રશિયા પર ગત સપ્તાહ ભીષણ ડ્રોન હુમલાથી રશિયાની હવાઈદળની તાકાત તોડી છે. ખાસ કરીને અણુશસ્ત્રો વહન કરતા વિમાનોનો કચ્ચરઘાણ કાઢયો હતો તે પછી રશિયામાં પણ હવે યુક્રેનને તબાહ કરવાની તૈયારી કરી છે. ખાસ કરીને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુટીન આ યુદ્ધનો અંત લાવવા અણુશસ્ત્રોનો મર્યાદીત ઉપયોગ કરી શકે છે તેવી ચિંતા દુનિયાભરમાં છે તે વચ્ચે તુલસી ગબાર્ડનું આ વિધાન ખૂબ જ મહત્વનું છે. તેઓએ કોઈનુ નામ લીધા વગર જણાવ્યુ છે. એક રાજકીય ગ્રુપ વિશ્વ શક્તિઓ વચ્ચે અથડામણ ઉભી કરવા માંગે છે. તેમણે કોઈ નામ લીધુ ન હતુ પણ સંભવત ઈશારો ચીન ભણી હતો.

(અનુસંધાન છઠ્ઠા પાને)

## બલુચિસ્તાનમાં પાકિસ્તાની સેના અને બલુચી વિદ્રોહીઓ વચ્ચે જંગ: ૨૩ પાક.સૈનિકોનાં મોત

### અથડામણમાં ૯ બલુચી લડાયકોનાં પણ મૃત્યુ



ઈસ્લામાબાદ (પાકિસ્તાન) તા.૧૧

બલુચિસ્તાન પ્રાંતમાં પાકિસ્તાની સેના અને બલુચ વિદ્રોહીઓ વચ્ચે લોહીયાળ જંગ ખેલાયો છે. અલગ અલગ સ્થળે થયેલી જંગમાં ૨૩ જેટલા પાકિસ્તાની સૈનિકો અને ૯ જેટલા બલૂચ લડાયકો માર્યા ગયા છે.

બલુચ લિબરેશન આર્મી (બીએલએ) ના પ્રવકતા જાયંદ બલુચે પોતાના

એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ અથડામણ ગોની પારા સ્થળે થઈ હતી. જેમાં પાકિસ્તાની સૈન્યની મદદે હેલીકોપ્ટરની મદદથી કમાન્ડો ઉતારવા

(અનુસંધાન છઠ્ઠા પાને)

વેચવાનો છે
ચાલુ સીમેન્ટ પ્લાન્ટ
કીલન - ૨, સીમેન્ટ મીલ - ૨
હડમતાલા ઈન્ડસ્ટ્રીઝ એરીયા
૪ એકર જગ્યામાં Capacity 150 tun
મો. 9909972393

લીંબડી આજુ-બાજુમાં ખેતીની જગ્યા લેવા માટે
મોટા ખાતેદાર બનવાની સુવર્ણ તક
મળો : શિવરાજભાઈ
9104 333 888

શોરૂમ અથવા ડીસ્પ્લે લાયક જગ્યા લોંગ લીઝથી આપવાની છે
આશરે 2000 સ્કે. ફુટ
પ્રાઈમ સ્કેવર
ટાગોર રોડ, રાજકોટ.
82628 30854

જોઈએ છે
ફર્નીચરનાં શો-રૂમ માટે
હેલ્પર-ટેક્નીશીયન
Godrej interio
ઈન્ટરવ્યુ : બપોરે ૧૨ થી ૩ દરમ્યાન
અશોક એન્ટરપ્રાઈઝ
હીરાપન્ના કોમ્પલેક્ષ, યાજ્ઞિક રોડ.
89800 38506

વેચવાની છે
સ્કૂલ બેંચ
ટયુશન કલાસને અનુકુળ
સારી કંડીશનમાં, વ્યાજબી ભાવથી
સંપર્ક: 82004 19878
98981 88886
MANISH ads

જાપાનીઝ ટેકનોલોજીથી
પાર્કીંગના પીળા પટ્ટા કરાવો
બીલ્ડીંગમાં વાહન પાર્કીંગ માટે પ્લાન સાથે માર્કીંગના પીળા પટ્ટા મારી આપીશું
PUNCHO ROAD MARKING PVT.LTD.-91067 16757

વસુંધરા રીયલ એસ્ટેટ
જમીન-લે વેચ
રાજકોટ થી વાંકાનેર તરફ
▶ ખેતી લાયક ખાતેદાર લાયક
▶ ફાર્મ હાઉસ લાયક
▶ બિન ખેતી લાયક રોકાણ લાયક
સંતોષ કારક રીતે લે વેચ કરી આપશું
હીતુભા જાડેજા - ૯૧૪૦૪ ૦૯૮૦૪
હરદેવસિંહ જાડેજા - ૮૭૮૦૧ ૮૪૮૨૫
ઓફીસ - કુવાડવા વાંકાનેર હાઈવે કણકોટ બસ સ્ટેન્ડ

बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda
ગોલ્ડ લોન
0% પ્રોસેસીંગ ચાર્જ
રૂા. ૩ લાખ સુધી
તાત્કાલીક ધોરણે લોન પ્રોસેસ કરી આપવામાં આવશે.
આ યોજનાનો લાભ લેવા માટે આજે જ નજીકની શાખાનો સંપર્ક કરો

# ૪૮.૪% ગ્રામીણ મહિલાઓ પાસે મોબાઈલ ફોન નથી, ફકત ૫૭.૬% મહિલાઓ પાસે ઈન્ટરનેટની ઍક્સેસ છેઃ NSO ડેટા

ન્યુ દિલ્હી :

ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ મોબાઇલ અને ઇન્ટરનેટનો ઉપયોગ કરી રહી છે, પરંતુ લગભગ ૫૦ ટકા જેટલા મહિલાઓ પાસે પોતાનો મોબાઇલ ફોન નથી. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO) એ તાજેતરમાં કોમ્પ્રીહેન્સિવ મોડ્યુલર સર્વેઃ ટેલિકોમ્યુનિકેશન્સ, ૨૦૨૫ (CMS-T) નો ડેટા બહાર પાડ્યો છે. તેમાં જાન્યુઆરી ૨૦૨૫ થી માર્ચ ૨૦૨૫ સુધીનો ડેટા શામેલ છે.

માહિતી અનુસાર, ગ્રામીણ વિસ્તારોમાં '૧૫ વર્ષ અને તેથી વધુ' વય જૂથની ૭૬.૩% મહિલાઓ મોબાઇલ ફોનનો ઉપયોગ કરે છે, પરંતુ ૪૮.૪ ટકા મહિલાઓ પાસે પોતાનો ફોન નથી. તે જ સમયે, ગ્રામીણ વિસ્તારોમાં '૧૫ વર્ષ અને તેથી વધુ' વય જૂથના ૮૯.૫% પુરુષો મોબાઇલ ફોનનો ઉપયોગ કરે છે અને ૮૦.૭ ટકા પુરુષો મોબાઇલ ફોનનો ઉપયોગ કરે છે. આ



આંકડા દર્શાવે છે કે મહિલાઓ અને પુરુષો વચ્ચે મોબાઇલ માલિકીના સંદર્ભમાં લગભગ ૩૨% નો તફાવત છે.

**શહેરોમાં પણ તફાવત જોવા મળ્યો**

શહેરી વિસ્તારોની વાત કરીએ તો, '૧૫ વર્ષ અને તેથી વધુ' વય જૂથની ૭૧.૮ ટકા મહિલાઓ પાસે મોબાઈલ ફોન છે, જ્યારે આ શ્રેણીના ૯૦ ટકા પુરુષો પાસે મોબાઈલ છે. શહેરોમાં, ૯૫% પુરુષો મોબાઈલ ફોનનો ઉપયોગ કરે છે, જ્યારે ૮૬.૮% મહિલાઓ ફોનનો ઉપયોગ કરે છે. ગ્રામીણ વિસ્તારોમાં, '૧૫ થી ૨૪' વય જૂથની ૯૫.૭% સ્ત્રીઓ ફોનનો ઉપયોગ કરે છે, પરંતુ ફક્ત ૫૧.૭% પાસે મોબાઇલ ફોન છે. તે જ સમયે, આ વય જૂથના ૯૮% પુરુષો ફોનનો ઉપયોગ કરે છે, જ્યારે ૭૪.૮% પાસે મોબાઇલ ફોન છે. શહેરોમાં, '૧૫ થી ૨૪' વય જૂથની ૬૯.૫% સ્ત્રીઓ પાસે ફોન છે, જ્યારે ૮૨.૭% પુરુષો પાસે મોબાઇલ ફોન છે. ઉપયોગની વાત કરીએ તો, ૯૭.૬% પુરુષો અને ૯૬.૯% સ્ત્રીઓ છે.

**ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં ઇન્ટરનેટના ઉપયોગમાં તફાવત**

ગ્રામીણ વિસ્તારોમાં, '૧૫ વર્ષ અને તેથી વધુ' વય જૂથની ફક્ત ૫૭.૬% સ્ત્રીઓ ઇન્ટરનેટનો ઉપયોગ કરે છે, જ્યારે શહેરોમાં આ આંકડો ૭૪.૦% છે. ગ્રામીણ વિસ્તારોમાં, આ વય જૂથના ૭૨.૧% પુરુષો ઇન્ટરનેટનો ઉપયોગ કરે છે અને શહેરોમાં આ આંકડો ૮૫.૫% છે.

# અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં ભીડ પર AI નજર રાખશેઃ પોલીસની બુલેટ માર્ચ

## ભાગદોડ રોકવા ટેકનોલોજીની મદદઃ દર્શનાર્થીઓની સંખ્યાનો આંકડો મળતો રહેશે

અમદાવાદ, તા.૧૧

અમદાવાદમાં ૨૭ જૂનના રોજ ભગવાન જગન્નાથજીની ૧૪૮મી ભવ્ય રથયાત્રા યોજાનાર છે. આ ઉત્સવની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે પોલીસ વિભાગે વ્યાપક સુરક્ષા વ્યવસ્થા અને રૂટની તપાસ માટે બુલેટ માર્ચનું આયોજન કર્યું હતું. જેમાં ૧૦૦થી વધુ પોલીસકર્મીઓએ ભાગ લીધો હતો.

જગન્નાથ મંદિર ખાતે સેક્ટર ૧ના જેસીપી અને મંદિરના મહંત દ્વારા લીલી ઝંડી બતાવીને બુલેટ માર્ચનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ માર્ચ રાત્રે






૧૦:૩૦ વાગ્યે જગન્નાથ મંદિરથી શરૂ થઈ, જમાલપુર, ખાડિયા, પાંચકુવા, કાલુપુર, સરસપુર,પ્રેમદરવાજા, દરિયાપુર, દિલ્હી ચકલા અને માણેકચોક થઈને પરત મંદિરે પહોંચી હતી. આ રૂટ પર ૧૦૦ જેટલા બુલેટ બાઈક સાથે પીઆઈ પીએસઆઈ સહિતના પોલીસ જવાનોએ પેટ્રોલિંગ કર્યું હતું. સમગ્ર રૂટ પર પોલીસ બંદોબસ્ત ગોઠવીને સુરક્ષાને લગતી તમામ વ્યવસ્થાઓની ચકાસણી કરવામાં આવી હતી.

ક્રાઈમ બ્રાન્ચના અઈડ ભરત પટેલે કહ્યું કે દેશમાં અલગ અલગ જગ્યાએ ભાગદોડમાં કેટલાક લોકોએ જીવ ગુમાવ્યા છે, ત્યારે રથયાત્રા ૫ દરમ્યાન ભાગદોડ અટકાવવા AI ટેક્નોલોજીનો ઉપયોગ કરાશે. જમાલપુર મંદિરથી સરસપુર અને સરસપુરથી નિજ મંદિર સુધી આ ટેક્નોલોજીનો ઉપયોગ થશે. AI ફિલ્ડમાં સ્ટાર્ટઅપ કરતા યુવકોની મદદ લેવામાં આવશે. વિવિધ CCTV ફૂટેજ તેમજ ડ્રોનથી આ ટેક્નોલોજી કામ કરશે, જે તે સ્થળ CCTV અને ડ્રોનની ફીડથી થર્મલ ઈમેજથી વ્યક્તિઓની ગણતરી થશે, દર્શનાર્થીઓની ભીડ એક જગ્યાએ કેટલી છે તેની ગણતરી કરવા માટે આ ટેક્નોલોજી મદદરૂપ થશે.

# ઑસ્ટ્રિયાની શાળામાં ગોળીબારઃ અત્યાર સુધીમાં ૧૦ વિદ્યાર્થીઓના મોત, ૨૮ ઘાયલ

## શંકાસ્પદ હુમલાખોર સ્કૂલનો વિદ્યાર્થી હતો, લાશ મળી

મંગળવારે સવારે ઑસ્ટ્રિયાના ગ્રાઝ શહેરમાં એક હાઇસ્કૂલમાં ગોળીબારની ઘટના બની હતી. આ ઘટનામાં ૧૦ લોકોના મોત થયા હતા અને ૨૮ લોકો ઘાયલ થયા હતા. જેમાંથી ચાર લોકોની હાલત ખૂબ જ ગંભીર છે. કેટલાક લોકોના માથામાં પણ ગોળી વાગી છે.

પોલીસે આ વિસ્તારમાં મોટી કાર્યવાહી શરૂ કરી છે અને લોકોને દૂર રહેવાનું કહેવામાં આવ્યું છે. ઑસ્ટ્રિયન મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સવારે લગભગ ૧૦ વાગ્યે બોર્ગ ડ્રેયર્સચુત્ઝેંગાસે હાઇ સ્કૂલની અંદર ગોળીબારનો અવાજ સંભળાયો હતો.

આ પછી તરત જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ. ગૃહમંત્રી કાર્લ નેર્નરે જણાવ્યું કે શંકાસ્પદ વ્યક્તિ આ શાળાનો ભૂતપૂર્વ વિદ્યાર્થી હતો. અહેવાલો અનુસાર, તેણે પોતાને ગોળી મારીને






આત્મહત્યા કરી લીધી છે. તેનો મૃતદેહ શાળાના બાથરૂમમાં મળી આવ્યો હોવાના પણ સમાચાર છે.

ઑસ્ટ્રિયાના ગૃહ મંત્રાલયે એક નિવેદન જારી કરીને કહ્યું કે મૃતકોની વાસ્તવિક સંખ્યા હજુ જાહેર કરી શકાતી નથી, અને ઘાયલોની સંખ્યાની પણ પુષ્ટિ કરી શકાતી નથી.

પોલીસ પ્રવક્તા સાબરી યોર્ગુને જણાવ્યું હતું કે પોલીસ હજુ પણ ત્યાં શું બન્યું તે જાણવાનો પ્રયાસ કરી રહી છે. હાલમાં, ઘટનાસ્થળે સ્પેશિયલ ફોર્સ કોબ્રા તૈનાત કરવામાં આવી છે.

ઑસ્ટ્રિયન ચાન્સેલર ક્રિશ્ચિયન સ્ટોકર પણ ગ્રાઝ જવા રવાના થઈ ગયા છે, જ્યાં તેઓ એક પ્રેસ કોન્ફરન્સ યોજવાની યોજના ધરાવે છે.

યુરોપિયન યુનિયનના વિદેશ નીતિના વડા કાજા કલ્લાસે જણાવ્યું હતું કે ઑસ્ટ્રિયન સ્કૂલમાં ગોળીબારના સમાચાર સાંભળીને મને ખૂબ જ દુ:ખ થયું છે. દરેક બાળકે શાળામાં સુરક્ષિત અનુભવવું જોઈએ અને ભય અને હિંસાથી મુક્ત રહીને શીખવું જોઈએ. આ દુ:ખદ ક્ષણમાં મારી સંવેદના પીડિતો, તેમના પરિવારો અને ઑસ્ટ્રિયન લોકો સાથે છે.

# વિજ પુરવઠો ખોરવાય તો ૧૦૮ જેવી ઈમરજન્સી સુવિધા શરૂ થશે

## વિજ પુરવઠો ખોરવાયાની ફરિયાદ મળતાં જ ટીમ પહોંચીને ચાલુ કરી દેશે

અમદાવાદ, તા.૧૧

નાણા, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુ દેસાઈની અધ્યક્ષતામાં સ્થાયી પરામર્શ સમિતિની બેઠક મળી હતી. જેમાં મંત્રીએ, નાણાં-ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા કરવામાં આવેલી પ્રજાલક્ષી કામગીરી અને



નિર્ણયોથી ધારાસભ્યોઓને માહિતગાર કર્યા હતા.આ તબક્કે, મંત્રીએ કહ્યું હતું કે, રાજ્યમાં વિવિધ કારણોસર વીજળી ખોરવાય તેવા પ્રસંગો બને છે. આવા પ્રસંગોએ વીજળી પુન:કાર્યરત થઈ શકે તે માટે રાજ્ય સરકાર આકસ્મિક સેવા પણ ટૂંક સમયમાં શરૂ કરશે.

જે રીતે હેલ્થ ઈમરન્સી સમયે લોકો ૧૦૮ નંબરથી એમ્બ્યુલન્સ આવે છે, તેવી જ રીતે ટોલ ફ્રી નંબરથી વીજળી પુન:કાર્યરત કરવા પણ ટીમ ઘટના સ્થળે પહોંચશે. આ અદ્યતન મોડલ અત્યારે તૈયાર થઇ રહ્યું છે. આ ઉપરાંત રાજયના નાગરીકો પોતાના વીજ પ્રશ્નો પણ ખૂબજ સરળતાથી ઓનલાઈન રજીસ્ટર કરી શકશે. રાજયમાં સમયાંતરે સ્થાયી પરામર્શ સમિતિની બેઠક યોજાય છે. ગત બેઠક દરમિયાન ધારાસભ્યો દ્વારા રજૂ કરવામાં આવેલા મોટાભાગના પ્રશ્નોનો નિકાલ કરવામાં આવ્યો હોવાનો સરકારે દાવો કર્યો છે.

# કટરા-શ્રીનગર વંદે ભારતમાં આગામી ૧૦ દિ' સુધી બુકીંગ ફૂલઃ વિમાનથી પણ સસ્તી સફર

## જમ્મુ કાશ્મીરના પૂર્વ અને વર્તમાન મુખ્યમંત્રી પિતા-પુત્ર ફારૂક અબ્દુલ્લા, ઉંમર અબ્દુલ્લા અને અન્ય નેતાઓએ વંદેભારત ટ્રેનમાં સફર કરી

નવી દિલ્હી તા.૧૧

માતા વૈષ્ણોદેવી કટરા રેલવે સ્ટેશનથી શ્રીનગર વચ્ચે ૭ જુનથી શરૂ થયેલ વંદેભારત એકસપ્રેસ ટ્રેનનો ક્રેઝ લોકોમાં એટલો તો વધ્યો છે કે આગામી ૧૦ દિવસ સુધીની ટ્રેનની બધી સીટો ફૂલ થઈ ચૂકી છે.ફલાઈટથી ઘણી સસ્તી આ ટ્રેનથી સફર કરવી લોકોના ઘણી ગરમી રહી છે. જેમાં શાનદાર નજારો પણ જોવા મળે છે.

કટરા રેલવે સ્ટેશને દિલ્હી અને અન્ય શહેરોથી આવતી ટ્રેનોમાં યાત્રીઓની સંખ્યામાં ઓછામાં ઓછો ૧૫ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે.

રેલવે અધિકારીઓનું કહેવુ છે કે આ રૂટ પર ૬ જુને વડાપ્રધાન મોદી દ્વારા વંદેભારતને લીલીઝંડી બતાવ્યા બાદ ૭



જુનથી તેના કોમર્શીયલ ઓપરેશન શરૂ થયા બાદ જે રીતે તેને ટ્રાફીક મળી રહ્યો છે તે જોતા લાગે છે કે ટુંક સમયમાં વધુ ટ્રેનો દોડાવવી પડશે. આ ટ્રેનો વંદેભારતનાં બદલે સામાન્ય ભાડાની હશે. એવી પણ આશા રાખવામાં આવી રહી છે કે અમરનાથ યાત્રા પહેલા જ આ રૂટ પર કેટલીક વધુ ટ્રેનો શરૂ કરવામાં આવે.

ઉલ્લેખનીય છે કે મંગળવારે આ ટ્રેનથી નેશનલ કોન્ફરન્સનાં અધ્યક્ષ અને જમ્મુ-કાશ્મીરનાં પૂર્વ મુખ્યમંત્રી ફારૂક અબ્દુલ્લાએ પણ શ્રીનગરથી કટરા સુધી સફર કરી હતી. તેમની સાથે તેમના મુખ્યમંત્રી પુત્ર ઉંમર અબ્દુલ્લા જમ્મુ-કાશ્મીરનાં મંત્રી સતીષ વર્મા, મુખ્યમંત્રીના સલાહકાર નાસીર અસલમ વામી, મુખ્ય પ્રવકતા તનવીર સાદીક પણ હતા.

**લોકોને ફલાઈટની ટિકીટ મોંઘી લાગે છે.**

વંદે ભારતની ફૂલ બુકીંગે એર લાયન્સની ચિંતા વધારી દીધી છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે અત્યારથી જ દિલ્હીથી શ્રીનગર જતી ફલાઈટો પર તેની અસર પડવા લાગી છે. લોકો ફલાઈટની મોંઘી ટીકીટનો બદલે દિલ્હીથી કટર વંદે ભારતમાં જવાનું પસંદ કરે છે.



## આજનું ચિંતન

### સિધ્ધાંતોના વિષયમાં રખાતી જાગૃતિ કલ્યાણકારી બને છે...

મંદિરના શિખર પર ફરકતી ધજા કયારેક તેજ હવાથી ફાટી પણ જતી હોય તો એમાં કોઈ કાગારોળ મચાવવા બેસી જતું નથી, પણ એ ધજા જે દંડ પર લટકતી હોય છે એ દંડ જ જો તૂટી જાય છે તો કાગારોળ મચી ગયા વિના નથી રહેતી.

સંદેશ સ્પષ્ટ છે

વ્યવસ્થા માટે નકકી થયેલ નીતિ-નિયમોમાં સંયોગાનુસાર ફેરફાર થતા રહે છે તો એમાં આભ તૂટી પડતું નથી, પણ સિધ્ધાંતોમાં જો સંયોગોના ઓઠા હેઠળ ફેરફાર કરી દેવામાં આવે છે તો જે નુકસાનને આમંત્રણ અપાઇ જાય છે એની કલ્પના કરવી પણ મુશ્કેલ છે.

રસ્તા પર ગાડી જમણી બાજુએ ચલાવવી, સ્પીડ બ્રેકર પાસે ગાડીને ધીમી પાડી દેવી, સિગ્નલ વ્યવસ્થાનુસાર ગાડી ચલાવવી, ગાડીની ગતિને નિયમ મુજબ નિયંત્રણમાં રાખવી.

આ વ્યવસ્થાઓનો સમાવેશ નીતિ-નિયમોમાં થાય છે, એમાં કવચિત બદલાતા સંયોગોમાં પરિવર્તન કરી શકાય છે. પણ અકસ્માત તો કોઈ પણ સંયોગમાં થવો જ ન જોઈએ આ સૂચનનો સમાવેશ સિધ્ધાંતોમાં થાય છે અને એ સૂચનનો અમલ સંયોગો ગમે તેવા હોય, કરવો જ પડે છે.

આ સંદર્ભમાં એક મહત્વની વાત.

સિધ્ધાંતના ક્ષેત્રે પ્રવાહપતિત માણસો કયારેય મહાનતાના આસમાનને સ્પર્શી શકતા નથી.

**- પદ્મભૂષણ જૈનાચાર્ય શ્રી રત્નસુંદરસૂરીજી મ.**
**('સ્પર્શ' પુસ્તકમાંથી સાભાર)**

# હવે જો આતંકવાદી હુમલો થાય તો શું?ઃ જયશંકરે કહ્યું- જો ઉશ્કેરવામાં આવશે તો અમે ઘરમાં ઘૂસીને મારી નાખીશું

બ્રસેલ્સ (બેલ્જિયમ) :

વિદેશ મંત્રી એસ જયશંકર આ દિવસોમાં યુરોપના પ્રવાસે છે. જ્યાંથી તેમણે આતંકવાદીઓના સુરક્ષિત આશ્રયસ્થાન પાકિસ્તાનને સ્પષ્ટ ચેતવણી આપી છે. જયશંકરે કહ્યું કે જો ભારતને આતંકવાદી હુમલાઓ માટે ઉશ્કેરવામાં આવશે, તો ભારત પાકિસ્તાનની અંદર હુમલો કરવામાં અચકાશે નહીં. બ્રસેલ્સમાં એક મુલાકાત દરમિયાન તેમણે કહ્યું કે અમને કોઈ પરવા નથી કે આતંકવાદીઓ ક્યાં છે... જો આતંકવાદીઓ પાકિસ્તાનની અંદર હશે, તો અમે પાકિસ્તાનમાં પણ ઘૂસીને તેમને મારી નાખીશું. તેમણે યુરોપિયન યુનિયનના ઉચ્ચ સ્તરીય વેપાર સંવાદમાં ભાગ લેતી વખતે આ નિવેદન આપ્યું હતું.

વિદેશ મંત્રી એસ જયશંકરે આ વાત એક પ્રશ્નના જવાબમાં કહી હતી, જ્યારે તેમને વાતચીત દરમિયાન પૂછવામાં આવ્યું હતું કે જો ફરીથી આતંકવાદી હુમલો થાય તો ભારત શું કરશે. આ પ્રશ્નના જવાબમાં જયશંકરે કડક સ્વરમાં કહ્યું કે હવે આપણે ઘરમાં ઘૂસીને મારીશું...

**'ભારત પાકિસ્તાનની કાર્યવાહી સહન કરશે નહીં'**

પોતાના નિવેદનમાં જયશંકરે વધુમાં કહ્યું કે પાકિસ્તાન હજુ પણ આતંકવાદને પોતાની રાજકીય નીતિનો ભાગ બનાવે છે. તેમણે આરોપ લગાવ્યો કે આજે પણ હજારો આતંકવાદીઓને પાકિસ્તાનમાં તાલીમ આપવામાં આવી રહી



છે અને તેમને ભારતમાં ઘૂસણખોરી કરવા માટે મોકલવામાં આવી રહ્યા છે. જયશંકરે સ્પષ્ટપણે કહ્યું કે ભારત હવે આવી કાર્યવાહી સહન કરશે નહીં અને ચોક્કસપણે બદલો લેશે.

**ભારતીય હવાઈ હુમલાને કારણે પાકિસ્તાન ખરાબ હાલતમાં છેઃ**

આ સાથે, એક પ્રશ્નના જવાબમાં, જયશંકરે એમ પણ કહ્યું કે ૧૦ મેના રોજ ભારત દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલાથી પાકિસ્તાનની લશ્કરી ક્ષમતાને ગંભીર નુકસાન થયું હતું. તેમણે કહ્યું કે પાકિસ્તાનના મુખ્ય એરપોર્ટને નિશાન બનાવવામાં આવ્યા હતા અને તેમના રનવે અને હેંગરને ખૂબ નુકસાન થયું હતું.

**જયશંકરે પુરાવા માંગનારાઓને પણ જવાબ આપ્યો :**

આ દરમિયાન, જયશંકરે ભારતીય હવાઈ હુમલાથી પાકિસ્તાનને થયેલા નુકસાનના પુરાવા રજૂ કરનારાઓને પણ યોગ્ય જવાબ આપ્યો. તેમણે કહ્યું કે પુરાવા તે એરફિલ્ડ્સ છે જે હવે કામ કરી રહ્યા નથી. તમે ગુગલ સેટેલાઇટ પરથી જાતે જોઈ શકો છો કે પાકિસ્તાનની હવાઈ પટ્ટીઓને કેટલું નુકસાન થયું છે.

**'સંઘર્ષના મૂળ કારણો હજુ પણ બાકી છે'**

જયશંકરે ચેતવણી આપી હતી કે સંઘર્ષના મૂળ કારણો હજુ પણ બાકી છે. તેમણે કહ્યું, આ (પાકિસ્તાન) એક એવો દેશ છે જે રાજ્ય નીતિના સાધન તરીકે આતંકવાદનો ઉપયોગ કરવામાં ખૂબ જ વ્યસ્ત છે. તે જ વાસ્તવિક મુદ્દો છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ગયા મહિને યુદ્ધ ફાટી નીકળવાની પરિસ્થિતિઓ હજુ પણ અસ્તિત્વમાં છે, ત્યારે તેમણે કહ્યું, જો તમે આતંકવાદ પ્રત્યેની પ્રતિબદ્ધતાને તણાવનું કારણ કહો છો, તો તે ચોક્કસપણે સાચું છે. સંઘર્ષ દરમિયાન થયેલા નુકસાન વિશે પૂછવામાં આવતા, જયશંકરે કહ્યું કે સંબંધિત અધિકારીઓ યોગ્ય સમયે માહિતી આપશે.

### જયશંકર યુરોપિયન યુનિયન, ફ્રાન્સ, બેલ્જિયમના નેતાઓને મળશે

યુરોપની તેમની અઠવાડિયાની મુલાકાત દરમિયાન, જયશંકર દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા અને આતંકવાદ સામે ભારતની શૂન્ય-સહિષ્ણુતા નીતિને ફરીથી સ્થાપિત કરવા માટે યુરોપિયન યુનિયન, બેલ્જિયમ અને ફ્રાન્સના નેતાઓ સાથે વાતચીત કરશે. ભારતે તાજેતરમાં ૩૩ વૈશ્વિક રાજધાનીઓમાં સાત બહુપક્ષીય પ્રતિનિધિમંડળો મોકલ્યા છે જેથી પાકિસ્તાનના કાવતરાઓ અને આતંકવાદ સામે ભારતના પ્રતિભાવ, ખાસ કરીને પહેલગામ આતંકવાદી હુમલાને પગલે આંતરરાષ્ટ્રીય સમુદાય સુધી પહોંચી શકાય.

**ખુશી એક ક્ષણમાં શોકમાં ફેરવાઈ ગઈ**

# રાજસ્થાનમા ટ્રક-જીપ ટક્કરમાં દુલ્હા-દુલ્હન સહિત પાંચ લોકોના મોત

## ટક્કર એટલી જોરદાર હતી કે વાહનના ટુકડા થઈ ગયા

જયપુર, તા.૧૧

બુધવારે સવારે જયપુરથી દૌસા-મનોહરપુર હાઈવે પર એક ટ્રક અને સ્ટ્રોમ જીપ વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી, જેમાં ટેમ્પોમાં મુસાફરી કરી રહેલા દુલ્હા અને દુલ્હન સહિત ૫ લોકોના મોત થયા હતા, જ્યારે ૬ બારાતી ઘાયલ થયા હતા. ઘાયલોને નજીકની NIMS હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. તેમની હાલત પણ ગંભીર હોવાનું કહેવાય છે.



સ્થાનિકોના જણાવ્યા અનુસાર, બંને વાહનો સામસામે અથડાયા હતા. જીપમાં સવાર લોકો લગ્નમાં હાજરી આપીને મધ્યપ્રદેશથી પરત ફરી રહ્યા હતા.

આ પેસેન્જર વાહન દૌસાથી મનોહરપુર જઈ રહ્યું હતું, ત્યારે તે સામેથી ઝડપથી આવતા કેન્ટર સાથે અથડાયું. અકસ્માત બાદ હાઈવે પર લાંબો જામ થઈ ગયો હતો અને અંધાધૂંધી સર્જાઈ હતી. ઘટનાની માહિતી મળતા જ રાયસર પોલીસ સ્ટેશન ઘટનાસ્થળે પહોંચી ગયું હતું અને રાહત અને બચાવ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. મૃતકો અને ઘાયલોને એમ્બ્યુલન્સની મદદથી નજીકની NIMS હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા મૃતકોની ઓળખ કરવામાં આવી રહી છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ટક્કર એટલી ગંભીર હતી કે વાહનના ટુકડા થઈ ગયા હતા. ઘણા લોકો વાહનની અંદર ફસાયા હતા, જેમને પોલીસ અને સ્થાનિક લોકોની મદદથી બહાર કાઢવામાં આવ્યા હતા. અકસ્માત બાદ હાઈવે પર લાંબો જામ થઈ ગયો હતો અને અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. સ્થાનિક લોકોએ તાત્કાલિક પોલીસને ઘટના અંગે જાણ કરી હતી, જેના પગલે રાયસર પોલીસ સ્ટેશન ઘટનાસ્થળે પહોંચી ગયું હતું અને રાહત અને બચાવ કાર્ય શરૂ કર્યું હતું.

## સુવિચાર

**ઉડવાની હિંમત હોય ને તો પાંખ ફૂટે બાકી બેસી રહે તો કિસ્મત ફૂટે**
**નથી મળતું કોઇને કશું મહેનત કર્યા વગર**
**નથી મળ્યો મને મારો પડછાયો પણ તડકે ગયા વગર..**

# દરેક ચીજની ત્રણ અવસ્થા હોય છે

**મમ્માના મુખેથી પરમાત્મા મહાવાક્યો-**

મનુષ્ય આત્મા માટે સતો, રજો અને તમો ત્રણ સ્ટેજ છે. પરમાત્મા આ રીતે અલગ અલગ અવસ્થાઓમાં નથી આવતા. તેઓ સદાને માટે સતો છે, સદા પાવન છે બધા જ ગુણો અને શક્તિઓમાં પરમાત્મા સદા એક જ સ્થિતિમાં રહે છે. આત્મા તો સોના જેવી હતી, પુનઃ જન્મમાં આવતા તેની અવસ્થા નીચી ઉતરે છે એટલે કે ગોલ્ડન પછી સિલ્વર(ચાંદી તૂલ્ય), પછી કોપર અને છેલ્લે લોખંડની અવસ્થામાં બિલકુલ તમોપ્રધાન બની છે. આમ આત્મા અને પરમાત્માની યોગ્યતાઓ અલગ છે. ન આત્મા પરમાત્મામાં લીન થાય છે, ન પરમાત્મા આત્માઓમાં લીન થાય છે. આથી બન્નેનો સત્ય પરિચય મેળવવો જોઈએ. કહેવાય પણ છે કે સૌથી ઉત્તમ મનુષ્ય જન્મ છે. ઉત્તમ અર્થાત શરીર પણ પવિત્ર, આત્મા પણ પવિત્ર. એવા મનુષ્યો કોણ હતા? શું દુનિયાના ઈતિહાસમાં એવા કોઈ મનુષ્યો થયા છે? હવે જાણી ગયા છીએ તેથી ના નહી કહીએ. સન્યાસીઓ પણ પવિત્ર રહે છે પરંતુ તેમની આત્મા ભલે થોડી પવિત્ર બને છે પરંતુ શરીર તો પવિત્ર નહી કહીએ ને! કારણ કે આ સમયે સૌના શરીર વિકારથી પૈદા થયા છે. શરીરને રોગ થાય છે, દુઃખ થાય છે. આથી સિધ્ધ થાય છે કે શરીર પવિત્ર નથી. તેમનો પણ કોઈ કર્મનો હિસાબ છે ને! આત્મા અને શરીર બન્ને પવિત્ર હતા તે મનુષ્યો થઈને ગયા છે તેથી તેની મહિમા છે ઉત્તમ મનુષ્ય. જે અત્યારે નથી; તે છે દેવી-દેવતાઓ. તેમની મહિમા છે કે સદા હેલ્ધી(સ્વસ્થ) હતા, સદા વેલ્ધી (સંપત્તિવાન) હતા. એ સમયે કોઈનું અકાળે મૃત્યુ ન થતુ. કોઈ રોગી, અશાંત કે દુઃખી ન થતા. તેઓ સંપૂર્ણ પવિત્ર હતા જેથી મંદિરોમાં તેઓ પૂજાય છે. જો દેવતાઓ અપવિત્ર હોય તો મંદિરોમાં યાદગારના રૂપમાં તેમની મૂર્તિઓ શા માટે રખાય છે? તે પણ મનુષ્યો હતા કે જેમની પૂજા થાય છે, આપણી કેમ પૂજા નથી થતી? આપણે તેઓને કેમ પૂજીએ છીએ? તેઓ કહેવાય છે પૂજય, આપણે કહેવાઈએ પૂજારી. આ ભેદ(અંતર) છે. આ તફાવત શા માટે? કારણ કે તેઓની આત્મા અને શરીર બન્ને બન્ને પવિત્ર હતા એટલે તેઓની પૂજા થાય છે. આ પ્રેક્ટિકલ જીવનની વાત છે. દેવતાપણું મનુષ્યનું ઉચ્ચ સ્ટેટસ(પદ) છે

**મૂલ્યોની મહેક**
**■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■**

**માતેશ્વરીજીના વિશેષ ગુણ અને શક્તિઓ:**

**સરળતાના ગુણ દ્વારા સદા સહનશક્તિ સંપન્ન -**

મમ્માનો સ્વભાવ બહુ જ ઈઝી(સરળ) હતો. મમ્મા એડમિનિસ્ટ્રેશન હેડ હોવા છતાં કોઈ પણ યજ્ઞવત્સો ક્યારે પણ તેમને મળી પોતાના દિલની વાત જણાવી હલ્કા થઈ શક્તા. મમ્માની સામે યજ્ઞને લઈને મોટા પેપર આવ્યા પરંતુ તેમને સરળતાથી પસાર કર્યા. તેમની બીમારી આવી પરંતુ તેમના ચહેરા પર અંતિમ સમય સુધી કોઇ દુઃખ, દર્દની રેખા ન જોવા મળી, ન તેમનું વર્ણન કર્યુ. તેઓ સહનશકિતના જાણે અવતાર હતા. કોઈને પણ બહુ જ સરળ અને ઓછા શબ્દોમાં મુસ્કુરાઈને જવાબ આપતા. આઓ આપણે એવી સ્વયંના જીવનમાં શુભારંભ કરીએ.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
જેઠ વદ-૧, તા.૧૨/૬/૨૫, ગુરૂવાર

સૂર્યોદય : ૬-૦૪, સૂર્યાસ્ત : ૭-૨૯, જૈન નવકારશી : ૬.૫૨
રાશિ : ધન (ધ, ફ, ભ. ઢ)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-વૃષભ, મંગળ-સિંહ, રાહુ-કુંભ, કેતુ-સિંહ, બુધ-મિથુન, ગુરૂ-મિથુન, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-મેષ, શનિ-મીન, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-ધન


**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** રચનાત્મક કાર્યોમાં સફળતા મળવાની છે, તમારા વિચારોને સ્પષ્ટ કરો, નોકરીમાં કાર્યભાર રહેવાનો.
**વૃષભ :** નવી એજન્સીની ઓફર લાભદાયક રહેશે, વિદેશ જવા માટેના વિઝા મેળવવામાં સફળતા, મિત્રોથી લાભ રહે.
**મિથુન :** આત્મવિશ્વાસ વધારો, જરૂરથી ધારેલી સફળતા મેળવશો, ભાઈ બહેનોથી સાથ મેળવશો.
**કર્ક :** મહેનતનું ફળ મળવાનું છે, સવાર કરતા સાંજ વધુ સારી જવાની, આવકનું પ્રમાણ જળવાઈ રહે.
**સિંહ :** આર્થિક મુશ્કેલીનો સામનો રહેવાનો છે, પ્રવાસની ઈચ્છા ફળવાની, નિકટના સાથીઓને સમજવા.
**કન્યા :** ભાઈ બહેનોની પ્રગતિ થાય, નોકરીમાં કોઈ સારી ઓફર આવે, ધાર્મિક યાત્રા પ્રવાસ થાય.
**તુલા :** જવાબદારીઓ વધવાની છે, તમારે ઉધારી ધંધો ન કરવો, સંયુકત વ્યવસાયમાં લાભ રહે, પ્રવાસ થાય.
**વૃશ્ચિક :** મહત્વના કાર્યો પરત્વે ધ્યાન આપો, નોકરીમાં મનગમતુ કાર્ય મળે, આવકનું પ્રમાણ જળવાઈ રહે.
**ધન :** વિદેશ જવાની તક મળવાની, મહત્વના કામગીરી તમો પોતે જ કરજો, રહેણાંકના મકાનમાં રીનોવેશન થવાનો યોગ.
**મકર :** વહેવારૂ અભિગમ અપનાવવાની સલાહ છે, તનાવનો સામનો રહેવાનો, નવા સંપર્કો લાભદાયક રહેશે, વિદેશથી લાભ.
**કુંભ :** નબળા વિચારોને ટાળવાની કોશિષ કરો જરૂર સફળતા મેળવશો, જીવનસાથી સાથે ગેરસમજોથી દુર રહેજો.
**મીન :** રચનાત્મક કાર્યોમાં ધ્યાન આપો, લખાણના કાર્યોમા કોઈ ઉતાવળ ન કરવી, પરિવારના સભ્યો સાથે પાર્ટીમાં જવાનું થાય.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત




**આડી ચાવી**

૧. રામભકત દેવ (૪)
૩. સંકડાશ (૫)
૭. એક જ અક્ષર આવશે (૫)
૮. સોનુ ૨૮ ...નું હોય (૩)
૯. ફરિયાદ (૨)
૧૦. ગરમી પવન (૪)
૧૪. કવેશ્ચન (૩)
૧૫. ઉણપ, ગેરહાજરી (૩)
૧૮. કાળાશ કાઢતી વિધિ (૩)
૧૯. સંજય દત-કુમાર ગૌરવની ફિલ્મ (૨)
૨૦. કાબેલિયત, કુશળતા (૩)
૨૧. ખત ગુજરાતી (૩)
૨૨. ફિલ્મ : યે તો ... હો ગયા (૩)
૨૩. મફત ભોજન જમાડતું સ્થળ (૪)
૨૬. સિધુસટ (૩)
૨૮. યુધ્ધભૂમિ (૫)
૨૯. એક ઓલિયો આત્મા (૩)

**ઉભી ચાવી**

૧. રણધીરકપુરની ફિલ્મ (૪)
૨. મધર (૨)
૩. આફત, મુસીબત (૩)
૪. કરશન કડકો - સંક્ષિપ્ત (૨)
૫. પોસ્ટઓફિસ હિન્દી (૨)
૬. એક જગ્યાનો આરસપહાણ (૪)
૭. ...કોઇ અને ભરે કોઇ (૨)
૮. માત્ર, સિર્ફ (૩)
૧૧. પંગો થઇ જવો (૩)
૧૨. સંતાનના સસરા (૩)
૧૩. બુઝુર્ગ માટેનો શબ્દ (૨)
૧૫. અધિકારી (૫)
૧૬. પુત્રવધુ (૨)
૧૭. ઉત્સાહ, જોશ (૫)
૧૮. કમાણીનો બીજો ભાઇ (૫)
૧૯. પાસનું વિરોધી (૩)
૨૪. માળા-ઉર્દુ (૩)
૨૫. કિલોગ્રામ-નું સંક્ષિપ્ત (૨)
૨૭. ...દર્શક, અપરં ... (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અ | ન | લિ | મી | ટે | ડ | | બા | બા | |
| ન | | | ર | | મ | | બા | ળ | ક |
| રા | મા | પી | ર | | ડ | | | પ | લ |
| ધા | ણ | ક | | સ | મ | રાં | ગ | ણ | |
| ર | સ | | પ | ટ્રો | | ઝ | | | આ |
| | | ર | હે | | મા | ણા | વ | દ | ર |
| મ | ગ્ન | | ર | વ | જી | | ન | | પા |
| હે | | આ | વે | ગ | | સ | રા | સ | ર |
| ત | | દ | શ | | સ્વ | ભા | વ | | |
| લ | શ્ક | ર | | ગ | ર્ગ | | ન | ફફ | ટ |

# ઓપરેશન સિંદૂર- પીએમ ૩૩ દેશોમાંથી પરત આવેલા ૭ પ્રતિનિધિમંડળોને મળ્યા





ન્યુ દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે સાંજે ઓપરેશન સિંદૂર અને આતંકવાદ સામે ભારતના વલણ વિશે દુનિયાને જણાવીને દેશ પરત ફરેલા સર્વપક્ષીય પ્રતિનિધિમંડળના સભ્યોને મળ્યા હતા. તેમણે તેમની સાથે રાત્રિભોજન કર્યું હતું.

પ્રતિનિધિમંડળના સભ્યોએ પીએમ સાથે તેમના પ્રવાસના અનુભવો શેર કર્યા. ૭ પ્રતિનિધિમંડળના ૫૯ સભ્યોએ ૩૩ દેશોની મુલાકાત લીધી. જેમાં ૫૧ નેતાઓ અને ૮ રાજદૂતોનો સમાવેશ થાય છે.

આ પ્રતિનિધિમંડળનું નેતૃત્વ ૭ સાંસદોએ કર્યું હતું. તેમાં BJP તરફથી રવિશંકર પ્રસાદ અને બૈજયંત પાંડા, JDU તરફથી સંજય કુમાર ઝા, DMKમાંથી કનિમોઝી કરૂણાનિધિ, NCP (SP) તરફથી સુપ્રિયા સુલે, કોંગ્રેસના સાંસદ શશિ થરૂર અને શિવસેના (શિંદે જૂથ) તરફથી શ્રીકાંત એકનાથ શિંદેનો સમાવેશ થાય છે.

## સાંસદો સાથે ભોજન કર્યું, સૌએ પોતાના અનુભવો વર્ણવ્યા

પીએમને મળ્યા પછી થરૂરે કહ્યું, 'પીએમે અમારા બધા સાથે એક કલાકથી વધુ સમય વિતાવ્યો. તેઓ અલગ અલગ ટેબલ પર ગયા, બધા પ્રતિનિધિમંડળ જૂથો સાથે વાત કરી. તે બિલકુલ ઔપચારિક મુલાકાત નહોતી. અમારામાંથી ઘણાએ તેમને વિદેશ પ્રવાસ અંગેનો અમારો અહેવાલ આપ્યો હતો. જોકે, તેના પર પણ કોઈ ચર્ચા થઈ ન હતી. અમે બધાએ તેમની સાથે ઘણી બાબતો પર વાત કરી, સમય જતાં બધું ખબર પડશે.'

**પીએમ મોદીની બેઠકમાં અસદુદ્દીન ઓવૈસી હાજર રહ્યા ન હતા**

AIMIMના વડા અને સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ પીએમ મોદી સાથેની સર્વપક્ષીય પ્રતિનિધિમંડળની બેઠકમાં હાજરી આપી ન હતી. તેમણે કહ્યું, 'હું દેશની બહાર છું. મેડિકલ ઈમરજન્સીને કારણે મારે દુબઈ જવું પડ્યું. મારા સંબંધી અને બાળપણના મિત્રની તબિયત ખરાબ છે. મેં મારા પ્રતિનિધિમંડળના નેતા બૈજયંત પાંડાને આ અંગે જાણ કરી હતી.'

# અમદાવાદમાં ભગવાન જગન્નાથની ભવ્ય રથયાત્રા નીકળી : સાબરમતી નદીના કિનારે પૂજન





અમદાવાદમાં આગામી અષાઢી બીજના ભગવાન જગન્નાથજીની ૧૪૮મી રથયાત્રા નીકળશે તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે.

આજે જેઠ સુદ પુનમના ભગવાન જગન્નાથની જમાલપુર જગન્નાથ મંદિરથી વાજતે ગાજતે હાથી, બેન્ડવાજા, ધજા- પતાકા સાથે ભવ્યાતિત જળયાત્રા નીકળી હતી અને સાબરમતી નદીના કિનારે ગંગા પૂજન કરવામાં આવેલ હતું. આજે યોજાયેલ જળયાત્રામાં રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવી, મેયર પ્રતિભા જૈન સહિત ભાજપના પદાધિકારીઓ, ધારાસભ્યો સહિતના નેતાઓ જોડાયા હતા.

મહિલાઓ ભગવાનના જળાભિષેક માટે જળ લાવવા એસી કુઝમાં ગયા હતા.

# ગીર જંગલની 'જય-વીરૂ'ની વિખ્યાત 'સિંહ જોડી' ખંડિત;વીરૂએ અંતિમ શ્વાસ લીધા

## સિંહ પ્રેમીઓ દુઃખીઃ ઈનફાઈટમાં ઘાયલ થયા બાદ ભરચકક સારવાર પણ કારગત ન નિવડીઃ ખુદ મોદીએ સાસણ પ્રવાસમાં જોડીને નિહાળી હતી

અમદાવાદ તા.૧૧

એશિયાઈ સિંહોનો વસવાટ ધરાવતા ગીર અભ્યારણ્ય વિખ્યાત છે. તેમ તેમાં સિંહોની જય અને વિરૂની જોડી પણ ઘણી પ્રખ્યાત હતી. પરંતુ આ જોડી તૂટી ગઈ છે. અન્ય સિંહો સાથેની ઈનફાઈટમાં બન્ને ઘાયલ થયા હતા. તેમાંથી વીરૂનુ મૃત્યુ થયુ હતું.બચાવવાના ભરચકક પ્રયાસો કામે લાગ્યા હતા. પ્રકૃતિ પ્રેમી અને જય-વીરૂની જોડીના નામકરણમાં સામેલ સાંસદ પરિમલ નથવાણીએ સોશ્યલ મિડિયા પોસ્ટ મારફત આ માહિતી જાહેર કરી છે.



પ્રખ્યાત સિંહોની જોડી જય અને વીરુ તૂટી ગઈ છે! વીરુએ આજે વહેલી સવારે ૩.૩૦ વાગ્યે અંતિમ શ્વાસ લીધા. આ ખરેખર સિંહ પ્રેમીઓ માટે દુ:ખનો દિવસ છે. જય અને વીરુ બંને અન્ય સિંહો સાથેની લડાઈ દરમિયાન ઘાયલ થયા હતા અને સારવાર હેઠળ હતા. ડો. મોહન રામના માર્ગદર્શન હેઠળ પશુ ચિકિત્સકો અને નિષ્ણાતોની ટીમના ભારે પ્રયાસો છતાં, વીરુ બચી શક્યા નહીં. જામનગરના વંતારાના નિષ્ણાત ડોકટરોએ પણ છેલ્લા બે દિવસ ગીરમાં તેમની સારવાર માટે વિતાવ્યા હતા. સદનસીબે જયની સ્થિતિ સ્થિર છે, પરંતુ વીરુ, જે ગઈકાલ સાંજથી ભૂખ ગુમાવી ચૂકી હતી, તેનું મૃત્યુ થયું. જય-વીરુનું બચ્ચું ૧૨ બચ્ચા અને ૦૪ માદા સાથે સૌથી મોટા બચ્ચાઓમાંનું એક હતું.

હું આ જોડીનું નામ જય અને વીરુ રાખવામા સામેલ હતો. તેઓ એટલા પ્રખ્યાત હતા કે આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીજીએ પણ ગીરની તેમની છેલ્લી મુલાકાત દરમિયાન તેમને જોયા હતા.

જય-વીરુની જોડી ગીરમાં એક કાયમી નામ છે અને સિંહ પ્રેમીઓ આ જોડીને હંમેશા યાદ રાખશે. સાગરભાઈ જેવા વનપાલો, ટ્રેકર્સ અને ઉત્સાહી સિંહ ચાહકો અને તેમના જેવા બીજા ઘણા લોકો આવનારા દિવસોમાં વીરુની યાદોને યાદ રાખશે.

### અમદાવાદમાં રિવરફ્રન્ટ ખાતે

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત યોગ શિબિર યોજાઈ

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ - ૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે આયોજિત યોગ શિબિરમાં ૧૫ હજારથી વધુ શહેરીજનો જોડાયા






અમદાવાદ, તા.૧૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટના ઈવેન્ટ સેન્ટર ખાતે ભવ્ય યોગ શિબિર યોજાઈ હતી.'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ - ૨૦૨૫'ની ઉજવણીના ભાગરૂપે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત નિ:શુલ્ક 'યોગ શિબિર - કોમન યોગ પ્રોટોકોલ પ્રશિક્ષણ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

વહેલી સવારે ખુશનુમા માહોલમાં ૧૫ હજારથી વધુ શહેરીજનો આ યોગ શિબિરમાં સહભાગી બન્યા હતા. આ યોગ શિબિરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત સર્વે મહાનુભાવોએ પણ યોગાભ્યાસ કર્યો હતો.

આ પ્રસંગે યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા ગૃહ વિભાગના રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત યોગ શિબિરનું આયોજન થયું છે. આ અભિયાન અંતર્ગત આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર ગુજરાતના તમામ જિલ્લાઓ એક નવો ઇતિહાસ બનાવવા તરફ આગળ વધી રહ્યા છે.

આ યોગ શિબિરમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન તેમજ યોગસેવક શિશપાલ રાજપૂત તેમજ યોગના પ્રખર નિષ્ણાતો દ્વારા યોગાસન, પ્રાણાયામ અને ધ્યાનના વિવિધ અભ્યાસો અંગે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

યોગને જીવનનો અભિન્ન હિસ્સો બનાવવા અનુરોધ કરતા શિશપાલજી તથા રાજ્ય યોગ બોર્ડના સભ્યોએ યોગ અને પ્રાણાયામની કોમન પ્રોટોકોલ તાલીમ આપી નિયમિત વ્યાયામ, તણાવમુક્તિ માટે ધ્યાન, કામના ભારણ સાથે યોગ જેવા વિષયો ઉપર માર્ગદર્શન આપ્યું હતું.

આ યોગ શિબિરમાં અમદાવાદના મેયર પ્રતિભા જૈન, જિલ્લા પંચાયત પ્રમુખ કંચનબા વાઘેલા, અમદાવાદ પશ્ચિમના સાંસદ દિનેશભાઈ મકવાણા, સર્વ ધારાસભ્ય ઓ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અગ્ર સચિવ એમ.થેન્નારસન, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ યોગસેવકો, યોગપ્રેમીઓ, શિક્ષકો, યુવાનો, વડીલો તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અપહરણ બાદ હત્યા થાય તો પોલીસની જવાબદારી નકકી થવી જોઈએઃ હાઈકોર્ટ

## ફકત યોગ્ય તપાસ નહી થવાના કારણે જ હત્યા થઈ હતીઃ પોલીસ અધિકારી પાસે સોગંદનામુ મંગાયુ



પ્રયાગરાજ:

ઉતરપ્રદેશમાં અલ્લાહાબાદ હાઈકોર્ટના એક મહત્વનો મુદ્દો ઉઠાવતા કહ્યું કે પોલીસ અધિકારીઓ માટે અપહરણ વિ. કેસમાં જવાબદારી નકકી થવી જોઈએ. તંત્ર દ્વારા આ પ્રકારે પોલીસ તેની ફરજ બજાવવામાં નિષ્ફળ નિવડે તો પણ તેની સામે કોઈ પગલા લેવાતા નથી તેવો આક્રોશ દર્શાવતા હાઈકોર્ટે જણાવ્યું કે અપહરણની જાણ અને તપાસ બાદ પણ જો અપહતની હત્યા થાય તો તેમાં તપાસ અધિકારીની જવાબદારી નિશ્ચિત થવી જોઈએ. અહીના એક પોલીસ સ્ટેશનમાં અપહરણની ફરિયાદ બાદ પણ જવાબદાર પોલીસ અધિકારીએ તપાસમાં વિલંબ કર્યો હતો અને તેનાથી જેનુ અપહરણ થયુ તેની હત્યા થઈ હતી.


આ અંગે હાઈકોર્ટના ન્યાયમૂર્તિ જે.જે.મુનીરની ખંડપીઠે જવાબદાર પોલીસ અધિકારીને તપાસ ચલાવી કેસ ડાયરી અને સોગંદનામુ રજુ કરવા આદેશ આપ્યો હતો. વારાણસીના નીતેશકુમાર શર્માના ભાઈનું તા.૩૧ માર્ચ ૨૦૨૫ના લાપતા થયો હતો અને તેના અપહરણ થયાની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. પોલીસે તા.૩ એપ્રિલના એફઆઈઆર નોંધી પણ કોઈ તપાસ કરી ન હતી જે બાદમાં હાઈકોર્ટમાં નિતેશકુમારે અરજી કરી હતી.

હાઈકોર્ટે આ અંગે ગંભીરતાથી કોઈ તપાસ જ નહી કરવા બદલ જવાબદાર પોલીસ અધિકારીને ઠપકો આપતા કહ્યું કે અપહતની હત્યા થાય ત્યાં સુધી તમો રાહ જોવા માંગો છો! ન્યાયમૂર્તિએ આ પોલીસ સ્ટેશનમાં છેતરપીંડીની એક ફરિયાદ નોંધવામાં અને તપાસ કરવામાં ઢીલાશ તો કેસ પણ તેની સમક્ષ આવ્યો હતો તે મુદ્દો ઉઠાવ્યો હતો. કાર્ડ બદલીને પેટીએમમાંથી પૈસા ઉપાડી લેનાર સામે ફરિયાદ લેવાનો પણ પોલીસે ઈન્કાર કર્યો હતો.

# બાયસેપ્સનો શોખ ભારે પડ્યોઃ બાવડા બનાવવા મસલ્સમાં તેલ ભર્યું; સર્જરી કરી બાવડા કપાવા પડ્યા

જિમ અને બોડીબિલ્ડિંગનો ક્રેઝ આજની યુવા પેઢીમાં ખૂબ જ વધી રહ્યો છે, પરંતુ જ્યારે આ શોખ અતિરેકમાં પરિણમે ત્યારે તેના પરિણામ ઘાતક સાબિત થાય છે. આવો જ એક કિસ્સો રશિયામાં બનાવ્યો છે. રશિયાનો કિરિલ તેરાશિન નામનો ૨૮ વર્ષનો સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર અત્યારે પોતાના જ કામ પર પસ્તાઈ રહ્યો છે. બોડી બિલ્ડિંગ કરવાનો શોખ ધરાવતા કિરિલને જિમમાં એક્સરસાઇઝ કરીને અને પ્રોટીન પાઉડર લઈને મસલ્સ બનાવવાને બદલે કોઈકે મસલ્સ ફુલાવવા માટે તેલ ભરવાનો શોર્ટકટ સૂચવ્યો જે તેને બહુ ગમી ગયો. શરૂઆતમાં તેણે પાંચથી ૧૦ મિલીલીટર જેટલું તેલ લઈને પોતાના બાવડામાં ભરવાનું શરૂ કર્યું. શરૂઆતમાં એનું રિઝલ્ટ ખૂબ સારું મળ્યું. ઇન્સ્ટન્ટ બાવડાં ફૂલી જતાં હોવાથી તે ઇન્સ્ટાગ્રામ રીલ્સમાં છવાઈ ગયો. જોકે બાવડામાં તેલ ભરવાની આ લત તેને બહુ દૂર સુધી લઈ ગઈ. તે વારંવાર બાવડામાં તેલ ભરીને એને ફુલાવતો જ ગયો. શરૂઆતમાં તો તેને બહુ મજા આવી અને તેણે સોશિયલ મીડિયા પર એ કૃત્રિમ ફૂલેલા બાવડાનું પ્રદર્શન કરીને લાખો ફોલોઅર્સ પણ મેળવ્યા. જોકે થોડા સમય પહેલા તેની આ હાલત જોઈને ડોક્ટરોએ તેને હવે બસ કરવાની વોર્નિંગ આપી હતી, પણ તે રોકાયો નહીં. થોડા દિવસ પહેલા મસલ્સ ફાટીને એમાંથી તેલ નીતરવા લાગ્યું ત્યારે ઇમર્જન્સીમાં કિરિલ હોસ્પિટલે જાવું પડ્યું હતું.





પાંચ દિવસ પહેલા જ તેણે સોશિયલ મીડિયા પર પોતાના પાટા બાંધેલા બાવડા બતાવ્યા છે. એ લબડી પડ્યાં છે અને પાછળ હોસ્પિટલનું સેટઅપ અને દવાઓનો ઢગલો છે. હવે પોતે જ લખે છે, 'બાયસેપ્સ દૂર કરવાની સર્જરી થઈ રહી છે.'

# જહાજમાં આગ લાગતા ભારતીય નેવીનું દિલધડક ઓપરેશનઃ ૧૪ને બચાવાયા

કોચીન, તા.૧૧

કેરળના તટે સિંગાપુર ફ્લેગવાળા જહાજમાં આગ લાગ્યા બાદ ભારતીય નૌકાદળ દ્વારા તેમના ચાલક દળને સફળતાપૂર્વક બચાવ્યાના એક દિવસ બાદ ચીને ભારતનો આભાર માન્યો છે. ભારતમાં સ્થિત ચીની દૂતાવાસની પ્રવક્તા યૂ જિંગે ભારતીય નૌકાદળ અને મુંબઈ કોસ્ટ ગાર્ડનો બચાવ અભિયાન માટે આભાર માન્યો છે. આ જહાજ પર ૧૪ ચીની નાગરિક સવાર હતા.

યૂ જિંગે એક્સ પર પોસ્ટ કરીને લખ્યું 'અમે ભારતીય નૌકાદળ અને મુંબ કોસ્ટ ગાર્ડ દ્વારા કરવામાં આવેલા બચાવ અભિયાન માટે આભાર વ્યક્ત કરીએ છીએ. અમે ઈચ્છીએ છીએ કે, આગળના સર્ચ ઓપરેશન સફળ રહે અને ઈજાગ્રસ્ત ચાલક દળના સભ્યો જલ્દી સ્વસ્થ થાય તેવી શુભકામના પાઠવીએ છીએ.'



### ભારતીય કોસ્ટગાર્ડ- નેવીનો ચીને આભાર માન્યો

(કોઝિકોડ, કેરળ તટ પાસે એમવી વાન હાઈ ૫૦૩ નામના સિંગાપુર ફ્લેગવાળા કન્ટેનર જહાજમાં ધમાકા બાદ આગ લાગી હતી. આ જહાજ પર કુલ ૨૨ ક્રૂ મેમ્બર સવાર હતા, જેમાં ૧૪ ચીની નાગરિક સામેલ હતા. પ્રવક્તા યૂ જિંગ અનુસાર, આ ૧૪ ચીની નાગરિકોમાંથી ૬ તાઇવાનના હતા.

ઘટનાની સૂચના મળતા જ ભારતીય નૌકાદળે તુરંત કાર્યવાહી કરતા INS સુરતને કોચી બંદરથી વળાવીને ઘટનાસ્થળ મોકલ્યું. ભારતીય કોસ્ટ ગાર્ડે પણ અનેક સંસાધનોને રાહત કાર્યમાં લગાવી દીધા, જેમાં ICGS રાજદૂત (મંગલૂરૂ તટથી), ICGS અર્ણવેશ (કોચી તટથી) અને ICGS સચેત (અગત્તી તટથી) સામેલ હતા. એક સીજી ડોર્નિયર વિમાનને પણ સ્થિતિનું મૂલ્યાંકન કરવા મોકલવામાં આવ્યું હતું. આગ પર આંશિક રૂપે કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો, પરંતુ જહાજમાંથી ખૂબ જ ધુમાડો થઈ રહ્યો હતો. મોડી રાત્રે ૧૮ ક્રૂ મેમ્બરને બચાવીને મંગલુરૂ લાવવામાં આવ્યા હતાં, જોકે ૪ સભ્ય ગુમ છે.

## રાજકોટમાં ભાઈ–બહેનના સબંધ પર કાળી ટીલી લાગી

# પિતરાઈ ભાઈએ લગ્નની લાલચ આપી બહેન સાથે દુષ્કર્મ આચર્યું

**રાજકોટ રહેતી યુવતીને મહુવા રહેતાં ભાઈએ પ્રેમજાળમાં ફસાવી ભગાડી ગયો, મુંબઈ, સુરત, ભાવનગર, જૂનાગઢ, વેરાવળ સહિતના વિસ્તારોમાં ફેરવી કુકર્મ આચર્યું**

**હવસ સંતોષાઈ જતાં આરોપીને ભાઈ–બહેનના સબંધ યાદ આવ્યા અને કહ્યું હવે આપણે લગ્ન ન કરી શકીએ કહીં પિતાને મારી નાંખવાની ધમકી આપી, ગુનો નોંધાયો**

રાજકોટ. તા.૧૧

રાજકોટમાં ભાઈ–બહેનના સબંધ પર કાળી ટીલી લાગી હોય તેમ પિતરાઈ ભાઈએ લગ્નની લાલચ આપી બહેન સાથે દુષ્કર્મ આચરતાં ચકચાર મચી ગઈ હતી. રાજકોટ રહેતી યુવતીને મહુવા રહેતાં ભાઈએ પ્રેમજાળમાં બસાવી ભગાડી ગયો, મુંબઈ, સુરત, ભાવનગર, જૂનાગઢ, વેરાવળ સહિતના વિસ્તારોમાં ફેરવી કુકર્મ આચર્યું અને હવસ સંતોષાઈ જતાં આરોપીને ભાઈ-બહેનના સબંધ યાદ આવ્યા અને કહ્યું હવે આપડે લગ્ન ન કરી શકીએ કહીં પિતાને મારી નાંખવાની ધમકી આપતાં પ્ર. નગર પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે રાજકોટમાં રહેતી ૨૫ વર્ષીય યુવતીએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે તેના પિતરાઈ ભાઈનું નામ આપતાં પ્ર. નગર પોલીસે દુષ્કર્મ સહીતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેણી તેના પિતા તથા ભાઈ-ભાભી સાથે રહે છે. તેઓ ચાર ભાઈ બહેન છે. તેમા સૌથી નાની પોતે છે. તેમના પિતાને ત્રણ ભાઈઓ છે. જેમા સૌથી મોટા ભાઈ અને નાના ભાઈ મહુવા રહે છે. ફરિયાદીના મહુવા રહેતા મોટાબાપુ સાથે તેઓને છેલ્લા ૮ વર્ષથી બોલવા ચાલવાનો વહેવાર નથી. ત્યાં વિસ્તારની બાજુમા મોટાબાપુના સગા સબંધી રહેતા હોય જેથી મોટા બાપુનો દીકરો યુવતીના પાડોસમા અવાર નવાર આવતો હતો. આરોપી તેણીનો મોટા બાપુનો દીકરો થતો હોય જેથી તેની સાથે વાતચીત થતી હતી.

તેમજ તેની સાથે મારે છેલ્લા ચાર મહીનાથી પ્રેમ સંબંધ હતો. ત્રણ મહીના પહેલા આરોપીએ તેણીને મોબાઈલ ફોન આપેલ હતો. ફોન બાબતે ઘરે કોઈને જાણ કરેલ ન હતી. તેણીના ઘરે કોઈ હાજર ન હોય ત્યારે બન્ને ફોનમા વાતચીત કરતા હતા. ગઈ તા. ૦૪/૦૪/૨૦૨૫ ના સવારે ૧૦ વાગ્યે આરોપીનો ફોન આવેલ ઘર પાસે આવેલ દુકાન પાસે મળવા આવવા જણાવેલ જેથી તેણી દુકાન પાસે મળવા ગયેલ ત્યારે તેણીને આરોપી સાથે અગાઉ વાત થયેલ તે મુજબ બન્ને એક રીક્ષામા બેસીને પારેવડી ચોક ખાતે ગયેલ અને અગાઉ ફોન પર વાત કરતા ત્યારે આરોપીએ તેણી સાથે જીવન જીવવા અને લગ્ન કરી સાથે સારૂ જીવન જીવવાની વાત કરેલ હતી. જેથી તેની સાથે રીક્ષામા બેસીને પારેવડી ચોક ગયેલી અને પારેવડી ચોકથી પ્રાઈવેટ વાહનમાં બેસી અમદાવાદ ગયેલ હતાં. જ્યાં અમદાવાદ રેલ્વે સ્ટેશન ખાતે રોકાયેલ અને બાદમા ત્યાથી ટ્રેનમાં બેસી મુંબઈ ગયેલ અને મુંબઈમા આસપાસના ગામડામાં તેણીને ફેરવેલ બાદમા મુંબઈમાં ૨ દિવસ રખડાવેલ હતી. ત્યાંથી બસમા બેસી ભાવનગર ગયેલ અને ત્યાં આસપાસના ગામડામાં આશરે ૧૦ દીવસ તેણીને ફેરવેલ અને બાદમા આરોપી જુનાગઢ તેના મામાના ઘરે લઈ ગયેલ અને તેના મામાએ ઘરે આવવાની ના પાડેલ તો આરોપીએ હાથે પગે લાગી આજીજી કરી તેના મામાના ઘરે ૧૦ દીવસ રાખેલ હતી.

બાદમા ત્યાથી સુરત લઈ ગયેલ અને ત્યા એકાદ દીવસ ફરીને પરત ભાવનગર આસપાસ ગામડામાં આઠેક દીવસ ફરેલ અને બધી જગ્યાએ બસ સ્ટેન્ડ તેમજ ધાર્મીક સ્થળોએ રાત્રીના સમયે રોકાતા હતા. આરોપી તેમની સાથે લગ્ન કરવાનો હોય તેથી આરોપીએ શરીર સંબધ બાંધેલ બાદ ઘણા દિવસો પછી કહ્યું કે, આપણે સંબંધ પ્રમાણે લગ્ન કરી શકીશું નહી પરંતુ તુ મારી સાથે રહે જેથી તેણીએ કહેલ કે, તુ મને ઘરે મુકી દે બાદમા આરોપી અને તેના પિતા મોટા બાપુના ઘરે મહુવા ખાતે મુકી પોતે જુનાગઢ ગયેલ હતો. મહુવા તેણી એકલી આરોપીના પિતાના ઘરે ૧૦-૧૨ દીવસ રોકાયેલ અને બાદ આરોપી મહુવા તેડવા આવેલ અને રાત્રીના દોઢ વાગ્યે મહુવાથી જુનાગઢ બાજુ લઈ ગયેલ અને વેરાવળ આસપાસના ગામડામાં ૧૦-૧૨ દીવસ ફેરવેલ અને કોઈ પણ બસ સ્ટેન્ડમાં રોકાઈ જતા હતા અને બાદમા વાંકાનેર તેમજ મોરબી ગયેલ અને તા ૦૨/૦૬/૨૦૨૫ ના આરોપી રાજકોટ–જામનગર રોડ પર આવેલ સાંઢીયા પુલ પાસે મુકી ગયેલ હતો.બાદમાં તેણીએ આરોપીને ફોનમાં લગ્ન કરી સાથે રહેવાની વાત કરતા તે ગાળો આપતો અને તેણીના પિતાને મારી નાખવાની ધમકી આપતો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી પ્ર. નગર પોલીસે ગુનો નોંધી પીએસઆઈ આર.કે.ગોહિલે તપાસ આદરી છે.

# રાજકોટની જૂની કલેકટર ઓફિસના કમ્પાઉન્ડમાં બેસવા મામલે નાયબ મામલતદારને ધમકી

**હુ તો કમ્પાઉન્ડમાં બેસવાનો જ છુ, જે થાઈ તે કરી લેજો, તારા જેવા કેટલાય ઝોનલ ઓફીસર આવીને જતા રહેલ, મારા કામ કરવા પડશે જ કહીં ધમકી આપી**

રાજકોટ. તા.૧૧

રાજકોટની જૂની કલેકટર ઓફિસના કમ્પાઉન્ડમાં બેસવા મામલે નાયબ મામલતદારને એજન્ટપધમકી આપી ફરજમાં રૂકાવટ કરતાં શખ્સ સામે પડધરી પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે પડધરીના વચલી ઘોડી ગામે રહેતાં મહિપતસિંહ સુખદેવસિંહ જાડેજા (ઉ.વ.૩૪) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે મહેશ ભુપત માહિપાલ નામના શખ્સનું નામ આપી જનવજહતું કે, તેઓ રાજકોટ જુની કલેક્ટર ઓફિસમાં નાયબ મામલતદાર ઝોનલ ૧ ઓફીસર તરીકે છેલ્લા દોઢેક મહીનાથી મારી ફરજ બજાવે છે.

ગઇ તા. ૦૭/૦૬/૨૦૨૫ ના બીજો શનિવાર હોય જેથી ઓફીસમાં રજા હોય જેથી તેઓ ઘરે વચલી ઘોડી ગામે હતાં ત્યારે બપોરે જમ્યા બાદ તેમને માથુ દુખતુ હોય જેથી ઘરે રૂમમા એકલા સુઇ ગયેલ હતાં. બોપોર એક અજાણ્યા નંબર પરથી ફોન આવેલ અને જણાવેલ કે, કોણ બોલેસ, ક્યાથી બોલેસ, તારું નામ શુ છે અને ક્યા રહે છે જેવુ પુછવા લાગેલ હતા. જેથી તેને પુછેલ કે તમે કોણ બોલો છો તો તેને કહેલ કે, તે મહેશ ભુપતભાઇ મહીપાલ બોલે છે અને તુ અહી રાજકોટ જોનલ ઓફીસર તરીકે આવેલ છે અને મારા કામ નથી કરતો અને તુ આવ્યા પછી રાજકોટ ગ્રામ્ય પ્રાંત અમને જુની કલેકટર ઓફીસના કંમ્પાઉંડ બેસવા દેતા નથી અને તુ કેટલું ભણેલ છો, હુ આઠ પાસ છુ અને તને ભવિષ્યમા સમજાય જાસે કે આઠ પાસ એટલે શુ, જેવી વાતો કરતા તેને કહેલ કે તમો મને ઉશ્કેરવાના પ્રયત્નો કરો છો.

**પડધરી પોલીસે ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો**

તેમજ ફરીયાદી સાથે તોછડાઈથી વાત કરતા તેનો ફોન કાપી નાખેલ અને બ્લોક કરેલ હતો. થોડીવાર બાદ તેના નંબર અનબ્લોક કરેલ હતા. દરમિયાન ફરીવાર તે મોબાઇલ નંબર પરથી બપોર ફોન આવેલ અને ખોટી બોલાચાલી કરવા લાગેલ હતાં. બાદમાં બંન્ને નંબર પરથી અવાર નવાર ફોન આવેલ અને મારી નાખવાની ધમકીઓ આપેલ હતી. જેથી તેના ફોન રેકોર્ડ કરવાનુ ચાલુ કરેલ હતુ. તેમજ આરોપી ફોનમા ધમકી તથા ગાળો આપવા લાગી કહેલ કે, હુ તો ત્યા કંમ્પાઉંડમા બેસવાનો જ છુ, જે થાઈ તે કરી લેજો, તારા જેવા કેટલાય જોનલ ઓફીસર આવીને જતા રહેલ અને મારા કામ કરવા પડશે મારી સાથે સબંધ રાખી કામ કરવુ પડશે.

વધુમાં ફરિયાદીએ બનાવના કારણ અંગે જણાવ્યું હતું કે, તેઓ રાજકોટ જુની કલેક્ટર ઓફીસમાં નાયબ મામલતદાર જોનલ ૧ ઓફીસર તરીકે ફરજ બજાવતાં અને અને ત્યા બેસતા ઘણા બધા એજન્ટો ત્યા કંપાઉન્ડમાં બેસી ગરીબ અને ભણેલ ગણેલ ન હોય તેવા માણસો પાસેથી કામ કરાવી આપવાની લાલચ આપી પૈસા લેતા હોય તેમજ અરજદારોને ભડકાવી તેઓની વિરૂધ્ધના કામ કરાવતો હોય જે બાબતે તેમને આ બધા ખોટા કામ કરવાની ના પાડતા આરોપીએ ધમકી આપી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી પડધરી પોલીસે ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ૮૦૦ ગ્રામ ફાઈન સોનાની છેતરપીંડીમાં સોની બજારના બંગાળી કારીગરનો જામીન પર છુટકારો

**તરૂણભાઈ પાટડીયા દ્વારા એ.-ડીવીઝન પોલીસમાં અબુઝાફર બંગાળી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવાઇ હતી**

રાજકોટ, તા.૧૧

રાજકોટની સોની બજારમાં શ્રી હરિ ઓર્નામેન્ટના નામની જવેલર્સની દુકાન ધરાવતા તરૂણભાઈ કનૈયાલાલ પાટડીયાએ એ-ડીવીઝન પોલીસમાં ફરીયાદ નોંધાવેલ કે, તેઓ અબુઝાફર ઝમાદાર બંગાળી પાસે દોઢેક વર્ષથી સોનાના દાગીનાઓ બનાવતા હતા. જેથી ૧૩૦૦.૨૪૦ ગ્રામ ફાઈન સોનું આપેલ. જોકે અબુઝાફરે દાગીનાઓ બનાવી આપેલ નહીં. તરૂણભાઈને શંકા જતા તેને ફોન કરી તેમની દુકાને બોલાવેલ અને સોનું આપવાનું જણાવતા અબુઝાફરે કહેલ કે તમારૂ સોનુ મારી પાસે અન્ય લોકો માંગતા હોય તેમને આપી દીધેલ છે. તમારૂ સોનું થોડાં સમયમાં આપી દઈશ. જે પછી તરૂણભાઈને ૪૦૦ ગ્રામ ફાઈન સોનું પરત આપી ગયેલ. બાકી રહેતા ૯૦૦.૨૪૦ ગ્રામ સોના અંગે બન્ને વચ્ચે લેખીત નોટરી કરાર થયેલ. અબુઝાફરે તેમની બેંકના ચાર કોરા ચેકો આપેલ. દરમ્યાન આરોપી ૧૦૦ ગ્રામ સોનું પરત આપી ગયેલ પરંતુ ૮૦૦ ગ્રામ સોનું પરત આપેલ નહીં. એ-ડીવીઝનમાં અબુઝાફર ઉપર ફરીયાદ નોંધાવેલ. પોલીસે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કરેલ. જે પછી અબુઝાફર બંગાળીએ રાજકોટની સેશન્સ કોર્ટમાં જામીન મેળવવા માટે અરજી કરેલ, જે અરજી અંગે આરોપીના વકીલે કહેવાતી ફરીયાદમાં લગાવવામાં આવેલી કોઈપણ કલમ હાલના કેસમાં લાગુ પડી શકે નહીં અને પોલીસે ખોટી રીતે ગંભીર કલમો લગાવી આરોપીની ગેરકાયદેસર રીતે ધરપકડ કરેલ હોવાની દલીલ કરેલ હતી. જે ધ્યાને લઈ સેશન્સ કોર્ટના જજ એસ.એ. ગલરીયાએ આરોપી અબુઝાફર બંગાળીને જામીન પર છોડવા હુકમ કરેલ હતો. આ જામીન અરજીમાં આરોપી તરફે વકીલ પિયુષ જે. કારીયા, પ્રધુમનસિંહ એમ. જાડેજા, સચીન એમ. તેરૈયા તથા નિપુલ કારીયા રોકાયેલ હતા.

# નવાગામ રંગીલામાં પ્રેમ પ્રકરણમાં બઘડાટી : યુવકને ઈજા : કારખાનામાં તોડફોડ : ચાર સામે ગુનો દાખલ

**સંજયને જે યુવતી સાથે પ્રેમ સંબંધ છે અને લગ્નની વાત ચાલે છે તે જ યુવતી દેવરાજને પણ પસંદ હોય ઝઘડો થયો હતો**



રાજકોટ, તા.૧૧

નવાગામ રંગીલામાં પ્રેમ પ્રકરણમાં બઘડાટી બોલી ગઈ હતી. જેમાં યુવકને ઇજા થઈ હતી. આરોપીઓએ કારખાનામાં તોડફોડ કરી હતી. જેમાં કુવાડવા રોડ પોલીસે ચાર આરોપી સામે ગુનો દાખલ કર્યો છે.

ફરિયાદમાં સુરેશ સામતભાઈ ડાભી (ઉંમર વર્ષ ૩૩, રહે. ખખાણા ગામ, તાલુકો વાંકાનેર, જીલ્લો મોરબી)એ જણાવ્યુંકે, હું રાજકોટ નવાગામ આણંદપર ખાતે આવેલ રંગીલા સોસાયટીમાં હરિઓમ કાસ્ટિંગ નામનું કારખાનું આવેલ છે. તેમાં બે વર્ષથી મજૂરી કામ કરું છું. મારી સાથે મારો સગો નાનો ભાઈ સંજય પણ આ કારખાને કામ કરવા આવે છે અને સંજયને આ કારખાનાની નજીકમાં રહેતી યુવતી સાથે પ્રેમ સંબંધ થતા અમારે બંને પરિવારે વચ્ચે હાલ લગ્નની વાતચીત ચાલુ છે. ગત સાંજે સાત વાગે હું તથા સંજય અને અન્ય મજૂરો કારખાનાની બહાર કામ પતાવીને બેઠા હતા. ત્યાં તે યુવતીના ઘર પાસે યુવતીના સગા ભાઇ દીપક સાથે આરોપીઓ માથાકૂટ કરતા હતા. આરોપીઓ ત્યાંથી ઝઘડો કરતા અમારા કારખાને આવ્યા. જેમાં આરોપી મુકેશ વિનુભાઈ ભડાણીયા, વિનય મનસુખભાઈ ડાભી, શિવા ધીરુભાઈ ભડાણીયા, દેવરાજ શેખ (રહે. બધા રંગીલા સોસાયટી, નવાગામ) હતા. આરોપીઓ મારાં ભાઈ સંજયને કહેવા લાગેલ કે, તારે કોઈ હવા છે? ઝઘડો થતા છરી વડે મારવા જતા હું વચ્ચે પડ્યો. ઝઘડો નહીં કરવા સમજાવતા મને છરી વડે મારવા જતા મારો ભાઈ મને કારખાનાની અંદર લઈ ગયેલ. આ ચારેય આરોપી ત્યાં ઈંટો તથા પથ્થરોના ઘા કરવા લાગ્યા. મને માથા ઉપર કપાળના ભાગે જમણી આંખને ઉપરના ભાગે માથાની પાછળના ભાગે ઇજા થવાથી લોહી નીકળવા લાગેલ હતું. આરોપીઓએ કારખાનાના દરવાજામાં પાઈપ વડે માર મારી નુકસાન કરેલ. સંજયના બાઈકમાં નુકસાન કરેલ. સંજયે પોલીસને ફોન કરતા તુરંત પોલીસ આવી ગઈ હતી. આરોપીઓ ત્યાંથી જતા રહ્યા હતા. મને ૧૦૮માં સિવિલ હોસ્પિટલ દાખલ કર્યો હતો. ફરિયાદમાં સુરેશે વધુમાં જણાવ્યું કે, મારાં ભાઈ સંજયને જે યુવતી સાથે પ્રેમ સબંધ છે અને લગ્નની વાત ચાલે છે તે યુવતી સાથે આરોપી દેવરાજ શેખને લગ્ન કરવા હોય, પરંતુ યુવતીના લગ્નની વાત મારા ભાઈ સાથે ચાલી રહી છે.

દેવરાજને આ વાત ગમતી ન હોય જે બાબતે ઝઘડો થયો હતો.

# કલરકામ કરતી વખતે નીચે પટકાયેલ યુવાનનું સારવારમાં મોત

રાજકોટ,તા.૧૧

શહેરની પર્ણકુટીર સોસાયટીમાં કલરકામ કરતી વખતે બિલ્ડીંગ પરથી પટકારતા પરપ્રાંતિય શ્રમિક યુવાનનું મોત થયું હતું.બનાવની વિગત મુજબ, ગઈકાલે સાંજે ૬ વાગ્યા આસપાસ મૃતક રાજુભાઈ દયારામભાઈ સણની (ઉ.વ.૩૧) (રહે.લક્ષ્મીનગર ફાટક પાસે, ભાડાના મકાનમાં મુળ ઉત્તરપ્રદેશ) પર્ણકુટીર સોસાયટી પાસે રૂદ્રાક્ષ એપાર્ટમેન્ટ ખાતે કલર કામ કરતા હતા ત્યારે બીલ્ડીંગ પરથી નીચે પટકાતા ગંભીર ઈજા પહોંચી હતી.તત્કાલ તેમને સીવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યું હતું. જયા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નીપજયુ હતું.આ બનાવની જાણ થતા માલવીયાનગર પોલીસના હેડ કોન્સ્ટેબલ એ.વી.ચાવડા, સ્ટાફ સાથે દોડી ગયા હતા. ત્યા જરૂરી કાગળો કરી આગળની કાર્યવાહી કરી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પુછપરછમાં જાણવા મળેલ કે રાજુભાઈ લક્ષ્મીનગર ફાટક પાસે પરીવાર સહીત રહે છે. તેમને સંતાનમાં એક દીકરી ૭ વર્ષની છે અને કલરકામ કરીને પરીવારનું ગુજરાન ચલાવતા હતાં.

## અવસાન નોંધ

**રાજકોટ:** ઈલ્યાસ ભાઈ ઇનાયત ભાઈ હિરાણી (ઉ.વ.૪૩) તેઓ ઇનાયત ભાઈ મુ.ગુલામહુસેન હિરાણીના ફરજંદ ઇસ્માઇલ ભાઈ ઇનાયત ભાઈ હિરાણી (રાજકોટ)ના ભાઈ તથા ફકરૂદ્દીન ભાઈ ,મ.શબ્બીરભાઈ(રાજકોટ), મ.મહંમદભાઇ(બેંગલોર) ના ભત્રીજા તા ૧૦/૬/૨૫ ને મંગળ વારના રોજ વિસાવદર મુકામે વફાત થયા છે.તેઓના શિયુમ ના સિપારા ૧૨/૬/૨૫ ને ગુરુવાર ના રોજ સવારે ૧૧:૩૦કલાકે વિસાવદર ઇજ્ઝી મસ્જિદ માં રાખેલ છે.

**રાજકોટ:** મુળ ધારી નિવાસી હાલ વડોદરા ખાતે રહેતા શૈલેષભાઈ મહેન્દ્રભાઈ મહેતા તે ગં.સ્વ.હંસાબેન મહેન્દ્રભાઈ મહેતાના પુત્ર, ભરતભાઈના નાનાભાઈ, પલ્લવીબેનનાં પતિ,રાજ અને દક્ષના પિતાશ્રીનું તા.૯ને સોમવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૨ને ગુરૂવારનાં સાંજે ૪ થી ૬ એમના નિવાસ સ્થાન: એચ-૪૦૨, દિયા ગ્રાન્ડ સિટી, વડસર રોડ, વડોદરા ખાતે રાખેલ છે.

**રાજકોટ:** ગુર્જર સુથાર રમણીકભાઈ લવજીભાઈ જાદવાણી (ઉ.વ.૭૮) (ચોટીલા વાળા) તે સ્વ.ભરતભાઈ તથા સ્વ.અમૃતલાલ તેમજ રેખાબેન રસીકલાલ વડગામા તથા પ્રજ્ઞાબેન ધીરેશકુમાર વડગામાના મોટાભાઈ અને હિતેષભાઈ, સ્વ.કમલેશભાઈ, વિમલભાઈ તથા ધીરેનભાઈના પિતાશ્રી અને ચંદ્રકાંતભાઈ કલ્યાણજી વડગામાના બનેવીનું તા.૯ના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણુ તા.૧૨ના રોજ સાંજે ૪.૩૦ થી ૬.૦૦ પુરુષાર્થ મહાદેવ મંદિર હરીધવા મેઈન રોડના છેડે ડી-માર્ટની પાછળ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** વાણંદ સ્વ.કાનજીભાઈ ધરમસીભાઈ હિરાણીનાં મોટાપૂત્ર, સ્વ.વૃજલાલ ભાઈનાં ભત્રીજા, સ્વ.રોહિતભાઈ, સ્વ.સુરેશભાઈ, સ્વ.કિરીટભાઈ, હિરાબેન વિનોદરાય ભટ્ટી, અરૂણાબેન ભાઈલાલભાઈ સમેજા, કુંદનબેન દિપકભાઈ પારલેવાળાનાં મોટાભાઈ રમેશભાઈ કાનજીભાઈ હિરાણીનું તા.૧૦નાં રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું ગુરૂવાર તા.૧૨નાં રોજ સાંજે ૪ થી ૬ તેઓનાં નિવાસ સ્થાન હાથીખાના શેરી નં.૪ પાસે રાખેલ છે.

**રાજકોટ:** યજુર્વેદી શ્રીમાળી બ્રાહ્મણ સમાજના સ્વ.પ્રાણજીવન ગોવિંદજી દવે તથા પુત્રી તથા સ્વ.હરદત પ્રાણજીવન, સ્વ.વિનાયક પ્રાણજીવન, વસંત પ્રાણજીવન,સનત પ્રાણજીવન, દિલીપ પ્રાણજીવન, ઋષિકેશ પ્રાણજીવન અને પલ્લવી ભદ્રેશ કુમાર ભટ્ટ (મુંબઈ)ના મોટાબહેન, ગં.સ્વ.હર્ષિદા હુલ્લાસરાય દવે (દવે સ્વીટ માર્ટ મુંબઈ)નું તા.૭ના રોજ અવસાન થયેલ છે. પિયર પક્ષની સાદડી વસંતભાઈ દવેના નિવાસ્થાને તા.૧૩/૬/૨૦૨૫ને શુક્રવારના રોજ સાંજે ૬ થી ૭ દરમિયાન શ્રી રેસીડિન્સી અયોધ્યા રેસીડિન્સી ૧ કોર્નર નેત્રદીપ હોસ્પિટલ પાછળ અયોધ્યા ચોક પાસે ૧૮૦ફુટ રીંગ રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** રાજકોટ નિવાસી સ્વ.શાંતિલાલ શામળજી શાહના સુપુત્ર ચંદ્રાકાંતભાઈ (ઉ.વ.૭૮) તે સ્વ.રંજનબેનના પતિ અને સ્વ.વનેચંદ ત્રીકમજી મહેતાના જમાઈ અને સ્વ.વિરલના પિતાશ્રી તથા રૂપાબેનના સસરા અને ચિ.શ્રેયાના દાદા પ્રવિણભાઈના નાનાભાઈ તેમજ સ્વ.અશોકભાઈ નવનીતભાઈ, રાજેશભાઈ, દિપકભાઈ અને સ્વ.મનીષભાઈના તેમજ માધવીબેન નિતેષભાઈ કોઠારી (લંડન) તથા અલ્પાબેન ચંદ્રેશભાઈ દોશીના મોટાભાઈ તા.૯ને સોમવારના રોજ અરિહંતશરણ પામેલ છે. સ્વર્ગસ્થની ઈચ્છાનુસાર ચક્ષુદાન કરેલ છે. સ્વર્ગસ્થનું ઉઠમણું તા.૧૨-૦૬-૨૦૨૫ ગુરૂવારના સવારે ૧૦.૩૦ વાગ્યે તેમજ પ્રાર્થના સભા સવારે ૧૧ વાગ્યે સદર સ્થા.જૈન ઉપાશ્રય ૧૫ પંચનાથ પ્લોટ ખાતે રાખેલ છે.

**મોટી કુંકાવાવ:** મોટી કુંકાવાવ નિવાસી ઔદીચ્ય ખરેડી સમવાય બ્રાહ્મણ જયસુખભાઈ શાંતિલાલ ભટ્ટ (ઉ.વ.૫૯) તે ચંદ્રકાંતભાઈના નાનાભાઈ તેમજ જીતેન્દ્રભાઈના મોટાભાઈ તથા હર્ષ, રીન્કુના પિતાશ્રીનું તા.૯ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૧૨ને ગુરૂવારના રોજ બપોરે ૩ થી ૬ તેમના નિવાસ સ્થાન રણુજા પ્લોટ નાની કુંકાવાવ રોડ મોટી કુંકાવાવ મુકામે રાખેલ છે.

**સાવરકુંડલા:** વનીતાબેન ચીમનલાલ જોષી (ઉ. વ.૬૪) તે ચીમનભાઈ ભાનુશંકર જોષી પત્ની, દીપકભાઈ ચીમનભાઈ જોષી ,અજીતભાઈ ચીમનભાઈ જોષી , કેતનભાઇ ચીમનભાઈ જોષી તેમના માતા થાય તથા જય અજીતભાઈ જોષી (ઉ. વ. ૧૪) તે અજીતભાઈ ચીમનભાઈ જોશી ના દિકરાનું તા.૭ને શનિવાર ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે સદગત નું બેસણું તા.૧૨/૬/૨૫ ને ગુરુવાર ના રોજ સવારે ૮ થી૬ બાઢડા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા:** નર્મદાબેન લાલજીભાઈ નાકરાણી (ઉ.વ.૭૪) લાલજીભાઈ રૂડાભાઈ નાકરાણી પત્ની, કિશોરભાઈ લાલજીભાઈ નાકરાણી,વિપુલભાઈ લાલજીભાઈ નાકરાણી, અતુલભાઈ લાલજીભાઈ નાકરાણી, જગદીશભાઈ રવજીભાઈ નાકરાણી , જયશ્રીબેન સુરેશભાઈ ધામેલિયા ના માતુશ્રી નું તા.૮ને રવિવાર ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે સદગત નું બેસણું તા.૧૨/૬/૨૫ ને ગુરુવાર ના રોજ સવારે ૮ થી ૫ કલાકે ના રોજ પટેલ વાડી શિવાજીનગર સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**ખંભાળિયા :**ખંભાળિયા નિવાસી સ્વ. સુરેશભાઈ બચુભાઈ ધકાણ (બાકોડી વાળાના) ધર્મપત્ની આરાધનાબેન ઉ.વ. ૬૫ તે ભરતભાઈ તથા આરતીબેન ના માતૃશ્રી તા.૧૦/૬ ના મંગળવારે શ્રીજીચરણ પામ્યા છે તેમનું બેસણું તા.૧૨/૬ ના ગુરુવારે સાંજે ૫ થી ૬ પાવન એપાર્ટમેન્ટ, પાંજરાપોળ ચોક, ઉપલેટા મુકામે રાખેલ છે.

**રાજકોટ:** ખેરડી નિવાસી સ્વ. વખતચંદ બેચરદાસ પારેખના પુત્ર ચિમનલાલ (ઉ.૯૪) હાલ રાજકોટ તે સ્વ. અમીચંદભાઈ, સ્વ. લલીતભાઈ, સ્વ. જયવંતભાઈ, સ્વ. મુક્તાબેન નેમચંદ દોશી મુંબઈ, સ્વ. ચંદનબેન રમણીકલાલ મહેતા, મહુવા, ઉષાબેન, સ્વ. ગુણવંતીબેન ચંદ્રકાંત મહેતા, રાજકોટ, સ્વ. જયોત્સનાબેન પ્રફુલચંદ્ર પંચમીયા મુંબઈના ભાઈ, સ્વ. શરદચંદ્ર ન્યાલચંદ દોશી જામખંભાળીયાના જમાઈ, હિમાંશુ તથા ભાવના કલ્પેશ શાહ અમદાવાદના પિતાશ્રી, મોનીકાબેનના સસરા, ભૂમિકા જયકુમાર વોરા જુનાગઢ, કુ. શ્વેતા અને હીતના દાદા તા.૧૦ના રોજ અરીહંત શરણ પામેલ છે. ઉઠમણું તા.૧૨ના સવારે ૧૦ કલાકે આનંદનગર જૈન દેરાસર ઉપાશ્રયે રાજકોટ રાખેલ છે.

**રાજકોટ:** મૂળ જામજોધપુર નિવાસી હાલ રાજકોટ સ્વ. મૂળજીભાઈ લીલાધરભાઈ પોપટના ધર્મપત્ની સ્વ. નિર્મળાબેન (ઉ.૮૦) તે રાજુભાઈ, નયનભાઈ તેમજ સ્વ. પરેશભાઈના માતુશ્રી અને ભાયાવદર નિવાસી છગનલાલ સવજીભાઈ ચંદારાણાના દીકરી તા.૧૦ના રોજ શ્રીજીચરણ પામેલ છે. સદગતનું ઉઠમણું તા.૧૨ના રોજ સાંજે ૫થી ૬ કામેશ્વર મહાદેવ મંદિર, જીવંતીકા પરા-૨, ગાંધીગ્રામ રાજકોટ ખાતે રાખેલ છે. પીયરપક્ષની સાદડી સાથે રાખેલ છે.

**સરધાર:** ગૌ.વા. સોની જયસુખભાઈ પ્રભુદાસભાઈ પાટડિયાના પુત્રવધુ, રશ્મિબેન (રસીલા) (ઉ.૪૩) તે આશિષભાઈના ધર્મપત્ની, કલ્પેશભાઈના ભાભી તેમજ બંસી, કૃપા, પુષ્ટિ, દેવાંશીના મમ્મી અને જૈવિન તથા શ્રુતિના મોટા માતાનું તા.૧૦ના મંગળવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૨ને ગુરૂવારે સાંજે ૪થી ૬ ઢાકેચા વાડી (પોલીસ સ્ટેશન પાસે) સરધાર મુકામે રાખેલ છે.

**રાજકોટ:** ઔદીચ્ય ઘેલારામજી બ્રાહ્મણ માતિના મુકેશભાઈ શિવશંકરભાઈ રાજયગુરૂ (ઉ.૫૪) તે રમેભાઈ રાજયગુરૂના નાના ભાઈ તેમજ અશોકભાઈ રવિશંકર ભટ્ટના બનેવીનું તા.૮ના રોજ અવસાન થયું છે. બેસણુ (ઉઠમણું) તા.૧૨ના સાંજે ૪થી ૬ કુમકુમ પાર્ક ૧-વિમલનગર મેઈન રોડ રાજકોટ રમેશભાઈના નિવાસે તેમજ તા.૧૪ના સાણથલી મુકામે તેમના નિવાસે બેસણું રાખેલ છે.

**જામનગર:** જામનગર નિવાસી પ્રતાપભાઈ દેવજીભાઈ મહેતા તે સ્વ. સરોજબેનના પતિ તથા જીગ્નેશભાઈ, મિતેષભાઈ તેમજ ડીમ્પલબેનના પિતા તથા જીજ્ઞાબેન, દીપાબેન અને આશિષભાઈ દોશીના સસરા, તેમજ સ્વ. જેન્તીભાઈ, સ્વ. ઉમેદભાઈ, સ્વ. ચંદુભાઈ, સ્વ. કીશોરભાઈ, સ્વ. કાંતાબેન, સ્વ. ભાનુબેન, સ્વ. શારદાબેન અને સ્વ. વસંતબેનના ભાઈ, મીહીર અને વંશના દાદા તથા મીરા અને ઈશાના નાના તથા સ્વ. હરીલાલ ત્રિભુવનદાસ શાહના જમાઈ તા.૧૦ને મંગળવારે અરીહંત શરણ પામેલ છે ઉઠમણું તા.૧૧ના ૪-૩૦ કલાકે વારિયાનો ડેલો, ઉપાશ્રય જામનગર મુકામે રાખેલ છે. પ્રાર્થનાસભા તા.૧૨ને ગુરૂવારે સવારે ૧૦થી ૧૧ જામ ૧૧થી ૧૨ ચાંદીબજાર, લોકાગચ્છની વાડી, જામનગર ખાતે રાખેલ છે.



**૧૧મી પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી**

**સ્વ.લક્ષ્મણભાઈ પાલાભાઈ ઘુઘલ**

સ્વ.તા.૧૧-૦૬-૨૦૧૪

સૌજન્ય, સદ્ભાવ, સ્નેહ, સૌમ્યતા જેનો સ્વભાવ હતો, સહજતા અને ઉદારતા જેના સદ્ગુણો હતા, પરમાર્થ અને પુરૂષાર્થ જેની કર્મનિષ્ઠા હતી તેવા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**સ્વ.લક્ષ્મણભાઈ પાલાભાઈ ઘુઘલની ૧૧મી પુણ્યતિથી નિમિત્તે સ્કૂલ બેગ તથા ચોપડાનું વિનામૂલ્યે વિતરણ**

સ્વ.લક્ષ્મણભાઈ પાલાભાઈ ઘુઘલની ૧૧મી પુણ્યતિથી નિમિત્તે ધો.૧ થી ધો.૧૨નાં વિદ્યાર્થીઓને (અનાથ બાળકો, ગરીબ બાળકો તેમજ વિધવા બેનનાં સંતાનો માટે) સ્કૂલ બેગ તથા ચોપડાનું વિનામુલ્યે તા.૧૧-૦૬-૨૦૨૫ને બુધવારનાં રોજ જસદણ મુકામે સવારે ૧૧ કલાકે વિતરણ કરવામાં આવશે.

લી.

રજનીકાંત એલ. ઘુઘલ | કિશોરભાઈ એલ. ઘુઘલ
અભિષેક આર. ઘુઘલ | રાજકોટ સીટી પોલીસ (SOG)
આર્યન કે. ઘુઘલ (અમેરીકા રીટર્ન)

MANISH ADS

**બીજી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી**



**સ્વ.જસમતભાઈ ડાયાભાઈ કોરાટ**

સ્વ.તા.૧૧-૦૬-૨૦૨૩

ઉજ્જવળ ભવિષ્યના તમે પાયા બન્યા, પ્રેરણા અને પ્રોત્સાહનના સુકાની બન્યા, તમારી દીર્ઘ દ્રષ્ટી અને ધ્યેય પૂર્તિની ધગશ, બને છે અમારા માર્ગદર્શક અને સંરક્ષક, ભલે નથી, તમે આજ સદેહે અમારી વચ્ચે, પણ વસો છો હંમેશા અમર આત્મ સ્વરૂપે સફળતા ની સફરમાં તમે નથી હવે સાથે, એ ખોટ ચાલતી રહેવાની સદાની...

લી. ગં.સ્વ.રળીયાતબેન ડાયાભાઈ કોરાટ
ગં.સ્વ.નિર્મળાબેન જસમતભાઈ કોરાટ
મહેશભાઈ જસમતભાઈ કોરાટ-જાગૃતિબેન મહેશભાઈ કોરાટ
હિર, હેત
પિનાંક એન્ટરપ્રાઈઝ

**તથા કોરાટ પરિવારના જય સ્વામિનારાયણ**



પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ

**શ્રદ્ધાંજલી**

**સ્વ. રવિન મહેન્દ્રભાઈ રાણપરા**

જન્મ તા. ૧૬-૧૨-૧૯૮૭,
સ્વ. તા.૧૧-૦૬-૨૦૨૪
જેઠ સુદ-૫, મંગળવાર

વિયોગનું દુઃખ આજે પણ તાજુ લાગે છે... જેમ તમે પ્રેમ આપ્યો, તેમ જ તમારી યાદો અમને ઘેરતી રહે છે, વિહોણા થયા બાદ પણ તમે સાથ છો-યાદોના રૂપમાં, એક વર્ષ, અનેક યાદો, અનંત લાગણીઓ...
તમે ગયા પછી જીવન બદલાઇ ગયું, તમારી ખાલી જગ્યા કયારેય ભરી શકાશે નહી.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
જય શ્રી સ્વામિનારાયણ...

લી.

મહેન્દ્રભાઈ ભગવાનદાસ રાણપરા | તરૂણ મહેન્દ્રભાઈ રાણપરા
સુરેશભાઈ ભગવાનદાસ રાણપરા | તેજશ સુરેશભાઈ રાણપરા
યશ્વી - મિષ્ટી - રિવા | માધવ રવિનભાઈ રાણપરા

**શ્રીજી જવેલર્સ, નહેરૂ ગેઇટ ચોક, મોરબી.**

જીજ્ઞેશ ભટ્ટ(પરશુરામ પબ્લીસીટી, દેવઅક્ષર કોમ્પલેક્ષ, નગર દરવાજા ચોક, મોરબી)9427721546

**દુઃખદ અવસાન / ટેલીફોનીક બેસણું**



**સ્વ. ઈન્દિરાબેન પોપટભાઈ કકકડ**

સ્વ. તા.૦૯-૦૬-૨૫

સ્વ. પોપટલાલ જીવાભાઈ કકકડની પુત્રી ચી. ઈન્દિરાબેન પોપટભાઈ કકકડ, ઉ.વ.૭૯, (નિવૃત શિક્ષિકા, કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ, રાજકોટ) તા.૦૯-૦૬-૨૫ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

**સદ્ગતનું ટેલીફોનીક બેસણું તા.૧૨-૦૬-૨૦૨૫ને ગુરૂવારના રોજ સાંજે ૫ થી ૬ સુધી રાખેલ છે.**

લી. ડો. હેમંતકુમાર વાર્ષનીય, 8511072923 રાજકોટ
ડો. ચંદ્રિકાબેન વાર્ષનીય, 9374103060 રાજકોટ
પ્રમિલાબેન પોપટભાઈ કકકડ 9662357221 રાજકોટ
સુરેશભાઈ પોપટભાઈ કકકડ રાજકોટ
પંકજભાઈ કકકડ 9427213816 રાજકોટ
કુમારભાઈ કકકડ 9426928330 રાજકોટ
પારિતોષ કકકડ (જાસ્મીના) મુંબઈ 9892046304

**દુઃખદ અવસાન / ઉઠમણું**



**ગો.વા.અ.સૌ. ચંદ્રકળાબેન મહેન્દ્રભાઈ પાટલીયા**

તા. ૧૦-૬-૨૦૨૫ મંગળવાર

સોની શામજીભાઈ લીલાધર પાટલીયા (કલકત્તાવાળા)ના મોટા પુત્ર મહેન્દ્રભાઈ ના ધર્મપત્ની અ.સૌ.ચંદ્રકળાબેન જે પંકજભાઈ ના માતુશ્રી, કવિતાબેન ના સાસુ તથા નિખિલભાઈ ના દાદી તા. ૧૦/૦૬/૨૦૨૫ ને મંગળવારે શ્રીજી ચરણ પામેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતી અર્પે એજ પ્રાર્થના...

**સદ્ગતનું ઉઠમણું**

તારીખ:- ૧૨/૦૬/૨૫ ગુરૂવારે સવારે ૧૦:૩૦ થી ૧૨
સ્થળ :- શ્રી વાઘેશ્વરી માતાજી મંદિર, વિભાગ નં. ૩, સોની સમાજની વાડી, રામનાથપરા મેઈન રોડ, રાજકોટ

મહેન્દ્રભાઈ પાટલીયા ૮૪૦૧૨ ૯૭૨૦૯
પંકજભાઈ પાટલીયા ૯૮૯૮૫ ૦૦૬૬૦
નિખિલભાઈ પાટલીયા ૮૧૪૦૦ ૬૬૦૩૦
પાટલીયા પરિવારના જયશ્રી કૃષ્ણ

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧–૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

# ન્યુ કેદારનાથ સોસાયટીમાં અશાંતધારા ભંગના મામલે તપાસ શરૂ કરાવતા પ્રાંત અધિકારી

## વિધર્મીઓને મકાન વેચાણના મામલે પોલીસ અધિકારીને સાથે રાખી મામલતદાર દ્વારા સ્થળ તપાસ

રાજકોટ તા.૧૧

શહેરના કોઠારીયા વિસ્તારની ન્યુ કેદારનાથ સોસાયટીમાં અશાંત ધારા ભંગના મામલે સીટી પ્રાંત-૧ અધિકારી ડો.ચાંદની પરમાર દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. જેમાં મામલતદારને પોલીસ અધિકારીની સાથે રાખી સ્થળ તપાસ કરવા માટે આદેશ કરી દેવામાં આવેલ છે.

અહીં ઉલ્લેખનીય છે કે કોઠારીયા રોડ વિસ્તારની ન્યુ કેદારનાથ સહિત આસપાસની સોસાયટીઓમાં અશાંત ધારાનો ભંગ થઈ રહ્યાની આ વિસ્તારના રહીશોએ જીલ્લા કલેકટર કચેરી ખાતે ઉમટી પડી આ અંગે કલેકટર પ્રભવ જોશીને આવેદનપત્ર સુપ્રત કરી રજૂઆત કરવામાં આવી હતી.

જેમાં આ વિસ્તારમાં પાંચથી છ જેટલા મકાનો વિધર્મીઓને અશાંતધારાનો ભંગ કરી વેચાણ કરવામાં આવેલ હોવાનું જણાવાયું હતું તેમજ આ મકાન વેચાણ માટે અમુક વકીલો કરાર ગેરકાયદેસર રીતે કરી આપતા હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો. કોઠારીયા રોડ વિસ્તારની સોસાયટીઓના રહીશોની આ રજૂઆત બાદ જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા આ અંગે તપાસ કરવા માટે સીટી પ્રાંત-૧ અધિકારી ચાંદની પરમારને આદેશ કરવામાં આવેલ હતો. જેના પગલે સીટી પ્રાંત-૧ અધિકારી ચાંદની પરમાર દ્વારા આ પ્રકરણમાં તપાસ શરૂ કરવામાં આવી છે. તેઓએ જણાવ્યું હતું કે આ સોસાયટી વિસ્તારમાં વિધર્મીઓને મકાન વેચાણના મામલે પોલીસ અધિકારીને સાથે રાખી મામલતદાર દ્વારા સ્થળ તપાસ કરવામાં આવશે. ચાલુ સપ્તાહમાં જ આ તપાસ પૂર્ણ કરી દેવાશે.

# અમેરિકાએ ૧૨૨ ચાઈનીઝ ઈમિગ્રન્ટસને ચાર્ટર ફલાઈટથી ચીન ડિપોર્ટ કરી દીધા

## ડિપાર્ટ કરાયેલામાં ૯૬ પુરૂષો ૨૬ મહિલાઓનો સમાવેશ



વોશિંગ્ટન,તા.૧૧

અમેરિકા અને ચીન વચ્ચે ટેરિફને લઈને સંબંધો વણસેલા છે ત્યારે એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશને ડલાસમાંથી ICE અને ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી (DHS) જૂન ૦૩એ ૧૨૨ ચાઈનીઝ ઈમિગ્રન્ટ્સને એક ચાર્ટર ફ્લાઈટથી ચીન ડિપોર્ટ કરી દીધા છે. આ ફ્લાઈટમાં ૯૬ પુરુષો અને ૨૬ મહિલાઓ હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, જુદા-જુદા ડિટેન્શન સેન્ટર્સમાં રખાયેલા ૧૯થી ૬૮ વર્ષના આ ઈમિગ્રન્ટ્સને ડિપોર્ટ કરવાનો આદેશ હતો. ICEના જણાવ્યા મુજબ, જે ઈમિગ્રન્ટ્સને ડિપોર્ટ કરાયા છે, તેમાંથી ૨૭ વર્ષનો યુવક રેપના ગુનામાં, ૪૭ વર્ષના એક યુવક હત્યાના ગુનામાં, ૪૯ વર્ષનો એક ઈમિગ્રન્ટ્સ ડ્રગ ટ્રાફિકિંગના ગુનામાં, ૫૦ વર્ષની એક મહિલા લાંચના ગુનામાં અને ૫૫ વર્ષનો એક વ્યકિત હ્યુમન ટ્રાફિકિંગના ગુનામાં દોષી ઠેરવાયો હતો.

અમેરિકાના ચીન સાથેના તણાવભર્યા સંબંધોને જોતા આ કાર્યવાહી વધુ મહત્વની મનાઈ રહી છે. તે ઉપરાંત એક સાથે ૧૨૨ લોકોને એક જ ફ્લાઈટમાં ડિપોર્ટ કરવામાં આવ્યા તે બાબત પણ ઘણી સૂચક છે. જે ૧૨૨ લોકોને ડિપોર્ટ કરાયા છે, તેમને ઈમિગ્રેશન કોર્ટે રિમૂવલ ઓર્ડર ઈશ્યૂ કરેલો હતો. આ લોકોને જુદા-જુદા ડિટેન્શન સેન્ટર્સમાંથી લાવીને એક ફ્લાઈટમાં ભેગા કરાયા હતા. ચીન આ લોકોને સ્વીકારવા તૈયાર થાય તે માટે પણ અમેરિકા દ્વારા એરેન્જમેન્ટ્સ કરાયા હતા. વિઝાવર્જ.કોમના જણાવ્યા મુજબ, આવા ઓપરેશન્સ માટે મહિનાઓ પહેલાથી પ્લાનિંગ કરવું પડે છે.

વડાપ્રધાન મોદીએ શિક્ષણ પ્રવેશને ઉત્સવ બનાવવાની કરેલ શરૂઆતને ૨૨ વર્ષ પૂર્ણ, શિક્ષણ ક્ષેત્રે આમુલ સુધારા: મુખ્યમંત્રી

# રાજયમાં તા.૨૬થી ત્રણ દિવસ ઉજવાશે શાળા પ્રવેશોત્સવ

## બાલવાટીકા તેમજ પ્રાથમિક-માધ્યમિક શાળાઓમાં ૨૫.૭૫ લાખ છાત્રોનું નામાંકન કરાશે: પ્રવેશોત્સવમાં મુખ્યમંત્રી સહિત રાજયના મંત્રીઓ, પદાધિકારીઓ, અધિકારીઓ ભાગ લેશે



અમદાવાદ તા.૧૧

રાજયમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી બાદ આગામી તા.૨૬થી ૨૮ દરમિયાન શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ઉજવવામાં આવનાર છે. આ ત્રિદિવસીય રાજયવ્યાપી શાળા પ્રવેશોત્સવમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, તમામ મંત્રીઓ, પદાધિકારીઓ, આઈએએસ, આઈપીએસ, આઈએફએસ સહિત વર્ગ-૧ના ૪૦૦ જેટલા ઉચ્ચાધિકારીઓ ભાગ લેશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ, ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી કાર્યકાળ દરમિયાન ૨૦૦૨-૦૩માં આ કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. જેને હવે ૨૨ વર્ષ પૂર્ણ થયા છે. આ વર્ષે ૨૩મો શાળા પ્રવેશોત્સવ- કન્યા કેળવણી મહોત્સવ યોજાશે.

આ વખતે રાજયભરની ૧૫૨૯ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, ૫૧૩૪ ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને ૩૧,૮૨૪ સરકારી પ્રાથમિક શાળાઓમાં આ કાર્યક્રમ યોજાશે. આ શાળા પ્રવેશોત્સવ હેઠળ બાલ વાટીકામાં પ્રવેશપાત્રતા ધરાવતા ૮.૭૫ લાખ, ૮માં ધોરણમાંથી ૯માં ધોરણમાં પ્રવેશની પાત્રતા વાળા ૧૦.૫૦ લાખ અને ધોરણ ૧૦તી ૧૧માં પ્રવેશ માટે પાત્રતા યોગ્ય ૬.૫૦ લાખ મળીને કુલ ૨૫-૭૫ લાખ વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશ કરાવાશે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, નવા ઈનીસ્યેટીવ્ઝ સાથે નાનામાં નાની બાબતોને પણ મહત્તા આપવાની કાર્યક્ષમતા સાથેનું નેતૃત્વ વડાપ્રધાન મોદીએ દેશને પુરૂ પાડયું છે. પ્રવેશોત્સવના ૨૨ વર્ષમાં રાજયમાં શિક્ષણ ક્ષેત્રે આમૂલ સુધારા સહિત ઘણું જ સારૂ કામ થયું છે. તેને વધુ વેગવાન બનાવીને ટીમવર્કથી કાર્યરત રહીએ અને અગાઉના પ્રવેશોત્સવના અનુભવો-ફીડબેકના આધારે સૌ સાથે મળીને વધુ પરિણામકાયી કાર્ય કરવા તેઓએ જણાવ્યું હતું.

# રાજકોટ જિલ્લામાં ૧૮ હજારથી વધુ બાળકો શાળા પ્રવેશ કરશે

## શૈક્ષણિક સંસ્થાઓ ભુલકાઓના કિલ્લોલથી ગુંજી ઉઠશે

રાજકોટ,તા.૧૧

રાજ્ય સરકાર દ્વારા કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા તેમજ બાળકોને ઉત્સાહભેર શાળા પ્રવેશ કરાવવા માટે આગામી તા.૨૬ થી ૨૮ જૂન દરમિયાન રાજકોટ જિલ્લામાં ઉજવારા શાળા પ્રવેશોત્સવમાં કુલ ૧૮,૫૧૭ ભૂલકાંઓનો શાળા પ્રવેશ કરાવવામાં આવશે.

રાજકોટ જિલ્લામાં જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત ૮૪૬ અને જેતપુર તથા ઉપલેટામાં નગર શિક્ષણ સમિતિ સંચાલિત ૨૧ પ્રાથમિક શાળા કાર્યરત છે. જેમાં હાલમાં ૫૪,૩૩૧ કુમાર તથા ૫૨,૩૩૭ કન્યા મળી કુલ ૧ લાખ ૬ હજાર ૬૬૮ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ વર્ષે શાળાઓમાં ધો.૧માં ૪,૯૭૬ વિદ્યાર્થીઓ તેમજ બાલવાટિકામાં ૧૩,૫૪૧ વિદ્યાર્થીઓ મળી કુલ ૧૮,૫૧૭ વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશ થશે.

તાલુકા અનુસાર બાલવાટિકા વર્ગમાં ધોરાજી તાલુકાના ૭૩૯, ગોંડલ તાલુકાના ૧૧૮, જામકંડોરણાના ૪૮૦, જેતપુરના ૧૧૦૯, જસદણના ૧૬૬૯, કોટડાસાંગાણીના ૮૫૭, લોધિકાના ૬૩૨, પડધરીના ૬૩૭, રાજકોટના ૨૧૫૩, ઉપલેટાના ૧૦૭૧ અને વિંછીયા તાલુકાના ૧૧૨૮ એમ કુલ ૧૩૫૪૧ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧મા ધોરાજી તાલુકાના ૪૧, ગોંડલ તાલુકાના ૩૩૯, જામકંડોરણાના ૨૪, જેતપુરના ૩૪, જસદણના ૧૯૧૨, કોટડાસાંગાણીના ૪૬, લોધિકાના ૪૮, પડધરીના ૧૩, રાજકોટના ૨૪૬૫, ઉપલેટાના ૨૯ અને વિંછીયા તાલુકાના ૨૫ એમ કુલ ૪૯૭૬ વિદ્યાર્થીઓ શાળા પ્રવેશ કરશે. ત્યારે શાળકીય નવા વર્ષના શુભારંભ સાથે શાળાઓ ભૂલકાંઓના કિલ્લોલથી ગૂંજી ઉઠશે.

# બાબા સિદ્દીક હત્યા કેસના માસ્ટરમાઈન્ડ ઝીશાન અખ્તરની કેનેડામાં અટકાયત : લોરેન્સ બિશ્નોઈ સાથે કનેકશન



મુંબઈ: રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) ના નેતા બાબા સિદ્દીકીના હાઇ-પ્રોફાઇલ હત્યા કેસમાં માસ્ટર માઈન્ડની કેનેડાથી અટકાયત કરવામાં આવી છે. હત્યા પાછળનો મુખ્ય સૂત્રધાર હોવાનો આરોપ લગાવતા ઝીશાન અખ્તરની કેનેડિયન અધિકારીઓ દ્વારા અટકાયત કરવામાં આવી છે તેવું જાણવા મળી રહ્યું છે.

૧૨ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ સિદ્દીકીની ગોળી મારીને હત્યા થયા પછી તરત જ ભારતથી ભાગી ગયેલા અખ્તર વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ પહેલાથી જ જારી કરવામાં આવી હતી. તપાસમાં જાણવા મળ્યું છે કે તેને ફારુક ખોખર ગેંગના મુખ્ય સભ્ય, પાકિસ્તાની અંડરવર્લ્ડ વ્યક્તિ શહેઝાદ ભટ્ટી દ્વારા દેશમાંથી ભાગી જવા માટે મદદ મળી હતી.

જાલંધરના વતની ઝીશાનની ૨૦૨૨ માં ધરપકડ કરવામાં આવી હતી અને જૂન ૨૦૨૪ માં તેની મુક્તિ સુધી પટિયાલા જેલમાં રાખવામાં આવ્યો હતો. તેના પર પંજાબમાં હત્યા, હત્યાનો પ્રયાસ અને લૂંટ સહિતના અનેક આરોપો છે. પોલીસ રેકોર્ડ લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે મજબૂત સંબંધો અને પુણે સ્થિત ગેંગસ્ટર સૌરભ મહાકાલ સાથે જોડાણ દર્શાવે છે, જેની અગાઉ અભિનેતા સલમાન ખાનના પિતા સલીમ ખાન સાથે સંકળાયેલા ધમકી પત્ર કેસમાં પૂછપરછ કરવામાં આવી હતી.

ઝીશાન બાબા સિદ્દીકી હત્યા કાવતરામાં મુખ્ય આરોપી શુભમ લોંકર સાથે પણ સીધો સંપર્કમાં હતો. ક્રાઈમ બ્રાન્ચે બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ (BKI) ના વડા હરવિંદર સિંહ ઉર્ફે રિંડા અને ગેંગસ્ટર હેપ્પી પાસિયા સહિત અન્ય મુખ્ય ઓપરેટિવ્સ સાથે તેના સંભવિત સંબંધોને નકારી કાઢ્યા નથી, જે બંને પાકિસ્તાનથી ઓપરેટ થઈ રહ્યા હોવાનું માનવામાં આવે છે.


**મામલતદાર,જૂનાગઢ(શહેર)ની કોર્ટમાં,**
તાલુકા સેવા સદન, સરદારબાગ,જુનાગઢ

નં. જન્મ-મરણ/નોંધણી કેસ નં.૨૦/૨૦૨૪

**જાહેર નોટીસ**

પ્રતિ,
શ્રી નગ્મા D/O હુસેનભાઈકચરા
રહે:- વેલકમ પાર્ક ૩એ, ઘાંચી પટ,
કલેકટર ઓફીસ પાછળ,જુનાગઢ..............**અરજદાર**

**વિરુધ્ધ**

રજીસ્ટ્રારશ્રી,
જન્મ-મરણ નોંધણી વિભાગ,
મહાનગર પાલીકા,જુનાગઢ..................**સામાવાળા**

જન્મ મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ૫ નગ્મા D/O હુસેનભાઈ કચરા પોતાનો જન્મ તા. ૧૫/૦૨/૧૯૯૫ના રોજ જુનાગઢ મુકામે થયેલ પરંતુ જેતે સમયે તેઓનાં માતા-પિતા શૈક્ષણીક રીતે પછાત હોવાથી અને જન્મ-મરણ કાયદાનું જ્ઞાન ન હોવાથી જુનાગઢ મુકામે મહાનગર પાલિકા કચેરીમાં જન્મનાં રજીસ્ટરમાં તેઓનાં જન્મની નોંધ થયેલ નથી જેથી જન્મની નોંધ કરવા અરજી કરેલ છે. આ અરજીનાં અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-30 સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.આજરોજ તારીખ:-૦૮, માહે : મે - ૨૦૨૫ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો — મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ જૂનાગઢ (શહેર)



**પશ્ચિમ રેલવે અમદાવાદ**

વિદ્યુત વિભાગ (બાંધકામ)

**ઈ-ટેન્ડર નોટિસ નં - EL/C/ADI/GS/289/2025-26 1) કામનું નામ અને તેનું સ્થાન:** પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં ભીમનાથ ધોલેરા નવી લાઇન (23.33 કિલોમીટર) વચ્ચે નવી બીજી લાઇનના દોહરીકરણ માટે 2x25 કેવી એસી ઓએચઇ અને સબ-સેક્શનિંગ અને સમાન પોસ્ટ (એસપી/એસએસપી) ની ડિઝાઇન, આપૂર્તિ, ઇન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગ. **2) કામની અંદાજિત કિંમત:** રૂ. 18,55,06,057/- **3) જમા કરાવવાની બાકી રકમ:** IREPS પોર્ટલ પર ઉલ્લેખિત મુજબ. **4) બિડ સબમિટ કરવાની અને ખોલવાની તારીખ અને સમય:** IREPS પોર્ટલ પર ઉલ્લેખિત મુજબ. **5) ટેન્ડર ફી:** IREPS પોર્ટલ પર ઉલ્લેખિત મુજબ. **6) કામ પૂર્ણ કરવાનો સમયગાળો:** 24 મહિના **7) વેબસાઇટ વિગતો અને નોટિસ બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો અને ઓફિસનું સરનામું જોઈ શકાય છે.:** ડેપ્યુટી ચીફ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (બાંધકામ) ની નોટિસ બોર્ડ અને ઓફિસ, પશ્ચિમ રેલવે, નિર્માણ ભવન - અસારવા, અમદાવાદ (ગુજરાત-૩૮૨૩૪૫) **www.ireps.gov.in** CPM 016

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**મોકાની ઓફિસો ભાડે/વેચાણથી આપવાની છે**

કનક રોડ, S.T. પાછળ: 425(ફુલ્લી ફર્નીશ્ડ) / 225 ફુટ

રીંગ રોડ, ધ સ્પાયર : 670 ફુટ, કોર્નર, ફુલ્લી ફર્નીશ્ડ

અમીન માર્ગ, વિકાસ ફાર્મસી પાસે : 350 ફુટ, કોર્નર

94282 01962

SARJAN



**જાહેર નોટિસ**



દિનેશ રૂપારેલીયા

મારો પુત્ર દિનેશભાઈ રામજીભાઈ રૂપારેલીયા મારા કહ્યામાં નથી. કોઈ પણ વ્યક્તિએ તેની સાથે આર્થિક, નાણાકીય, ધંધાકીય, સામાજિક કે અન્ય કોઈ પણ પ્રકારનો વહીવટ કે લેતી દેતી કે વહેવાર કરવો નહીં. આમ છતાં કોઈ વ્યક્તિ વહેવાર કરશે તો મારી કે મારા કુટુંબની કોઈ જવાબદારી રહેશે નહીં પરંતુ વહેવાર કરનાર વ્યક્તિની જવાબદારી રહેશે મારી સ્થાવર જંગમ મિલકતમાં મારા પુત્ર દિનેશભાઈ રામજીભાઈ રૂપારેલીયાનો કોઈ પણ પ્રકારનો લાભભાગ હક હિસ્સો નથી. તેની જાહેર જનતાએ નોંધ લેવી.

લી. રામજીભાઈ મનજીભાઈ રૂપારેલીયા
બજરંગ નગર, જસદણ જી. રાજકોટ



**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાએ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ ઉપલેટાના ગામ જામ ટીંબડીના ખાતા નં.૧૧૮૧, રેવન્યુ સર્વે નં.૮૫ પૈકી ૧, ની જુની શરતની જમીન હે.આરે.ચો.મી.૧-૩૮-૬૧ વાળી સીમ જમીન પ્રકાશભાઈ ભીખાભાઈ ઉર્ફે ભગવાનજીભાઈ વૈશ્નાણી વિગેરે પાસેથી વેચાણ દસ્તાવેજ અનું.૨૧૨૩, તા.૨૨/૦૫/૨૦૨૪થી વેચાણ લીધેલ છે. જેના હકક પત્રક નોંધ નં.૯૮૫૪થી આવેલ છે. તે જમીન ઉપરોક્ત જમીન માલીક પાસેથી ઉપરોક્ત જણાવેલ ખેતીની જમીન મારા અસીલ ખરીદ કરવા માંગે છે.

સબબ ઉપરોક્ત વર્ણનવાળી મિલ્કત સંબંધે કે તેના વેચાણ, વ્યવહાર અંગે કે તેના ટાઈટલ ડીડઝ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, વારસાઈ લાગ-ભાગ, હકક, હિત, દાવો, કરજ, ગીરો, ભરણ પોષણ કે અન્ય કોઈ હિત સંકળાયેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ (સાત)માં નીચેના સરનામે દસ્તાવેજી આધાર, પુરાવાઓ સાથે લેખીતમાં જાણ કરવી મુદત દરમ્યાન કોઈના વાંધા-તકરાર નહી આવે તો કોઈને વાંધો-તકરાર નથી અને હોત તો જતો (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ સદરહું મિલ્કત ખરીદવા અંગેની આગળની કાર્યવાહી પુરી કરશે અને ત્યારબાદ કોઈપણ જાતના વાંધા કે તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની જાહેર જનતા તથા લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

(લેનારની સહી) (વેચનારની સહી) અસીલની સુચનાથી

**હાર્દિકકુમાર ડી.મલ્લી. એડવોકેટ.**
ટાવર ચોક, મામલતદાર ઓફીસ પાસે, ઉપલેટા, જી.રાજકોટ.
મો. ૯૯૭૮૪ ૮૬૯૮૨, ૮૨૦૦૫ ૮૦૦૧૩


# સહૃદય આભાર



સંજય પંડિત (એડવોકેટ)

અમિત ખુંટ મામલામાં હવે એ હકીકત જગજાહેર થઈ ગઈ કે, આ કેસમાં બે વકીલો (૧) સંજય પંડિત (૨) દિનેશ પાતરને રાજકારણીના ઈશારે પોલીસ દ્વારા ખોટી રીતે અટક કરવામાં આવેલ. આ બંને વકીલોની ધરપકડનો એક જાગરૂત બાર તરીકે ગોંડલ બાર એસોસિએશન દ્વારા સખત વિરોધ નોંધાવી આ એડવોકેટ કઈ રાજકીય પાર્ટીની વિચારધારા સાથે જોડાયેલા છે, તેવા ભેદભાવને ભુલી જઈ બંને વકીલોની પડખે ઉભા રહ્યા, તે બદલ હું ગોંડલ બારનો જાહેર આભાર માનું છું. ગોંડલ બાર એસો.એ આ મામલે લીધેલ નિર્ણય વકીલ એકતાનું શાનદાર ઉદાહરણ પુરુ પાડે છે. સાથે સાથે આ બનાવ વખતે રાજકોટના કહેવાતા અને ગણાતા વકીલોના નેતાઓના ભેદી મૌન બાબતે તેમનો પણ હું આભાર માનું છું.

**એડવોકેટ સંજય પંડિત**


**ખેતીની જમીન ખરીદ કરવા અંગેની જાહેર નોટીસ**

(રાજકોટ જીલ્લાના ગોંડલ તાલુકાના ગામ પાટીદડના રે.સ.નં.૩૦૦/પૈકી ૧ હે.આરે.ચો.મી.૧-૨૧-૪૧, એકર ૩-૦૦ ગુંઠા)

રાજકોટ જીલ્લાના ગોંડલ તાલુકાના ગામ પાટીદડના રેવન્યુ સર્વે નં.૩૦૦/પૈકી ૧ની જુની શરતની 'ઢબલુ' તરીકે ઓળખાતી બિનપિયત જરાયત પ્રકારની ખેતીની જમીન હે.આરે.ચો.મી.૧-૨૧-૪૧ જેના એકર ૩-૦૦ ગુંઠા વાળી ખેતીની જમીન ગોંડલની સબ-રજી.કચેરીના અનુક્રમ નં.૮૮૯૯ તા.૦૪/૦૭/૨૦૨૩ના રોજ નોંધાયેલ રજી. વેચાણ દસ્તાવેજથી શ્રી ભરતભાઈ બાબુભાઈ સોરઠીયા એ ખરીદ કરી કબ્જો ભોગવટો સંભાળેલ છે. જેની રેવન્યુ રેકર્ડના ગામ નમુના નં.૮-અ ના ખાતા નં.૧૦૧૭ તથા ગામ નમુના નં.૬ (હકકપત્રક) નોંધ નં.૫૬૬૧થી વેચનારના નામે અને ખાતે આવેલ છે. સદરહું ખેતીની જમીનના તેઓ સ્વતંત્ર માલિક હોય તેઓ પાસેથી સદરહું ખેતીની જમીન મારા અસીલ ખરીદ કરવા માંગે છે.

ઉપરોક્ત વિગતેની મિલ્કત અંગેના માલીકી રાઈટસ, ટાઈટલ, ઈન્ટરેસ્ટ, વેચાણ, કબ્જા પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, વારસાઈ હકક કે ભરણપોષણના હકક કે કોઈનું લેણું, કરજ, ગીરો, બોજો કે જામીનગીરી હોય કે અન્ય કોઈના કોઈપણ પ્રકારના હકક, અધિકાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૧૦માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રૂબરૂ સંપર્ક કરવો. મુદત વિત્યે કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, વાંધો, તકરાર નથી અથવા હોય તો જતા (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ વેચાણ, વ્યવહાર પુર્ણ કરી મિલ્કતનો પ્રત્યક્ષ કબ્જો સંભાળી લેશે. ત્યારબાદ કોઈના હકકદાવા મારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહીં. જેની આથી સર્વે લાગતા વળગતાએ નોંધ લેવી.

રાજકોટ. તારીખ:- ૧૧/૦૬/૨૦૨૫

**કૌશલ એ.મહેતા**

**નીરવ કે.ગોઝીયા (એડવોકેટ)**
ઓફીસ નં.૨૨૭, જાસલ કોમ્પલેક્ષ, નાણાવટી ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ



**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
પ્રથમ માળ, તાલુકા સેવા સદન, જિલેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં. ૦૨૮૨૧-૨૨૧૨૩૨ Email id : prant-rev-raj@gujarat.gov.in

**જાહેર નોટીસ**

પરચુરણ અરજી નં. ૨૧૬/૨૦૨૫
શ્રી ધનજીભાઈ ભીમજીભાઈ વેકરીયા
રહે. ભગવાનપરા, ચીતલીયા કુવા રોડ, જસદણ તા. જસદણ જિ. રાજકોટ ...અરજદાર

**વિરૂધ્ધ**

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને નગરપાલિકા જસદણ તા. જસદણ ...સામાવાળા

વિષય :- **જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારના પુત્રીશ્રી નિતાબેન ધનજીભાઈ વેકરીયાનો જન્મ તા. ૦૫-૦૬-૧૯૭૪ના રોજ જસદણ તાલુકાના જસદણ ગામે થતા તેના જન્મની નોંધ જે તે સમયે સામાવાળાના જન્મ રજિસ્ટરે થઇ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઇને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ **મુદત તા. ૦૭/૦૭/૨૦૨૫ના રોજ બપોરના ૩:૦૦ કલાકે** હાજર રહેવુ તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ



**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
પ્રથમ માળ, તાલુકા સેવા સદન, જિલેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં. ૦૨૮૨૧-૨૨૧૨૩૨ Email id : prant-rev-raj@gujarat.gov.in

**જાહેર નોટીસ**

પરચુરણ અરજી નં. ૨૪૨/૨૦૨૫
શ્રી મંગાભાઇ કાનાભાઇ રાઠોડ
રહે. હરીજનવાસ, ભાડલા તા. જસદણ જિ. રાજકોટ ...અરજદાર

**વિરૂધ્ધ**

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, ભાડલા તા. જસદણ ...સામાવાળા

વિષય :- **જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારના બહેનશ્રી કમળાબેન કાનાભાઇ રાઠોડ વા/ઓ. ભનુભાઇ મકવાણાનો જન્મ તા. ૦૧-૦૬-૧૯૬૦ના રોજ જસદણ તાલુકાના ભાડલા ગામે થતાં તેના જન્મની નોંધ જે તે સમયે સામાવાળાના જન્મ રજિસ્ટરે થઇ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઇને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ **મુદત તા. ૧૪/૦૭/૨૦૨૫ના રોજ બપોરના ૩:૦૦ કલાકે** હાજર રહેવુ તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ



**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, ધોરાજીની કોર્ટ સમક્ષ**
મહેસુલ સેવા સદન, બીજો માળ, ગેલેકસી ચોક, ધોરાજી-૩૬૦૪૧૦
ઈ-મેઈલ -dycoll-dhor-raj@gujarat.gov.in
ફોન નં. ૦૨૮૨૪-૨૨૬૬૮૧

નં.જન્મ-મરણ/રજી. કેસ નં. ૬૫/૨૦૨૫ તા.૦૪/૦૬/૨૦૨૫

**જાહેર નોટીસ**

આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રી **દક્ષાબેન દુર્લભભાઇ માકડિયા**એ તેઓનાં જન્મની નોંધ જન્મ રજીસ્ટરે દાખલ કરવા હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અપીલ દાખલ કરેલ છે. તેઓની અપીલ અરજી મુજબ **તેઓનો જન્મ તા. ૦૮/૦૬/૧૯૮૦**નાં રોજ **રાજકોટ** જિલ્લાનાં **જામકંડોરણા** તાલુકાનાં **ચિત્રાવડ** મુકામે થયેલ છે.

સદરહું અપીલ સામે જો કોઇને વાંધો-તકરાર હોય તો તેઓએ જાતે અથવા તેમના કાયદેસરના મુખત્યાર મારફત **સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટની કોર્ટ, ધોરાજી** સમક્ષ આ નોટીસ પ્રસિધ્ધ થયાના **દિવસ-૩૦**માં વાંધો-તકરાર રજુ કરી શકે છે. જો કોઇ વાંધા-તકરાર રજુ કરવામાં નહીં આવે તો કોર્ટ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેશો.

કોર્ટનો સીકકો

(એન.એમ.તરખાલા)
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
ધોરાજી



**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા તમામને જણાવવામાં આવે છે કે **રાજકોટ** જીલ્લાના **ધોરાજી** તાલુકાના **ફરેણી** ગામની સીમ જમીન ખાતા નંબર-**૧૪૨** જેના રે.સ.નાં.-**૧૫૨/૧ પૈકી ૩** જેના હે.આરે.ચો.મી. **૧-૦૬-૭૩**માંથી જેના **હે.આરે.ચો.મી. ૦૦-૭૬-૮૯ દક્ષિણ તરફની 'પીયત પ્રકાર'** ખેતીની જમીન **(૧) વિજયાબેન બાબુભાઇ રાબડીયા (૨) ગોપાલભાઇ ખીમજીભાઇ રાબડીયા, (૩) નયનભાઇ ખીમજીભાઇ રાબડીયા, (૪) રાજેશભાઇ ખીમજીભાઇ રાબડીયા, (૫) રીટાબેન ખીમજીભાઇ રાબડીયા, (૬) નીમુબેન ખીમજીભાઇ રાબડીયા, (૭) મુકતાબેન ખીમજીભાઇ રાબડીયા, (૮) સંજયકુમાર કરશનભાઇ રાબડીયા, (૯) રેખાબેન કરશનભાઇ રાબડીયા (૧૦) રંજનબેન કરશનભાઇ રાબડીયા બધા** રહે. ધોરાજી, જે સીમ જમીન લખી આપનારાઓની સંયુકત-કબજા-ભોગવટા અને માલીકીની આવેલ છે. જેની પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે.

તો ઉપરોકત જમીન બાબતે કે તેના ટાઇટલ પરત્વે કોઇને કોઇપણ પ્રકારનો હકક-હિત-હિસ્સો લેણું, કરજ, ગીરો, સાટાખતની રૂએનો હકક, કુલ-મુખત્યારનામાની રૂએનો હકક, નોટરાઇઝડ લખાણ, કબજા પહોંચ કે કોઇપણ સહકારી મંડળી, બેંક, શ્રોફ, કંપની કે અન્ય કોઇપણ આસામીનો કોઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, બોજો, વાંધો-તકરાર, ભરણ-પોષણ હકક, વારસાઇ હકક તથા રસ્તાના ગાડા મારગના ભોગવટા સંબંધે જમીનમાં લાગ-ભાગ હકક હિસ્સો દરદાવા સંબંધે કાંઇપણ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ (સાત)માં લેખીત આધાર પુરાવાઓ સાથે નીચે જણાવેલ સરનામે જાણ કરવી. જો મુદત દરમ્યાન કોઇના વાંધા નહીં આવે તો કોઇને ઉપરોકત જમીનની થનાર તબદીલી સામે કોઇને કોઇ જ વાંધો તકરાર નથી અને જો હોય તો તે જતા (WAIVE) કરેલ છે. તેમ માની મુદત વિત્યે અમારા અસીલ ઉપરોકત જમીન પરત્વેના વેચાણ વ્યવહારો પૂર્ણ કરી જમીનનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે અને ત્યારબાદ કોઇના કોઇપણ જાતના વાંધા-તકરાર અમારા અસીલને કે તેમના સદરહું જમીન પરત્વેના હકક-હિત- હિસ્સાને બંધનકર્તા રહેશે નહીં. જેથી આથી લાગતા વળગતા તમામે સ્પષ્ટ નોંધ લેવી.

ધોરાજી તા. ૧૧/૬/૨૦૨૫ અમારા મારફત

(જયેશ સી. વઘાસીયા) એડવોકેટ ધોરાજી
તે સંભવિત ખરીદનારના એડવોકેટ દરજ્જે

**(જયેશ સી. વઘાસીયા) (એડવોકેટ)**
દરબારગઢ પાસે, બાલાયોગી હનુમાન મંદિરની સામે ધોરાજી મો. નં. ૮૨૩૮૨ ૨૫૦૧૨



**રાજકોટ મહાનગર સેવાસદન**
**જાહેર નિવિદા (બીજો પ્રયત્ન)**

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત પ્રાણીસંગ્રહાલય ખાતે દવા પુરી પાડવા માટેનો વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવાનો છે. જે અંગેના કોરા ફોર્મ નિચેની વિગતે રાજકોટ મહાનગરપાલિકાની ઝૂ શાખામાંથી મળી શકશે તથા રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકાશે.

| કામની વિગત | અંદાજીત રકમ રૂા. | અર્નેસ્ટમની ડિપોઝીટની રકમ રૂા. | ટેન્ડર ફી રૂા. | કામની સમય મર્યાદા |
|---|---|---|---|---|
| ઝૂ ખાતે દવા પુરી પાડવા માટેનો કોન્ટ્રાક્ટ આપવા બાબત | ૪,૯૫,૦૦૦/- | ૪,૯૫૦/- | ૭૫૦/- | ૦૧ વર્ષ |

ટેન્ડર વેંચાણ/ડાઉનલોડ કરવાની છેલ્લી તા.૨૫/૦૬/૨૦૨૫, ટેન્ડર ભરી મોકલવાની છેલ્લી તા.૦૨/૦૭/૨૦૨૫ છે. વિશેષ માહિતી અમારી વેબસાઇટ www.rmc.gov.in પરથી મળી શકશે.

નાયબ કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા



**GUJARAT ENERGY TRANSMISSION CORPORATION LTD.**
**Transmission Circle Gondal**

Sealed tenders are invited for various works as under. For details please log on to **www.nprocure.com & www.getcogujarat.com**

**N Procure**

| Sr. No. | Tender notice | Last Date for on line submission | Work |
|---|---|---|---|
| 1 | 60/2025 | 18.06.2025 | Replacement of deteriorated Tower and Stub strengthening of D/C 220KV Bhimasar-Charadva line no 1 and 2 under AM Division Morbi under Circle Gondal. |
| 2 | 61/2025 | 18.06.2025 | Replacement of deteriorated Tower and Stub strengthening of D/C 220KV Bhimasar-Morbi and Bhimasar-Lalpar line under AM Division Morbi under Circle Gondal |
| 3 | 62/2025 | 18.06.2025 | Bi-Annual Rate contract for Providing Catering Services at Vajdi Training centre, Rajkot |
| 4 | 63/2025 | 18.06.2025 | Stub strengthening of 400kV, 220kV and 66kV various lines under AM division Gondal under Circle Gondal |
| 5 | 64/2025 | 18.06.2025 | Annual rate contract for erection of 66 kV Line feeder bay/ transformer bay for various sub-stations under AM Div Rajkot under Circle office Gondal |
| 6 | 65/2025 | 18.06.2025 | Conversion of Dog to panther Conductor in 66kV Bhadla-Kamlapur Line no 1 and 2 under AM Division Jasdan under Circle Gondal. |
| 7 | 65/2025 | 18.06.2025 | Hiring of Full closed body A.C. Diesel/Petrol car (Sedan) (Honda Amaze, Hyundai Xcent, Maruti Suzuki Dzier or Equivalent) of taxi passing certificate of Min. (4+1) person for 12 Hrs/Day. and 3000 kms/month for SE Gondal under Gondal Circle for contract of two years. |
| **Web** | | | |
| 1 | 58/2025 | 16.06.2025 | Oil leakages attending in 10MVA Voltamp Make 66/11kV Transformer no- 2 at 66kV Faldang SS under AM division Jasdan under AM Circle Gondal |

Regd. Corporate Office: GUJARAT ENERGY TRANSMISSION CORPORATION LIMITED, Sardar Patel Vidyut Bhavan, Race Course, Vadodara-390007
Corporate Identity No. (CIN): U40100GJ1999SGC036018 Phone: (0265) 2310582-86, Fax: (0265) 2337918, 2338164, Web site: www.getcogujarat.com

### જુલેલાલનગરમાં મોડી રાતે દહેશત ફેલાઈ

# બાઈક કેમ મારી માથે નાંખે છે કહીં ટોળાનો મકાન પર પથ્થરમારો, વાહનોમાં તોડફોડ

## પાણીના ધંધાર્થી પોતાની સાઈડમાં એક્ટિવા લઈને જતાં હતાં ત્યારે ફૈઝલ ઉર્ફે કાલીએ માથાકૂટ કરી, બાદમાં સાત શખ્સો સાથે ઘસી જઈ હથિયારો સાથે તૂટી પડ્યા

રાજકોટ. તા.૧૧

જુલેલાલનગરમાં મોડી રાતે દહેશત ફેલાઈ હતી અને બાઈક ચલાવવા મામલે આઠ શખ્સોએ મકાન પર પથ્થરમારો કરી વાહનોમાં તોડફોડ કર્યો હતો. બનાવ અંગે પ્ર.નગર પોલીસે આઠ શખ્સો સામે રાયોટિંગ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

બનાવ અંગે જુલેલાલનગર શેરી નં.૫ માં રહેતાં આશિષભાઈ ચેતનભાઈ નેભાણી (ઉ.વ. ૩૪) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ફૈઝલ ઉર્ફે કાલી રહીમ ભાણુ, ઈરફાન રહીમ ભાણુ, અબ્દુલ દાઉદ લંજા અને હસન (રહે. તમામ સ્લમ કવા. લાખાબાપાની વાડી) તથા અજાણ્યા ચાર શખ્સોના નામ આપતાં પ્ર. નગર પોલીસે રાયોટિંગ સહીતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

**પ્ર.નગર પોલીસે આઠ શખ્સો સામે રાયોટિંગ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી**

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓને જુલેલાલ મંદિર સામે ગુરૂનાનક ડ્રીકીંગ વોટર નામનો મીનરલ વોટર પાણીનો પ્લાન છે ત્યા બેસી વેપાર કરે છે. ગઇ તા. ૦૯ ના સાંજના આઠેક વાગ્યે એકટીવા લઇને સાંઢીયા પુલ પાસે તેમની ફુટની લારી છે ત્યા જવા માટે નીકળેલ અને ઘરથી ૨૦૦ મીટર જેટલું ચાલેલ ત્યા સામેથી ફેઝલ ઉર્ફે કાલી રહીમ ભાણુ તેનુ એકસેસ લઇને આવતો હતો. ફરિયાદી પોતાનું બાઈક રોડ સાઇડમા ચલાવતો હતો ત્યા ફેઝલ નજીક આવી કહેલ કે, કેમ મારી માથે તારી એકટીવા ગાડી નાખે છે, તેમ કહી ગાળો દેવા લાગેલ હતો અને મારી એકટીવા ગાડીની ચાવી કાઢી કહેલ કે, તને અહી જ છરીના ઘોદા મારી મારી નાંખીશ તારે જે કરવું હોય તે કરી લેજે.

તે દરમ્યાન યુવાનના ભાઈ વિજયભાઈ આવી જતા બંને જણા કારખાને જતા રહેલ હતા. તેમના ભાઈએ ૧૦૦ નંબરમા ફોન કરેલ હોય જેથી પોલીસની ગાડી આવતા ત્યા કારખાને પાસે ઉભેલ હતા.ત્યારે વડીલો પણ આવી જતા કોઇ ફરીયાદ કરેલ ન હતી અને ઘરમેળે સમાધાન કરવાની વાત થયેલ હતી.

ત્યારબાદ ફેઝલ ઉર્ફે કાલી સાથે માથાકુટ થયેલ જે અંગે સમાધાન કરવા માટે ગઈકાલે સવારના કારખાને આવવાની વાત ઇકબાલભાઈ સાથે વાત થયેલ હતી, તેમ છતા તે લોકો આખા દિવસ દરમ્યાન કોઈ સમાધાન માટે આવેલ ન હતા. રાત્રીના બે વાગ્યાના વખતે તે કાકાના દિકરા કમલેશભાઇના દીકરાની તબિયત સારી ન હોય જેથી તેના ઘરે ગયેલ હતો અને ત્યા તેમનો ભાઈ વિજય પણ ત્યા હતો. કમલેશભાઇએ જણાવેલ કે, મારે હમણા અબ્દુલભાઇ લંજા સાથે ફોનમા વાત થયેલ અને તેને સમાધાન માટે કેમ ન આવ્યા તેમ પુછતા તે બોલાચાલી કરવા લાગેલ હતાં.

દરમિયાન રાત્રીના સાડા ત્રણેક વાગ્યાના વખતે કમલેશભાઈના ઘરે ડેલીમા કોઇએ ઘા કરેલ હોય તેવો અવાજ આવેલ અને તેઓ ઉપરના રૂમમા હતા ત્યા સોડા બાટલીના ઘા આવતા તેમના ભાઇ વિજયભાઈ જે બાલકનીમા ઉભેલ હતો તેને સોડા બાટલ ઘા છાતીમા વાગી ગયેલ હતો. યુવાને બારીમાથી બહાર જોયેલ તો ફૈઝલ ઉર્ફે કાલી ભાણુ, ઈરફાન ભાણુ, અબ્દુલ લંજા તથા હસન અને ચાર અજાણ્યા માણસો હતા, જે બધા ચાર બાઈક લઇને આવેલ અને બધાના હાથમા પાઈપ તથા લોકડાના ધોકા હતા. ધોકા પાઈપ વડે ઘર પાસે શેરીમા રાખેલ અમારા બાઈક તોડતા હતા. અમુક શખ્સો સોડા બોટલોના ઘા કમલેશભાઇના ઘર પર કરતા આગળના ભાગે રેલીંગના કાચ તુટી ગયેલ હતા અને દરવાજામા પણ ધોકા પાઈપ મારી નુકશાન કરેલ હતુ. બાઇકમાં પણ નુકશાન કરેલ હતુ. બાદમાં આરોપી નાસી છૂટતાં બહાર નીકળી જોતા મકાન અને વાહનમાં નુકશાન કરેલ હતું. તેમજ તેઓ પોતાના ઘરે ગયેલ ત્યા જોયેલ તો અમારા ઘર પાસે તેમની બહેનનુ મકાન છે ત્યા સ્વીફ્ટ કાર પાર્ક કરેલ હતી તેમા પણ ધોકા પાઈપ ઘા ઝીંકી નુકશાન કરી ગાડી તોડી નાંખેલ હતી. બનાવ અંગેની ફરિયાદ પરથી પ્ર.નગર પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.



તસ્વીર: પંકજ શીશાંગીયા

# કુવાડવા નજીક રોડ ક્રોસ કરતાં પ્રૌઢનું કારની હડફેટે ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત

## માંગરોળના વિનોદભાઈ આવેલ સેવન સ્ટાર કાઠીયાવાડી હોટલે જમીને પાર્ક કરેલ ટ્રક પાસે જતાં હતાં ત્યારે પુરપાટ ઘસી આવેલ કાર ચાલકે ફંગોળ્યાઃ ગુનો નોંધાયો

રાજકોટ. તા.૧૧

કુવાડવા નજીક રોડ ક્રોસ કરતાં પ્રૌઢનું કારની હડફેટે ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. માંગરોળના વિનોદભાઈ આવેલ સેવન સ્ટાર કાઠીયાવાડી હોટલે જમીને પાર્ક કરેલ ટ્રક પાસે જતાં હતાં ત્યારે પુરપાટ ઘસી આવેલ કાર ચાલકે ફંગોળ્યા હતાં. બનાવ અંગે કુવાડવા રોડ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે માળિયા હાટીનાના ભંડુરી ગામે રહેતાં જયેશભાઈ બધાભાઈ મકવાણા (ઉ.વ.૪૫) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ટ્રક ડ્રાઈવર છે. ગઈ.તા.૦૬ નાં તેઓ અને વિનોદભાઈ માંગરોળથી ટ્રક.નં. GJ-19-X-2763 માં નારિયેળ ભરી રાજસ્થાન જયપુર ખાલી કરવા માટે ગયેલા હતા ત્યાંથી ગઈ રાત્રીના જયપુર થી પરત જી.ઈ.બી.ને લગતો સામન ભરી વેરાવળ બાજુ આવવા માટે નીકળેલા હતા.રાજકોટ-અમદાવાદ હાઈવે કુવાડવા ગામ હાઈવે રોડ ઉપર આવેલ સેવન સ્ટાર કાઠીયાવાડી નામની હોટલની સામે રોડ ઉપર ટ્રક સાઈડમાં પાર્ક કરીને જમવા માટે ગયેલા હતા.

બાદમાં ત્યાંથી ગઈ રાત્રીના બારેક વાગ્યે જમીને પરત ટ્રક તરફ આવતી વખતે વિનોદભાઈ તેઓથી આગળ ચાલતા હતાં અને તેઓ રોડ ડિવાઈડર ટપીને જતા હતા ત્યારે અમદાવાદ તરફથી સ્વીફ્ટ કારના ચાલકે પુરઝડપે ઘસી આવી વિનોદભાઈને હડફેટે લેતા રોડ ઉપર ફંગોળાઈ ગયેલ અને અકસ્માત કરનાર વાહન ચાલક પણ ઉભો રહી ગયેલ હતો. વિનોદભાઈ પાસે જઈ જોતા તેમના બંને કાનના ભાગે તથા કપાળના ભાગે ઈજા થવાથી લોહી નીકળતું હતું. બાદમાં ૧૦૮ ને જાણ કરતા દોડી આવેલ ૧૦૮ ની ટીમે તેમને તપાસી મૃત જાહેર કર્યા હતાં. જેથી ફરીયાદી અને તેમના મિત્ર વિનોદભાઈ ઉર્ફે વિનુભાઈ રામજીભાઈ ચુડાસમા (ઉ.વ.૫૩),( રહે સીકોતરી ફળિયું ધોબી વાડા, માંગરોળ) કુવાડવા ગામ ખાતે આવેલ સેવન સ્ટાર કાઠીયાવાડી હોટલે જમીને પરત ટ્રક પાર્ક કરેલ હોય ત્યાં ચાલીને જતી સમયે વિનોદભાઈ રોડ ક્રોસ કરતા હોય ત્યારે અમદાવાદ તરફથી આવતાં કાર ચાલકે તેઓને હડફેટે લઈ મોત નિપજાવેલ હતું. બનાવ અંગેની ફરીયાદ પરથી કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# છરીના ૧૬ ઘા ઝીંકી યુવકની હત્યાનો પ્રયાસના કર્યાના ગુનામાં સેશન્સ કોર્ટ દ્વારા આરોપીના જામીન મંજુર


રાજકોટ, તા. ૧૧

રાજકોટની ભાગોળે માલીયાસણ ચોકડી પાસે રોહિત પ્રવીણભાઈ રાઠોડ ઉપર છરી વડે પ્રકાશ જીતેશભાઈ પરમાર નામના યુવકે જાન લેવા હુમલો કરી હત્યાનો પ્રયાસ કરેલ. રોહીતને બચાવવા વચ્ચે પડતા અન્ય યુવક ઉપર પણ આરોપીએ છરી વડે હુમલો કરેલ. જે ગુનામાં આરોપીને સેશન્સ કોર્ટ દ્વારા જામીન મુક્ત કરવા હુકમ થયો છે.

કેસની વિગત મુજબ, ઈજા પામનાર રોહિત અને આરોપી પ્રકાશ બંને મીત્રો હોય આરોપીએ રોહિત પાસેથી ઉછીના પૈસા લીધેલા. પૈસા આરોપી પરત આપતો ન હોય જેથી રોહિતએ અવાર નવાર પૈસાની માંગણી કરેલ. તા.૬/૦૩/૨૦૨૫ના રોજ રાત્રીના આઠેક વાગ્યાના અરસામાં પ્રકાશ તથા રોહિત બંને દેવપરામાં ભેગા થયેલ. પૈસાની ઉઘરાણી કરતા પ્રકાશે કહેલ કે પેલા આપણે માલીયાસણ ગામ ખાતે થોડુ કામ છે ત્યાં જઈ આવીએ તેથી રોહિતનું એકટીવા લઈ બંને માલીયાસણ ગામ બાજુ ગયેલ. ત્યાં કાચા રસ્તે એકટીવા લેવાનુ કહેલ પણ રસ્તો બહુ ખરાબ હોય રોહિતે એકટીવા ઉભુ રાખેલ. ત્યારે પ્રકાશએ પેન્ટના નેફામાંથી છરી કાઢી રોહિત ઉપર છરીના ૧૬ ઘા માર્યા હતા. રોહિત નીચે પડી જતા તેને માથામાં પત્થરના ઘા માર્યા. રોહિત રાડો નાખતા ત્યાં તેને બચાવવા રાહુલ ધનાભાઈ ફાંગલીયા તેમજ વિજય કરણભાઈ મેવાડા નામના યુવાનો વચ્ચે પડતા આરોપી પ્રકાશે રાહુલને પણ છરી વડે કાન પાસે તેમજ ડાબા હાથના બાવડામાં ઈજા કરેલ હતી. જોકે આરોપી પ્રકાશ ત્યાંથી નાસી છુટેલ હતો. રોહિતને હોસ્પીટલમાં લાંબો સમય સારવાર લેવી પડેલ હતી. રોહિતના ભાઈ રૂત્વીકની ફરિયાદ પરથી ગુનો નોંધી પ્રકાશ પરમારની ધરપકડ કરી જેલ હવાલે કરેલ. ચાર્જશીટ બાદ આરોપીએ જામીન અરજી કરેલ. જેમાં આરોપીના વકીલ એડવોકેટ રઘુવીર બસીયાએ કરેલી દલીલો અને ટાંકેલા ચુકાદા ધ્યાને લઈ સેશન્સ અદાલત દ્વારા આરોપીને જામીન ઉપર મુકત કરતો હુકમ કરવામાં આવેલ છે. આ ગુનામાં આરોપી વતી એડવોકેટ રઘુવીર બસીયા રોકાયેલ હતા.

### કેવડાવાડીમાં શ્રી હેરીટેજ એપાર્ટમેન્ટમાં તસ્કરો ત્રાટકયા

# સ્કૂલે દિકરાને તેડવા ગયેલ મહિલાના ૩૦ મીનીટ બંધ રહેલ ફ્લેટમાંથી ૧.૯૬ લાખની મતાની ચોરી



## મકાનનું તાળું તોડી ઘરમાં ઘૂસેલ તસ્કરે કબાટમાંથી રોકડ અને દાગીના લઈ નાસી છૂટ્યો, પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસનો ધમધમાટ આદર્યો

રાજકોટ. તા.૧૧

કેવડાવાડીમાં શ્રી હેરીટેજ એપાર્ટમેન્ટમાં તસ્કરો ત્રાટકયા હતાં અને સ્કૂલે દિકરાને તેડવા ગયેલ મહિલાના ૩૦ મીનીટ બંધ રહેલ ફ્લેટમાંથી ૧.૯૬ લાખની મતાની ચોરી કરી નાસી છૂટતાં ભક્તિનગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે કેવડાવાડી-૧૭ ના ખૂણે સૂર્યમુખી હનુમાનજીના મંદિર સામે શ્રી હેરીટેજ એપાર્ટમેન્ટમાં રહેતા દેવાંગીબેન સાગરભાઇ સોની (ઉવ.૨૮) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ તેમના સાસુ ભાવનાબેન, સસરા અજયભાઈ અને પતિ તથા પુત્ર સાથે સંયુક્ત પરીવારમા રહે છે. તેમના પતિ સોની બજારમાં સાગર એન્ટરપ્રાઇઝ નામની દુકાને બેસી સોની કામ કરે છે. તેણીના પતિ ગઈ તા. ૦૭ ના કામ અર્થે બહાર ગામ ગયેલ હતા.

ગઈકાલે સવારના દશેક વાગ્યે તેમના સાસુ સસરા દવા લેવા માટે બહાર ગયેલ ત્યારે સાડા અગિયાર વાગ્યેની આસપાસ તેમનો દીકરો પ્રાંશુ જે પતંજલી સ્કુલ જે દેવપરામાં આવેલ હોય તેને તેડવા માટે જવાનુ હોય જેથી ઘરને તાળુ મારીને ગયેલ હતી. ત્યારબાદ દીકરાને તેડીને બપોરના બાર વાગ્યે ઘરે આવતા દરવાજામાં મારેલ તાળું જોવામા આવેલ નહી અને દરવાજાને આકડીયો મારેલ હોય જેથી ઘરમાં જઇને જોયુ તો રૂમમા રહેલ લોખંડનો કબાટ વેર-વિખેર હાલતમાં હતો. જેથી કબાટમાં રાખેલ રોકડા રૂ. ૪૫ હજાર જોવામા આવેલ નહી, કબાટમા અંદરના ખાનામા પર્સમા રાખેલ સોનાની વસ્તુઓ જેમા સોનાની લકી, સોનાનો ચેઈન, સોનાની બે નંગ વિટી, સોનાનું પેન્ડલ, મંગળસુત્ર, સોનાની બે જોડી બુટ્ટી, સોનાની ચુક નંગ ૩, સોનાની લગડીના કટકા સહિતના રૂ.૧,૫૧,૮૦૦ ના દાગીના જે પર્સમા મુકેલ હતાં. તે દાગીના કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી નાસી છૂટતાં પોલીસ ફરીયાદ નોંધાવી હતી. બના અંગેની ફરિયાદ પરથી ભક્તિનગર પોલીસે ગુનો નોંધી તસ્કરોને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# હનીફ જુણેજા મર્ડર કેસમાં જુબાની આપવાની ના પાડી રીક્ષા ચાલકને ૨૪ કલાકમાં મારી નાખવાની ધમકી

## ઈસ્માઈલ ઉર્ફે ભુદર ખિયાણીએ પૈસાની લાલચ આપી ઓફિસે બોલાવી ફડાકા પણ ઝીંકી લખણ ઝળકાવ્યા, ભક્તિનગર પોલીસે ગુનો નોંધ્યો

રાજકોટ. તા.૧૧

જંગલેશ્વરમાં આરએમસી ક્વાર્ટરમાં રહેતાં રીક્ષા ચાલકને હનીફ જુણેજા મર્ડર કેસમાં જુબાની આપવાની ના પાડી ઈસ્માઇલ ઉર્ફે ભુદર ખિયાણીએ ૨૪ કલાકમાં મારી નાખવાની ધમકી આપી ફડાકા ઝીંકી લતાં ભક્તિનગર પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે જંગલેશ્વરમાં આરએમસી કવાર્ટરમાં રહેતાં ખાલીફમીયા સુલતાનમીયા બુખારી (ઉ.વ.૩૩) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ઇસ્માઇલ ઉર્ફે ભુદર હસન ખિયાણીનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ રીક્ષા ડ્રાઈવીંગ તથા સામાજીક કાર્યકરને લગતુ કામકાજ કરે છે.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તે સેસન્સ કોર્ટના ફોજદારી કેસમાં પંચમાં સાહેદ તરીકે છે. જેમા તારીખ ૦૯/૦૫/૨૦૨૫ ના મુદત હતી, જેથી નામદાર કોર્ટમાં જુબાની આપેલ હતી. તે કેસમાં હથીયાર કબ્જે કરેલ તે પંચનામામાં પંચમા તેઓ છે અને કોર્ટમાં તેમની જુબાની લીધેલ ત્યારબાદ કબ્જે કરેલ હથીયાર ઓળખવા તા.૨૬/૦૫/૨૦૨૫ ના નવી મુદત મને મળેલ હતી. તેઓ જુબાની આપી પોતાના ઘરે જતો રહેલ હતો, ત્યારે રાત્રીના અગીયારેક વાગ્યે ઇસ્માઇલ ઉર્ફે ભૂદરનો ફોન આવેલ કે, ઈસ્માઇલભાઇ બોલુ છું અને મહેશ્વરી મેઈન રોડ ભવાની ચોક પાસે આવેલ જેસાણી હોલ પાસે આવવાની વાત કરતા તેઓ ત્યા ગયેલ હતો.

જયાં હનીફભાઇ જેસાણી તથા ઇસ્માઇલ ઉર્ફે ભૂદર હાજર હતા ત્યારે ઈસ્માઇલએ કહેલ કે, આજે તમે ભલે કોર્ટ મુદતમા જઇ જુબાની આપેલ પરંતુ હવે આવતી મુદતમાં તમે જતા નહિ તેમ વાત કરતા તેઓને મુદતમાં જવુ પડશે અને હું જૂબાની આપીશ તેમ કહેતા ઇસ્માઇલ ઉશ્કેરાઈ ગયેલ અને ગાળો દઈ ચોવીસ કલાકમાં મારી નાખવાની ધમકી આપતા કહેલ કે, હું તને ખોટા કેસમા ફસાવી દઇશ કહેતાં તેઓ ત્યાથી નીકળી ગયેલ હતો.

ઉપરોકત કેસમાં ગઇ તા.૨૬/૦૫/૨૦૨૫ ના કોર્ટમાં મુદત નીમાય આવેલ હતી અને તે રાત્રીના તે ઘરે સુતો હતો ત્યારે અલીભાઈ ગોગદાના ફોન આવેલ કે, ઇસ્માઇલ સાથે વાત કરો તેમ કહી તેને ફોન આપેલ અને કહેલ કે, તમે અઝહરભાઈની ઓફિસે આવો તમારે પૈસાની જરૂર છે, તમને ૧૫ લાખ રૂપિયા આપું તેમ વાત કરી ફોન રાખી દીધેલ હતો.

બાદમાં તેઓ ઘરેથી ચાલીને અઝહરભાઈની ઓફિસ સાગર સોસાયટીના ખુણે આવેલ છે ત્યા ગયેલ ત્યારે ત્યા અલીભાઇ ગોગદા તથા ઇસ્માઇલ ઉર્ફે ભુદર ખીયાણી સહિતના લોકો હાજર હતા. ત્યારે ઇસ્માઇલ ભુદરએ વાત કરેલ કે, તમે હનીફભાઈ જુણેજાના મર્ડર કેસમાં પંચમા છો, તેમા કાલે મુદતો જશો તો મજા નહિ આવે તેમ વાત કરતા તેને કહેલ કે, હું તો કાલે તારીખમા જવાનો જ છું, મારી જુબાની આપવાનો છું, તેમ કહેતાં ઇસ્માઇલ એકદમ ઉશ્કેરાઇ ગયેલ અને ઝપાઝપી કરી ગાળો ચાર ફડાકા મારી દીધેલ હતાં. બાદમાં તેઓએ પોલીસને જાણ કરી ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરિયાદ પરથી ભકિતનગર પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા કાર્યવાહી કરી હતી.

## અવસાન નોંધ

**રાજકોટ:** દશા સોરઠીયા વણિક રાજકોટ નિવાસી સ્વ. નગીનદાસ અમીચંદ પારેખ (ઉ.૮૨) તા.૧૧ને બુધવારના રોજ અક્ષરવાસ પામેલ છે. તે ઉર્મિલાબેનના પતિ, વિશાલ (લક્ષ્ય વર્ડ પ્રિન્ટ), દીપ્તી, તૃપ્તીના પિતાશ્રી, ડો.ચાર્મી, ભાવિન શાહ (એડિસઅબાબા), સુદર્શનસિંહ વાળા (રી. ડીવાયએસપી)ના સસરા, વત્સલના દાદા, ધ્વનિ, નિત્યરાજ, યશરાજના નાના, સ્વ. કનુભાઈ પારેખ અને સ્વ. ભાનુબેન પ્રભુદાસ બાબરીયાના નાનાભાઈ અને જયંત, રાજેશ, તુષારના કાકાનું અવસાન થયેલ છે.

**રાજકોટ :** પ્રકાશભાઇ અમૃતલાલ પાઠક (યશ ઘુઘરા, આકાશવાણી ચોક) તે યશના પિતાશ્રી તેમજ મનોજભાઇ, દિલીપભાઇ તથા ગીતાબેનના ભાઇનું તા. ૧૦ને મંગળવારના રોજ કૈલાસવાસી થયેલ છે. બેસણું : તા. ૧૨ ગુરૂવારે સાંજે ૪ થી ૬, ચિત્રકુટ મહાદેવ મંદિર, ચિત્રકુટધામ સોસાયટી, યુનિ. રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. યશ મો. નં. ૮૨૦૦૮ ૩૬૯૮૭.

**રાજકોટ :** ઔદિચ્ય ગુજરાતી સાડાચારસો બ્રાહ્મણ સ્વ. ઈશિત કમલેશભાઈ પંચોલી(ઉ.વ.૨૬) તે સ્વ. જનકરાય મગનલાલ પંચોલીના પૌત્ર, જયંતભાઈના નાના ભાઇના પુત્ર, પ્રિયંકા દીપભાઈ ભટ્ટના નાના ભાઈ તથા કલ્પેશ ચંપકલાલ ત્રિવેદી અને સોહિલ ચંપકલાલ ત્રિવેદીના ભાણેજનુ તા.૯ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. (લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.) સદગતનુ બંને પક્ષનું બેસણું તા.૧૨ ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ શ્રી ધર્મેશ્વર મહાદેવ મંદિરે, ૪-ધરમનગર કો. ઓપ. સોસાયટી, ૧૫૦ ફુટ રીંગ રોડ, સ્ટર્લીંગ હોસ્પિટલ પાછળ રાજકોટ ખાતે રાખેલ છે.

જામનગર: દયારામ નંદરામ દેવમુરારી (ઉ.૮૫) (ડી.એન. દેવમુરારી) તે ભાવિનભાઈ તથા કલ્પેશભાઈ (દેવમુરારી ઓટો એડવાઈઝર)ના પિતાશ્રીનું તા.૧૧ને બુધવારના અવસાન થયેલ છે. ઉઠમણું તા.૧૨ના સાંજે ૬થી ૬-૩૦ કલાકે પાબારી હોલ, તળાવની પાળ, જામનગર ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. પુષ્પાબેન બાલમુકુંદભાઈ આડેસરા (માઘડિયા) તે બાલમુકુંદભાઈ જયંતિલાલ મઘડિયાના ધર્મ પત્ની, (ઉંમર .વર્ષ.૭૫) તે હરેશભાઈ તેમજ અતુલભાઈ, સોનલબેન જિતેન્દ્રકુમાર પાટડિયાના માતૃશ્રી, પરાગ, યશ, અવની, આર્ચીના દાદી, તેમજ દામોદરદાસ ચત્રભુજદાસ પારેખના દીકરી, સ્વ. નટવરલાલ, નવીનલાલ, જિતેન્દ્રભાઈ, મધુસૂદનભાઈના બહેનનું તા.૧૦/૦૬/૨૦૨૫ મંગળવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. બંને પક્ષનું બેસણું તા. ૧૨/૦૬/૨૦૨૫ ને ગુરુવારના રોજ બપોરે ૩:૩૦ થી ૫, સ્થળ : સોની સમાજ વાઘેશ્વરી વાડી, યુનિટ નંબર ૩, રામનાથ પરા, રાજકોટ ખાતે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## હડફેટે

(છેલ્લા પાનાનું ચાલું)

જાણવા મળેલ છે.

બનાવની મળતી વિગત મુજબ સુનિલ જયંતિભાઇ મકવાણા (ઉ.વ.૨૭, રહે. લીલીસાજડીયાળી ગામ, તા. રાજકોટ) અને સૌરભ પાલનપ્રસાદ સોલંકી (ઉ.વ.૨૪, રહે. નવા થોરાળા, ખીજડા રોડ, રાજકોટ) બંને ગોંડલ હાઇવે નજીક કોરાટ ચોકડી પાસે ઢુંવા ફાટક નજીક આવેલ હેમ પેકેજીંગ નામના કારખાનામાં નોકરી કરતા હતા. ગઇકાલે રાત્રે ૧.૩૦ વાગ્યે તેઓ ઢુંવા ફાટક પરથી પસાર થતા હતા ત્યારે ટ્રેનની ઠોકરે ચડી જતા બંનેના ઘટના સ્થળે જ કમકમાટભર્યા મોત નિપજયા હતા.

બનાવ બન્યા બાદ લાંબા સમય પછી જાણ થઇ હતી. શાપર પોલીસને આ અંગે કોઇએ માહિતી આપતા પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. બંનેની ઓળખ મેળવી પરિવારજનોને જાણ કરી હતી અને જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેહો પીએમ અર્થે ખસેડયા હતા.

### ઊંઘમાં હતા અને ભોગ બન્યા?

હાલ પ્રાથમિક તબક્કે પોલીસનું અનુમાન છે કે, કારખાનેથી છુટયા બાદ બંને મિત્રો રેલ્વે ટ્રેક પાસે ગયા હશે. જ્યાં પાટા પર માથા ટેકવી સુઇ ગયા હશે અને પછી ટ્રેન આવતા બંનેનો ભોગ લેવાયાનું તારણ છે. જોકે સ્પષ્ટ કારણ જાણવા પોલીસ તપાસ કરી રહી છે.

### બંને રાત પાળી હોવાથી રોકાયા'તા : દીકરીએ પિતાની છત્રાછાયા ગુમાવતા પરિવારમાં શોક

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, સાંજે જ કારખાનામાં બંનેની સીફ્ટ પુરી થઈ ગઈ હતી પણ બંને પોતપોતાના બાઇક લઇને ઘરે જવા નીકળ્યા હતા. જોકે મોડે સુધી પહોંચ્યા નહોતા. ઘરના સભ્યોએ ફોન કરતા સૌરભએ રાતપાળીમાં રોકાવાનું કહ્યું હતું. સવારે બંનેના ટ્રેનની ઠોકરે મોત થયાની જાણ પરિવારજનોને થઈ હતી. સૌરભ ત્રણ ભાઇ અને બે બહેનમાં નાનો અને અપરણિત હતો. તેના પિતા પણ કારખાનામાં મજૂરી કરે છે. સુનિલ બે ભાઇ અને ચાર બહેનમાં બીજો નંબરનો હતો. સુનિલના એક ભાઈનું દોઢ વર્ષ પહેલા વાહન અકસ્માતમાં મૃત્યુ થયું હતું. સુનિલને સંતાનમાં એક પુત્રી છે. બંને પરિવારમાં બનાવથી શોક છવાયો હતો.

## સિંહણ

(છેલ્લા પાનાનું ચાલું)

છે. સાસણમાં સિંહ દર્શન સમયે એક સહેલાણીએ આ વિડીયો ઝડપ્યો છે જેમાં દેવળીયા સફારી પાર્કમાં જેમાં એક સિંહણ જે સફારી માર્ગ પર ટહેલતી હતી અને સહેલાણીઓ તેની તસ્વીરો ઝડપતા હતા. તે સમયે અચાનક જ આ સિંહણ આક્રમક થઈ ગઈ અને સફારીના વાહનની નજીક આવી ગઈ હતી અને તેણે આશ્ચર્યજનક રીતે વાહનના ટાયરની એરવાલ્વ પર પગ મુકીને હવા કાઢવા પ્રયાસ કર્યો હતો. આ સિંહણ અગાઉ પણ આ પ્રકારના વ્યવહાર કરી ચુકી છે. ખાસ કરીને જંગલખાતાના વાહનો જે માર્ગમાં પાર્ક થયા હોય તેના ટાયરની હવા કાઢવા લાગે છે. તેનું કારણ દર્શાવતા જંગલ વિભાગના અધિકારીએ કહ્યું કે આ સિંહણ તેના માર્ગમાં જતી હતી તે સમયે સફારી વાહને પહેલા તેને ક્રોસ કરવા પ્રયાસ કર્યો તેથી તે ગુસ્સામાં હતી. આ અંગે જંગલ ખાતાના ડેપ્યુટી કન્ઝર્વેટર મોહન રામ કહે છે કે આ એક પ્રાણીનું વર્તન છે તેને અન્ય પાણીની વાવ આવતી હોય છે. કદાચ કુતરાની ગંધ તે સમજી શકે છે તેથી તે આ રીતે વર્તન કરતી હોઈ શકે છે. જંગલ વિભાગના અધિકારીઓ આ રીતે સિંહ અને અન્ય જંગલી પ્રાણીઓના વર્તન પર નજર રાખતા હોય છે તે પ્રાણી અને સહેલાણી બન્નેની સુરક્ષા માટે મહત્વનું છે.

## ટ્રેન

(પહેલા પાનાનું ચાલું)

કલાક પહેલા તેમની સીટની સ્થિતિ જાણી શકશે. હાલમાં, ટ્રેન ઉપડવાના ૪ કલાક પહેલા જ ખબર પડી જાય છે કે તમારી સીટ કન્ફર્મ છે કે નહીં.આનાથી દૂર દૂરથી આવતા મુસાફરોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેમને છેલ્લી ઘડી સુધી ખબર પડતી નથી કે તેમની ટિકિટ કન્ફર્મ છે કે નહીં.

એક રેલવે અધિકારીએ જણાવ્યું કે આ યોજના રાજસ્થાનના બિકાનેર ડિવિઝનમાં ૬ જૂનથી શરૂ થઈ છે. અત્યાર સુધી કોઈ સમસ્યા આવી નથી. તેમણે કહ્યું, 'અમે થોડા અઠવાડિયા સુધી તેનો પ્રયાસ કરીશું. આનાથી ખબર પડશે કે કોઈ સમસ્યા છે કે નહીં. જો કોઈ સમસ્યા છે, તો તેને કેવી રીતે ઠીક કરવી.'

અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે ઘણી વખત મુસાફરોને સ્ટેશન પહોંચવાના થોડા કલાકો પહેલા ખબર પડે છે કે તેમની વેઇટલિસ્ટ ટિકિટ કન્ફર્મ નથી. આનાથી તેમને ઘણી મુશ્કેલી પડે છે. ૨૪ કલાક અગાઉથી ચાર્ટ જારી કરવાથી લોકોને તેમની મુસાફરીનું આયોજન કરવામાં મદદ મળશે અને તણાવ પણ ઓછો થશે.

## સૈનિકો

(પહેલા પાનાનું ચાલું)

પડયા હતા. બીએલએ પ્રવકતાએ જણાવ્યું હતું કે ૬ જુન શુક્રવારની રાત્રે પાકિસ્તાની સેનાનાં નસ્તંગ વિસ્તારમાં આગળ વધવાની સાથે જ બીએલએ લડાયકો સાથે અથડામણ શરૂ થઈ ગઈ હતી. સવાર સુધીમાં તો આ અથડામણમાં પાકિસ્તાની સેનાના ૮ જવાન માર્યા ગયા હતા અને અનેક ઘાયલ થયા હતા. આ ઉપરાંત ૮ જુને અન્ય અથડામણમાં પાકિસ્તાની સેનાના અનેક જવાન માર્યા ગયા હતા. બલુચ નાગરીક સમુહોએ જણાવ્યું હતું કે બલુચીસ્તાનનાં બે જુદા જુદા વિસ્તારોમાંથી ૯ લોકોને ગાયબ કરી નાખવામાં આવ્યા છે.સુરક્ષા કર્મીઓએ બે લોકોને કસ્ટડીમાં લીધા છે અને તેમને અજ્ઞાત સ્થળે લઈ જવામાં આવ્યા છે.

## નર્મદા ડેમ

(છેલ્લા પાનાનું ચાલું)

મચ્છુ-૩ જળાશયમાં હાલ ૯૧ ટકાથી વધુ પાણી ઉપલબ્ધ છે. જ્યારે કચ્છના કાલાઘોઘા જળાશયમાં ૮૨ ટકાથી વધુ, રાજકોટના ભાદર-૨માં ૭૭ ટકાથી વધુ છોટા ઉદેપુરના સુખી જળાશયમાં ૭૪ ટકાથી વધુ તેમજ રાજકોટના આજી-૨માં ૭૩ ટકાથી વધુ પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે. જ્યારે રાજ્યના ૦૬ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા, ૨૦ જળાશયો ૫૦ થી ૭૦ ટકા તેમજ ૭૧ જળાશયો ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ભરાયેલા છે. જેના પરિણામે ઉનાળા દરમિયાન પણ રાજ્યમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં નાગરીકોની જરૂરિયાત મુજબ પૂરતા પ્રમાણમાં પાણી પુરૂ પાડવામાં આવ્યું છે.

## કોરોના

(છેલ્લા પાનાનું ચાલું)

આ સંક્રમણ વધારે દેખાઇ રહ્યું છે કારણ કે વિસ્તારના લોકો જરૂર પડ્યે તુરંત ટેસ્ટ કરાવી રહ્યા છે. વોર્ડ નં.૮ના જાનકી પાર્ક-૧ નામનો વિસ્તાર આવેલો છે. અહીં રહેતા ૬૮ વર્ષના અને ૩૪ વર્ષના બે મહિલા મલેશીયાથી પરત ફર્યા હતા. તેમને કોરોના નિદાન થયું છે. આ બંને દર્દીએ વેકસીનના ત્રણ-ત્રણ ડોઝ લીધા છે. ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા અન્ય બે કેસમાં વોર્ડ નં.૮માં ગીતાનગરમાં રહેતા ૫૫ વર્ષના મહિલા આદિપુર અને વોર્ડ નં.૯ની કોપર સ્ટોન સોસાયટીમાં રહેતા ૪૩ વર્ષના મહિલા ગાંધીનગર જઇને પરત ફર્યાનું જાહેર થયું છે. અન્ય છ કેસમાં કોઇ ટ્રાવેલ હિસ્ટ્રી નથી. આ ૪૩ વર્ષના મહિલાને ઓકસીજન પર રાખવામાં આવ્યા છે. અન્ય કેસની વિગત જોઇએ તો વોર્ડ નં.૮ના અમીન માર્ગ વિસ્તારમાં રહેતા ૬૩ વર્ષના મહિલા, વોર્ડ નં.૧૧ની શિવ ટાઉનશીપમાં રહેતા ૫૮ વર્ષના પુરૂષ, વોર્ડ નં.૧૦ના એવરેસ્ટ પાર્કમાં રહેતા ૫૨ વર્ષના મહિલા, વોર્ડ નં.૧૧ના શ્યામાનંદ પાર્કમાં રહેતા ૪૪ વર્ષના મહિલા, વોર્ડ નં.૧૦ના જલારામ પ્લોટમાં રહેતા ૪૫ વર્ષના પુરૂષને કોરોના સંક્રમણ થયું છે.

વોર્ડ નં.૭ની ધર્મજીવન સોસાયટીમાં રહેતા અને વેકસીનનો એકેય ડોઝ નહીં લેનાર ૮૦ વર્ષના વૃધ્ધને કોરોનાનો ચેપ લાગતા તેમને પણ ઓકસીજન સપોર્ટ પર રાખવામાં આવ્યા છે. અન્ય તમામ દર્દીએ વેકસીન લીધી છે. આજના ૧૦ કેસમાં આઠ દર્દી હોમ આઇસોલેશનમાં સારવાર હેઠળ રહ્યા છે.

## પસ્તાવો

(પહેલા પાનાનું ચાલું)

છું. આમ બન્ને હવે ફરી એક થઈ શકે છે. બે દિવસ પુર્વે જ એલન મસ્કના પિતાએ પણ તેના પુત્રની સોશ્યલ મીડીયા પોસ્ટ પર નારાજગી દર્શાવી હતી. મસ્કે પોતે સમર્થન ન આપ્યુ હોત તો ટ્રમ્પ ચુંટાયા પણ હોત નહી ત્યાં સુધી કહી દીધુ હતુ અને પોતાનો નવો રાજકીય પક્ષ પણ સ્થાપવાની તૈયારી કરી હતી.

## તોફાન

(પહેલા પાનાનું ચાલું)

ડાઉનટાઉનમાં કર્ફ્યુ લાદી દેવાની ફરજ પડી છે પણ તોફાનોની માંગ ન્યુયોર્ક, સાન ફ્રાન્સીસ્કો, એટલાન્ટા, સિએટલ, શિકાગો, ડલામ, લ્યુઈસવિલ, શેરલોટ, પ્રિટર્સબર્ગ બોસ્ટન અને પાટનગર વોશિંગ્ટન ડી.સી. સુધી પહોંચી ગઈ છે.

છેલ્લા પાંચ દિવસમાં આ પ્રકારે તોફાનો વધ્યા છે. સેંકડો લોકોની ધરપકડ થઈ છે. પોલીસ ટોળાને વિખેરવા અશ્રુવાયુ રબ્બર બુલેટ તથા ફલેશગનનો ઉપયોગ કરી રહ્યા છે. લોસ એન્જીલીસમાં રાત્રી કર્ફ્યુ બાદ પણ તોફાનો ચાલુ છે અને એપલ સ્પેસ સતત ૨૩ વ્યાપારી સ્થળો પર લુંટફાટ થઈ છે. હાલ આ મહાનગરમાં ૪૦૦૦ નેશનલ ગાર્ડ મોજૂદ છે અને હવે ૭૦૦ મરીન પણ તેમાં સામેલ થયા છે. લોસ એન્જીલીસના ગવર્નર ગેવિન ન્યુસમ પ્રમુખ ટ્રમ્પની આ રીતે દેશની જનતા સામે જ સૈન્યને ઉતારવા બદલ આકરી ટીકા કરી હતી. શિકાગોમાં જે રીતે તોફાનો શરૂ થયા અને ૧૦૦૦થી વધુ લોકો માર્ગ પર આવ્યા બાદ વધુ હજારો તેમાં જોડાયા હતા અને તે આગ છેક વોશિંગ્ટન ડી.સી. સુધી પહોંચી છે. શિકાગોની આદમ સ્ટ્રીટમાં વ્યાપક લુંટફાટ થઈ છે. દેખાવકારો ડિપોર્ટ પ્રક્રિયા બંધ રાખવા માંગ કરી રહ્યા છે તથા આ તમામ મહાનગરોના મેયરોએ પણ તોફાન સામે સૈન્યને મુકવા સામે વિરોધ કર્યો છે. અમેરિકાના હોમલેન સિકયોરીટીના વડાએ પણ લોકોને ચેતવણી આપી છે. અમેરિકી મરીન એ કટોકટીની સ્થિતિમાં કામ કરવા માટે તાલીમબધ્ધ કરાયા છે પણ તેઓ અત્યંત આકરી રીતો અપનાવે છે. પ્રમુખ ટ્રમ્પે દેશભરમાં રોજના ૩૦૦૦ ગેરકાનુની વસાહતીઓને ઝડપવા આદેશ આપ્યો છે. ટ્રમ્પે આ તોફાનને ડામવામાં નિષ્ફળતા બદલ ગવર્નર ગેવિન ન્યુસમને દોષિત ગણાવીને તેમની પણ ધરપકડની માંગ કરી છે. ડેમોક્રેટીક પાર્ટીના આ ગવર્નરે ટ્રમ્પ સામે ફેડરલ કોર્ટમાં પણ કેસ દાખલ કર્યા છે તથા નેશનલ ગાર્ડની તૈનાતીને પડકારી છે. લોસ એન્જીલીસના પોલીસવડાએ પણ કહ્યું છે કે હાલત સતત ખરાબ થઈ રહી છે.

## નર્મદાબા

(છેલ્લા પાનાનું ચાલું)

અનુસાર સમાધિ આપવામાં આવી હતી. આ સમાચાર મળતા ભાવનગર, મહુવા તથા આજુબાજુથી લોકો આવી પહોંચ્યા હતા. નર્મદાબાને સમાધિ અપાઇ ત્યારે લોકોની આંખોમાં આંસુના તોરણ બંધાયા હતા. ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના તલગાજરડા ખાતે નર્મદાબાએ તેમના નિવાસસ્થાને મોડી રાત્રે ૧.૩૦ કલાકે અંતિમ શ્વાસ લીધા હતા તેમના પાર્થિવદેહને તલગાજરડાના નિવાસસ્થાને સમાધિ આપવામાં આવી છે. નર્મદાબેન સાથે મોરારીબાપુના લગ્ન વણોદ ગામે થયા હતા. તેમની અંતિમવિધિ આજે સવારે ૯ વાગે તલગાજરડા મુકામે યોજવામાં આવી હતી. નર્મદાબેનની થોડા સમયથી તબિયત ખરાબ હતી અને બે દિવસથી અન્નનો ત્યાગ કર્યો હતો. તેમના નિધનના સમાચાર મળતા જ સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી છવાઇ જવા પામી છે.

## તુલસી ગવાર્ડ

(પહેલા પાનાનું ચાલું)

તેઓએ કહ્યું કે મે હાલમાં જ હિરોશીમાની મુલાકાત લીધી હતી અને ૧૯૪૫ના એક જ અણુબોમ્બથી જે વિનાશનો દાવાનળ સર્જાયો તેનો અનુભવ કર્યો હતો. તુલસીએ કહ્યું કે જેઓ અણુયુદ્ધ કરાવવા માંગે છે તેમાં તે વિશ્વ છે કે તેમની પાસે અણુ હુમલા સામે સુરક્ષિત રાખતા બેંકર્સ છે જે બીજાને ઉપલબ્ધ નથી પણ હવે એ સમય આવી ગયો છે કે આ પ્રકારના ગાંડપણ સામે સૌ અવાજ ઉઠાવે.

## અંતરિક્ષ


(પહેલા પાનાનું ચાલું)

એકસના ફાલ્કન-૯ રોકેટમાં લીકને ઠીક કરવા માટે સમય માંગ્યો છે. સ્પેસ એકસે જણાવ્યું હતું કે રિપેરીંગ કામ પુરું થયા બાદ અમે નવી લોન્ચ તારીખ જાહેર કરશું. ઉલ્લેખનીય છે કે ભારતીય નાગરિક શુભાંશુ સાથે અંતરિક્ષ યાત્રાએ પોલેન્ડના સ્લાવોસ્જ ઉજમાન્સ્કી-વિસ્નીવસ્કી, હંગેરીના ટિબોર કાળુ છે. મિશનની કમાન્ર અમેરિકી અંતરિક્ષ યાત્રી પેગી વ્હિટસન સામેલ છે. શુભાંશુ મિશનના પાયલોટ છે.

# ભારતની વસ્તી ૧.૪૬ અબજ, ૬૮% લોકો હજુ કામ કરે છે

## ભારતનો પ્રજનન દર પ્રતિ મહિલા ૨.૧ થી ઘટીને ૧.૯ થયો

### યુએનના અહેવાલ મુજબ ભારત હજુ પણ વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ



નવી દિલ્હી,

એક નવું સંયુક્ત રાષ્ટ્ર વસ્તી વિષયક અહેવાલમાં જણાવાયું છે કે ભારતની વસ્તી ૨૦૨૫ માં ૧.૪૬ અબજ સુધી પહોંચવાની ધારણા છે, જે વિશ્વમાં સૌથી વધુ હશે. દેશની વસ્તીના ૬૮ ટકા લોકો કામ કરે છે.

આ અહેવાલમાં એ પણ ખુલાસો થયો છે કે ભારતમાં પ્રજનન દર ઘટીને ૧.૯ જન્મ પ્રતિ મહિલા થયો છે, જે પહેલા ૨.૧ હતો.

UNFPA ના સ્ટેટ ઓફ ધ વર્લ્ડ પોપ્યુલેશન (SOWP) રિપોર્ટ ૨૦૨૫, જેનું શીર્ષક 'ધ રીઅલ ફર્ટિલિટી ક્રાઇસિસ' છે, તે પ્રજનનક્ષમતામાં ઘટાડો થવાની ચિંતા કરવાને બદલે એવા પ્રજનન લક્ષ્યો પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે આહ્વાન કરે છે જે હજુ સુધી પ્રાપ્ત થયા નથી.

તેમાં કહેવામાં આવ્યું છે કે લાખો લોકો તેમના વાસ્તવિક પ્રજનન લક્ષ્યોને પ્રાપ્ત કરી શકતા નથી. અહેવાલ મુજબ, ઓછી વસ્તી અથવા વધુ પડતી વસ્તીને બદલે, વાસ્તવિક કટોકટી આ છે અને તેનો જવાબ સારી પ્રજનન ક્ષમતામાં રહેલો છે - એટલે કે, જાતીય સંભોગ, ગર્ભનિરોધક અને કુટુંબ શરૂ કરવા વિશે નિર્ણયો લેવાની વ્યક્તિની ક્ષમતા.

રિપોર્ટમાં વસ્તી માળખા, પ્રજનન દર અને આયુષ્યમાં પણ નોંધપાત્ર ફેરફારોનો પણ ઉલ્લેખ છે, જે એક મોટા વસ્તી વિષયક સંક્રમણનો સંકેત આપે છે. અહેવાલમાં જાણવા મળ્યું છે કે ભારતમાં પ્રજનન દર ઘટીને ૧.૯ જન્મ પ્રતિ મહિલા થયો છે, જે ૨.૧ ના રિપ્લેસમેન્ટ સ્તરથી નીચે છે.

આનો અર્થ એ છે કે સરેરાશ ભારતીય મહિલાઓ એક પેઢીથી બીજી પેઢી સુધી વસ્તીના કદને જાળવી રાખવા માટે જરૂરી સંખ્યા કરતાં ઓછા બાળકો પેદા કરી રહી છે. જન્મ દરમાં ઘટાડો થવા છતાં, ભારતની યુવા વસ્તી નોંધપાત્ર રહી છે, જેમાં ૦-૧૪ વર્ષના વય જૂથમાં ૨૪ ટકા, ૧૦-૧૯ વર્ષના વય જૂથમાં ૧૦ ટકા અને ૧૯ વર્ષના વય જૂથમાં ૧૦ ટકા છે.

૨૦ થી ૩૦ વર્ષના યુવાનોમાં ૧૭ ટકા અને ૧૦ થી ૨૪ વર્ષના યુવાનોમાં ૨૬ ટકા યુવાનોનો સમાવેશ થાય છે. દેશની ૬૮ ટકા વસ્તી કાર્યકારી વય (૧૫-૬૪ વર્ષ) ની છે, જે પર્યાપ્ત રોજગાર અને નીતિ સહાય સાથે સંભવિત વસ્તી વિષયક લાભાંશ પ્રદાન કરે છે. યુએન રિપોર્ટ ભારતને મધ્યમ આવક ધરાવતા દેશોના જૂથમાં મૂકે છે જે ઝડપથી વસ્તી વિષયક સંક્રમણમાંથી પસાર થઈ રહ્યા છે, જ્યાં વસ્તી હવે બમણી થવામાં ૭૯ વર્ષ લાગવાનો અંદાજ છે.

UNFPA ભારતના પ્રતિનિધિ એન્ડ્રીયા એમ વોજનરે જણાવ્યું હતું કે, ''ભારતે પ્રજનન દર ઘટાડવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. ૧૯૭૦ માં પ્રતિ મહિલા લગભગ પાંચ બાળકોથી આજે લગભગ બે બાળકો છે, જેનું કારણ વધુ સારું શિક્ષણ અને પ્રજનન સ્વાસ્થ્ય સંભાળની સુલભતા છે.''

### શા માટે વસ્તી વધારા દરને બ્રેક લાગી છે

## આર્થિક બોજો વધવાના કારણે ભારત સહિત દેશના ૩૯% સુધીના યુગલો બીજું સંતાન ઈચ્છતા નથી

### પ્રજનન ક્ષમતા ઘટવાનું પણ ૧૩% યુગલો માટે કારણઃ એક સંતાનની સંભાળનો ખર્ચ પણ વધી રહ્યો છે

નવી દિલ્હીઃ ભારત સહિત દુનિયાના અનેક દેશોમાં જે રીતે જન્મદર ઘટયો છે તેમાં એક મહત્વપૂર્ણ કારણ વધતો જતો જીવનનિર્વાહ ખર્ચ છે અને તેથી દંપતિમાં એક બાળક અને અનેક દંપતિઓ સંતાન ઈચ્છતા જ નથી. સંયુક્ત રાષ્ટ્રસંઘના રિપોર્ટના ભારત સહિત ૧૪ દેશોમાં વધતા ખર્ચ એ પરિવારના વિસ્તારમાં મોટુ વિઘ્ન હોવાનું બહાર આવ્યું છે. ૫૦ વર્ષ કે તેથી વધુ વયના યુગલ જેઓએ હવે સંતાન પેદા કરવાની ઉંમર વટાવી દીધી છે. તેમાં ૩૧% એ એ મંતવ્ય વ્યક્ત કર્યુ કે તેઓ એકથી વધુ સંતાન ઈચ્છતા હતા પણ પછી વધુ સંતાનો યોગ્ય રીતે ખર્ચ ઉઠાવી



શકશે નહી તેવુ જણાતા તેઓએ એક જ બાળક સુધી કુટુંબ મર્યાદીત રાખ્યુ છે તો ૩૯% યુગલો જેઓ હાલ સંતાન પેદા કરી શકે છે. તેઓએ કહ્યું કે નાણાકીય મુશ્કેલીઓને કારણે સંતાન ઈચ્છતા નથી.

આ પ્રકારે કોઈ સંતાન ઈચ્છતા નહી તેવા લોકો છે. સૌથી વધુ સાઉથ કોરિયામાં ૫૮% યુગલો છે અને સૌથી ઓછા સ્વીડનમાં ૧૯% યુગલો છે.

ભારતમાં ૧૩% યુગલોએ એ સ્વીકાર્યું કે તેઓ માટે ફર્ટીલીટી-ગર્ભધારણ એ તકલીફ છે. આમ ભારતમાં પ્રજનન શક્તિ ઘટવા લાગી છે. ખાસ કરીને જે યુગલ કામકાજ એટલે કે નોકરી કે કોઈ પ્રોફેશન સાથે જોડાયેલા છે. તેઓએ એકજ સંતાનથી સંતોષ દર્શાવ્યો છે. તેઓ પોતાના સંતાન માટે ભાઈ અથવા બહેન ઈચ્છે છે પરંતુ નાણાકીય બોજો વધશે તેવી ચિંતાએ 'સાહસ' કરતા નથી. જે રીતે હાલ સંતાનોની સારસંભાળ અને શિક્ષણ તથા અન્ય લાઈફ સ્ટાઈલ ખર્ચ વધી રહ્યો છે. તે એક સંતાન માટે પણ તેઓને મુશ્કેલીમાં મુકે છે અને તેથી તેઓ વધુ બોજો ઈચ્છતા નથી.

સંયુકત રાષ્ટ્રસંઘના આ રિપોર્ટમાં પ્રજનન ક્ષમતા ને પણ કારણ દર્શાવાયુ છે. તનાવભર્યા જીવન ખોટી લાઈફસ્ટાઈલ અને કુદરતી કારણોથી ભારતમાં ૧૩% યુગલો ઈચ્છે તો પણ સંતાન મેળવી શકતા નથી. ઉચ્ચ આવક ધરાવતા ૧૭% યુગલો પણ બે થી વધુ સંતાનો ઈચ્છતા નથી. કારણ કે તેઓ વ્યવસાયના વધુ વારસદાર ઈચ્છતા નથી. વિશ્વની કુલ વસતિના ત્રીજો ભાગ ધરાવતા દેશોમાં આ ખર્ચ કરાયો હતો.

## વિશ્વમાં મુસ્લિમોની વસ્તી સૌથી ઝડપી દરે વધી રહી છેઃ હિન્દુઓની વસ્તીમાં ઘટાડો

### મુસ્લિમોમાં ૧૦ વર્ષમાં ૩૪૦ મિલિયનથી વધુનો વધારો થયો, પ્યુ રિસર્ચ સેન્ટરનો અભ્યાસ



### ૨૭૦૦ થી વધુ વસ્તી ગણતરીના સર્વેક્ષણોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું

નવી દિલ્હી,તા.૧૧

છેલ્લાં એક દાયકામાં મુસ્લિમોની વસ્તી વિશ્વમાં સૌથી વધુ વધી છે, જ્યારે ભારત સહિત ઘણાં દેશોમાં હિન્દુ વસ્તીમાં ઘટાડો થયો છે, એમ એક નવા અહેવાલમાં જણાવાયું છે. પ્યૂ રિસર્ચ સેન્ટરના રિપોર્ટથી આ વાતનો ખુલાસો થયો છે. રિપોર્ટ મુજબ ૨૦૧૦થી ૨૦૨૦ વચ્ચે મુસ્લિમોની વસ્તીમાં ૩૪.૭ કરોડનો વધારો થયો છે. આ બીજા કોઈ પણ ધર્મની વસ્તી વધારા કરતા વધારે છે. ભારતમાં મુસ્લિમોની વસ્તીમાં ૩.૫૬ કરોડનો વધારો થયો છે. પ્યૂ રિસર્ચ સેન્ટરના રિપોર્ટ અનુસાર વસ્તી ગણતરી માટે ૨૭૦૦થી વધુ વસ્તી ગણતરી અને સર્વેક્ષણનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. વિશ્વનાં દરેક ધાર્મિક જૂથમાં વસ્તી વધી છે.

**યુવા વસ્તી હજુ સંતોષજનક છે :-**

રિપોર્ટ અનુસાર, જન્મદરમાં ઘટાડો થવા છતાં ભારતની યુવા વસ્તી નોંધપાત્ર છે.

૦-૧૪ વર્ષ ૨૪ ટકા

૧૦-૧૯ વર્ષ ૧૭ ટકા

૧૦-૨૪ વર્ષ ૨૬ ટકા

કામ કરતાં લોકો ૬૯ ટકા

૬૫ વર્ષ અને ૦૭ ટકાથી વધુ

**ભારતમાં કેટલી વસ્તી છે ? (વિશ્વની વસ્તીના ભાગરૂપે)**

| ધર્મ | ૨૦૧૦ | ૨૦૨૦ |
|---|---|---|
| હિન્દુ | ૮૦% | ૭૯.૪% |
| મુસ્લિમ | ૧૪.૩% | ૧૫.૨% |
| ક્રિશ્ચિયન | ૨.૩% | ૨.૨% |
| અન્ય | ૨.૭% | ૨.૫% |

## પુરુષો માટે સરેરાશ આયુષ્ય ૭૧ વર્ષ અને સ્ત્રીઓ માટે ૭૪ વર્ષ હોવાનો અંદાજ

વૃદ્ધોની વસ્તી (૬૫ વર્ષ અને તેથી વધુ) હાલમાં સાત ટકા છે, જે આગામી દાયકાઓમાં આયુષ્યમાં સુધારા સાથે વધવાની ધારણા છે. ૨૦૨૫ સુધીમાં, જન્મ સમયે પુરુષો માટે આયુષ્ય ૭૧ વર્ષ અને સ્ત્રીઓ માટે ૭૪ વર્ષ રહેવાનો અંદાજ છે. યુએનના અંદાજ મુજબ, ભારતની વર્તમાન વસ્તી ૧૪૬.૩૯ કરોડ છે. આગામી દાયકાઓમાં આ આંકડો ૧.૭૦ અબજની આસપાસ પહોંચશે અને પછી લગભગ ૪૦ વર્ષ પછી ઘટવાનું શરૂ થશે.

### 'લવજેહાદ'ના નામે મુસ્લિમ યુવક સામે ફરિયાદ કરનારાઓને સુપ્રિમની ફટકાર

## આંતરધર્મીય લગ્ન બદલ કોઈને જેલમાં ન રાખી શકાયઃ લવજેહાદ મામલે સુપ્રિમનો મોટો ચુકાદો

### ૬ મહિનાથી જેલમાં રહેનાર હિન્દુ યુવતી સાથે બંન્ને પરિવારની પરસ્પર સમજુતીથી લગ્ન કરનાર મુસ્લિમ યુવકને સુપ્રિમ કોર્ટે જામીન આપ્યા

નવીદિલ્હી,તા.૧૧

છેલ્લા કેટલાક વર્ષોથી ધાર્મિક ઓળખ છુપાવીને હિન્દુ છોકરી સાથે લગ્ન કરવાનો મુદ્દો ચર્ચા રહ્યો છે, જેને 'લવ જેહાદ' જેવા નામ પણ આપવામાં આવે છે. આવા જ એક મામલાની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેટલીક મહત્વની ટીપ્પણીઓ કરી હતી. ઓળખ છુપાવીને હિન્દુ છોકરી સાથે લગ્ન કરવાના આરોપ હેઠળ જેલમાં રહેવા એક યુવકને સુપ્રીમ કોર્ટે જામીન આપ્યા હતાં, આ સાથે કોર્ટે મહત્વપૂર્ણ અવલોકનો કર્યા હતાં.

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે પરસ્પર સંમતિથી સાથે રહેતા બે પુખ્ત વયના લોકો સામે માત્ર એટલા માટે વાંધો ઉઠાવી શકાય નહીં કે તેઓ અલગ



અલગ ધર્મમાંથી આવે છે. સુપ્રીમ કોર્ટે મુસ્લિમ યુવકના જામીન મંજૂર કર્યા. હિન્દુ મહિલા સાથે લગ્ન કર્યા પછી લગભગ છ મહિના જેલમાં રહ્યા બાદ હવે યુવકને રાહત મળી છે.

કોર્ટમાં અરજદાર વતી એવી પણ દલીલ કરવામાં આવી હતી કે કેટલાક લોકો અને સંગઠનોએ આંતર-ધાર્મિક લગ્ન સામે વાંધો ઉઠાવ્યા બાદ FIR નોંધવામાં આવી હતી.

જસ્ટિસ બી.વી. નાગરત્ના અને સતીશ ચંદ્ર શર્માની બેન્ચે યુવક દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ પર સુનાવણી કર્યા બાદ જમીન અંગે ચુકાદો આપ્યો હતો.

ધાર્મિક ઓળખ છુપાવવા અને હિન્દુ મહિલા સાથે છેતરપિંડીથી લગ્ન કરવાના આરોપસર યુવકની ઉત્તરાખંડ ધર્મ સ્વતંત્રતા કાયદો, ૨૦૧૮ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની જોગવાઈઓ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. ફેબ્રુઆરી ૨૦૨૫ માં, ઉત્તરાખંડ હાઈકોર્ટે યુવકને જામીન આપવાનો ઈનકાર કર્યો હતો, ત્યારબાદ તેણે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો.

ચુકાદો આપતા સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, રાજ્યને અપીલકર્તા અને તેની પત્ની સાથે રહેવા સામે કોઈ વાંધો હોઈ શકે નહીં. તે પણ જ્યારે તેમના લગ્ન તેમના માતાપિતા અને પરિવારોની ઇચ્છા અનુસાર થયા હોય.

કોર્ટને કહેવામાં આવ્યું હતું કે આ લગ્ન બંને પરિવારોની મંજુરી અને પરિવારજનોની હાજરીમાં થયા હતા. યુવકે લગ્નના બીજા દિવસે એક સોગંદનામું આપ્યું હતું જેમાં કહેવામાં આવ્યું હતું કે તે તેની પત્નીને ધર્મ પરિવર્તન માટે દબાણ કરશે નહીં અને પત્ની તેના ધર્મનું પાલન કરવા માટે સ્વતંત્ર રહેશે.

## સાંસદો-ધારાસભ્યો દ્વારા રજુ થતા પ્રશ્નોનો તાત્કાલીક નિકાલ કરવા આદેશ

### નાણામંત્રીની અધ્યક્ષતામાં સ્થાયી પરામર્શ સમિતિની બેઠક

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર ખાતે નાણા, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં સ્થાયી પરામર્શ સમિતિની બેઠક મળી હતી. ગત બેઠક દરમિયાન ધારાસભ્યો દ્વારા રજૂ કરવામાં આવેલા મોટાભાગના પ્રશ્નોનો સુયોગ્ય નિકાલ કરવામાં આવ્યો છે. બેઠકમાં ઉપસ્થિત રહેતા સાંસદસભ્ય - ધારાસભ્યોના સૂચનોથી પ્રજાની સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં સરળતા રહે છે.

વધુમાં મંત્રી કનુભાઈ દેસાઈ એ નાણાં તેમજ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા કરવામાં આવેલ પ્રજાલક્ષી-નિર્ણયો અને કામગીરીથી ધારાસભ્યોને માહિતગાર કર્યા હતા સ્ટેમ્પ ડ્યુટી તેમજ ઋઋળ મા ઘણા બધા પ્રજાલક્ષી સુધારાઓ કરવામાં આવ્યા છે. ઈ વ્હીકલ તથા મેક્સી કેટેગરીના પેસેન્જર વાહનમાં વેરાના દરમાં ઘટાડો કરેલ છે. રાજ્યના ખેડૂતોના વીજ બિલમાં ફિક્સ ચાર્જમાં ઘટાડો કરવામાં



આવેલ છે , રાજ્યના ૯૮% ગામોના ખેડૂતોને દિવસે વીજળી મળી રહેલ છે. ૭-૧૨ના ઉતારામાં એક કરતા વધારે સહમાલીક હોય તો વીજ જોડાણ મેળવવા માટે સહમાલીકની સંમતિની હવેથી જરૂર રહેશે નહીં તેના બદલે અરજદાર દ્વારા નોટરાઈઝ્ડ સ્ટેમ્પ પેપર પર અપાયેલ સેલ્ફ ડિક્લેરેશન ગ્રાહ્ય રહેશે તેવો ખેડૂતોના હિતમાં નિર્ણય લેવામાં આવેલ છે. તદુપરાંત ૭-૧૨ના ઉતારામાં એક કરતા વધારે સહમાલીકના નામ હોય તો દરેક સહમાલીકને તે સર્વે નંબર/જમીનના ક્ષેત્રફળને ધ્યાને લીધા વગર વીજ જોડાણ આપવામાં આવશે.

આ બેઠકમાં રાધનપુરના ધારાસભ્ય લવિંગજી ઠાકોર, સાણંદના ધારાસભ્ય કનુભાઈ પટેલ, ધોળકાના ધારાસભ્ય કિરીટસિંહ ડાભી, ગોધરાના ધારાસભ્ય સી. કે. રાઉલજી, માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલચ ડાંગના ધારાસભ્ય વિજયભાઈ પટેલ, અને સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમા દ્વારા વીજ પોલ, ખેડૂતોના વળતર, નવા સબ-સ્ટેશન કાર્યરત કરવા, અન્ડરલાઈન કેબલ લાઈન, વીજ ચોરી, સ્માર્ટ મીટર, જ્યોતિ ગ્રામ યોજના, ખેડૂતોને અપાતા વીજ કનેક્શન સહિત GIDCમાં વીજ પુરવઠો પૂરો પાડવા સહિતના વિવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. બેઠક દરમિયાન ધારાસભ્યો દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નોને હકારાત્મક વાચા આપતા ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ તમામ પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવા સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી.

## દેશના પ્રવાસનને મળશે નવી ગતિઃ કાશીથી શરૂ થશે ભારતમાં પહેલી ઈકો ફ્રેન્ડલી ક્રુઝ

### અત્યાધુનિક ક્રુઝ કોચી શિપયાર્ડ ૧૦ કરોડના ખર્ચે તૈયારઃ ૫૦ પ્રવાસીઓની બેઠક ક્ષમતા



વારાણસી, તા.૧૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંસદીય ક્ષેત્ર કાશીમાં પર્યાવરણને અનુકૂળ પર્યટનને પ્રોત્સાહન આપવા માટે એક ઐતિહાસિક પહેલ કરવામાં આવી રહી છે. ઓગસ્ટથી દેશનું પહેલું હાઇડ્રોજન-ઇંધણયુક્ત કેટામરન ક્રુઝ ગંગાના મોજા પર દોડવાનું શરૂ કરશે.

આ અત્યાધુનિક ક્રુઝ કોચી શિપયાર્ડમાં લગભગ ૧૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યું છે. તેમાં ૫૦ પ્રવાસીઓની બેઠક ક્ષમતા છે અને તે સંપૂર્ણપણે હાઇડ્રોજન ઇંધણ પર ચાલશે. ઉપરાંત, બેકઅપ તરીકે તેમાં ઇલેક્ટ્રિક એન્જિન પણ સ્થાપિત કરવામાં આવ્યું છે. પર્યટન વિભાગના નાયબ નિયામક આર.કે. રાવતના જણાવ્યા અનુસાર, ક્રુઝમાં સ્થાપિત ડિજિટલ ડિસ્પ્લે બોર્ડ પર દરેક ઘાટનો ઇતિહાસ અને સાંસ્કૃતિક મહત્વ પ્રવાસીઓને બતાવવામાં આવશે. પ્રવાસીઓ સંગીતના સુરીલા સૂરો વચ્ચે ગંગાના ઘાટની ભવ્યતાનો આનંદ માણી શકશે.

હાલમાં, તે નમો ઘાટથી રવિદાસ ઘાટ સુધી ચલાવવામાં આવશે. જો તે સફળ થશે, તો તેને માર્કંડેય ધામ (કાઠી) અને ચુનાર સુધી લંબાવવામાં આવશે. ક્રુઝની વિશેષતા છે કે, તે સંપૂર્ણપણે હાઇડ્રોજન ઇંધણ પર ચાલશે અને બેકઅપ તરીકે ઇલેક્ટ્રિક એન્જિન હશે. પ્રવાસીઓ ડિસ્પ્લે બોર્ડ પર દરેક ઘાટ વિશે માહિતી મેળવી શકશે.

ઉલ્લેખનીય છે કે, આ ક્રુઝનું ટ્રાયલ મહાકુંભ દરમિયાન થઈ ચૂક્યું છે. જોકે, હાલમાં ગંગાના પાણીનું સ્તર ઓછું હોવાથી, ઓગસ્ટથી કામગીરી શરૂ કરવામાં આવશે. હવે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે, તેથી કાશી પર્યટનને નવી ફ્લાઇટ મળવા જઈ રહી છે.

## દુનિયામાં સૌથી વધુ ફોલોઅર્સ ધરાવતા ટીકટોક સ્ટારને અમેરિકામાંથી ડીપોર્ટ કરાયો

ન્યુયોર્ક, તા.૧૧

દુનિયાના સૌથી વધુ ફોલોઅર ધરાવતા ટિકટોક સ્ટાર ખાબી લેમે અમેરિકા છોડવું પડ્યું છે. લાસ વેગાસમાં વિઝાની ડેડલાઈન કરતાં વધારે રોકાવા બદલ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટના અધિકારીઓએ તેની ધરપકડ કરી હતી. 'સેનેગલમાં જન્મેલા અને ઈટાલીના નાગરિક ખાબી લેમની શુક્રવારે હેરી રીડ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી અટકાયત કરી હતી.'




ખાબી લેમ ૩૦ એપ્રિલે અમેરિકા આવ્યો હતો, પરંતુ તેના પર વિઝાની શરતોનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે. જોકે, તેમને સ્વેચ્છાએ અમેરિકા છોડવાની મંજૂરી આપી, તેથી તેમની સામે ઔપચારિક ડિપોર્ટેશનનો આદેશ જાહેર કરાયો ન હતો.

ઉલ્લેખનીય છે કે, ટિકટોક સ્ટાર ખાબી લામે કોરોના મહામારી દરમિયાન તેમના વીડિયો દ્વારા લોકપ્રિયતા મેળવી હતી. જેમાં તેમણે વિચિત્ર અને જટિલ 'લાઇફ હેક્સ' પર કંઈ પણ કહ્યા વિના રમૂજી રીતે પ્રતિક્રિયા આપી હતી. ટિકટોક પર તેના ૧૬૨ મિલિયનની વધુ ફોલોઅર્સ છે.

### પેઢીનામામાં કવેરી કાઢી ૭૫ હજારની લાંચ મંગાયેલી

## અમદાવાદની સબ રજિસ્ટ્રાર કચેરીમાં લાંચ લેતા બે વકિલ સહિત પાંચ રંગે હાથ ઝડપાયા

### એક આરોપી ભીડનો લાભ લઈ નાશી છુટયોઃ એસીબીનું સફળ ઓપરેશન

અમદાવાદ તા.૧૧

પોતાની તરફેણમાં હકક રીલીઝ કરાવવા દસ્તાવેજ બનાવવા રૂા.૭૫ હજારની લાંચ મામલે એક જાગૃત નાગરિક પાસેથી દસ્તાવેજ બનાવનાર એડવોકેટ સહિત ૬ શખ્સો સામે ફરિયાદ થતા એસીબીના છટકામાં પાંચ આરોપીઓ ઝડપાયા હતા. જયારે એક નાશી છુટેલ છે.

પકડાયેલા આરોપીઓમાં બે મહિલા સહિત ૬નો સમાવેશ થાય છે, જેમાં ત્રણ સબ રજીસ્ટાર કચેરી, સાબરમતી, અમદાવાદના કરાર આધારિત કર્મચારીઓ છે.

ફરિયાદીના એક ભાઈનું અવસાન થતા મૃતક અપરિણીત હોવાથી તેમના કોઈ સીધીલીટીના વારસદાર કે હકદાર નહીં હોવાથી ફરિયાદીના અન્ય ભાઈ-બહેનોના નામ હકદાર તરીકે દાખલ થયેલા આથી ફરિયાદીએ પોતાની તરફેણમાં હકક રિલીઝ કરવા માટે દસ્તાવેજ કરાવવા રાજેશકુમાર ઉર્ફે રાજાભાઈ પ્રભુભાઈ પ્રજાપતિ એડવોકેટના સંપર્ક કરી કામગીરી સોંપી હતી અને તેની નકકી કરેલ ફી ૧૪૮૫૦ ગુગલ પે કરી ચુકવી દીધેલી. બાદમાં દસ્તાવેજની ફી પણ આપી દીધેલી. પરંતુ આગળની કાર્યવાહી ન થતા એડવોકેટ રાજેશકુમારને પૂછતા તેમણે પેઢીનામામાં 'કવેરી' હોવાનું કહી તે ઉકેલવા સબરજીસ્ટ્રારને ૭૫ હજાર ચૂકવવા પડશે. તેમ કહી લાંચની માંગણી કરેલ આ મામલે બાદમાં ફરિયાદીએ એસીબીને જાણ કરતા એસીબીએ ગુમરાહે છટકુ ગોઠવતા સબરજીસ્ટ્રાર કચેરીના કમ્પાઉન્ડમાં લાંચના છટકામાં આરોપીઓ ઝડપાઈ ગયેલ, એક આરોપી ભીડનો લાભ લઈ નાસી છુટેલ. આરોપીઓમાં રાજેશ ઉર્ફે રાજાભાઈ પ્રભુભાઈ પ્રજાપતિ એડવોકેટ, કુશ રાજુભાઈ મહેતા, ભારતીબેન મોતીભાઈ પરમાર- એડવોકેટ દલપતસિંહ ગાંડાજી ઠાકોર- કોમ્પ્યુટર ઓપરેટર કરાર આધારિત સબરજીસ્ટ્રાર કચેરી, ખ્યાતિબેન દિનેશભાઈ જોષી- સ્કેનીંગ ઓપરેટર- કરાર આધારિત સબરજીસ્ટ્રાર કચેરી, બલદેવ ઉર્ફે બકુલભાઈ પરમાર- ઓપરેટર- કરાર આધારિત (ફરાર)નો સમાવેશ થાય છે. લાંચના ૭૪૫૦૦ રૂપિયા રિકવર કરાયા છે. લાંચના આ કિસ્સામાં અન્ય કોણ-કોણ સંડોવાયેલા છે તેની તપાસ હાથ ધરાઈ છે.



વોર્ડ નં.૪ના છેવાડે આવેલા ગ્રીન લેન્ડ ચોકડી પાસેના તિરૂપતિનગર સોસાયટીના લોકોએ આજે તેમના વિસ્તારનો પુરેપુરો રોડ નવા ડામરથી મઢવાની માંગણી સાથે ચક્કાજામ કર્યો હતો. તેઓએ મેયરની ગાડીને ઘેરી લીધી હતી તો મેયરે પણ વાસ્તવિક સ્થિતિ સમજાવી હતી. (તસ્વીર : પંકજ શીશાંગીયા)

# ગ્રીનલેન્ડ ચોકડીએ મહિલાઓનો ચક્કાજામ : મેયરની ગાડી ઘેરી લીધી

## ખાડો બૂરવાને બદલે તિરૂપતિનગર સોસાયટીનો સંપૂર્ણ રોડ ડામરથી મઢવા માંગણી : હાઈવે ઓથોરીટી, પોલીસના પ્રશ્નો પણ રજૂ કર્યા : માંગણી ન સંતોષાય તો કાલે પણ આંદોલનની જાહેરાત

રાજકોટ, તા. ૧૧

પૂર્વ ઝોનમાં વોર્ડ નં.૪માં આવેલી તિરૂપતિનગર સોસાયટીના લોકોએ ગ્રીન લેન્ડ ચોકડી મેઇન રોડ પર આવીને રસ્તાની માંગણી સાથે ચક્કાજામ કરી દીધો હતો. ખાડાના બદલે પુરો રોડ બનાવી દેવા અને હાઇવે ઓથોરીટીએ બંધ કરેલો રોડ પણ ખોલવા તેઓએ માંગણી કરી અહીંથી પસાર થતા મેયરની ગાડી રોકી દીધી હતી. જો તેમનો પ્રશ્ન ન ઉકેલાય તો આવતીકાલે પણ વિરોધ કાર્યક્રમ આપવા જાહેરાત કરી છે.

આ વિસ્તારના બહેનોએ હાઇવે ઓથોરીટી, અસામાજિકોના ત્રાસ, જીઇબી જેવા પ્રશ્નો પણ રજૂ કર્યા હતા. આમ માત્ર મનપા નહીં પરંતુ અન્ય તંત્રોના પ્રશ્ને પણ લોકોનો રોષ છલકાયો હતો.

વોર્ડ નં.૪માં ગ્રીન લેન્ડ ચોકડી પાસે તિરૂપતિનગર સોસાયટી આવેલી છે. અહીંના બહેનો આજે સવારે ગ્રીન લેન્ડ ચોકડી મેઇન રોડ પર આવી ગયા હતા અને વાહનો રોકીને ચક્કાજામ કર્યો હતો. આ વોર્ડના કોર્પોરેટર અને મેયર નયનાબેન પેઢડીયા ભગવતીપરા વિસ્તાર તરફ જતા હતા. લોકોએ તેમની કાર રોકી દીધી હતી અને સોસાયટીમાં પુરેપુરો નવો ડામર રોડ બનાવી દેવા માંગણી કરી હતી. બહેનો રોષ સાથે એવું કહેતી હતી કે આ વિસ્તારમાં પાકા રોડ સહિતની સુવિધા નથી. ટીપી સ્કીમમાં રોડની જગ્યા રાખવામાં આવી નથી. કોર્પોરેટરો ચૂંટણી સમયે આવીને મત માંગે છે. પરંતુ રજુઆતો છતાં કોઇ જવાબ આપતા નથી.

વધુમાં આ વિસ્તારમાં અસામાજિકોનો પણ ત્રાસ છે. ઇકો વાનવાળા અડીંગા જમાવીને બેસે છે જેનાથી બહેનોને હેરાનગતિ થાય છે. બે ખાનગી સોસાયટી વચ્ચે પણ પ્રશ્નો ઉભા થયેલા છે.

હવે જાણવા મળ્યા મુજબ આ રોડથી સોસાયટી જવાનો રસ્તો અમદાવાદ હાઇવે ટચ હોય, હાઇવે ઓથોરીટીએ ગડર મુકીને બંધ કર્યો છે. સલામતી માટે ઓથોરીટી આ રોડ ખોલતી નથી. થોડા સમય પહેલા જીઇબીએ ખોદકામ કર્યુ છે. આથી કોર્પો.એ આટલો રસ્તો કરી દેવા તૈયારી દર્શાવી છે. પરંતુ લોકો પૂરી સોસાયટીનો રોડ નવો બને તેવી માંગણી કરે છે.

**મેયર**

દરમ્યાન આ અંગે મેયર નયનાબેન પેઢડીયાનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે તિરૂપતિનગર સોસાયટીમાં વીજ કંપનીએ અંડરગ્રાઉન્ડ કામ માટે ખોદકામ કર્યુ છે. આ ખાડો બૂરી દેવા તૈયારી છે પરંતુ ટીપી સહિતના પ્રશ્નો હોય, પુરો રોડ હાલ બની શકે તેમ નથી. બે સોસાયટી વચ્ચે પણ પ્રશ્ન છે. અહીં વાહનોના ત્રાસ, અસામાજિક પ્રવૃતિ અંગે પણ ફરિયાદો આવી છે. આ અંગે પણ તેઓ લાગતા વળગતા તંત્રને રજુઆત કરશે. પરંતુ સંપૂર્ણ ડામર રોડ બનાવવા આડે ઘણા પ્રશ્નો હોવાનું વિસ્તારવાસીઓ પણ જાણે છે. તેમની ગાડી રોકીને આ રજુઆતો કરવામાં આવતા તેઓએ શાંતિથી વાત સાંભળી હતી અને શકય એટલા પ્રશ્ન ઉકેલવાના પ્રયત્ન કરવા ખાતરી આપી છે.

## સિવિલ હોસ્પિટલ શોર્ટ ન્યુઝ

# વોર્ડમાં ડોકટર-સ્ટાફને માસ્ક પહેરવા સૂચન

રાજકોટ, તા. ૧૩

ગઈકાલે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં કોરોના પોઝિટિવ દર્દીનું મૃત્યુ થયું હતું. હાલ બે વૃદ્ધ દર્દી સ્પેશિયલ કોવિડ વોર્ડમાં સારવાર હેઠળ છે. ઉપરાંત રાજ્યમાં પણ કોરોના કેસ વધી રહ્યા છે ત્યારે ગતરોજ સિવિલ સુપ્રીટેન્ડેન્ટ ડોક્ટર મોનાલી માકડીયાના અધ્યક્ષ સ્થાને મિટીંગ મળી હતી. જેમાં જુદા જુદા વિભાગના એચઓડી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ઓપીડી સહિતના વિભાગમાં તમામ ડોક્ટરો અને નર્સ સહિતના સ્ટાફે દર્દીની સારવાર કરતી વખતે અચૂક માસ્ક પહેરવા સૂચના અપાઈ હતી. ઉપરાંત આઇસોલેશન વોર્ડમાં પીપીઈ કીટ સહિતના પ્રોટોકોલ પાડવા અને તકેદારી રાખવા જણાવાયું હતું. ઉલ્લેખનીય છે કે અગાઉ એક રેસિડેન્ટ ડોક્ટરને પણ કોરોના સંક્રમણ લાગુ પડી ગયું હતું. રાજકોટ સિવિલમાં અત્યાર સુધીમાં કોરોનાના ૬ દર્દીઓ દાખલ થયા. જેમાં ૧ નું મોત થયું. બાકી બે હજુ દાખલ છે અને ૩ને સ્વસ્થ થતા ડિસ્ચાર્જ કરાયા હતા.

### બીજા માળેથી પટકાતા યુવકનું મોત

ગત તા.૮ના રોજ રાજકોટના અંકુર નગર મેઇન રોડ ઉપર સીટી પ્લાઝા કોમ્પ્લેક્સ-૧ના બીજા માળે ગ્રીલિંગ મશીનથી કામ કરતી વખતે અભિષેક ચંદુભાઈ કુવાડ (ઉંમર વર્ષ ૩૫) નામનો યુવક જમીન પર પડાયો હતો. તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડતા અહીં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હતું. યુવક આ બિલ્ડીંગ ખાતે રહેતો હતો અને અહીં મજૂરી કામ કરતો હતો. માલવીયાનગર પોલીસે જરૂરી કાગળ કર્યો હોય કરી વધુ તપાસ હાથ ધરી હતી.

### નશામાં પતિએ પત્નીનું ગળું દબાવી દીધું



રાજકોટની ભાગોળે આવેલ મેટોડા જીઆઇડીસી ખાતે ગેટ નંબર ત્રણમાં બટરફ્લાય કંપનીના ક્વાર્ટરમાં રહેતી રોશનીબેન સંજીવભાઈ બંસલ (ઉંમર વર્ષ ૨૪) પોતાના ઘરે હતી ત્યારે પતિ સંજીવ દારૂ પીને આવ્યો હતો અને મારકુટ કરી હતી દરમિયાન રોશનીનું ગળું દબાવી દીધું હતું અને માથું દીવાલમાં પછાડ્યું હતું જેથી ઇજાગ્રસ્ત રોશનીને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી રોશનીના લગ્ન પાંચ વર્ષ પહેલા થયા હતા. એક સંતાન છે. મૂળ ઉત્તરપ્રદેશના વતની છે. મેટોડા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

### નવાગામમાં ૮૫ વર્ષીય વૃદ્ધ પર હુમલો

નવાગામમાં તિરુપતિ સોસાયટીમાં જીઈબીની પાછળ રહેતા કરમશીભાઈ બચુભાઈ દેરવાણીયા (ઉંમર વર્ષ ૮૫) સાવરે ૧૧/૪૫ વાગે પોતાના ઘરે હતા ત્યારે જશુબેન, વિજય અને કલ્પેશે લાકડી વડે માર મારતા બીજા ગ્રસ્ત વૃદ્ધને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. બનાવો અંગે ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

### માથામાં ધોકો મારતા યુવાન ઈજાગ્રસ્ત

રાજકોટ નજીક નવા નારણકા ગામે શિવ શક્તિ હાઈવે હોટલ નજીક રહેતો દીપક ગોવિંદભાઈ પરમાર (ઉંમર વર્ષ ૩૫) ઘર પાસે હતો. ત્યારે સવારે ૧૦.૩૦ વાગ્યે શૈલેષ પારઘીએ ઝઘડો કરી માથામાં ધોકો મારી દેતા ઇજા થતા સર્વરમાં રાજકોટ સિવિલ હોસ્પિટલે ખસેડાયો હતો. પડધરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### ભાઈને બાઈક ન આપતાં છરી મારી દીધી



રાજાવડલા ગામે રહેતા અજય રાજેશ દલસાણિયા (ઉંમર વર્ષ ૧૮)ને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. તેણે જણાવ્યું કે, તે ગઈકાલે બપોરે ૧:૩૦ વાગે ઘરે હતો ત્યારે તેનો ભાઈ લાલજીએ બાઈક માંગ્યું હતું પણ લાલજી નશો કરતો હોવાથી બાઈક દેવાની ના પાડતા છરી અને પાઇપથી હુમલો કર્યો હતો. વાંકાનેર તાલુકા પોલીસે નિવેદન નોંધી આગળની કાર્યવાહી કરી હતી.

### ઢોરે ઢીક મારતા વૃદ્ધાને ઈજા

રાજકોટના અમદાવાદ હાઈવે પર સાત હનુમાન મંદિર નજીક ૬૮ વર્ષીય વૃદ્ધા મેઘાબેન લાલજીભાઈ ગઈકાલે બપોરે ચાલીને જતા હતા ત્યારે રખડતા ઢોરે ઢીંક મળતા વૃદ્ધાને ઈજા થઈ હતી તેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ૧૦૮ મારફત દાખલ કરવામાં આવ્યા હતા.

### આરતી સોસાયટીમાં ભરતભાઈ મકવાણાને વીજ કરંટ લાગતા સારવારમાં ખસેડાયા

શહેરના ઢેબર રોડ અટીકા વિસ્તારમાં આવેલ આરતી સોસાયટીમાં શ્રીજી એન્જિનિયરિંગ નામના કારખાનામાં કામ કરતી વખતે ભરતભાઈ કેશવજીભાઈ મકવાણા (ઉંમર વર્ષ ૬૭ રહે સહકાર મેઇન રોડ જમુના નગર ૩)ને વીજ કરંટ લાગતા તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. તેમના પરિવારજનોએ જણાવ્યું કે ભરતભાઈ કારખાના ના માલિક છે. કારખાનું બંધ કરતી વખતે વીજ દોરડા સહિતનો લેમ્પ અંદર લેતી વખતે વીજ કરંટ લાગતા પડી જતા કમરના ભાગે ઇજા થઈ હતી.

# આંબેડકર નગરમાં બંધબારણે જુગાર રમતા બુટલેગર હર્ષદ મહાજન સહિત ૬ શખ્સો પકડાયા

## માલવીયાનગર પોલીસનો દરોડોઃ પટમાંથી ૧.૨૩ લાખની રોકડ કબજે કરી



રાજકોટ.તા.૧૧

આંબેડકરનગર પાસે મકાનમાં જુગાર રમતા કુખ્યાત બુટલેગર હર્ષદ મહાજન સહિત છ શખ્સોને માલવીયાનગર પોલીસે ઝડપી લીધા હતાં. દરોડા દરમિયાન પોલીસે પટમાંથી ૧.૨૩ લાખની રોકડ કબજે કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

દરોડાની વિગત મુજબ, માલવિયા નગર પોલીસ મથકના પીઆઇ જે.આર.દેસાઇની રાહબરી હેઠળ પીએસઆઇ એમ.જે.ધાધલ તથા ટીમ પેટ્રોલિંગમાં હતી.દરમિયાન હેડ કોન્સ્ટેબલ અજય વીકમા, મયુરદાન બાટી, કોન્સ્ટેબલ ભાવેશ ગઢવી અને જયદિપસિંહ ભટ્ટીને મળેલી બાતમીના આધારે આંબેડકરનગર શેરી નંબર ૫, રામદેવપીર મંદિરથી આગળ,૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ વાલજી ભલા ગોહેલના મકાનમાં દરોડો પાડયો હતો. પોલીસે ત્યાં જુગાર રમતા મકાન માલિક વાલજી ભલા ગોહેલ ઉપરાંત નામચીન બુટલેગર હર્ષદ ઉર્ફે મહાજન માણેકલાલ માંડલીયા (રહે. દેવપરા, ભવાની ચોક, અંકુર સોસાયટી નંબર ૨, કોઠારીયા રોડ),દિલાવર સલીમ મકરાણી (રહે. નવી ઘાંચીવાડ શેરી નંબર ૪ જિલ્લા ગાર્ડન પાસે), કમલેશ ઉર્ફે નાથો ઇશ્વર નિમાવત (રહે. ગોપાલ પાર્ક,શેરી નંબર ૫,શિવસાગર હોલની બાજુમાં), શોકત હુસેન કરગથરા (રહે. નવી ઘાંચીવાડ શેરી નંબર.૬, જિલ્લા ગાર્ડન ચોક પાસે), અલ્તાફ અબ્દુલ ગોગદા (રહે. અંકુર સોસાયટી શેરી નંબર ૫, ભવાની ચોક, કોઠારીયા મેઈન રોડ)ને ઝડપી લીધા હતાં. પોલીસે પટમાંથી રૂ.૧.૨૩ લાખની રોકડ રકમ કબજે કરી આરોપીઓ સામે જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## ગંજીવાડા નાકે વરલીના આંકડા લેતો શબ્બીર ઠેબા ઝડપાયોઃ ક્રાઈમ બ્રાન્ચનો દરોડો



રાજકોટ. તા.૧૧

ગંજીવાડા નાકે વરલીના આંકડા લેતો શબ્બીર ઠેબાને ક્રાઇમ બ્રાન્ચની ટીમે પકડી પાડી કાર્યવાહી કરી હતી. દરોડાની વિગત મુજબ ક્રાઇમ બ્રાન્ચના હેડ કોન્સ્ટેબલ અર્જુનભાઈ ડવ, કૃષ્ણદેવસિંહ ઝાલા, હરસુખભાઈ સબાડ, જયદેવસિંહ પરમાર, મોહિલરાજસિંહ ગોહિલ, પોલીસ કોન્સ્ટેબલ પ્રશાંતભાઈ ચુડાસમા, ગોપાલભાઈ પાટીલ, મયુરસિંહ જાડેજા પેટ્રોલિંગમાં હતાં ત્યારે મળેલી બાતમીના આધારે ગંજીવાડા નાકે જયનાથ પેટ્રોલ પંપની આગળ જાહેરમાં શબ્બીર અલીમહમદ ઠેબા (રહે. ભારતનગર,શેરી નંબર ૩, પ્રહલાદ પ્રોવિઝન સ્ટોરની બાજુમાં,આઈટીઆઈ હોસ્ટેલ પાછળ આજીડેમ ચોકડી) ને વર્લીના આંકડા લેતા ઝડપી લીધો હતો. પોલીસે આરોપી પાસેથી રૂ.૧૨,૩૦૦ ની રોકડ કબજે કરી હતી.

# કેકેવી ચોક બ્રીજ હેઠળના ગેમ ઝોનમાં રી-ટેન્ડર કરવું પડયું : માત્ર એક પાર્ટીની જ ઓફર માન્ય

## ઉદઘાટનમાંથી બાદ કરાયેલા સ્પોર્ટસ એકટીવીટીના સ્થળનું સંચાલન આપવા માટે ફરી રાહ જોવાની નોબત

રાજકોટ, તા. ૧૧

કાલાવડ રોડ પર કેકેવી ચોક બ્રીજ હેઠળ બનાવવામાં આવેલા અને વિવાદમાં રહેલા ગેમ ઝોનનું સંચાલન સોંપવાની કાર્યવાહી વચ્ચે મનપાએ રી-ટેન્ડર કરવા પડયા છે. હવે નવેસરથી મનપાએ ઓફર મંગાવી છે.

રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ બ્રીજ હેઠળની જગ્યાઓમાં સ્પોર્ટસ એકટીવીટી વિકસાવવા આયોજન કરાયા છે. તેના ભાગરૂપે કેકેવી ચોક બ્રીજ હેઠળ ગેમ ઝોન બનાવવામાં આવ્યો હતો પરંતુ તેની સામે સલામતી સહિતના કારણોથી વિરોધ ઉઠયો હતો. મેયરે આ પ્રોજેકટ સાથે સંમતિ દર્શાવી ન હતી. અગાઉ રાજકોટ આવેલા મુખ્યમંત્રીના કાર્યક્રમમાંથી આ ગેમઝોનનું ઉદઘાટન બાદ કરી દેવામાં આવ્યું હતું.

વિવાદમાં આવેલા આ ગેમ ઝોનનું ઉદઘાટન હજુ કરાયું નથી પરંતુ જગ્યા તૈયાર થઇ ગઇ હોય, કોર્પો.એ સંચાલન આપવા ટેન્ડર બહાર પાડયા હતા. હવે મુદતમાં આવેલા ટેન્ડર ચકાસવામાં આવતા માત્ર એક પાર્ટી ટેકનીકલ માપદંડોમાં પાસ થઇ છે. આથી માત્ર એક એજન્સીની ઓફર ઉભી હોય, કોર્પો.એ તેને કામ આપી દેવાનું મુનાસીબ માન્યું નથી. આથી ફરી ટેન્ડર બહાર પાડીને ઓફર મંગાવવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે વર્ષે માત્ર બે લાખ ભાડાની અપસેટ નકકી કરવામાં આવી છે. આ ભાવ સામે પણ સવાલો ઉઠયા બાદ રી-ટેન્ડર કરાયા છે અને હવે નવી ઓફરની રાહ જોવી પડશે.

# શેરબજારમાં ઉછાળે વેચવાલીઃ મીડકેપ-સ્મોલકેપ શેરો ઘટયાઃ આંક ૧૧૦ પોઈન્ટ વધ્યો

## પાવર શેરોમાં સતત આકર્ષણઃ ઈન્ફોસીસમાં કરંટ

રાજકોટ તા.૧૧

મુંબઈ શેરબજારમાં આજે અનિશ્ચિત માહોલ હોય તેમ ઉછાળે વેચવાલી હતી. ખાસ કરીને મીડકેપ-સ્મોલકેપ શેરો દબાણ હેઠળ આવ્યા હતા. પાવર શેરોમાં સતત બીજા દિવસે આકર્ષણ હતું.

શેરબજારમાં આજે શરૂઆત સ્થિર ટોને થયા બાદ તેજીનો વળાંક આવ્યો હતો. નાણાં સંસ્થાઓની લેવાલી, ચોમાસુ ફરી એકટીવ થવાની આગાહી જેવા કારણોથી માનસ પ્રોત્સાહક હતુ. જો કે, હેવીવેઈટ શેરોમાં ઉછાળે વેચવાલીથી ઈન્ટ્રા-ડે ઉંચાઈ જળવાઈ શકી ન હતી. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે અમેરિકામાં હિંસા, રશિયા-યુક્રેન યુદ્ધ જેવા કારણ કે ઉભા જ હોવાથી સાવચેતી રાખવામાં આવતી હતી. શેરબજારમાં આજે ટાઈટન, અલ્ટ્રાટેક સિમેન્ટ, એચસીએલ ટેકનો, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ફોસીસ, મહીન્દ્ર, રિલાયન્સ, ટાટા મોટર્સ, વીપ્રો જેવા શેરોમાં સુધારો હતો. અદાણી પોર્ટ, બજાજ ફાઈનાન્સ, એચડીએફસી બેંક, કોટક બેંક, મારૂતી, પાવરગ્રીડ, સ્ટેટ બેંક, ભારત ઈલે, અદાણી એન્ટરપ્રાઈઝ વગેરેમાં ઘટાડો હતો.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૧૧૦ પોઈન્ટના સુધારાથી ૮૨૫૦૨ હતો તે ઉંચામાં ૮૨૭૮૩ તથા નીચામાં ૮૨૩૦૮ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૩૨ પોઈન્ટ વધીને ૨૫૧૩૬ હતો તે ઉંચામાં ૨૫૧૨૨ તથા નીચામાં ૨૫૦૮૧ હતો.

# ધ્રોલમાં હત્યાનો પ્રયાસ કરનાર શખ્સ રાજકોટના જસરાજ નગરમાંથી ઝડપાયો

## સોયલ ટોલનાકે હુમલો કરનાર રોનક નિમાવત એક વર્ષ બાદ પકડાયો, ક્રાઈમ બ્રાન્ચની કામગીરી



રાજકોટ.તા.૧૧

ધ્રોલના સોયલ ટોલનાકા નજીક એક વર્ષ પૂર્વે થયેલા જીવલેણ હુમલાના ગુનામાં ફરાર શખ્સ રોનક નિમાવતને રાજકોટ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઉમિયા ચોક નજીકથી દબોચી લઈ જામનગર પોલીસને સોપવા તજવીજ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ અને એસીપી ક્રાઈમ બી બી બસિયા દ્વારા મિલકત સંબંધી તથા શરીર સંબંધી ગુનામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવાની સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને ક્રાઈમ બ્રાન્ચ પીઆઇ એમ આર ગોંડલીયા, એમ.એલ ડામોર અને સી એચ જાદવની અલગ અલગ ટીમો પ્રયત્નશીલ હતી. દરમિયાન પીએસઆઇ એ એન પરમારની ટીમના હેડ કોન્સ્ટેબલ જયદેવસિંહ પરમાર, કૃષ્ણદેવસિંહ ઝાલા, હરસુખભાઈ સબાડ અને મોહીરાજસિંહ ગોહિલને મળેલ સંયુક્ત બાતમીના આધારે જામનગર જિલ્લાના ધ્રોલ પોલીસ મથકમાં એક વર્ષ પૂર્વે નોંધાયેલ જીવલેણ હુમલાના ગુનામાં ફરાર આરોપી રોનક સુખરામભાઇ નિમાવત (ઉ.વ. ૩૩ રહે, ફોર્ચ્યુન હોટલવાળી શેરી, પાર્થ વિદ્યાલય પાસે, રાજકોટ અને હાલ રહે. જસરાજ નગર શેરી નં-૪, ઉમિયા ચોક ૧૫૦ ફૂટ રીંગ રોડ,રાજકોટ)ને પકડી પાડી ધ્રોલ પોલીસને સોંપવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.

# બાપુનગર ચોક નજીક સીએનજી રિક્ષામાંથી દારૂની ૨૨૩ બોટલ ઝડપાઈઃ ચાલક ફરાર

## મોચી બજરમાંથી મહિલા, ભગવતીપરામાંથી શાહરુખ સાંધ દારૂ સાથે પકડાયો, ક્રાઈમ બ્રાન્ચ, એ. ડિવિઝન, બી.ડિવિઝન પોલીસની કાર્યવાહી

રાજકોટ તા.૧૧

બાપુનગર ચોક નજીક સીએનજી રિક્ષામાંથી દારૂની ૨૨૩ બોટલ, મોચી બજરમાંથી મહિલા, ભગવતીપરામાંથી શાહરુખ સાંધને પણ પોલીસે દારૂ સાથે પકડી કાર્યવાહી કરી હતી.

દરોડાની વિગત મુજબ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર ગોંડલીયા, એમ.એલ.ડામોર અને ચિરાગ જાદવની રાહબરીમાં પીએસઆઇ એસ.વી.ચુડાસમા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતા ત્યારે સાથેના કોન્સ્ટેબલ અરવિંદકુમાર ફતેપુરા, સંજય અલગોતર અને મહાવીરસિંહ જાડેજાને બાપુનગર ચોક નજીક હ્યુન્ડાઇના શોરૂમ પાસે પુલ પર એક સીએનજી રીક્ષા નં.જીજે-૩-બીએક્સ- ૮૭૪૬ માં ઇંગ્લિશ દારૂનો જથ્થો ભરેલ છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે દરોડો પાડી સીએનજી રીક્ષામાં તપાસ કરતા અલગ અલગ બ્રાન્ડની ૨૨૩ બોટલ દારૂની મળી આવતા ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે ૧.૩૬ લાખનો દારૂ, મોબાઈલ ફોન અને રીક્ષા મળી કુલ રૂપિયા ૧.૯૬ લાખનું મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જ્યારે રિક્ષાચાલક બ્રાન્ચની ટીમને જોઈ નાસી છૂટતા તેની શોધખોળ આદરી હતી.

બીજા દરોડામાં એ ડિવિઝન પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ કલ્પેશ બોરીચા અને કોસ્ટેબલ તેજસ ડેરને મળેલ ચોક્કસ બાતમીના આધારે મોચી બજાર શાકમાર્કેટ પાસે રોડ પરથી દારૂની ૪૮ બોટલ સાથે જશુબેન ઉર્ફે જશો મનોજ જાદવ (ઉ.વ.૪૫),( રહે ચુનારવાડ શેરી નંબર ત્રણ) ને પકડી પાડી રૂપિયા ૪૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ત્રીજા દરોડામાં બી ડિવિઝન પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે ભગવતીપરા નદીકાંઠેથી શાહરૂખ ઇશાક શાંધ (રહે ભગવતીપરા આશાભાભીની દરગાહની સામેની શેરી નદીના કાંઠે) ને પકડી પાડી તેની પાસેથી વિદેશી દારૂની ૧૩ બોટલ કબ્જે કરી કુલ રૂપિયા ૧૪૦૦૦ નો મુદ્દા માલ પકડી પાડ્યો હતો. તેમજ દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યો તે અંગે પોલીસે તપાસ આદરી હતી.

# આખલાએ ઢીકે ચડાવતા ઘવાયેલા નવાગામના ઈસ્માઈલભાઈ શેખનું મોત

## કુવાડવા રોડ પર પટેલ વિહાર રેસ્ટોરન્ટ પાસે ચાલીને જતા હતા ત્યારે બનાવ બન્યો

રાજકોટ, તા. ૧૧

શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ સતત વધી રહ્યો છે ત્યારે આજે કુવાડવા રોડ પર આખલાએ ઢીંકે ચડાવતા ઘવાયેલા નવાગામના ઇસ્માઇલભાઇ ઇદ્રીશભાઇ શેખ (ઉ.વ.૪૬)નું મૃત્યુ નિપજયું હતું.

આ અંગે મળતી વિગત મુજબ આજે બપોરના સમયે કુવાડવા રોડ પર આવેલ પટેલ વિહાર હોટલ પાસે ઇસ્માઇલભાઇ ચાલીને જતા હતા ત્યારે ભુરાયા થયેલા આખલાએ તેમને ઢીંકે ચડાવી ફંગોડી દીધા હતા. જમીન પર પટકાયેલા ઇસ્માઇલભાઇને માથાના ભાગે અને શરીરના અન્ય ભાગોમાં ઇજા થઇ હતી. કોઇ ૧૦૮ને જાણ કરતા તત્કાલ તેને હોસ્પિટલમાં ખસેડયા હતા જયાં તેમનું મોત નિપજયું હતું. કુવાડવા રોડ પોલીસના હેડ કોન્સ્ટેબલ પ્રશાંતભાઇ રાઠોડ સહિતના સ્ટાફે જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેહ પીએમ માટે ખસેડયો હતો. પુછપરછમાં જાણવા મળ્યું હતું કે મૃતક મજૂરી કામ કરતા હતા તેને સંતાનમાં એક દિકરો છે. બનાવથી પરિવારમાં શોક છવાયો છે.

# આકાશદીપ સોસાયટીમાં આવેલ કવાર્ટરમાં ચાલતા જુગારમાં દરોડોઃ પાંચ શખ્સો ઝડપાયા

## ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઇ એમ કે મોવલીયા અને ટીમનો દરોડોઃરૂ.૬૯૮૦૦ ની રોકડ જપ્ત

રાજકોટ. તા.૧૧

આકાશદીપ સોસાયટીમાં આવેલ કવાર્ટરમાં ચાલતા જુગારમાં ક્રાઈમ બ્રાન્ચની ટીમે દરોડો પાડી પાંચ શખ્સોને પકડી પાડી રૂ.૬૯૮૦૦ ની રોકડ જપ્ત કરી હતી.

દરોડાની વિગત મુજબ, ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઇ એમ.કે.મોવલીયાની રાહબરી હેઠળ એ.એસ.આઇ સંજયભાઈ રામજી દાફડા,રણજીતસિંહ પઢારીયા, કોન્સ્ટેબલ સંજય ખાખરીયા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન આકાશદીપ સોસાયટી શેરી નંબર ૩ના ખૂણે ત્રણ માળિયા ક્વાર્ટર બ્લોક નંબર ૨૩૧ નીચે આવેલ ક્વાર્ટર નંબર ૬૧ માં રહેતા ભરત રામજી રાઠોડના મકાનમાં દરોડો પાડયો હતો. પોલીસે ત્યાં જુગાર રમતા મકાન માલિક ભરત રામજી રાઠોડ, કરણ મગનભાઈ મંડલી (રહે. બાલકૃષ્ણ સોસાયટી શેરી નંબર ૧૯, સંત કબીર રોડ રામાપીર મંદિર સામે), પ્રવીણ મૂળ જોગવા (રહે. બાલકૃષ્ણ સોસાયટી શેરી નંબર ૧૭, સંત કબીર રોડ), સંજય જેઠા મુંધવા (રહે. ગોકુલનગર, શેરી નંબર ૫,સંત કબીર રોડ), ડાયા ગોવિંદ ફાંગલીયા (રહે. ગોકુલનગર શેરી નંબર ૪ સંત કબીર રોડ) પકડી પાડી રૂ. ૬૯,૮૦૦ રોકડ રકમ કબજે કરી હતી.

અન્ય એક દરોડામાં રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ શિવભદ્રસિંહ ગોહિલને મળેલી બાતમીના આધારે મવડી બાયપાસ શ્યામલ ચોક નજીક આવેલ ઝૂંપડા પાસે જાહેરમાં જુગાર રમતા ગોરધન જકશી સાડમિયા (રહે.શનિવારી બજાર, મચ્છી માર્કેટ રોડ પુલ પાસે ભીમ નગર નજીક), વિનોદ જોરુ સાડમિયા (રહે ફાલ્કન પાસે વાવડી ઇન્ડસ્ટ્રીયલ એરીયા), વજુ જોરુ સાડમિયા તથા સંજય દીલા વાઘેલા (રહે મવડી બાયપાસ રોડ નજીક)ને પકડી રોકડ રકમ રૂ.૬,૫૦૦ કબજે કરી જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

### રથયાત્રા–ભીડભાડમાં વૃદ્ધો–બિમાર લોકો ન જાય....આરોગ્ય મંત્રીની સલાહ

# રથયાત્રા, સ્કુલો શરૂ : કોરોનાના સતત વધતા કેસોથી ચિંતા

## ગુજરાતમાં સતત બીજા દિવસે નવા કેસો ૨૦૦ થી વધુઃ કુલ એકટીવ દર્દી ૧૨૨૭ તેમાંથી ૨૩ હોસ્પીટલમાં સારવાર હેઠળ



ગાંધીનગર તા.૧૧

ગુજરાતમાં કોરોનાના નવા કેસોની સંખ્યા સતત બીજા દિવસે ૨૦૦ થી વધુ રહી હતી અને સંક્રમણ સતત વધી રહ્યું હોવાથી રાજય સરકારે રથયાત્રા જેવા ધાર્મિક પ્રસંગો તથા સ્કુલ-કોલેજો ખુલવાને પગલે લોકોને વધુ સતર્ક રહેવાની સલાહ આપી છે. વૃદ્ધા-બિમાર લોકોને રથયાત્રા જેવા ભીડભાડવાળા પ્રસંગોથી દુર રહીને ઘેરથી જ દર્શન કરવા અનુરોધ કર્યો છે.

ગુજરાતમાં કોરોના સંક્રમણ સતત વધી રહ્યું છે. સતત બીજા દિવસે ચોવીસ કલાકનાં કેસોની સંખ્યા ૨૦૦ થી વધુ હતુ. સોમવારે ૨૦૫ મંગળવારે ૨૨૩ કેસ નોંધાયા હતા. આ સાથે એકટીવ કેસોની સંખ્યા ૧૨૨૭ થઈ હતી તેમાંથી ૧૨૦૪ હોમ આઈસોલેટ છે.જયારે ૨૩ હોસ્પીટલોમાં સારવાર હેઠળ છે.

દરમ્યાન રાજયનાં આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે કોરોનાથી ગભરાટ કે ચિંતા રાખવાની જરૂર ન હોવાનો પુનરોચ્ચાર કરવા સાથે એમ કહ્યું હતું કે ભગવાન જગન્નાથજીની રથયાત્રા જેવા પ્રસંગોમાં વૃધ્ધો-બિમારી લોકો રૂબરૂ દર્શન કરવાનો આગ્રહ રાખવાનાં બદલે ઘરબેઠા જ દર્શન કરે તે સલાહભર્યું છે.

૨૫ દિવસથી કોરોનાના કેસ વધી રહ્યા છે. તેને નવી લહેર કહી શકાય તેમ નથી.કારણ કે મુળ સંક્રમણ બાદ ચોથી વખત આ પ્રકારની સ્થિતિ છે. કેન્દ્ર સરકાર સાથે સતત સંપર્કમાં હોવાનો પણ તેમણે નિર્દેશ કર્યો હતો.

શરદી,ખાંસી, ગળામાં દુખાવા જેવા લક્ષણોમાં લોકો જાતે હોમ કવોરટાઈન થઈને સારવાર કરાવે આ લોકો તથા દર્દીઓ ભીડભાડથી બચે તેવી પણ સલાહ આપી હતી.

## વડાપ્રધાન મોદીને મળતા લોકો-મંત્રીઓ માટે કોરોના ટેસ્ટ ફરજીયાતઃ દેશમાં કુલ કેસ ૭૧૦૦ને પાર

### ચોવીસ કલાકમાં વધુ ૬ લોકોના મોતઃ સતત વધતું સંક્રમણ

ભારતમાં કોરોનાના સતત વધતા સંક્રમણ પર કેન્દ્રથી માંડીને રાજયોની સરકારો સતત નજર રાખી રહી છે ત્યારે ચોવીસ કલાકમાં નવા ૩૨૬ કેસ સાથે એકટીવ કેસોની સંખ્યા ૭૧૨૧ થઈ હતી.

આ દરમ્યાન ૬ લોકોનાં મોત થયા હતા તેમાં ત્રણ કેરળમાં, બે કર્ણાટકમાં તથા એકનું મહારાષ્ટ્રમાં મોત થયુ હતુ. અત્યાર સુધીનો કુલ મૃત્યુઆંક ૭૪ થયો હતો કેરળમાં નવા ૧૭૦ કેસ નોંધાયા હતા. દિલ્હીમાં નવા ૬૬ કેસ હતા.

દરમ્યાન કોરોના પર સતત વોચ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળતા લોકો માટે કોવીડ ટેસ્ટ ફરજીયાત બનાવાયો છે. પ્રધાનો-અધિકારીઓથી માંડીને તમામ માટે તે ફરજીયાત કરાયો છે.

# રાણપુરના ખસ ગામે સીમમાં ચાલતા જુગાર ધામમાં SMC ત્રાટકીઃ રાજકોટના બે સહિત ૧૦ ઝડપાયા

### રાજકોટનો હરેશ મુંધવા સહિત ચાર શખ્સો ફરારઃ સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે રોકડ, મોબાઈલ અને વાહનો મળી રૂા.૭.૪૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

રાજકોટ તા.૧૧

બોટાદના રાણપુર પંથકના ખસ ગામે સીમ વિસ્તારમાં ચાલતા જુગારધામમાં સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ ત્રાટકી હતી અને જુગાર રમતા રાજકોટના બે શખ્સો સહિત ૧૦ જુગારીઓને પકડી પાડી રોકડ, મોબાઈલ અને વાહનો મળી રૂા.૭.૪૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.



દરોડાની વિગત મુજબ સ્ટેટ મોનીટરીંગ સેલના ડીઆઈજી નિર્લીપ્ત રાયના માર્ગદર્શન હેઠળ ટીમો અલગ અલગ વિસ્તારોમાં પેટ્રોલીંગમાં હતી ત્યારે પીએસઆઈ કે.એચ. ઝણકાટ અને ટીમને મળેલ ચોકકસ બાતમીના આધારે રાણપુરના ખસ ગામે રણજીતસિંહ ચાવડાના ખેતરમાં જાહેરમાં ચાલતા જુગારમાં દરોડો પાડી જુગાર રમતા વિજયસિંહ રતનસિંહ મકવાણા, (રહે.બોટાદ) રજાક નુરમહમદ ચુડાસમા (રહે. નવા થોરાળા રાજકોટ) અવેશ સતાર સુવાન (રહે. ભાવનગર) સિધ્ધરાજસિંહ ભરતસિંહ લીંબોડા (રહે. ખસ રાણપુર) પૃથ્વીરાજસિંહ ભરતસિંહ મકવાણા (રહે. ખસ રાણપુર) વિરમ વિઠલ બોડીયા (રહે. પન્નવી રાણપુર) હેમા જગમાલ પરમારી (રહે. રાજકોટ) ઈકબાલ ઉસ્માન માલકણી, મહેબુબ ઈબ્રાહીમ બાવનકા અને હિતેન્દ્ર રમેશ કારીયા (રહે. ત્રણેય ભાવનગર)ને પકડી પાડી રોકડ રૂા.૪૯૨૦૦ ૧૧ મોબાઈલ અને પાંચ વાહનો મળી રૂા.૭.૪૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જયારે દરોડાની ગંધ આવી જતા રાજકોટ આજીડેમ ચોપડી પાસે રહેતા હરેશ મુંધવા, મનોજ, નરેશ અને એક અજાણ્યો શખ્સ નાસી છુટતા તેની શોધખોળ હાથ ધરી છે.

### ૧૫ યુવક–૧૪ યુવતી....જલ્સા પાર્ટી ચાલુ હતી ત્યારે જ પોલીસ ત્રાટકી

# ઉદયપુરના રિસોર્ટમાં 'સેકસ-રેકેટ'માં પકડાયેલા રાજકોટના ૯ યુવકો સિમેન્ટ-સ્ટીલના વેપારી

### સ્પોન્સર્ડ ઈવેન્ટ હતી કે વ્યકિતગત ગ્રુપ બનાવીને યુવતિઓને તેડાવી હતી? પોલીસની તપાસઃ થાનગઢ–ભાવનગરનાં યુવકો પણ હતા

ઉદયપુર તા.૧૧

ઉદયપુરનાં સ્વર્ણગઢ રીસોર્ટમાંથી પોલીસે મસમોટા સેકસ-રેકેટને પર્દાફાશ કર્યો હતો. તેમાં પકડાયેલા ૧૫ માંથી ૯ શખ્સો રાજકોટનાં જાણીતા વેપારીઓ હોવાનું બહાર આવતા વેપાર ઉદ્યોગ ક્ષેત્રમાં અનેકવિધ ચર્ચા શરૂ થઈ છે.દિલ્હી, મધ્યપ્રદેશ સહિતનાં રાજયોમાંથી ૧૪ યુવતીઓને બોલાવીને રાજકોટ સહિતના આ ૧૫ શખ્સોને મોજમજા માટેની વ્યવસ્થા કરી દેવાયાનું બહાર આવ્યું છે.



વેડીંગ વેસ્ટીનેશન તરીકે જાણીતા અને લેક સીટીની ઓળખ ધરાવતાં ઉદયપુરનાં પ્રતિષ્ઠિત સ્વર્ણગઢ રીસોર્ટમાં સેકસ રેકેટ ચાલી રહ્યાની ચોકકસ બાતમીનાં આધારે ઉદયપુરનાં પોલીસ વડા યોગેશ ગોયલે જાળ બિછાવી હતી. પોલીસ ટીમનાં જવાનોને ડમી ગ્રાહક

### પોલીસે નામ જાહેર કરતાં 'ટોક ઓફ ધ ટાઉન'

તરીકે મોકલ્યા હતા. પોલીસને એક રૂમ ફાળવવામાં આવ્યો હતો અને તેના દ્વારા રિસોર્ટ સંચાલક હર્ષવર્ધન તથા મહિલા કર્મચારી નરગીસનો સંપર્ક કરાયો હતો. બન્નેએ 'ઈવેન્ટ'ના નામે છોકરીઓ મોકલવાની ઓફર કરી હતી. ઈવેન્ટનાં નામે દેહવ્યાપાર ચાલુ જ હોવાનું અને ડઝનથી વધુ યૂવક-યુવતીઓ તેમાં મદમસ્ત હોવાનું માલુમ પડયુ હતું.

રીસોર્ટમાં ચાલતા ઈવેન્ટ દરમ્યાન યુવક-યુવતીઓ નશાની હાલતમાં તથા અશ્લીલ કઢંગી સ્થિતિમાં મદમસ્ત હતા. ત્યારે પોલીસ ત્રાટકી હતી. જેને પગલે નાસભાગ મચી હતી.યુવક-યુવતીઓ કપડા સરખા કરવા લાગ્યા હતા. પરંતુ પોલીસે તમામને પકડી લીધા હતા.

પોલીસના સુત્રોએ કહ્યું કે રિસોર્ટની સેકસપાર્ટીમાંથી કુલ ૧૫ યુવક તથા ૧૪ યુવતીની ધરપકડ કરવામાં આવી હતી. પકડાયેલા યુવકે મોટાભાગે રાજકોટ ગુજરાતનાં જ હતા અને તેમની ઓળખ પણ થઈ હતી.

પકડાયેલા શખ્સોમાં રાજકોટનાં કલ્પેશ ચોટલીયા, પ્રવિણ હિરાણી, હર્ષિત અજમેરા, વિપુલ પીપળીયા, મિહીર ચૌહાણ, નિલેશ નકલાણી, અર્જુનસિંહ ચૌહાણ, આશીષ, અશ્વીન ઉપરાંત ભાવનગરનાં આશીષ જોશી, ભારત ધાબાઈ, દર્શન, મુકેશ તથા થાનગઢનાં નિતેશ ડોડીયા અને અમદાવાદમાં મૃણાલ સોલંકીનો સમાવેશ થાય છે. અમુક યુવક નાસી ગયા હતા તેમની શોધખોળ ચલાવવામાં આવી રહી છે.

પકડાયેલા શખ્સો સ્ટીલ-સીમેન્ટનાં વેપાર સાથે સંકળાયેલા હોવાથી કોઈ કંપનીનાં 'સ્પોન્સર' કાર્યક્રમ માટે ગયા હતા કે કેમ તે દિશામાં તપાસ ચલાવવામાં આવી રહી છે. જલ્સા પાર્ટીનાં આયોજનમાં આ શખ્સોની સીધી સંડોવણી હતી કે ઈવેન્ટ મેનેજમેન્ટ મારફત વ્યવસ્થા કરાઈ તે વિશે પણ તપાસ કરવામાં આવી છે. પોલીસના સુત્રોએ એમ કહયું કે યુવકોને જલ્સા કરાવવા દિલ્હી, ઉતરપ્રદેશ, મધ્યપ્રદેશ, તથા હરીયાણામાંથી આ યુવતીઓને બોલાવવામાં આવી હતી.

**પકડાયેલાનાં નામ**

| નામ | શહેર |
|---|---|
| કલ્પેશ ચોટલીયા | રાજકોટ |
| પ્રવિણ હીરાણી | રાજકોટ |
| હર્ષિત અજમેરા | રાજકોટ |
| આશીષ | રાજકોટ |
| મૃણાલ અશ્વીન | રાજકોટ |
| મિહીર ચૌહાણ | રાજકોટ |
| વિપુલ પીપળીયા | રાજકોટ |
| નિલેશ મકલાણી | રાજકોટ |
| અર્જુનસિંહ ચૌહાણ | રાજકોટ |
| આશીષ જોશી | ભાવનગર |
| મુકેશ ડાંગર | ભાવનગર |
| ભરત ડાભી | ભાવનગર |
| દર્શન ચુડાસમા | ભાવનગર |
| નિતેશ ડોડીયા | થાનગઢ |
| મૃણાલ સોલંકી | અમદાવાદ |

### બન્ને બેઠકો પર ત્રિપાંખીયો જંગઃ આપ–ભાજપ મુખ્ય હરીફ

# વિસાવદર-લુધીયાણા પેટાચૂંટણી રાષ્ટ્રીયસ્તરે ચર્ચામાં








## બન્નેમાં સુકાન ગુજરાતીઓ પાસેઃ વિસાવદરમાં સી.આર.પાટીલ–લુધીયાણા વિજય રૂપાણી પક્ષને જીતાડવા મેદાને

રાજકોટઃ

દેશમાં હવે વિધાનસભાની પેટાચૂંટણીમાં પણ રસપ્રદ બનવા લાગી છે અને તેની નોંધ રાષ્ટ્રીય કક્ષાએ લેવાય છે. જેમાં હાલમાં ગુજરાતની વિસાવદર અને પંજાબની લુધીયાણા ધારાસભા બેઠક સૌથી વધુ ચર્ચામાં છે. વિસાવદર બેઠક એટલે ચર્ચામાં છે કે ગુજરાતમાં ૧૫૬ બેઠકો જીત્યા પછી પણ વિસાવદર બેઠક ભાજપ ૧૮ વર્ષથી જીતી શકી નથી અને છેલ્લી બે ચૂંટણીમાં ભાજપે પક્ષાંતર કરાવીને પછી જીતેલા ઉમેદવારને પોતાની સાથે રાખવા પ્રયાસ કર્યા છે તો લુધીયાણા બેઠકમાં 'આપ'ને પેટાચૂંટણી જીતવાની સાથે કેજરીવાલને દિલ્હીમાં રાજયસભા મોકલવાના છે. ગુજરાતમાં વિસાવદર ટફ છે. કડી સરળ છે અને પાટીલ બે દિવસ વિસાવદર રોકાઈ ગયા. તેઓએ કહ્યું કે વિસાવદરની જનતાએ ૨૦૧૨-૨૦૧૭-૨૦૨૨માં ભુલ કરી હતી.

હવે તે ભુલ સુધારાની છે પણ અહી ૨૦૧૨માં મતદારોએ ભુલ કરી તે મુદ્દો આમ આદમી પાર્ટીએ પકડી લીધા છે. કારણ કે ૨૦૧૨માં ભાજપના જ એક સમયના

### પાટીલે કેશુભાઈને ચૂંટયા તે 'ભુલ' હતી તેવું કહ્યું! 'આપ' એ મુદો ઉપાડયો

દિગ્ગજ નેતા કેશુભાઈ પટેલ આ બેઠક જીત્યા હતા. જો કે તેઓ જીપીપીની ટિકિટ પર જીત્યા અને ભાજપના ભાલાળાને હરાવ્યા હતા પણ બાદમાં કેશુભાઈએ ભાજપ સાથે સમાધાન કર્યુ અને પોતે બેઠક ખાલી કરી તે બેઠક પર તેના પુત્ર ભરત પટેલને ભાજપે ટિકિટ મળી પણ તેઓ હાર્યા.

આપ કહે છે કે કેશુભાઈને જીતાડીને મતદારોએ 'ભુલ' કરી તેમ કહીને પાટીલે સ્વ. કેશુભાઈ પયેલનુ અપમાન કર્યુ છે અને વિસાવદરની જનતાએ તેનો જવાબ આપવાનો છે.

**લુધીયાણામાં વિજય રૂપાણી**

બીજી તરફ લુધીયાણા બેઠક પર ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પંજાબના ઈન્ચાર્જ તરીકે આ બેઠક ભાજપના ખાતામાં જાય તેમાં કોઈ કસર છોડવા માંગતા નથી અને તેઓએ લુધીયાણામાંજ મુકામ કર્યા છે. રસપ્રદ બાબત એ છે કે લુધીયાણા લોકસભા બેઠક પર 'આપ'ના ઉમેદવાર ત્રીજા ક્રમે રહ્યા હતા અને બેઠક કોંગ્રેસે જીતી હતી. આ બેઠક હેઠળ નવ ધારાસભા આવે છે. જેમાં 'આપ'ને ફકત આ લુધીયાણા વેસ્ટ જ મળી છે.

આ બેઠક પર કેજરીવાલે જાહેર કર્યુ કે 'આપ'ના સંજીવ અરોરાને જીતાડો પછી બીજો દિવસે તે કેબીનેટમાં હશે. કેજરીવાલ અરોરાની ખાલી થયેલી બેઠક પર રાજયસભામાં જવા માંગે છે તેવા સંકેત છે પણ લુધીયાણાની ખાસીયત છે કે તેના જે કોઈ ઉમેદવાર ચુંટાય છે તે પહેલા ખ્યાતિ મેળવે છે બાદમાં વિવાદ સપડાય છે.

**સ્મૃતિ ઈરાની ૧૧ મહિને**

## હર્ષ સંઘવી વિસાવદર પહોંચ્યા : ચૂંટણીમાં જવાહર ચાવડાની સક્રિયતા પણ ચર્ચામાં

રાજકોટ, તા. ૧૧

વિસાવદરની ચૂંટણીમાં હવે ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવીની એન્ટ્રી થઇ છે તેઓ આજે વિસાવદર પહોંચ્યા હતા અને અહીં સભાને સંબોધી હતી બીજી તરફ આ ચૂંટણીમાં માણાવદરના પૂર્વ ધારાસભ્ય જવાહર ચાવડા પણ અંદરખાને સક્રિય હોવાની ચર્ચાએ ભાજપની ઉંઘ હરામ કરી દીધી છે. ચાવડાએ આમ આદમી પાર્ટીની તરફેણમાં ઝુકાવ્યું હોય તેવી ચર્ચા છે અને તેથી જ ભાજપે તે કેટલું ડેમેજ કરી શકશે તે જાણવા માટે પક્ષના નેતાઓને જણાવ્યું છે. જવાહર ચાવડા લાંબા સમયથી ભાજપથી નારાજ હોવાનું બહાર આવ્યું છે.

**અમેઠી પહોંચ્યા**

૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પરાજીત ભાજપના મહિલા નેતા સ્મૃતિ ઈરાનીએ તો તેની ટીવી કેરીયર ફરી શરૂ કરી દીધી

### ૩૫૫ દિવસ બાદ પ્રથમ વખત સ્મૃતિ ઈરાની અમેઠી પહોંચ્યાઃ દીદીના સંબંધો યાદ કર્યા

હતી પણ પક્ષે તેને ફરી અમેઠી મોકલ્યા છે. તેઓ ચુંટણી હારી ગયા બાદ પ્રથમ વખત ગઈકાલે અમેઠી પહોંચ્યા. અહી તેઓ અહિલ્યાબાઈ હોલ્કર જયંતિ સમારોહમાં ભાગ લેવા આવ્યા હતા. અમેઠીમાં તો સ્મૃતિએ રહેણાંક મકાન પણ બનાવી રાખ્યુ હતું પણ તેઓએ નેતા સ્ટાઈલ બતાવી નહી. રાહુલ ગાંધી કે કોંગ્રેસ પર પ્રહાર ન કર્યા. પોતાનું તૈયાર પ્રવચન વાંચી ગયા અને છતા કહ્યું કે આજે પણ અમેઠીની દીદી છું. મારો ભલે લોહીનો સંબંધ ન હોય પણ સંઘર્ષનો સંબંધ છે અને તે સંબંધ મારી અર્થી ઉઠયા પછી જ તૂટશે.

## જંગલેશ્વરમાં ટીબી થયા બાદ ૩૦ વર્ષીય આરતી વર્માનું મોત

### ગાંધી વસાહત સોસાયટીમાં ૪૭ વર્ષીય કાંતિભાઈ જાદવનું બેભાન હાલતમાં સારવારમાં મોત

રાજકોટ, તા.૧૧

શહેરના જંગલેશ્વર શેરી નંબર ૨૨ માં રહેતી આરતી રાજેશભાઈ વર્મા ઉંમર વર્ષ ૩૦ આજે સવારે ૮:૦૦ વાગે પોતાના ઘરે હતી ત્યારે બેભાન થઈ ગઈ હતી તેને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડતા સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. પરિવારજનો જણાવ્યું કે આરતીના લગ્ન ત્રણ વર્ષ પહેલા થયા હતા. તેને ટીબી ની બીમારી હતી અને જેની સારવાર ચાલુ હતી. પરણીતાના મોતથી પરિવારમાં શોક છવાયો હતો. ભક્તિનગર પોલીસે કાગળ કાર્યવાહી કરી હતી. બીજા એક બનાવમાં મોરબી રોડ પર ગાંધીવાસ સોસાયટીમાં કાંતિભાઈ હીરાભાઈ જાદવ ઉંમર વર્ષ ૪૭ વહેલી સવારે ૬:૦૦ વાગે પોતાના ઘરમાં બેભાન થઈ જતા તેને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા મૃત્યુ નીપજ્યું હતું. પરિવારજનો એ જણાવ્યું કે, કાંતિભાઈને નશો કરવાની ટેવ હતી. તેઓ એકલા જ રહેતા હતા. બે ડિવિઝન પોલીસે જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેહ પીએમ માટે ખસેડ્યો હતો.

## સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાંથી બાઈકની ચોરી કરનાર હાર્દિક બાલસરા પકડાયો

રાજકોટ,તા.૧૧



એ ડિવિઝન પોલીસે પેટ્રોલીંગ દરમિયાન સિવિલ હોસ્પિટલમાંથી થયેલ બાઈક ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે. ચોરાઉ બાઈક સાથે એક શખ્સને ઝડપી લઈ બાઈક કબ્જે લીધુ હતું.

પીઆઈ.બીવી બોરીસાગરની સુચના મુજબ ડી સ્ટાફના હે.કોન્સ સાગરભાઈ માવદીયા, ધર્મેશભાઈ ખાડેખાએ જયુબેલી ચોક પાસેથી હીરો હોન્ડા બાઈક સાથે શકમંદ હાર્દિક જીલુભાઈ બાલસરા રે.નવાગામ રાજકોટ મુળ સોખડા તા.માળીયા મીયાણાને ઝડપી લઈ પુછપરછ કરતા હાર્દિક આ બાઈક ૧૦ દિવસ પહેલા સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાંથી ચોરી કરી હોવાની કબુલાત આપી હતી.

## વકફ બોર્ડે પોતાના જ ઠરાવની વિરૂધ્ધ જઈ હઝરત ગેબનશાહ પીર દરગાહ ટ્રસ્ટમાં વહીવટદારની નિમણુંક કરી છેઃ યુસુફભાઈ દલ

### આધાર–પુરાવા વગર ભ્રષ્ટાચારના આક્ષેપો કરનારને લપડાક

રાજકોટ તા.૧૧

વકફ બોર્ડે પોતાના ઠરાવની વિરૂધ્ધ જઈ હઝરત ગેબનશાહ પીર દરગાહ ટ્રસ્ટમાં વહીવટદારની નિમણુક કરી છે તેમ આ ટ્રસ્ટના પ્રમુખ યુસુફભાઈ દલે એક નિવેદનમાં જણાવી ઉમેર્યુ હતું કે ગુજરાત રાજય વકફ બોર્ડના અધ્યક્ષ ડો. મોહસીનભાઈ લોખંડવાલા, કચેરી અધ્યક્ષ મુસ્તાકભાઈ શેખ અને સભ્ય આસીફ કાદરભાઈ સલોતે ચર્ચા વિચારણા કરી વકફ બોર્ડના સભ્યોની હાજરીમાં અને સહમતીથી હઝરત ગેબનશાહ પીર દરગાહ સહિત ટ્રસ્ટમાં વર્ગ-૧ના વહીવટદારની નિમણુંક કરવાનું ઠરાવાયું હતું. બાદમાં અધ્યક્ષ ડો.મોહસીનભાઈ લોખંડવાલા દ્વારા અહીં વહીવટદાર તરીકે માણાવદરના વતની હુસેનભાઈ દલની નિમણુંક કરવામાં આવેલ હતી. હુસેનભાઈ દલ ના.મામલતદાર તરીકે નિવૃત થયા છે. પરંતુ તેઓની દરગાહ શરીફ ટ્રસ્ટમાં વહીવટદાર તરીકે કરાયેલ નિમણુંક વકફ બોર્ડે તેના જ ઠરાવની વિરૂધ્ધ જઈ કરી છે.

વધુમાં તેઓએ એમ પણ જણાવ્યું છે કે આ ટ્રસ્ટમાં વર્ગ-૧ના બદલે તેનાથી નીચેની કેડરના વર્ગ-૩ના કર્મચારીની વકફ બોર્ડે નિમણુંક કરી ધજીયા ઉડાડી દીધી છે પરંતુ આ વહીવટદારની નિમણુંકથી આ ટ્રસ્ટના વહીવટ સામે ભ્રષ્ટાચારના થયેલા આક્ષેપોને કલીન ચીટ મળી જવા પામી છે. યુનુસ (લક્કી) તથા યુનુસભાઈ (જયહિન્દ વાળા)ને આ સબક છે કે હલકી પ્રસિધ્ધી મેળવવા માટે આ બન્નેએ જે આધાર પુરાવા વગરના ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા હતા તે વકફ બોર્ડે ખારીજ કરી દીધા છે. જે આવા લોકોને વકફ બોર્ડની લપડાક સમાન છે. અને અમારા ટ્રસ્ટ માટે આ મોટી સફળતા છે. લોકોનો વિશ્વાસ અહીં અતૂટ રહે કે અહીં કોઈ જ ભ્રષ્ટાચાર થયેલ નથી આ અમારી શ્રધ્ધાની જીત છે તેમ યુનુસભાઈ દલે હઝરત ગેબનશાહ પીર દરગાહ શરીફ ટ્રસ્ટી મંડળ વતી જણાવ્યું હતું.

## અવસાન નોંધ

રાજકોટ : સ્વ.કાશીબેન તથા સ્વ.લાલજીભાઇ પિતાંબરદાસ પુજારાની પુત્રી હંસાબેન જયંતિલાલ ભગદેવ (ઉ.વ.૭૯) તે સ્વ. વિનોદભાઇ પુજારાના બહેન તથા ચંદ્રીકાબેન પુજારાના નણંદ અને નલીનભાઇ, સ્વ. કીરીટભાઇ, રાજુભાઇ તથા અનિતા આહ્યાના માસીનું તા.૧૦ના રોજ અવસાન થયું છે. તેમનું ટેલીફોનિક બેસણું તા.૧૨-૬ને ગુરૂવારે સાંજે ૫ થી ૬, નલીનભાઇ આહ્યા (૯૪૨૭૨ ૨૦૮૬૭) અનીતાબેન આહ્યા (૯૮૨૫૧ ૫૧૭૦૭) તથા ચંદ્રિકાબેન પુજારા (૯૩૭૪૧ ૦૮૯૮૨) પર રાખેલ

### ૨૫ જેટલી શૈક્ષણિક સંસ્થાઓને નોટીસ ફટકારાયા બાદ પગલાં લેવામાં શિક્ષણ તંત્ર હજુ નિષ્ક્રીય

# DEOની નોટીસ છતા ખાનગી શાળાઓમાં હજૂ પુસ્તકો-સ્ટેશનરી-યુનિફોર્મના ધંધા ચાલુ

### નિર્મલા–ઉદ્‌ગમ તપોવન સહિતની સ્કૂલો દ્વારા વાલીઓને ખંખેરવાનો કારસોઃ કોંગ્રેસ–પગલા નહી લેવાય તો શિક્ષણાધિકારી કચેરીને ઘેરાવની ચેતવણી

રાજકોટ,તા.૧૧

નવા શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જ ખાનગી શાળાઓના વેપારી સંચાલકો દ્વારા વિદ્યાર્થી અને વાલીઓને ચોક્કસ સ્થળેથી ખરીદી કરવા દબાણ કરવામાં આવતા હોવાનું સામે આવતા DEO દ્વારા ૨૫ શાળાઓને નોટિસ ફટકારી હતી.પરંતુ તેમ છતા હતભ પેધી ગયેલા સંચાલકોએ હજુ પણ વેપારીનિતી જાળવી રાખી હવે રાહત દરના નામે વાલીઓને ખંખેરવાનું શરૂ રાખેલ છે.તેમ કોંગ્રેસના વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપૂતે જણાવ્યુ છે.તેમજ આ બાબતે શિક્ષણાધિકારીને ગઈકાલે ત્રણ સ્કૂલોના પુરાવા સહિત રજૂઆત કરતા શિક્ષણ વિભાગ દ્વારા ત્રણેય સ્કૂલોને નોટિસો ફટકારવામાં આવી હોવાનું જાણવા મળ્યુ છે. રોહિતસિંહ કરેલી રજૂઆતમા જણાવ્યુ હતું કે જીલ્લા શિક્ષણ વિભાગની કચેરીએ કરેલા પરિપત્ર મુજબ કોઈપણ ખાનગી શાળા વિદ્યાર્થીઓને કોઈ ચોક્કસ સ્થળેથી (દુકાન, મોલ કે સ્ટોર) પુસ્તક કે યુનિફોર્મ કે અન્ય ચીજ વસ્તુઓ લેવા માટે મજબૂર (ફરજ) કરી શકતી નથી. દરેક વાલીઓએ પોતાના બાળક માટે બજારમાંથી પોતાની સગવડ મુજબ પસંદગીના વેચાણકર્તા પાસેથી પુસ્તક કે ડ્રેસ ખરીદી શકે છે અને એ હક્ક તેમને સરકાર તરફથી અપાયો છે. તેમ છતા રાજકોટની નિર્મલા કોન્વેન્ટ સ્કૂલમા વિદ્યાર્થીઓના વાલીઓને સ્કૂલ તરફથી એક કાર્ડ આપવામાં આવે છે જેમા લિબર્ટી સ્ટોરની નામ સહિત જ યુનિફોર્મ, પાઠયપુસ્તક સહિતની વસ્તુઓની ખરીદી માટે ફરજ પાડવામાં આવે છે,આ જ રીતે ઉદગમ સ્કૂલમા પણ આ જ રીતે સર્ક્યુલરો મોકલવામાં આવે છે. બંને સ્કૂલોના અમારી પાસે પુરાવાઓ આપ્યા છે જે બીડાણમા પણ જોડાયા છે.વધુમા તા.૧ ના અમે તપોવન સ્કૂલ આ મામલે ફરિયાદ બાદ તા.૩ જેને શિક્ષણાધિકારી તરફથી નોટીસ આપ્યા બાદ તા.૬ ના આ સ્કૂલે નોટિસને ગણકારીને સ્કૂલની બાજુમાં એક ખાનગી બુકસ્ટોરને બોલાવીને વિદ્યાર્થીઓને બુક્સ લેવા બોલાવેલા જેમાં પુરાવારૂપી વીડિયો પણ મળ્યો છે. વધુમા જણાવ્યુ હતું કે થોડા સમય અગાવ પણ આપની કચેરી દ્વારા આ મુદે ૨૫ જેટલી શાળાઓને નોટિસ ફટકારવામા આવી હતી બાદમા કોઈ પણ જાતની આગળ કાર્યવહી ધપી નથી તે ક્યાંક શંકા ઉપજાવે છે કે શિક્ષણવિભાગ આવા શિક્ષણમાફીઓને છાવરી રહ્યું છે ? ૫ દિવસમાં આ તમામ સ્કૂલો પર નક્કર કાર્યવાહી કરવામા આવે તેવી માંગ કરી હતી.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૩૧૫-૨૩૬૫ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૨૬૫-૨૩૧૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૧૦-૨૧૬૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૦૬૦-૨૧૧૦ |
| પામોલીયન તેલ | ૧૮૫૦-૧૮૫૫ |
| મસ્ટર્ડ તેલ | ૨૦૯૦-૨૧૩૦ |
| સનફલાવર તેલ | ૨૦૬૦-૨૦૮૦ |
| મકાઇ તેલ | ૧૯૧૦-૧૯૨૦ |
| વનસ્પતિ ઘી | ૨૦૫૦-૨૦૭૦ |
| કોપરેલ | ૪૯૦૦-૫૧૦૦ |
| દિવેલ | ૨૧૭૦-૨૧૯૦ |



**સોનુ–ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) | ચાંદી |
|---|---|
| ૯૯૭૦૦(+૨૦૦) | ૧૦૯૩૦૦(+૩૦૦) |




# દશનામ ગોસ્વામી જાગૃતિ મંડળ દ્વારા રવિવારે નોટબુક વિતરણ તથા વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ યોજાશે

## જ્ઞાતિના ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને વિતરણ કરાશે

રાજકોટ, તા.૧૧

શ્રી દશનામ ગોસ્વામી જાગૃતિ મંડળ રાજકોટ છેલ્લા ૩૨ વર્ષથી સ્વજ્ઞાતિનાં વિદ્યાર્થીઓના ટોકન દરે નોટબુક વિતરણ તથા વિદ્યાર્થી સન્માનનો કાર્યક્રમ કરી રહેલ છે. આ વર્ષે તા. ૧૭/૦૬/૨૦૨૫ ને રવિવારનાં રોજ સવારે ૮:૦૦ કલાકે પૂ. રણછોડદાસજી બાપુ કોમ્યુ. હોલ આનંદનગર મેઈન રોડ રાજકોટ ખાતે દશનામ ગોસ્વામી જ્ઞાતિનાં વિદ્યાર્થીઓ માટે ટોકન દરે વહેલા તે પહેલાના ધોરણે નોટબુક વિતરણ અને સાથે સાથે વિદ્યાર્થી સન્માનનાં કાર્યક્રમની તૈયારીનાં ભાગરૂપે માર્કશીટની નકલ પણ એકત્ર કરવાની કામગીરી કરવામાં આવનાર છે.

નોટબુક લેવા માટે ધો.૧ થી કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓએ ઓરીજનલ માર્કશીટ ફરજીયાત સાથે લાવવાની રહેશે.આ કાર્યક્રમ બાદ ઓકટોમ્બર- ૨૦૨૫માં તેજસ્વી વિદ્યાર્થી સન્માનનો કાર્યક્રમ યોજાનાર છે.આ નોટબુક અંદાજે ૧૨,૦૦૦ જેટલી માત્રામાં તૈયાર કરવામાં આવે છે અને જ્ઞાતિના ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.

આ આયોજન સફળ બનાવવા જયોતિષગીરી રામગીરી,પ્રવિણભારથી ધરમભારથી,વિપુલગિરિ પરસોતમગિરિ, પ્રમોદપુરી મોહનપુરી, ધર્મેન્દ્રગીરી ચાતુરગીરી, સુરેશગીરી શાંતિગીરી,પંકજગીરી અશોકગીરી, વિનોદભારથી સજીવન ભારથી, અશ્વિનગીરી હીરાગીરી, રવિગીરી મહેશગીરી, મહેશગીરી શંભુગીરીએ સાંજ સમાચારની મુલાકત લીધી હતી.





# બ્રહ્માકુમારીઝ હેપીવિલેજ ખાતે રચનાત્મક શિવશકિત લીડરશીપ કાર્યક્રમ યોજાયો

રાજકોટ,તા.૧૧

જેમ છત્રીની એક તાર પણ તૂટેલ હોય તો છત્રી કામ ન આવે તેમ પરમાત્મા સાથે પણ સર્વ સંબંધો નો તાર જોડવાથી જીવન સુરક્ષિત બને છે. આ વિચારો બ્રહ્માકુમારીઝ માઉન્ટ આબુ થી પધારેલ સંયુક્ત પ્રસાસિકા બ્રહ્માકુમારી સુદેશ દીદીએ આપ્યા હતાં.

મહિલાઓમાં આપસમાં સ્નેહ, એકતા અને વિશ્વાસનો ભાવ જાગે સ્વયં સશક્ત બની પરિવાર, સમાજની સુરક્ષા કરે....

તે લક્ષ્યથી ગુજરાત જોન ડાયરેક્ટર બ્રહ્માકુમારી ભારતી દીદીજીના માર્ગદર્શન હેઠળ બ્રહ્માકુમારીઝ હેપ્પી વિલેજ ખાતે એક દિવસીય શિવ શક્તિ લીડરશીપ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ..

વિશેષ આ કાર્યક્રમમાં મહિલાઓના પ્રેરણા સ્ત્રોત પ્રીતિ ગુગનાની, સિદ્ધિજોહરીની ઉપસ્થિતિ રહી. જેઓ એ પોતાના જીવનના અનુભવોથી સૌને પ્રેરણા આપી.

તેમજ ડોક્ટર દર્શિતાબેન શાહ (M.L.A) નયનાબેન પેઢડીયા, (મેયર રાજકોટ) દર્શનાબેન પટેલ (અધ્યક્ષ ક્રિડાઈ મહિલા વિંગ ડેકોરા ગ્રુપ), જ્યોતિબેન ટીલાડા (ઉમા સારથી ફાઉન્ડેશન), ડોક્ટર દર્શનાબેન પંડ્યા, સોનલબેન ફળદુ( પ્રિન્સિપલ સરોજિની હાઇસ્કુલ) વગેરે ઉપસ્થિત રહ્યા.

## શ્રી ઋષભદેવ સ્થાનકવાસી જૈન સંઘ સંચાલિત

# શ્રી સંભવનાથ સ્થા. જૈન ઉપાશ્રયનો શુક્રવારે ઉદ્ઘાટન સમારોહ યોજાશે

રાજકોટ તા.૧૧

ગોંડલ ગચ્છના ગૌરવવંતા રત્ન ગુરૂ ભગવંત બા.બ્ર. પૂજયશ્રી રાજેશમુનિજી મહારાજ સાહેબની કૃપાથી ઋષભદેવ સ્થા.જૈન સંઘ, રાજકોટ સંચાલિત સર્વે શ્રીસંઘોમાં સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ રૂપ મોક્ષ માર્ગ આરાધના વિશેષરૂપે થઈ રહેલ છે.

શ્રી ઋષભદેવ સંઘની ઉત્તમ ભાવના રહી છે કે દરેક ક્ષેત્રમાં આચારવંત શ્રાવક- શ્રાવિકાજીઓ નિર્દોષ સાધના-આરાધના પોતાના ઘરની નજીક જ કરી શકે તે માટે શ્રીસંગ સંચાલિત અને કાયમી ધર્મસ્થાનક સંકુલની વ્યવસ્થા કરવી. જેના ફળશ્રુતિરૂપ શ્રી ઋષભદેવ સંઘ (હનુમાન મઢી પાસે), શ્રી ઋષભાનન સ્થા. જૈન સંઘ (જામનગર રોડ), શ્રી પાર્શ્વનાથ સ્થા. જૈન સંઘ (મહિલા કોલેજ અંડરબ્રીજ પાસે), શ્રી શાંતિનાથ પૌષધશાળા (કાલાવડ રોડ), શ્રી શીતલનાથ સ્થા. જૈન સંઘ (મીલપરા), શ્રી સુમતિનાથ સ્થા. જૈન સંઘ (ગીતાનગર મે.રોડ) આદિ શ્રી સંઘોની વ્યવસ્થા શ્રી ઋષભદેવ સ્થા.સંઘ દ્વારા કરવામાં આવેલ છે.

સાધુ વાસવાણી રોડ નજીક ૫૦૦થી વધારે જૈન પરિવારો હાલ નિવાસ કરી રહ્યા છે તથા સતત વધારો થઈ રહ્યો છે, તે ક્ષેત્રમાં નંદનવન પાર્ક, રાજકોટ ખાતે સંભવનાથ જૈન સંઘનું નિર્માણ થયેલ છે. (ચંદનપાર્ક મેઈન રોડ પરથી 'પેરેડાઈઝ હોલ' સામેના રોડથી અથવા સાધુ વાસવાણી રોડ પરથી 'ગોલ્ડન સુપર માર્કેટ' પાસેના રોડથી આવી શકશે). સંભવનાથ ધર્મસ્થાનક સંકુલના મંગલ શુભારંભનો પાવનકારી પ્રસંગ તા.૧૩ જૂનના શુક્રવારે સવારે ૭/૧૫ કલાકે યોજેલ છે.

જેમાં વ્યાખ્યાન હોલ, આરાધના હોલ, સ્વાધ્યાય રૂમ, ગ્રંથાલય, આયંબિલ ભવન, ભોજનશાળા, જૈનશાળા ખંડો આદિનું નિર્માણ થયેલ છે તેમ ગોંડલ સંપ્રદાય સ્થા. જૈન સિધ્ધાંત સંરક્ષક સમિતિ-રાજકોટના ઉપપ્રમુખ પરેશભાઈ પટેલે જણાવેલ છે.

# બંધુબેલડી આ. શ્રી જિન-હેમચંદ્રસાગરસૂરીજી મ.ના શિષ્યરત્ન પૂ. પં. શ્રી તારકચંદ્રસાગરજી મ. આદિ ઠાણાનો તા.૪થી જુલાઈના જામનગરમાં ચાતુર્માસ પ્રવેશ

રાજકોટ, તા. ૧૧

અયોધ્યાપુરમ તીર્થના પ્રેરક બંધુબેલડી પૂ. આ.શ્રી જિન-હેમચંદ્રસાગરસૂરીજી મહારાજના શિષ્યરત્ન, યુવા સાહિત્ય સર્જક પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રી તારકચંદ્રસાગરજી મહારાજા, શાસ્ત્ર મુનિરાજ શ્રી અર્હમચંદ્રસાગરજી મ., શતાવધાની મુનિરાજ શ્રી શ્રમણચંદ્રસાગરજી મ., સ્વાધ્યાયપ્રેમી બાલમુનિશ્રી દેવર્ધિચંદ્રસાગરજી મ. તથા સાગર સમુદાયવર્તીની પૂજય સાધ્વીજી શ્રી પ્રશમાનંદશ્રીજી મ. આદિ ઠાણા-૪નું આગામી ચાતુર્માસ જામનગર ખાતે નિર્ધારીત થયું છે.

આગામી તા. ૪થી જુલાઈના શુક્રવારે સવારે ૭.૩૦ કલાકે જામનગરના જૈન દર્શન ઉપાસક સંઘ-પેલેસમાં પૂ. ગુરૂ ભગવંતનો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થશે. તેમ અયોધ્યાપુરમ તીર્થના મેનેજીંગ ટ્રસ્ટી જયંતભાઇ મહેતાએ જણાવેલ છે.

# યુવા એડવોકેટ વિજય દેસાઈનો જન્મદિવસ



રાજકોટ,તા.૧૧

યુવા એડવોકેટ વિજય દેસાઈનો આજે તા.૧૧ના રોજ જન્મદિવસ છે. તેઓ જીવન યાત્રાના ૨૯ વર્ષ પૂર્ણ કરીને ૩૦માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. તેઓએ બી.કોમ. એલ.એલ.બી. જેવી શૈક્ષણીક ડિગ્રીઓ મેળવેલ છે. તેઓ ગુજરાતની વિવિધ કોર્ટોમાં સિવિલ તથા રેવન્યુ ક્ષેત્રે પ્રેકટીસ કરી રહ્યા છે. તેઓએ ખુબ જ નાની ઉંમરમાં વકીલાતના ક્ષેત્રમાં બહોળો કલાયન્ટસ વર્ગ ઉભો કર્યો છે. તેઓને જન્મદિન નિમિતે તેઓના મો.નં.૯૬૦૧૦ ૫૪૯૮૮ પર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# સમસ્ત મહાજન દ્વારા ૧ કરોડના માતબર ખર્ચે નિર્માણ પામેલ ૬૦૦ અબોલ જીવો માટેના આશ્રય સ્થાનનું ઉદ્ઘાટન

## મુખ્ય મહેમાન તરીકે કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયા, ગુરુજી અર્જુનભાઇ દેસાઇ ની ખાસ હાજરી

રાજકોટ, તા.૧૧

વૈશ્વિક સ્તરે જળ, જન, જમીન, જંગલ, જનાવરની સેવામાં કાર્યરત સંસ્થા સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી, એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઇન્ડિયાનાં સભ્ય ડો. ગિરીશ શાહના માર્ગદર્શનમાં દાતા ઓના સહયોગથી શ્રી વિરમગામ ખોડાઢોર પાંજરાપોળ સંસ્થા ખાતે વિરમગામ ખોડાઢોર પાંજરાપોળ સંસ્થા ઓગણવિડ ખાતે ૧ કરોડના માતબર ખર્ચે નિર્માણ પામેલ, ૬૦૦ અબોલજીવો રહી શકે તેવા આશ્રય સ્થાનનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી ડો. ગિરીશ શાહનું વિરમગામ ખોડાઢોર પાંજરાપોળ સંસ્થાના ટ્રસ્ટીઓએ સાલ ઓઢાડી સન્માન કર્યુ હતું, તેમજ મંચ પર ઉપસ્થિત સૌ મહેમાનોનું સાલ ઓઢાડી તથા મોમેન્ટો આપીને સમસ્ત મહાજનના ડો. ગીરીશ શાહ તથા શ્રી વિરમગામ ખોડાઢોર પાંજરાપોળ સંસ્થાના ટ્રસ્ટીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કેબિનેટ મંત્રી કુંવરજીભાઇ બાવળિયા, ગુરુજી અર્જુનભાઇ દેસાઇ તથા અતિથિ વિશેષ વિરમગામના ધારાસભ્ય હાર્દિકભાઇ પટેલ તથા પાંજરાપોળ સંસ્થાના સહાયક પૂર્વ સાંસદ સોમાભાઇ પટેલ, જનકભાઇ પટેલ (પ્રમુખ- તાલુકા પંચાયત, વિરમગામ), વજુભાઈ ડોડીયા (પૂર્વ ધારાસભ્ય, વિરમગામ) ઉપસ્થિત રહ્યા હતા.

# ચંદ્રનું ધનરાશિમાં ગોચરઃ ચાર રાશિના જાતકો માટે પડકારરૂપ



રાજકોટ,તા.૧૧

ચંદ્ર ધન રાશિમાં ગોચર કરશે. ચંદ્રદેવ રાતના ૮.૧૦ વાગ્યે ધન રાશિમાં પ્રવેશ કરશે. ચંદ્રના આ ગોચરથી ૪ રાશિની મુશ્કેલીમાં વધારો થઈ શકે છે. આજે તા.૧૧ના કઈ કઈ રાશિના જાતકોની મુશ્કેલીમાં વધારો થશે.

### મેષ રાશિ

ચંદ્રનું ગોચર મેષ રાશિના જાતકોની ચિંતા વધારશે. તમારી સ્વાસ્થ્યને અસર થઈ શકે છે. આગના અકસ્માતો, માથામાં ઈજાઓ અથવા બ્લડ પ્રેશર સંબંધિત સમસ્યાઓથી સાવધ રહો. કોઈપણ પ્રકારનું જોખમ ન લો.

### મિથુન રાશિ

ચંદ્ર ગોચરમાં મિથુન રાશિના જાતકોએ સાવધાની રાખવી.ગુસ્સા પર કાબુ રાખો. તમારે કેટલીક કૌટુંબિક અને વ્યવસાયિક સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. કર્મચારીઓથી સાવધ રહો. સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહેવાની જરૂર છે.

### સિંહ રાશિ

ચંદ્રનું ગોચર પડકાર ઊભા કરી શકે છે. વાહન ચલાવતી વખતે સાવધાન રહો. સર્જનાત્મક કાર્યમાં પણ અવરોધ આવી શકે છે. વ્યવસાયિક બાબતોમાં સાવધાની રાખવાની જરૂર છે. કોઈપણ પ્રકારનું જોખમ ન લો.

### મકર રાશિ

ચંદ્ર ગોચરમાં સભાળીને આગળ વધવું પડશે. તમને રોગ અથવા દુશ્મનોથી તણાવ થઈ શકે છે. વધારે પડતો વિશ્વાસ કરવો ફાયદાકારક રહેશે નહીં. કોઈપણ પ્રકારનું જોખમ ન લેવું.

# કાલે ૧૨ જૂન વિશ્વ બાળમજૂર વિરોધ દિન

તા. ૧૨ જુનને વિશ્વ બાળમજૂર વિરોધ દિન તરીકે મનાવવામાં આવે છે. બાળમજુરી એ ગુનો છે. જેમાં બાળકને કામે રાખનાર વ્યક્તિ/માલિક ગુનેગાર છે. કેમકે તે ભણવા - રમવાના દિવસોમાં બાળકને કામે રાખીને બાળ મજૂર બનાવે છે. બાળકને ભણવા માટેની પૂરતી તકો આપવાની જવાબદારી સરકારની અને સમાજની છે. બાળકના સહજ વિકાસને અટકાવનાર અને શોષણ કરનાર બાળમજૂરની પ્રથા સામાજિક કલંક છે. તેને મિટાવવા માટે કાયદા ઉપરાંત સમાજના સહકારઅને જાગૃતિની અનિવાર્ય જરૂર છે. વિશ્વ બાળમજૂર દિને સર્વે શિક્ષિતજનો, પ્રબુદ્ધ નાગરિકોને બાળમજૂરી નાબૂદી અભિયાનમાં સહભાગી થવા બાળઅધિકાર સમુહ ગુજરાત દ્વારા હાર્દિક અનુરોધ થયો છે. આપણાં બાળક માટે જેવુ વિચારીએ તેવું જ દરેક બાળક માટે વિચારીએ. જે કામ આપના બાળક માટે ખરાબ, તે કોઈ પણ બાળક માટે ખરાબ.

# રાજકોટની બાળવૈજ્ઞાનિક યશ્વી ચિકાણી ભારતનું પ્રતિનિધિત્વ કરવા જાપાન જશે

## જાપાનમાં યોજાનાર આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન કાર્યક્રમ SAKURA માટે ભારત દેશમાંથી ધોળકિયા સ્કૂલના બાળવૈજ્ઞાનિક ચિકાણી યશ્વીની પસંદગી

### ધોરણ – ૧૦ માં અભ્યાસ કરતા યુવા વૈજ્ઞાનિક યશ્વીએ બનાવ્યું ' હર્બલ પેપર ટૂથબ્રશ"




રાજકોટ,તા.૧૧

રાજકોટ ધોળકિયા સ્કૂલના બાળ વૈજ્ઞાનિકએ ફરી એકવાર વિશ્વ સ્તરે ડંકો વગાડયો છે.ચાલુ વર્ષે જૂન ૨૦૨૫ દરમિયાન જાપાન યોજાનાર ઈન્ટરનેશનલ સાયન્સ ફેર SAKURA માં ભાગ લેવા માટે ભારતના Sci. Tech Dept. અને National Innovation Foundation ના વૈજ્ઞાનિકોએ સમગ્ર ભારતમાંથી આવા સંશોધનાત્મક પ્રોજેક્ટસ મંગાવ્યા. તેમાં નોંધાયેલ આશરે બે લાખથી પણ વધુ પ્રોજેક્ટસમાંથી તબક્કાવાર પસંદગી પામતા ફાઈનલ રાઉન્ડમાં સમગ્ર ભારતમાં ગુજરાત રાજ્યના માત્ર બે બાળવૈજ્ઞાનિકો પસંદગી પામ્યા તેમાંના એક બાળવૈજ્ઞાનિક એટલે ધોળકિયા સ્કૂલ્સના યશ્વી ચિકાણી કે જેઓએ આજની ફાસ્ટ લાઈફમાં ટ્રાવેલીંગ કીટમાં ખૂબ જ ઉપયોગી તેવું હર્બલ પેપર ટૂથબ્રશનો પ્રોજેક્ટ તૈયાર કરેલ.આ સંશોધનાત્મક ગુણવત્તાને ધ્યાને લઈ ભારત સરકાર દ્વારા આ પ્રોજેક્ટ 'ઈન્ટરનેશનલ સાયન્સ ફેર -જાપાન' માટે પસંદ કરવામાં આવ્યો છે.

ધોરણ - ૧૦ માં અભ્યાસ કરતી ૧૪ વર્ષની દીકરી ચિકાણી યશ્વીએ તૈયાર કરેલ પ્રોજેકટ હર્બલ પેપર ટૂથ બ્રશ ખૂબ જ ઉપયોગી અને વિવિધ વૈજ્ઞાનિક કસોટીઓમાં સાબિત થયેલ પ્રોજેકટ છે. સમગ્ર ગુજરાતમાંથી માત્ર બે વૈજ્ઞાનિક સંશોધનો અને સમગ્ર રાજકોટ જિલ્લામાંથી એકમાત્ર ધોળકિયા સ્કૂના બાળ વૈજ્ઞાનિક યશ્વી ચિકાણીનો પ્રોજેકટ હર્બલ પેપર ટૂથ બ્રશ પસંદગી પામ્યો છે. ચિકાણી યશ્વીએ આ વર્ષે S.S.C બોર્ડની પરીક્ષામાં ૯૯.૯૬ ઙ્છ સાથે સમગ્ર બોર્ડમાં ચોથો ક્રમ મેળવ્યો હતો. ત્યારે વધુ એક સિધ્ધિ હાંસલ કરતા પરિવાર અને સ્કૂલ નું ગૌરવ વધાર્યું છે. સમગ્ર ગુજરાતમાંથી માત્ર બે વૈજ્ઞાનિક સંશોધનો અને સમગ્ર રાજકોટ જિલ્લામાંથી એકમાત્ર ધોળકિયા સ્કૂલ્સના બાળ વૈજ્ઞાનિક યશ્વી ચિકાણીનો પ્રોજેકટ હર્બલ પેપર ટૂથ બ્રશ પસંદગી પામ્યો છે તે બદલ ધોળકિયા શાળાના ટ્રસ્ટી કૃષ્ણકાંતભાઈ ધોળકિયા તથા જીતુભાઈ ધોળકિયા તેમજ સમગ્ર ધોળકિયા શાળા પરિવાર લાખ લાખ અભિનંદ પાઠવે છે.

આ સિધ્ધિ બાદ બાળ વૈજ્ઞાનિક ચિકાણી યશ્વી ધોળકિયા શાળાના ટ્રસ્ટી જીતુભાઈ ધોળકિયા, આચાર્ય મીતેષ પઢીયાર, ગાઈડ મહેક માંકડીયા એ સાંજ સમાચાર ની મુલાકત લીધી હતી.




## તજ, લવિંગ, ખાંડ, મીઠું, બેકિંગ સોડા વગેરેનો ઉપયોગ કરી હર્બલ ટૂથબ્રશ તૈયાર કરાયું

ચિકાણી યશ્વીએ તૈયાર કરેલ પ્રોજેકટ હર્બલ પેપર ટૂથ બ્રશ તૈયાર કર્યું છે. આજના ઝડપી યુગની અંદર જે કેમિકલવાળા અને પ્લાસ્ટિકના પ્રદૂષણયુક્ત બ્રશનો ઉપયોગ થાય છે તેના સ્થાને તજ, લવિંગ, ખાંડ, મીઠું, બેકિંગ સોડા વગેરેનો ઉપયોગ કરી હર્બલ ટૂથબ્રશ તૈયાર કરેલ છે. પર્યાવરણને ખૂબ જ ઉપયોગી બની રહે છે તેમજ ઉપયોગ બાદ ફેંકી દઈએ તો સરળતાથી પર્યાવરણમાં ભળી જાય છે. તેમજ અવાર-નવાર બહારગામ જવાનું થાય ત્યારે ટૂથબ્રશ - પેસ્ટ વગેરે સાથે લેવાની જરૂરિયાત રહેતી નથી પરંતુ હર્બલ પેપર બ્રશ સાથે રાખીએ જે ખૂબ જ ઓછી જગ્યામાં સરળતાથી સમાઈ શકે છે. તેને બનાવવામાં ખર્ચ પણ ઓછો થાય છે જેથી કિંમતમાં સસ્તુ છે. હેર-ફેર તેમજ સંગ્રહ માટે સરળ અને દાંત - પેઢા - મોંના સ્વાસ્થ્ય માટે ઉપયોગી છે. આ બધી બાબતોને ધ્યાનમાં રાખતા યશ્વીએ તૈયાર કરેલ હર્બલ પેપર ટુથ બ્રશ ટ્રાવેલિંગ દરમિયાન સાથે રાખવા માટે ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે.

# વિકસીત ભારતનો અમૃત કાળ, સેવા, સુશાસન, ગરીબ કલ્યાણના ૧૧ વર્ષ : તમામ મોરચે સાફલ્ય ગાથાઓ

## નરેન્દ્રભાઈ મોદીના મજબુત નેતૃત્વની યાત્રા વર્ણવતા ધારાસભ્ય ઉદય કાનગડ



રાજકોટ, તા. ૧૧

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કેન્દ્રની ભાજપ સરકારને ૧૧ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે આ અમૃત કાળની સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણની સાફલ્ય ગાથા વર્ણવતા રાજકોટ-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડે જણાવ્યું હતું કે ૨૦૧૪માં ભાજપના તોતીંગ વિજય સાથે નરેન્દ્રભાઇ મોદીએ પ્રથમ વખત દેશના વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા. વિકસીત ભારતની તેમની યાત્રામાં પ્રજાનો અભૂતપૂર્વ ટેકો મળ્યો છે અને જનતા જનાર્દનના આશિર્વાદ થકી ૨૦૨૪માં સતત ત્રીજી વખત વડાપ્રધાન તરીકે કાર્યભાર સંભાળ્યો છે. તા.૨૬ મેના રોજ તેમના કાર્યકાળને ૧૧ વર્ષ પૂરા થયા છે.

વડાપ્રધાનના મજબુત નેતૃત્વએ તમામ મોરચે સાફલ્ય ગાથાઓ લખી છે. સેવા અને સુશાસનને જીવન મંત્ર બનાવી તેઓ દેશવાસીઓનું જીવન સરળ બનાવવા સંપૂર્ણ નિષ્ઠાથી કામ કરી રહ્યા છે. આ પ્રયાસોમાં દેશવાસીઓ કાયમ તેમની સાથે છે. ગુજરાતના અનેક મહત્વપૂર્ણ પ્રોજેકટની ભેંટ આપી તેમણે માતૃભૂમિનું ઋણ પણ અદા કર્યુ છે. મોદીજીએ પોતાના પ્રભાવશાળી રાજકારણ, વિદેશ નીતિ, રાજદ્વારી કુનેહ દ્વારા ભારતની સૈન્ય શકિત, વ્યુહાત્મક કુશળતા, રાજદ્વારી ક્ષમતાને વિશ્વ મંચ પર સ્થાપિત કરી ભારતની પ્રતિષ્ઠાને નવી ઉંચાઇ પર પહોંચાડી છે. સબ કા સાથ સબ કા વિકાસ સાથે તેઓ ભારતને વિશ્વ ગુરૂ બનાવવા તરફ આગળ વધી રહ્યા છે.

વિકસીત ભારતનો ૨૦૪૭નો રોડ મેપ તેમનું સપનું છે. વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા, સંરક્ષણ અને અવકાશ ક્ષેત્રમાં ઉત્પાદકતા, ગરીબોની સેવા, ખેડુતોનું કલ્યાણ, રામ મંદિર, યુવા અને મહિલાઓના કલ્યાણ, આદિવાસી તથા અનુ.જનજાતિ માટેની યોજનાઓ, આયુષ્યમાન ભારત યોજના, આતંકવાદને જવાબ, ઓપરેશન સિંદુર, બુલેટ ટ્રેન, ગીફ્ટ સીટી, રાજકોટમાં ગ્રીન ફિલ્ડ એરપોર્ટ, અમદાવાદમાં મેટ્રો ટ્રેન, રાજકોટમાં એઈમ્સ, લાઇટ હાઉસ પ્રોજેકટ, સુદર્શન સેતુ, ડાયમંડ બુર્સ સહિતના કામોની ભેટના લાભ લોકોને હાથોહાથ મળ્યા છે.

# જૈન સાધુ-સાધ્વીજીઓના વિહાર દરમ્યાન થતાં માર્ગ અકસ્માતને રોકવા પગદંડીનું નિર્માણ જરૂરી

## જૈન સમાજના ચંદ્રિકાબેન તથા બીટુ ગાંધીએ મુખ્યમંત્રીની રૂબરૂ મુલાકાત લઈને રજૂઆત કરી



રાજકોટ તા.૧૧

જૈન સાધુ-સાધ્વીજી ભગવંતો ચાતુર્માસ પૂર્ણ થયા પછી શેષકાળમાં તીર્થાટન કરે છે અને શાસન પ્રભાવના કરતા હોય છે. તાજેતરમાં વિહાર દરમ્યાન રાજસ્થાનના પાલીમાં આ.શ્રી પુંડરિકરત્નસૂરિજી મહારાજ માર્ગ અકસ્માતનામાં કાળધર્મ પામ્યા હતા.

સમસ્ત ભારતમાં જૈનો દ્વારા આક્રોશ વ્યકત થયો હતો.

ગુજરાતમાં સાધુ-સાધ્વીજી ભગવંતોના વિહાર માટે પગદંડીની વ્યવસ્થા કરવાની સરકારમાં અવારનવાર રજૂઆત કરાઈ હતી. પરંતુ આ અંગે સરકાર હજુ ગંભીર બની નથી તે સત્ય છે.

જૈન સમાજના ચંદ્રિકાબેન ગાંધી તથા બીટુ ગાંધીએ તાજેતરમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ગાંધીનગરમાં રૂબરૂ મુલાકાત લઈને જૈન સાધુ-સાધ્વીજીઓ માટે ગુજરાતમાં પગદંડી માટેની ઉગ્ર રજુઆત કરી છે. તેમણે મુખ્યમંત્રીને શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા અર્પણ કરી હતી.

ચંદ્રીકાબેન તથા બીટુ ગાંધીએ મુખ્ય સચિવ અવંતિકાસિંહને પણ રજૂઆત કરી હતી. તેમજ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને પણ આવેદન પત્ર મોકલ્યું છે.




# ગીતા વિદ્યાલય ટ્રસ્ટ દ્વારા સતત ૫૩માં વર્ષે નિઃશુલ્ક ઉનાળુ છાશ વિતરણ

## પ્રતિદિન ૨૦૦ જેટલા પરિવારોને દોઢ લીટર પૌષ્ટિક છાશનું નિઃશુલ્ક વિતરણ કરાય છે

રાજકોટ, તા.૧૧

રાજકોટમાં જંકશન પ્લોટ ખાતે ગીતા વિદ્યાલય ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૭૩માં નિ:શુલ્ક ઉનાળુ છાશ કેન્દ્રનો પ્રારંભ થયો હતો. છેલ્લા ૫૩ વર્ષોથી આ સંસ્થા દ્વારા ઉનાળામાં અઢી માસ સુધી છાશકેન્દ્રનું સંચાલન થાય છે.જેમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના સમાનતાના ધોરણે પ્રતિદિન ૨૦૦ જેટલા પરિવારોને (આશરે ૧૦૦૦વ્યક્તિઓને) પરિવાર દીઠ દોઢ લીટર તાજી અને પૌષ્ટિક છાશનું નિ:શુલ્ક વિતરણ થાય છે.

આ વર્ષે છાશ કેન્દ્રના ૫૩ મા વર્ષનો રામનવમીએ શુભારંભ થયોછે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં તાજી અને અમૃતરૂપી છાશ લોકોના કાળજે ટાઢક પહોંચાડે તેવા ઉમદા હેતુથી ઈ.સ.૧૯૭૩થી શરુ થયેલો આ સેવાયજ્ઞ છેલ્લા ૫૩ વર્ષોથી સતત દર વર્ષે અવિરતપણે ચાલી રહ્યો છે.દર વર્ષે ઉનાળાના પ્રારંભે રામનવમીએ છાશ કેન્દ્રનો પ્રારંભ થાયછે અને જુન માસમાં વરસાદ થઇ જાય ત્યારે છાશ કેન્દ્રનું સમાપન થાય છે.



# કોલ્હાપુર કનેરીમઠ ખાતે "દિવ્ય ભારત - કર્મયોગી સંગમ" માં ડો. વલ્લભભાઈ કથીરિયાએ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું

રાજકોટ,તા.૧૧

શ્રી સિદ્ધગિરી મઠ, કનેરી, કોલ્હાપુર (મહારાષ્ટ્ર)ની પવિત્ર ધરા પર તા. ૭ થી ૯ જૂન, ૨૦૨૫ દરમ્યાન "દિવ્ય ભારત - કર્મયોગી સંગમ"નું ભવ્ય આયોજન સફળતાપૂર્વક સંપન્ન થયું. આ ઐતિહાસિક સંગમમાં સમગ્ર દેશમાંથી સંત-મહંતો, કૃષિ વૈજ્ઞાનિકો, ગૌસેવકો, સામાજિક કાર્યકરો તથા ગ્રામ વિકાસને સમર્પિત કર્મયોગીઓએ હાજરી આપી અને રાષ્ટ્રનિર્માણ અંગે સંયુક્ત મંથન કર્યું. આ કાર્યક્રમ પૂજ્ય કાડસિદ્ધેશ્વર સ્વામીજી મહારાજના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. આ અવસરે પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરિયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ડો. વલ્લભભાઈ કથીરિયાએ પોતાના પ્રેરક સંબોધનમાં તેમણે કહ્યું કે, ભારતની આત્મા તેના ગામોમાં વસે છે. જો આપણે ભારતને આત્મનિર્ભર બનાવવું હોય, તો સૌપ્રથમ આપણા ગામોને આત્મનિર્ભર બનાવવા પડશે.

# આમાં કયાંથી ગાડી પાટે ચડે? ત્રણ વોર્ડમાં ATP જ નથી! વહીવટી તંત્ર વેરવિખેર

## ગેમઝોન અગ્નિકાંડ બાદ થયેલા ફેરફારોના કારણે હજુ સુધી પ્લાન, કમ્પલીશન સહિતના કામ ઠપ્પ જેવી હાલતમાં : વોર્ડ નં. ૧૩, ૧૪, ૧૭ રેઢા : તત્કાલ અધિકારીઓ નિમવા સિવિલ એન્જી. એસો.ની રજુઆત

રાજકોટ, તા. ૧૧

રાજકોટમાં ૨૦૨૪ના વર્ષમાં ટીઆરપી ગેમ ઝોનમાં લાગેલી આગ બાદ મહાપાલિકા તંત્ર અને ખાસ કરીને ટીપી તંત્ર સુષુપ્ત બની ગયું હોય તેમ સામાન્ય લોકોથી માંડી બિલ્ડર, આર્કિટેકટ, કોન્ટ્રાકટરના કામો અટકી ગયા છે અને યોગ્ય નિમણુંકો તથા મોનીટરીંગના અભાવે ગેરકાયદે બાંધકામો ફુલ્યા ફાલ્યા છે ત્યારે અનેક વોર્ડમાં તો એટીપીની જગ્યા જ મહિનાઓથી ખાલી હોય, તંત્ર કઇ રીતે ચાલતુ હશે તેનો અંદાજ આવે છે. અધિકારીઓ અને પદાધિકારીઓએ જાણે ટીપી તંત્રને રેઢુ મુકી દીધુ હોય તેવી હાલત દેખાઇ રહી છે.

રાજકોટના એસોસીએશન ઓફ કન્સલટીંગ સીવીલ એન્જીનીયર દ્વારા કમિશ્નર તુષાર સુમેરાને પત્ર લખીને સેન્ટ્રલ ઝોનના ત્રણ ખાલી વોર્ડમાં એટીપીની નિમણુંક કરવા ટુંકો પત્ર પાઠવવામાં આવ્યો છે. પરંતુ એક વર્ષથી ટીપી તંત્રમાં રેઢી હાલતના કારણે કેવી સ્થિતિ થઇ ગઇ છે તેનો અંદાજ આવે છે. ટીપીઓના બદલે ડે.કમિશ્નર અને સીટી ઇજનેરોને આ વિભાગની મહત્વની જવાબદારી આપવામાં આવતા અન્ય વ્યવસ્થાઓ પણ પ્રભાવિત થયાની ફરિયાદ ખુદ અધિકારીઓ કરી ચૂકયા છે.

એસો.ના પ્રમુખ નિશાંત દોમડીયા, સેક્રેટરી મિલન માણેક, ટેક. લાયઝનીંગ ચેરમેન ધર્મેન્દ્ર મિરાણીએ કમિશ્નરને પત્ર લખીને જણાવ્યું છે કે સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં.૧૩, ૧૪ તથા ૧૭માં જવાબદારી સંભાળતા એટીપી ઘણા સમયથી નિવૃત થઇ ગયા છે. તા. ૩૧-૩-૨૫ના રોજ અર્જુનભાઇ પટેલ નિવૃત થયા બાદ તેની જગ્યાએ આજ સુધી કોઇ નિયુકિત થઇ નથી. આ બાબત તેમના અને ટાઉન પ્લાનીંગ ઓફિસરના ધ્યાન પર મુકવામાં આવેલી છે. ઘણા સમયથી આ જગ્યા ખાલી હોય, ટીપી શાખામાં આ વિસ્તારની પ્લાન મંજૂરી, કમ્પલીશન, અમલીકરણ સહિતના કામો અટકી ગયા છે. આથી આ જગ્યાએ સારા અને કડક અધિકારીની નિમણુંકની જરૂર છે.

આ ખાલી જગ્યા પર નિમણુંક માટે અગાઉ પણ રજુઆતો કરાઇ હતી. જો અધિકારી નિયુકત થાય તો અસંખ્ય બિલ્ડીંગ પ્લાન અને ઇમ્પેકટ ફીની ફાઇલો મંજૂર થાય તેમ છે. વિકાસ અટકી ગયો છે તે આગળ વધી શકે તેમ છે. આ રજુઆતની નકલ મુખ્યમંત્રી, શહેર ભાજપ પ્રમુખ, મેયર, અગ્ર સચિવ અને ટીપી શાખા ચેરમેનને પણ મોકલવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા સમયમાં રાજકોટમાં ગેરકાયદે બાંધકામો વધ્યાની ફરિયાદો પણ સતત થઇ રહી છે. કોર્પો.ની ટેકનીકલ બ્રાંચના માથા પર આ ઉપાધીવાળી જવાબદારી આવેલી છે. પૂર્વ કમિશ્નરે ટીપી શાખાનું વિભાજન કર્યુ હતું અને ડે.કમિશ્નર તથા સીટી ઇજનેરને જવાબદારી સોંપેલી છે. સરકારે બદલીથી મુકેલા ટીપીઓ મોટા ભાગે પ્લાન, નકશા જેવી વહીવટી કામગીરી કરતા હોય છે. આથી અનેક પ્રસંગોએ ચૂંટાયેલા લોકો સાથે પણ માથાકુટના બનાવો બને છે.

રાજકોટમાં આમ તો અનેક કારણોથી હાલ બિલ્ડીંગ ઉદ્યોગને બ્રેક લાગી છે. માર્કેટ સ્થિર બની ગયાની છાપ છે. બહારના કારણો સિવાય એક કારણમાં કોર્પો.માં પ્લાન પાસ, કમ્પલીશન સર્ટીફિકેટ ન મળવા સહિતના કારણો પણ જવાબદાર હોવાની ફરિયાદો કરવામાં આવી છે. અમુક પ્રશ્નો સરકાર કક્ષાના છે. મુખ્યમંત્રી સુધી આ મામલે રજુઆતો કરવામાં આવી છે. પરંતુ જવાબદારી અને પ્રમાણિકપણે કામોનો નિકાલ થતો ન હોય, નાના મકાન ધારકોથી માંડી બિલ્ડરો પરેશાન છે. રાજકોટમાં બાંધકામ ક્ષેત્રને ઓકસીજન આપવા અન્ય પ્રશ્નો હલ કરવા સાથે મનપા કક્ષાના પ્રશ્નો ઉકેલાય અને ટીપી તંત્રની ગાડી પાટે ચડે તેવો રસ્તો અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે મળીને લાગુ કરે તેવી લાગણી વ્યકત થઇ રહી છે.



# ઝબલાના બદલે કપડાની થેલી : ૨૮૧ જાગૃત લોકોને સખી મંડળે ૩૧૬ થેલી બનાવી આપી

## કોર્પો.ની છ કચેરી ખાતે પ્લાસ્ટિક પ્રદુષણનો અંત લાવવા ચાલતુ અનોખું અભિયાન

રાજકોટ, તા. ૧૧

મહાનગરપાલિકા દ્વારા 'સ્વચ્છ ભારત મિશન' હેઠળ પ્લાસ્ટિકથી થતા પ્રદુષણનો અંત લાવવા માટેના પ્રયાસ રૂપે તમામ ઘર પ્લાસ્ટિકની થેલીથી મુકત થાય તે માટે તા.૫જુન થી ૩૧ ઓકટોબર દરમ્યાન 'માય થેલી' કેમ્પેઈન દર ગુરૂ અને શુક્રવારે કોર્પો.ની છ ઓફિસે ચાલે છે. જેમાં સખી મંડળના બહેનો મારફત નાગરિકો દ્વારા લાવેલ જુના કપડામાંથી કાપડની આકર્ષક થેલી સ્થળ પર જ સિલાઈ કરી આપવામાં આવે છે.

આ અભિયાનમાં ૨૮૧ લોકોએ મુલાકાત લઇ ૩૧૬ થેલી તૈયાર કરાવી હતી તેમ મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, ઇ.ચા.કમિશનર પ્રભવ જોષી, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, શિશુ કલ્યાણ અને અગ્નિ શામક દળ સમિતિ ચેરમેન દિલીપભાઈ લુણાગરીયાએ જણાવ્યું હતું.

બહેનોએ ૩૧૬ થેલી સ્થળ પર જ બનાવી દીધી હતી. દર ગુરૂ અને શુક્રવારે કોર્પો.ની ત્રણે ઝોન ઓફિસ, વોર્ડ નં. ૧૭ અને ૪ની ઓફિસ તથા નાના મવાની મલ્ટી એકટીવીટી ઓફિસ ખાતે આ કાર્યક્રમ ચાલે છે. શહેરીજનો પોતાના જુના કપડા લઈને નજીકના સ્થળે પહોંચી કપડાની થેલી બનાવડાવી પ્લાસ્ટિકને બદલે કપડાની થેલીનો ઉપયોગ કરે તે માટે તંત્ર વાહકોએ અનુરોધ કર્યો છે.

## ગિરનારના વન-પહાડીઓમાં ભ્રમણ શિબિરનું આયોજન



રાજકોટ,તા.૧૦

અગણિત વન ઔષધીઓ, પહાડીઓ, ખીણો અને વન્ય જીવોથી સમૃધ્ધ એવા ગુજરાતના સૌથી ઉંચા ડુંગર ગરવા ગિરનારના વન અને પહાડી ક્ષેત્રમા આગામી તા. ૨૧ થી ૨૨ જુન અને તા. ૧૬ થી ૧૭ ઓગસ્ટ દરમ્યાન યંગ સ્ટુડન્ટ્સ સર્વિસ કલબ ગુજરાત, દ્વારા ભ્રમણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૮ થી ૫૦ વર્ષના બાળકો, યુવક-યુવતીઓ અને વડીલો ભાગ લઈ શકશે. ભાગ લેનાર દરેક ઉમેદવારોને પ્રમાણ પત્ર એનાયત કરાશે. શિબિર દરમ્યાન પર્વતારોહણ, રીવર ક્રોસીંગ, રેપ્લીંગ, રાત્રી ભ્રમણ, વન્યજીવ-જંતુ તથા ઔષધીઓની જાણકારી તથા કેમ્પ ફાયર સહિતની અગણિત પ્રવૃતિઓ કરવામા આવશે. કેમ્પમાં જોડાનાર દરેક ઉમેદવારોને ગિરનારના વનવૈભવનો પ્રત્યક્ષ ઝાંખી કરાવાશે.

# ભારતીય જનતા પાર્ટી દ્વારા સંકલ્પથી સિદ્ધિ સુધી - ૧૧ વર્ષ પૂર્ણ થતાં વિવિધ કાર્યક્રમોનું આયોજન

## દેશના ૧૫ કરોડથી વધુ નાગરિકોને પાંચ લાખ સુધીની ફ્રી સારવાર આયુષ્યમાન યોજના થકી લાભ મળ્યો: ડો.ભરતભાઈ બોઘરા



તસ્વીર: પંકજ શિશાંગીયા

રાજકોટ, તા.૧૧

ભારતીય જનતા પાર્ટી દ્વારા સંકલ્પથી સિદ્ધિ સુધી - ૧૧ વર્ષ પૂર્ણ કાર્યક્રમ હેઠળ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યુ છે. આ અંતર્ગત પ્રદેશ ભાજપની સુચના અનુસાર રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેના માર્ગદર્શન હેઠળ આજ રોજ પ્રેસ કોન્ફરન્સ પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા અને લોકસભા સાંસદ પરશોતમભાઈ રૂપાલાની ઉપસ્થિતિમાં યોજવામાં આવી હતી.

આ પ્રેસ કોન્ફરન્સમાં પ્રેસ પ્રતિનિધિઓને સંબોધન કરતાં પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરાએ જણાવ્યું હતું કે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સેવા સુસાશન અને ગરીબ કલ્યાણ તેમજ વિકસિત ભારતને સમર્પિત ભાજપ અને એનડીએની કેન્દ્ર સરકારે ૯ જુનના રોજ ૧૧ વર્ષ પૂર્ણ કર્યા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ ૧૧ વર્ષમાં અન્ય દેશના વડાપ્રધાનના કાર્યકાળમાં ન થયા હોય તેવા કાર્યો પુર્ણ કરી બતાવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના ૧૫ કરોડથી વધુ નાગરિકોને પાંચ લાખ સુધીની ફ્રી સારવાર આયુષ્યમાન યોજના થકી લાભ આપ્યો છે. મહિલાઓને સશકત બનાવવા લખપતિ દીદી જેવી યોજના, સાંસદ તેમજ વિધાનસભામાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપવામાં આવ્યું છે.

આ તકે લોકસભા સાંસદ પરસોતમભાઈ રૂપાલાએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકારે દેશના હિતમાં મજબુત નિર્ણયો લીધા છે. જેનાથી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરનારી સરકાર બની અને દેશમાં પારદર્શિતાનું નવું ઉદાહરણ પુરૂ પાડયું છે.ઓપરેશન સિંદુર થકી પાકિસ્તાનમાં રહેલા ૯ આતંકી સેન્ટરોને નાશ કરવામાં આવ્યા જેમાં ૧૦૦ થી વધુ આંતકીઓને ઠાર કરવામાં આવ્યા છે. આ ઓપરેશન સિંદૂરથી સમગ્ર વિશ્વને મેસેજ આપ્યો છે.

આ પ્રેસ કોન્ફરન્સમાં પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, લોકસભા સાંસદ પરશોતમભાઈ રૂપાલા સાથે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવભાઈ દવે, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, મહેન્દ્રભાઈ પાડલીયા, જીતુભાઈ સોમાણી, મેયર નયનાબેન પેઢડીયા, જીલ્લા પંચાયતના પ્રમુખ પ્રવીણાબેન રંગાણી, ભાજપના સૌરાષ્ટ્ર ઝોન પ્રવકતા રાજુભાઈ ધ્રુવ, મહામંત્રી અશ્વીનભાઈ મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, આ સંકલ્પથી સિદ્ધિ મોદી સરકારના -૧૧ વર્ષના કાર્યક્રમોના સંયોજક શહેર ભાજપ ઉપપ્રમુખ પરિમલભાઈ પરડવા, સહસંયોજક શહેર ભાજપ ઉપપ્રમુખ રાજદીપસિંહ જાડેજા, શહેર ભાજપ મંત્રી ભરતભાઈ શીંગાળા, હરેશભાઈ કાનાણી સહિત આ પ્રેસ કોન્ફરન્સના કાર્યક્રમની સફળતા માટે કોષાધ્યક્ષ મયુરભાઈ શાહ, કાર્યાલય મંત્રી હિતેષભાઈ ઢોલરીયા, સહકાર્યાલયમંત્રી શૈલેષભાઈ દવેએ જહેમત ઉઠાવી હતી.

# સદ્‌ગુરૂ પરિવાર દ્વારા ૧૮૦૦ પરિવારોને દરરોજ નિઃશુલ્ક છાશ તથા દરમહિને બે કીલો ખીચડી વિતરણ



રાજકોટ,તા.૧૧

સદ્‌ગુરૂ પરિવાર ટ્રસ્ટ દ્વારા પ્રતિ વર્ષ માફક ચાલુ વર્ષે પણ ઉનાળાની કાળજાળ ગરમીમાં અને મોંઘવારીથી પીસાતા દરેક સમાજના જરૂરિયાતમંદ લોકોની જઠરાગ્નિ ઠારવા માટે વિનામુલ્યે ૧૮૦૦ પરિવારોને રોજ અંદાજે ૧૦૦૦ લીટર છાશ તથા (દર માસે) બે કિલ્લો ખીચડી કુલ ૩૬૦૦ કિલોનું છાસ ખીચડીનું વિતરણ તા.૧૩/૪ રવિવારથી ત્રણ માસ માટે આયોજન કરવામાં આવ્યુ છે.શ્રી સદ્‌ગુરુ છાસ-ખીચડી કેન્દ્ર તથા સદ્‌ગુરૂ જલસેવા કેન્દ્રના ત્રીજા તબ્બકાનું વિતરણ પ.પૂ.મહામંડલેશ્વર શ્રી હરિચરણદાસજી મહારાજના અંતરના આશીવર્ચનથી તથા પ.પૂ.જયરામદાસજી મહારાજના આશીર્વાદથી તા.૮ના રવિવારે સવારે ૯ વાગ્યે સદ્‌ગુરૂ ધામ,૫-ગુંદાવાડી, કીશાન સાબુ (મોલની) સામે રાજકોટ ખાતેથી વિતરણ કરવામાં આવેલ હતું.

સમગ્ર પ્રોજેકટ માટે શાંતુભાઈ રૂપારેલીયા, રમેશભાઈ રાચ્છ, મુકેશભાઈ પાબારી, રાકેશભાઈ રાજદેવ, હરીશભાઈ લાખાણી, ધવલભાઈ ખખ્ખર, મહેન્દ્ર રાજવીર, પ્રકાશભાઈ પંડયા, ભરતભાઈ પોપટ, ભાવેશભાઈ ચંદારાણા, નીતિનભાઈ રાયચુરા, દિનેશભાઈ તન્ના, મુકેશભાઈ સચદેવ, હસુભાઈ ચંદારાણા, રણજીતસિંહ પઢીયાર ચંદ્રિકાબેન જોષી, પ્રકાશભાઈ ભુવા વગેરેનું માર્ગદર્શન મળેલ રહેલ છે.

છાસ વિતરણ તા.૨૦ સુધી જ સવારે ૯ કલાકે ચંદુભાઈ પેઈન્ટર ગુંદાવાડી-૫ રાજકોટ ખાતેથી વિતરણ થશે. તેમ ટ્રસ્ટીઓ જણાવેલ છે.

# સીસીડીસીમાં મહેસુલ તલાટી ભરતી પરીક્ષાની પૂર્વ તૈયારી માટેનાં કોચીંગ વર્ગનો ૧૯મીથી પ્રારંભ

## ઉમેદવારોએ તા.૧૭મી સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત

રાજકોટ,તા.૧૧

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની બેસ્ટ પ્રેકટીસ તરીકે આઈડેન્ટીફાઈડ કરાયેલ છે. સી.સી.ડી.સી.નાં તજજ્ઞોની સચોટ તાલીમનાં કારણે ૪૦૦૦થી વધુ છાત્રોને સરકારી નોકરીનું સ્વપ્ન સાકાર થયું છે.

સીસીડીસીના તાલીમ વર્ગોમાં દરરોજ સીલેકટેડ ટોપીક ઉપર માર્ગદર્શન, સ્વચકાસણી સ્વરૂપ એમ.સી.કયુ.પરીક્ષા, જ્ઞાનના સાગર રૂચી ઈનહાઉસ લાયબ્રેરી તથા પરીક્ષામાં સફળતા મેળવે તે પ્રકારનું માર્ગદર્શન પુરું પાડવામાં આવે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ અને કુલસચિવના સફળ માર્ગદર્શન હેઠળ ટીમ સીસીડીસી મારફત હાલ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ (જીએસએસએસબી) ગાંધીનગર દ્વારા મહેસૂલ વિભાગના નિયંત્રણ હેઠળની કલેકટર કચેરી હસ્તકની મહેસૂલી તલાટી (વર્ગ-૩)ની કુલ ૨,૩૮૯ની જગ્યાઓ માટેની ભરતી કરવામાં આવનાર છે. આ માટે ભરતીની જાહેરાતના અનુસંધાને પરીક્ષાની પૂર્વ તૈયારી માટે પ્રાથમિક તબકકાના કોચીંગવર્ગનું આયોજન સીસીડીસી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે તા.૧૯-૬-૨૦૨૫ને ગુરૂવારથી સવારના સેશનમાં શરૂ કરવામાં આવશે.

તાલીમવર્ગમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારો તા.૧૭-૬-૨૦૨૫ સુધીમાં સીસીડીસી બિલ્ડીંગ ગ્રાઉન્ડ ફલોર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન શુલ્ક સાથે બે પાસપોર્ટ સાઈઝના ફોટા મહેસુલ તલાટી વર્ગ-૩નું ઓનલાઈન ભરેલ ફોર્મની ઝેરોક્ષ, આઈ.ડી.પ્રુફ ગેજયુએશનની માર્કશીટ અને સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટ સાથે લાવવાનું રહેશે.રજિસ્ટ્રેશન ફોર્મ ભરી કેમ્પસ પરની બેંકના વર્કીંગ દિવસોમાં જ રજિસ્ટ્રેશન ફી ભરી શકાશે.

## કાલથી ગુરૂ ગ્રહ મિથુન રાશિમાં અસ્તનો થશે

દર વર્ષે ગુરૂ ગ્રહ સૂર્યની સાથે અંસાત્મક રીતે ના આવતા ગુરૂગ્રહ અસ્તનો થાય છે. આમ તો ખાસ કરીને રાહુ કેતુ અને ચંદ્ર સિવાયના દરેક ગ્રહ સૂર્યની સાથે આવતા અસ્તનો થશે. જયારે ૭ જુલાઈના દિવસે ગુરૂ ગ્રહનો ઉદય થશે આ સમય દરમિયાન ખાસ કરીને ધન રાશી અને મીન રાશી કે જેના સ્વામી ગુરૂ ગ્રહ છે આ બે રાશિને ખાસ અસર થઈ શકે. તે ઉપરાંત મિથુન રાશિમાં પણ ગુરૂ અસ્તનો હોતા મિથુન રાશિને પણ અસર થશે. ધન અને મીન રાશિને ખાસ કરીને ગુરૂ દાંપત્યજીવનનો કારક છે.

તેથી સાંસારિક જીવન એટલે કે સગા સંબંધીઓ સાથે વ્યવહારમાં સાવચેતી રાખવી જે લોકો અનાજ તથા ખાણી પીણીની વસ્તુનો વેપાર કરે છે તેઓએ પણ આ સમય દરમિયાન સાવચેતીપૂર્વક વેપાર કરવો. વ્યાપારમાં પૂરતું ધ્યાન રાખવું આ સમય દરમિયાન ગુરૂ મંત્રના જાપ કરવા તે ઉપરાંત આ સમય દરમિયાન ગુરૂ મંત્રના જાપ કરવા તે ઉપરાંત આ સમય દરમિયાન આવતા ગુરૂવારના એકટાણા કરવા, ચણાની દાળનું દાન દેવું. જેથી રાહત રહેશે.

ખાસ કરીને જન્મકુંડળી પ્રમાણે ગુરૂની સારી પરિસ્થિતિ હોય તો ઓછી અસર કરે છે પરંતુ ગુરૂ ગ્રહ જન્મ કુંડળીમાં નબળો હોય હસ્તરેખામાં ગુરૂના પર્વત ઉપર આડી રેખાઓ હોય નક્ષત્રનું નિશાન હોય તો આ સમય દરમિયાન સાવચેતી રાખવી જરૂરી છે ખાસ કરીને પીપળા નીચે બેસી અને વિષ્ણુ સહસ્ત્ર નામના પાઠ કરવા કે જેનાથી રાહત રહેશે.

★ શાસ્ત્રી રાજદીપ જોષી (રાજકોટ)

## ડો.હિરેનકુમાર વારડે પીએચડી થયા



રાજકોટ,તા.૧૧

પરમ પૂજ્ય ભગત સાહેબ શ્રી હોતચંદ કિંમતમલ વારડેના પૌત્ર ડો.હિરેનકુમાર બળવંતભાઈ વારડે ગુજરાત યુનિવર્સીટી અમદાવાદની વિનયન વિદ્યાશાખાના અંગ્રેજી ભવનમાંથી Representation of Memory, Identity, and Historicity in The select Fiction of Elif Shafak વિષય ઉપર ડો. દર્શનાબેન ભટ્ટ(પ્રોફેસર ડીરેક્ટર ઓફ યુનિવર્સીટી સ્કૂલ ઓફ લેંગ્વેજીસ - ગુજરાત યુનિવર્સીટી)ના માર્ગદર્શન હેઠળ મહાશોધનિબંધ રજુ કરેલ હતો જેને યુનિવર્સીટી એ માન્ય રાખી પીએચ.ડી ની પદવી પ્રાપ્ત કરેલ છે. ડો. હિરેનકુમાર બળવંતભાઈ વારડેએ સમગ્ર સિંધી બ્રહ્મક્ષત્રિય સમાજનું ગૌરવ વધાર્યું છે.



## બ્રહ્માકુમારીઝ માઉન્ટ આબુ જ્ઞાન સરોવરનું રાષ્ટ્રીય સંમેલન અને રાજયોગ શિબિરમાં રાજકોટનું સી.જે.ગ્રૂપ જોડાયું

સી.જે.ગ્રુપ રાજકોટને બ્રાહ્માકુમારીઝ માઉન્ટ આબુ જ્ઞાન સરોવર દ્વારા આયોજિત રાષ્ટ્રીય સંમેલન અને રાજયોગ શિબિરમાં આમંત્રણ મળેલ. તેમાં બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય-માઉન્ટ આબુમાં રાજયોગીની બ્રહ્માકુમારી સુષમા દીદી (જયપુર) ને રાજયોગી મૃત્યુજય ભાઈ (મહાસચિવ માઉન્ટ આબુ) ના સી.જે.ગ્રુપના પ્રતિનિધિ રાજેન્દ્રભાઈ રોધેલીયાને અન્ય હોદેદારોને આર્શીવાદ મળેલ. તેમજ તેમને મળવાનો અલૌકિક અવસર પ્રાપ્ત થયેલ. સી.જે.ગ્રુપના પ્રમુખ ચિરાગભાઈ ધામેચા પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.



## રોટરી કલબ ઓફ રાજકોટ પ્રાઈમનો પદગ્રહણ વિધિ સમારોહ યોજાયો

### પ્રમુખપદે રોટરિયન નિહાર ચંદારાણાએ શપથ લીધા

રાજકોટ તા.૧૧

રોટરી કલબ ઓફ રાજકોટ પ્રાઈમના વર્ષ ૨૫/૨૬ના વર્ષ માટે હોદેદારોની વરણી થતા ડીસ્ટ્રીકટ ગવર્નર રોટેરીયન અમરદીપસીંગ બુનેટની ઉપસ્થિતિમાં પદગ્રહણ સમારોહ યોજાયો હતો.

અતિથિ વિશેષ તરીકે જય વસાવડાની હાજરીમાં રોટરીયન કમલેશ કાનાબારે પોતાના કાર્યકાળ દરમિયાન થયેલા કાર્યક્રમોની વિગત આપી હતી. આ તકે ડીસ્ટ્રીકટ ગવર્નર અમરદીપસીંગે પ્રમુખ નિહાર ચંદારાણા, સેક્રેટરી મેહુલ પરમાર સહિત તમામ હોદેદારોને શપથ લેવડાવ્યા હતા.

વર્ષ ૨૦૨૫-૨૬ માટેની નવનિયુકત ટીમમાં પ્રમુખ નિહાર ચંદારાણા, કલબ સેક્રેટરી મેહુલ પરમાર, કલબ એમએસપી કૌશા દોશી, કલબ એમએસપી કો ચેર-પરિન પટેલ, પબ્લીક ઈમેજ પારસ કામાની, જોઈન્ટ પબ્લીક ઈમેજ તુષાર સિમરિયા, ટ્રેઝરર પરીન અવલાણી, જો.ટ્રેઝરર દર્શિત ચંદારાણા, મેમ્બરશીપ ચેર મેહુલ જામંગ, મેમ્બરશીપ કો-ચેર દર્શન વાઢેર, ફાઉન્ડેશન ચેર યશ વસાણી, ફાઉન્ડેશન કો-ચેર ગૌરાંગ ઠકકર, ઉપપ્રમુખ ક્રિદાન પડિયા જો.સે. રક્ષિત મેનપરા, એકઝી. સેક્રેટરી દિવ્યાંગ તિવારી, લીટ્રેસી ચેર વિશાલ સરવૈયા, જો. લીટ્રેસી ચેર જયેશ કોટેચા, લર્નીંગ ફેસિલિટેટર કમલેશ કાનાબાર, આનંદગ્રામ ચેર ક્રુતિ રાઠોડ, આનંદગ્રામ કો-ચેર મિરલ પડિયા, ઈન્ટરનેશનલ ડિરેકટર પ્રશાંત ગાંગડિયા, ઈન્ટરનેશનલ જો.ડિરેકટર નિલેશ ગઢવી, યુથ ડિરેકટર જેસન ગણાત્રા, રોટ્રેકટ ચેરક ક્રુતાર્થ વોરા, આરસીસી ચેર ગૌરવ માખેચા, ઈન્ટરએકટ ચેર વિષ્ણુ ભાલોડી, સ્પોર્ટસ ચેર મોહિત રાઠોડ, સ્પોર્ટસ કો-ચેર પરિન પટેલ, ઈવેન્ટ ચેર ધનેશ પરમાર, ઈવેન્ટ કો-ચેર આનંદ રાડિયા, ઈવેન્ટ કો-ચેર મનીષ પટેલ, મેડિકલ ચેર ડો. અંકુર પટેલ, કોમ્યુનિકેશન ચેર કૃણાલ ઘોડાસરા, બીઝમીટ ચેર દીપક કોટક, બિઝમીટ કો-ચેર જેનીશ પડિયા, પ્રેસીડન્ટ ઈલેકટ અમિત કોટક, કલબ મેગેઝિન ચેર મનન સોનછાત્રા, સાર્જન્ટ એટ આર્મ્સ રવિ ઠકકરનો સમાવેશ થાય છે.

# છકડો રીક્ષાનાં પરિવહનમાં પોલીસ દ્વારા થતી હેરાનગતિ અટકાવવા માંગણી

## છેલ્લા એક માસથી પોલીસે છકડો રીક્ષાને ટાર્ગેટ બનાવ્યાનો કોંગ્રેસ આગેવાનોનો આક્ષેપ

રાજકોટ તા.૧૧

રાજકોટ શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે રાજકોટ છકડા રીક્ષા સંચાલક મંડળ દ્વારા અમોને જણાવેલ છે કે તેમના માલ સામાન પરિવહનમાં થતી પોલીસ ખાતા તેમજ ટ્રાફીક શાખાની હેરાનગતિ કરે છે. જે બાબતે કોંગ્રેસને આગેવાનોએ છકડો રીક્ષા ચાલકોને થતી હેરાનગતિ બંધ કરવા પોલીસ કમિશ્નરને રજુઆત કરી છે

રાજકોટ શહેરમાં અંદાજીત ૨૫૦૦ જેટલા છકડા વાહનો નાના ઉદ્યોગો તથા શાકભાજીના પરિવહનમાં ચાલી રહ્યા છે.

છેલ્લા એકાદ માસ રાજકોટ શહેરના ઉપરોકત વિસ્તારના પોલીસ મથકો અને ટ્રાફિક પોલીસ શાખા દ્વારા છકડો રીક્ષા ડીટેઈન કરી મોટા દંડ કરવામાં આવે છે અને ધંધા રોજગારી નાના માણસોની બંધ થાય તે પ્રકારની ખોટી કનડગત કરવામાં આવે છે જો આ છકડા રીક્ષાઓ બંધ થશે તો રાજકોટના નાના ઉદ્યોગો શાકભાજી પરિવાહનમાં મોટી તકલીફો થશે અને જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓના ભાવમાં મોંઘવારી વધશે અને ૧૦,૦૦૦ પરિવારો રોજીરોટી અને ધંધા વગરના થશે જે વિગતો ધ્યાનમાં લઈ કાયમી ઉકેલ માટે આપને અમારી અરજી સાથે વિનંતી છે કે આમાં કોઈ સુખદ કાર્યવાહી કરી આ વાહનોને પરિવહનમાં તકલીફ ન પડે તથા રાજકોટ શહેરને સરળતાથી આ છકડો રીક્ષા કાયમી પરિવહન માટે ઉપયોગી થાય છે જે તે ડિવિઝનને ટ્રાફીક શાખામાં જરૂરી સૂચનાઓ આપી ખોટી કનકગત બંધ કરવા શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, રાજદીપસિંહ જાડેજા સંજયભાઈ અજુડીયા, જસવંતસિંહ ભટ્ટી, જગાભાઈ મોરી, રણજીત મુંધવા, હરેશભાઈ ભારાઈ, ગજેન્દ્રસિંહ ઝાલા, અજીતભાઈ મકવાણા વિ. માંગણી ઉઠાવી છે.

# શેઠ હાઈસ્કૂલ બગીચાની ફુટપાથ પરથી અજાણ્યા વૃદ્ધનો મૃતદેહ મળ્યો

## વાલી વારસની શોધખોળ કરતી ભકિતનગર પોલીસ



રાજકોટ,તા.૧૧

શહેરના સોરઠીયાવાડી સર્કલ નજીક આવેલ શેઠ હાઈસ્કૂલના બગીચાની ફુટપાથ પર ગઈકાલે રાત્રે ૯.૪૦ વાગ્યે અજાણ્યા ભિક્ષુક જેવા વ્યકિતનો મૃતદેહ મળ્યો હતો.૧૦૮ ઈએમટી ડો.હીના રાઠોડએ જોઈ તપાસી આશરે ૬૦ વર્ષ વાળાને મૃતજાહેર કર્યો હતો.ભકિતનગર પોલીસના પીએસઆઈ એસ.એમ.મકવાણાએ જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેહ પીએમ માટે ખસેડેલ, તપાસ કરતા જાણવા મળેલ કે વૃદ્ધ ફુટપાથ પર જ રહેતા, રખડતુ ભટકતુ જીવન જીવતા મૃતકના વાલી વારસાની શોધખોળ હાથ ધરાઈ છે ઉપરોકત ફોટાવાળા વ્યકિતના વાલીવારસ અંગે માહિતી હોય તો ભકિતનગર પોલીસ મથકના મો.૬૩૫૯૬ ૨૯૮૭૨ ઉપર સંપર્ક કરવો.

### જર, જમીન અને ઝોરું કજીયાના છોરૂં

# વિંછીયાના પીપરડી ગામમાં જમીનના વિવાદમાં યુવક પર સગા ભાઈનો પથ્થરથી હુમલો

## જીવ બચાવવા ભાગેલા યુવાનનું બાઈક, સીંગદાણાના કોથળા કુવામા ફેંકી દેનાર મોટાભાઈ વિરૂદ્ધ ગુનો નોંધાયો

રાજકોટ. તા.૧૧

વિંછીયાના પીપરડી ગામે સગા ભાઈએ જમીનમાં ભાયુભાગના વિવાદમાં નાના ભાઈને પથ્થરનો ઘા ઝીંકી દિધો હતો. બાદમાં જીવ બચાવવા ભાગેલા ભાઈનું બાઈક, સીંગદાણાના કોથળા કુવા ફેંકી દેનાર ભરત કાગડિયા વિરૂદ્ધ વિંછીયા પોલીસમાં ગુનો નોંધાયો છે. બનાવ અંગે વિંછીયાના પીપરડી ગામે રહેતા ૩૨ વર્ષીય ખેડૂત શૈલેષભાઇ નકાભાઇ કાગડીયાએ નોંધાવેલી ફરિયાદમાં તેમના જ સગાભાઈ ભરત કાગડિયાનું નામ આપી જણાવ્યું હતું કે, ગઈકાલે સવારના દસેક વાગ્યે તેઓ બાઇકમાં સીંગદાણાના કોથળા લઇને પીપરડીની સીમમા મોઢુકાના રસ્તે આવેલ વાડીએથી મોટા કંધેવાડીયા ગામની ઘાણીએ તેલ કઢાવવા જતો હતો. ત્યારે સૌથી મોટા ભાઈ ભરત કાગડીયા રસ્તામા ખરાબો અને ખેતીની જમીન હોય ત્યાં સેઢા પાસે હાજર હતા. તેનું બાઈક આડુ મુકીને રોકતા પોતે બાઈક ઉભુ રાખી દીધું હતું. બાદમાં ભરત પથ્થર લઈને તેઓની પાછળ દોડેલ હતો અને એક પથ્થરનો ઘા ઝીંકી દેતાં પગમા ઈજા પહોંચી હતી. જેથી તેઓ બાઈક ત્યાં જ મુકીને બાજુની વાડીમા ભાગ્યો હતો.

દરમિયાન સ્થાનિકો એકત્રિત થઇ ગયા હતા અને તેઓએ ૧૦૦ નંબર પર પોલીસ મદદ માટે ફોન કરેલ હતો. બાદમાં ભરત એક કુહાડો લઇને આવેલ અને તેને બાઈક ઉપર ઘા મારી તોડફોડ કરી હતી. ત્યારબાદ બાઈક, મગફળીના બે કોથળા, એક ખાલી તેલનો ડબો અમારા વાડીના કુવામાં નાખી દીધેલ હતાં.

વધુમાં ફરિયાદીએ બનાવનું કારણ આપતાં જણાવ્યું હતું કે, ખેતીની વારસાઈ જમીનના ભાયુભાગ પડેલ ન હોય જે બાબતનો ખાર રાખી ભાઈ ભરતે હુમલો કર્યો હતો. બનાવ અંગે વિંછીયા પોલીસે ગુનો નોંધી ભરત કાગડિયા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છે.

# આટકોટ પાસે ટ્રકમાંથી ૧૦૦ લિટર ડીઝલ કાઢી ડ્રાઈવરે બારોબાર વેંચી નાંખ્યું

## રોકડી કરી લેનાર ધારી પંથકના ચાલક અને ડીઝલ ખરીદનાર બળધોઈ ગામ નજીક આવેલ જય દ્વારકાધીશ હોટેલના સંચાલક વિરુદ્ધ ગુનો નોંધાયો

રાજકોટ.તા.૧૧

અમરેલીની શિતલ કુલ પ્રોડક્ટ લિમિટેડના ડ્રાયવરે ટ્રકમાંથી ૧૦૦ લિટર ડીઝલ કાઢી બારોબાર વેંચી મારતા આટકોટ પોલીસમાં ટ્રક ચાલક અને ડીઝલ ખરીદનાર હોટેલ સંચાલક વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

બનાવ અંગે અમરેલીની એમેજોન સોસાયટીના રહેતા ૨૯ વર્ષીય યુવાન દિવ્યરાજસિંહ વિક્રમસિંહ જાડેજાએ આટકોટ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ શીતલ કુલ પ્રોડક્ટ લીમીટેડ-અમરેલી ખાતે ટ્રાન્સપોર્ટેશનનું કામ સંભાળે છે. ટ્રાન્સપોર્ટેશનમાં અલગ અલગ કંપનીની કુલ ૮૭ ગાડીઓ ચાલે છે. શીતલ કુલ પ્રોડક્ટ લીમીટેડ અમરેલીમાં આઇશર કંપનીનો ટ્રક નં. જીજે-૧૪-એક્સ-૩૧૦ ગાડીમાં મહેશ ગોંવીદ રાઠોડ (રહે. મીઠાપુર ડુંગરી, ધારી,અમરેલી) છેલ્લા આઠેક દીવસથી વર્ધીમાં ડ્રાઇવર તરીકે નોકરી કરે છે. તેને અલગ અલગ ગાડીઓમાં વર્ધી આપવામાં આવે છે.

ગઇ તા.૦૯ ના રાત્રીનાં સાડા અગિયાર વાગ્યે મહેશને જામનગરની વર્ધી આપેલ હતી. જેથી મહેશ શીતલ કુલ પ્રોડક્ટ લીમીટેડની આઇશર ગાડી નં. જીજે-૧૪-એકસ-૩૧૦૪ લઈ જામનગર ખાતે ડીલવરી આપવા ગયો હતો. બાદમાં ગઈકાલે બપોરના ચાર વાગ્યે અમરેલી પરત આવ્યો હતો.

મહેશે શીતલ કુલ પ્રોડક્ટ લીમીટેડનાં કનઝ્યુમર પંપથી પોતે વર્ધી કરીને પરત આવતા આઇશર ગાડીમાં ડીઝલ પુરાવવું જરૂરી જણાતા ૨૪૭ લીટર ડીઝલ રૂ. ૧૭૭૦૭ નું પુરાવેલ હતું. સામાન્ય રીતે જામનગર જવા આવવાનું ડીઝલ આટલુ ન થતુ હોય તેને પુછેલ કે, ડીઝલ કેમ આટલુ વધુ આવેલ? જેથી મહેશએ જણાવેલ કે, રાજકોટ-આટકોટ હાઇવે રોડ ઉપર બળધોઇ ગામના પાટીયા નજીક આવેલ જય દ્વારકાધીશ હોટલ ખાતે બપોરના બે વાગ્યાની આસપાસ ૧૦૦ લીટર ડીઝલ કાઢેલ અને આ ડીઝલ જય દ્વારકાધીશ હોટલ વાળાને રૂ.૭૦૦૦ માં વેચાણ કરેલ હતું. જેથી આ તમામ હકીકત શેઠ દીનેશભાઇ દકુભાઈ ભુવા (રહે-અમરેલી)ને જણાવ્યા બાદ મામલામાં ફરિયાદ નોંધાવી હતી. મામલામાં આટકોટ પોલીસે ટ્રક ડ્રાયવર મહેશ ગોવિંદભાઇ રાઠોડ અને ડીઝલનો જથ્થો ખરીદનાર રાજકોટ-આટકોટ હાઇવે પર બળધોઈ ગામના પાટિયા નજીક આવેલી જય દ્વારકાધીશ હોટેલના સંચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

# ચોટીલા દર્શન કરવા જતા રાધનપુરના પરિવારને અકસ્માત, ૧નું મોત

## અકસ્માતમાં ઈકો કારનું રીતસરનું પડીકું વળી ગયું : મુળી યાર્ડ નજીક ચાલકે કાર ડિવાઈડર સાથે અથડાવી : સાતને ઈજા

(ફારૂક ચૌહાણ) વઢવાણ,તા.૧૧

સુરેન્દ્રનગર-મુળી હાઈવે પર માર્કેટ યાર્ડ પાસે કાર ચાલકે સ્ટિયરિંગ પરનો ગુમાવતા કાર ડીવાઈડર સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં કાર ચાલકનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું જ્યારે કારમાં સવાર અન્ય સાત મુસાફરને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા.



રાધનપુરના ગોસનાથ ગામથી એક પરિવાર ચોટીલા દર્શનાર્થે જઈ રહ્યો હતો. ત્યારે વહેલી સવારે સુરેન્દ્રનગર-મુળી હાઈવે પર મુળી માર્કેટ યાર્ડ પાસે કારના ચાલકે સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવતા કાર ઘડાકાભેર ડિવાઈડર સાથે અથડાઈ હતી. મહત્વનું છે કે, કાર જ્યારે પૂરપાટ ઝડપે પસાર થઈ રહી હતી ત્યારે ચાલકે અચાનક સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવ્યો હતો. જેના પગલે કાર રસ્તા પર રહેલા ડીવાઈડર સાથે અથડાઈ હતી. અકસ્માતમાં ઈકો કારનું રીતસરનું પડીકું વળી ગયું હતું.

અકસ્માતમાં કાર ચાલક ભાવસંગભાઈ ઉર્ફે મનુભાઈ બચુભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે કારમાં સવાર ભાવનાબેન બીજલભાઈ ઠાકોર, બીજલભાઈ દેવાભાઈ ઠાકોર, અશોકભાઈ બીજલભાઈ ઠાકોર, પાર્થભાઈ બીજલભાઈ ઠાકોર, ભાવનાબેન અશોકભાઈ ઠાકોર, તબુબેન ગંગારામભાઈ ઠાકોર, ગંગારામભાઈ ઠાકોરને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિકજામ સર્જાયો હતા તેમજ લોકોના ટોળેટોળાં સ્થળ પર ઉમટી પડયા હતા. બનાવ અંગે પોલીસને જાણ કરતા પોલીસ કાફલો પણ ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો અને તપાસ હાથ ધરી હતી.

# હીરલબાએ સાગ્રીતો સાથે મળી એક વર્ષમાં ફ્રોડના ૧૮૫ કરોડ ઉપાડી લીધાઃ રિમાન્ડમાં ધડાકો

## પોરબંદરનાં હિરલબા જાડેજા અને તેના સાથીદારોના ૨૨ કરંટ બેંક ખાતાઓમાં ચીટીંગની રકમ જમા કરાવી હતીઃ મસમોટી રકમ વિડ્રોલ કરી સગેવગે પણ કરી નાખીઃ તપાસનો ધમધમાટઃ રિમાન્ડ દરમિયાન વધુ ચોંકાવનારી વિગતો ખુલે તેવી સંભાવના

જુનાગઢ તા.૧૧

જુનાગઢના ૩ વ્યકિતના નામે બોગસ દસ્તાવેજોના આધારે પોરબંદરના ભુરા મુંજાના પત્નિ હીરલબા જાડેજા અને તેના સાગ્રીતોએ ૨૨ જેટલા કરંટ બેંક ખાતા ખોલ્યા હતા. તેમાં ફ્રોડની રકમ જમા કરાવી હતી. ઓનલાઈન ફ્રોડ કર્યુ હતું. આ ગુન્હામાં જુનાગઢ એસઓજીએ હીરલબા તથા તેના બે સાગ્રીતોની ધરપકડ કરી તપાસ કરતા ૨૨ ખાતાઓમાં ૧૮૬ કરોડના ટ્રાન્ઝેકશન થયાનું અને તેમાંથી ૧૮૫ કરોડ તો વિડ્રો પણ કરી લીધાનું સામે આવ્યું છે. ગઈકાલે કોર્ટમાંથી આ ત્રીપુટીને કોર્ટે એક દિવસના રિમાન્ડ પર સોંપ્યા છે. પોરબંદરના ભુરા મુંજાના ધર્મપત્ની હીરલબા જાડેજા અને તેના સાગ્રીતો જુનાગઢના પ્રતાપ ભરાડ, પારસ જોશી અને ભરત સુત્રેજાને પ્રલોભન આપી તેના દસ્તાવેજો લઈ તેના આધારે જીએસટી નંબર મેળવી અલગ અલગ બેંકમાં ૨૨ કરંટ ખાતે ખોલાવ્યા હતા, પોરબંદરના સાઈબર પોલીસના લેટરના આધારે પુછપરછ કરતા જેમાં પુછપરછ કરતા જેમાં ખુલાસો થયો હતો. સાઈબર પીએસઆઈની પુછપરછમાં હીરલબા જાડેજા, નૈતિક માવાણી, સચીન મહેતા અને હીતેષ ઓડેદરા સામે ફરીયાદ નોંધાવી આઈટી એકટ સહિતની કલમો મુજબ ગુન્હો દાખલ કર્યો હતો. જેની તપાસ જુનાગઢ એસઓજીને સોંપવામાં આવી હતી. એસઓજી પીઆઈ પી.સી. સરવૈયા અને સ્ટાફે હીરલબા જાડેજા, સચીન મહેતા અને હીતેષ ભીમા ઓડેદરાનો ટ્રાન્સફર વોરંટથી કબ્જો મેળવી ધરપકડ કરી હતી. ગઈકાલે ત્રણેયને કોર્ટમાં રજુ કરતા એક એક દિવસના રીમાન્ડ મંજુર થયા હતા.

આ અંગે નાયબ પોલીસ અધિકારી હીતેષ ધાંધલ્યાના જણાવ્યા મુજબ હીરલબા જાડેજા અને તેના સાગ્રીતોએ જુનાગઢના ૩ વ્યકિતઓને પ્રલોભન આપી તેના દસ્તાવેજોના આધારે જીએસટી નંબર મેળવી ૨૨ જેટલા કરંટ ખાતાઓ ખોલી એક વર્ષમાં ૨૨ જેટલા કરંટ ખાતાઓ ખોલી એક વર્ષમાં ૨૨માંથી ૧૧ બેંક એકાઉન્ટમાં ૨.૨૩ કરોડના સાઈબર ફ્રોડના નાણાનું ટ્રાન્ઝેકશન થયું હતું. એક વર્ષ દરમ્યાન આ ૨૨ બેંક એકાઉન્ટમાં ૧૮૬ કરોડના ટ્રાન્ઝેકશન થયા હતા. તેમાંથી ૧૮૫ કરોડ વીડ્રો (ઉપાડી લીધા) થઈ ગયા છે. આ નાણા ઓનલાઈન આવ્યા છે. અને તેને સગેવગે કરી દેવાયા છે. અન્ય કયા કયા એકાઉન્ટમાં અને કઈ કઈ બેંકમાંથી રોકડ નાણા ઉપાડી તેનો સેના માટે ઉપયોગ કર્યો તે સહિતની બાબત અંગે તપાસ કરવામાં આવી રહી છે.

નાયબ પોલીસ અધિકારી હીતેષ ધાંધલ્યાએ વધુમાં જણાવ્યું છે કે ૨૨ ખાતાઓમાં એક વર્ષ દરમ્યાન જે રકમ જમા થઈ છે તે અંગે દેશભરમાંથી કેન્દ્ર સરકારના સમન્વય પોર્ટલ પર ૮૩ ફરીયાદો થઈ છે. ૨૨માંથી ૧૧ ખાતાઓનો ઉપયોગ થયો હતો જેમાં રૂા.૨૩ કરોડનું ટ્રાન્ઝેકશન થયું હતું. સુત્રોમાંથી જાણવા મળ્યા મુજબ ૨૨ ખાતાઓમાં આવેલી મોટી રકમનું ટ્રાન્ઝેકશન થયું છે તો આવા અનેક એકાઉન્ટ ખોલવામાં આવ્યા હતા. તે મુજબ ફ્રોડનો આંકડો ખુબજ મોટો સામે આવી શકે તેમ છે.

# સોમનાથમાં વેકેશનના બે મહિનામાં ૧૫ લાખથી વધુ ભાવિકોએ શિશ નમાવ્યુંઃ ઠેર ઠેર ભીડ રહી

(દેવાભાઈ રાઠોડ)
પ્રભાસપાટણ,તા.૧૧

સોમનાથ મહાદેવ મંદિરે ઉનાળુ વેકેશન દરમિયાન શ્રધ્ધાળુઓ અને પર્યટકોની ભારે ભીડ રહી છે. બે માસમાં સોમનાથમાં ૧૫ લાખ ૨૯ હજાર જેટલા શ્રધ્ધાળુઓએ મહાદેવને શીશ નમાવી દર્શન કર્યા હતા. સોમનાથ વોક-વે, ત્રિવેણી સંગમ, ગીતા મંદિર, ભાલકા તીર્થ સહિત સર્વત્ર સ્થળે પ્રવાસીઓની ભીડ રહી હતી. વેકેશન છેલ્લા શનિ-રવિ લોકોએ મનભરીને માણ્યા હતા.. જેમા તા.૧મેથ ૩૧ મે દરમિયાન ૮,૧૫૦૦૦, અને એપ્રિલમાં ૭,૧૪૦૦૦ લોકોએ સોમનાથના દર્શન કર્યા હતા. સોમનાથના ખાનગી ગેસ્ટહાઉસો, ભોજનાલયો, વિનામૂલ્યે અન્નક્ષેત્ર, પ્રસાદીઘરો, વોક-વે, ત્રિવેણી સંગમ, ગીતા મંદિર-ભાલકા તીર્થ સર્વત્ર સ્થળે ભારે ભીડ રહી હતી. એસ.ટી., ખાનગી ટ્રાવેલ્સ, રેલવે, ચાંદલા કરનારા સર્વત્ર વેકેશનના છેલ્લા ગાળામાં તેજીનો ચમકારો રહ્યો હતો. દર્શન કરવા કે લાઈટ એન્ડ સાઉન્ડ શો નિહાળવા કે સોમનાથ મંદિરની પસાદી ખરીદવા લાંબી-લાંબી લાઈનો થઈ હતી



પ્રવાસીઓ માટે સોમનાથ, દિવ, સાસણ, દ્વારકા સર્કિટ યાત્રા વેકેશન ખુલવા પહેલાના શનિ-રવિની રજા, માવઠાનો વરસાદ બંધ હતો તેમજ યાત્રિકો માટે વંદે ભારત અદ્યતન ટ્રેન શરૂ થતા લોકો સપરિવાર સોમનાથ, દિવ, સાસણ, દ્વારકા સર્કિટ યાત્રા-પ્રવાસ સર્કિટ બનાવી સોમનાથમા ઉમટયા હતા. સોમનાથના પાર્કિંગમાં વાહનોના થપ્પા લાગ્યા હતા. ખાણી-પીણીના સ્ટોલો ભરચક્ક રહ્યા હતા.

# જીવરાજ પાર્ક વિસ્તારની સગીરાના અપહરણ દુષ્કર્મ અને પોકસો કેસમાં આરોપીનો જામીન પર છુટકારો

## આરોપીના કૃત્યથી ભોગ બનનાર બંને આંખે અંધ થઈ ગઈ હોવાની દલીલો ફગાવતી અદાલત

રાજકોટ, તા.૧૧

શહેરના જીવરાજ પાર્ક વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષની સગીર પુત્રીનું અપહરણ થયું હતું. રાજકોટના તાલુકા પોલીસ સ્ટેશનમાં આ અંગે આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) અને પોકસો એકટની કલમ ૪,૬, મુજબની ફરીયાદ નોંધાઈ હતી. જે ગુનામાં જેલ હવાલે રહેલ આરોપી ધીરજ પ્રમોદરાય જગન્નાથની જામીન અરજી હાઈકોર્ટે મંજુર કરી છે.



એડવોકેટ જીજ્ઞેશ સભાડ, રણજીત મકવાણા

કેસની વિગત મુજબ, ફરીયાદીએ પોતાની સગીર દીકરીના અપહરણ અંગે ફરિયાદ નોંધાવતા જણાવેલ કે, તેઓ પોતાના વતનમાં લગ્ન પ્રસંગમાં ગયેલ હતા. પરત આવ્યા ત્યારે ભોગબનનાર દીકરી જોવામાં ન મળતા તપાસ કરતા પણ મળી ન આવતા ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તપાસ કરી આરોપી ધીરજની ધરપકડ કરી હતી. તે સગીરા સાથે રાજકોટ ખાતે રાજનગર ચોકમાં ભાડાના મકાનમાં રહેતો હતો. ભોગબનનારનું નિવેદન લેતા આરોપીએ તેની મરજી વિરૂદ્ધ અવાર-નવાર શરીર સંબંધ બાંધ્યો હોવાનું ખુલ્યું હતું. તેમજ આરોપીના કૃત્યથી તે હાલ બન્ને આંખે જોઈ શકતી નથી અને અંધ થઈ ગઈ છે તેવી હકીકતો જણાવેલી હતી. જેલમાં રહેલ આરોપીના જામીન સેશન્સ કોર્ટે રદ કરતા હાઈકોર્ટમાં વકીલ મારફતે જામીન અરજી કરી હતી. જેમાં વાંધો લેવાયો હતો કે, સગીરા આરોપીના કૃત્યથી અંધ થઈ છે. જેથી જામીન આપવા જોઈએ નહીં. જોકે આરોપી પક્ષે વકીલે દલીલો કરેલી અને વિવિધ કોર્ટનાં ચુકાદા ટાંકેલા. જે ધ્યાને લઈ કોર્ટે આરોપીને જામીન મુક્ત કરવા હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપી વતી એડવોકેટ જીજ્ઞેશ એમ. સભાડ, રણજીત બી. મકવાણા, યોગેશ એ.જાદવ તથા મદદનીશમાં અભય ચાવડા, વિશાલ રોજાસરા, વિક્રમ કિહલા તેમજ હાઈકોર્ટમાં એડવોકેટ મેહુલ એસ. પાડલીયા રોકાયેલા હતા.

# ધોરાજીના ઝાંઝમેર ગામનો બનાવ

# ધિરાણના રૂપિયા મામલે કાકા પર ભત્રીજા સહિતના શખ્સોનો હિંચકારો હુમલો

## ગામની વચ્ચે જાહેરમાં કારમાં ધસી આવેલ શખ્સો ધોકા-પાઈપથી તૂટી પડ્યાઃ પ્રૌઢનો પગ ભાંગી નાંખ્યોઃ ચાર શખ્સો સામે ગુનો નોંધાયો

રાજકોટ. તા.૧૧

ધોરાજીના ઝાંઝમેર ગામમાં ધિરાણના રૂપીયા મામલે કાકા પર ભત્રીજા સહિતના શખ્સોએ ધોકા-પાઈપથી હિંચકારો હુમલો કરતાં પગ ભાંગી નાંખ્યો હતો. બનાવ અંગે ધોરાજી તાલુકા પોલીસ મથકમાં ચાર શખ્સો સામે ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે ધોરાજીના ઝાંઝમેર ગામે રહેતાં ભરતભાઈ ઉર્ફે હકાભાઈ વાલજીભાઈ વાછાણી(ઉ.વ.૪૮) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ધર્મીન લલિત વાછાણી, દિવ્યેશ નિતીન હાંસલીયા, મૌલિક નિતીન હાંસલીયા અને કેવિન રતી હાંસલીયા (રહે, તમામ ઝાંઝમેર ધોરાજી)નું નામ આપતાં ધોરાજી પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, ગઈ તા.૦૯/૦૬/૨૦૨૫ ના સાંજના સમયે તેમના ભત્રીજા ધર્મીનનો ફોન આવેલ કે, તમે ક્યાં છો તો હું ત્યાં આવુ છુ, ફરીયાદીએ જણાવેલ કે, હું બસ સ્ટેન્ડે પંચરની દુકાને જ બેઠો છુ. અડધી કલાક બાદ તેમનો ભત્રીજો ધર્મીન કાળા કલરની કાર લઈને આવેલ અને નીચે ઉતરી ગાળા ગાળી કરવા લાગેલ હતો. તે દરમ્યાન ગાડીમાંથી ગામનો દિવ્યેશ હાંસલીયા, મૌલીક હાંસલીયા તથા કેવિન હાંસલીયા ધોકા લઇ નીચે ઉતરી કહેવા લાગેલ કે, આજ આને પુરો કરી દેવો છે, અને મારી નાખવો છે, તેમ કહી ધોકા તથા પાટા ઢીકા મારવા લાગેલ હતાં.મારામારીમાં તેઓ નીચે પડી ગયેલ હતાં. દરમિયાન ગામના લોકો દોડી આવતાં તેમને છોડાવેલ હતાં. ઇજાગ્રસ્તમેં સારવાર અર્થે પ્રથમ ધોરાજી અને બાદમાં જૂનાગઢ સિવિલ હોસ્પિટલ બાદ ઉપલેટા ખાનગી હોસ્પિટલમાં ખસેડેલ હતાં. વધુમાં બનાવના કારણ અંગે ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેમના ભત્રીજા ધર્મીન વાછાણીએ પાંચ દિવસ પહેલા ધીરાણના રૂપીયા માંગેલ હોય જે રૂપીયા આપવાની ના પાડતાં જેનો ખાર રાખી હુમલો કર્યો હતો. બનાવ અંગેની ફરિયાદ પરથી ધોરાજી તાલુકા પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા તજવીજ આદરી છે.

# રૂા.૨.૫ લાખ ઉછીની રકમ પરત ચુકવવાના ચેક રિટર્ન કેસમાં મિત્રને એક વર્ષની સજા

રાજકોટ,તા.૧૧



અતુલ ફળદુ
એડવોકેટ

રાજકોટના કુવાડવા રોડ, ઉપર અંબીકા પાર્કમાં રહેતા જગદીશ દામજીભાઈ ગરસોંદીયાએ ઓગસ્ટ-૨૦૨૦ તેમના મીત્ર અને ઓળખીતા બિપીન કુમાર બાબુલાલ કાથરોટીયા (રહે. ડ્રિમ સીટી, કણકોટ રોડ, મવડી, રાજકોટ)ને ઉછીના પેટે બેંક મારફત રૂ.૨,૫૦,૦૦૦ મદદ માટે આપેલા હતા. જે રકમ જગદીશભાઈએ પરત માંગતા બિપીનકુમારએ ચેક આપેલ હતો. જે ચેક ફરીયાદીએ તેમના ખાતા વાળી બેંકમાં ડીપોઝીટ કરતા ફન્ડ્સ ઈન્સફીસીયન્ટના શેરા સાથે બિન ચુકતે રિટર્ન થતા ફરીયાદીએ તેમના વકીલ મારફત રાજકોટની સ્પેશીયલ નેગોશીયેબલ કોર્ટમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળ ફરીયાદ દાખલ કરેલી હતી.જે કેસ ચાલી જતા રાજકોટની કોર્ટે આરોપી બિપીનકુમારને તકસીરવાન ઠરાવી ૧ વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ વળતર પેટે ૬૦ દિવસમાં ન ચૂકવે તો વધુ ૬ મહીનાની સજાનો હુકમ કરેલ હતો. આ કેસમાં ફરીયાદી તરફે વકીલ અતુલ સી. ફળદુ, અજય કે. જાધવ, ચાર્મી કે. પંડયા રોકાયેલ હતા.

### બી.પી. તથા ડાયાબીટીસની જેનેરીક દવાઓનું નિઃશુલ્ક વિતરણ

શ્રી સત્ય સાઈ સેવા સમિતી, રાજકોટ દ્વારા બી.પી. અને ડાયાબીટીસના દર્દીઓને એક મહિના ની જેનેરીક દવાઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. તારીખ:૧૫/૦૬/૨૦૨૫-રવિવાર ના સાંજે: ૬ થી ૭ સુધી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ, કાલાવડ રોડ, રાજકોટ ના પ્રાર્થના ખંડ માં ભજનપુર્ણ થયે આ દવાઓ વિના મુલ્યે આપવામાં આવશે. દર્દીઓ હાલ જે દવાઓ લેતા હોય તેની વિગત, ડોકટરના પ્રીસ્કીપ્શન સાથે રાખવા. જરૂર લાગશે તેને ડાયાબિટીસ, સુગર ટેસ્ટ, તથા બ્લડ પ્રેશર ફ્રી માપી આપવામાં આવશે.

### મેટોડામાં યોજાયેલ રકતદાન કેમ્પમાં ૨૦૧ બોટલ એકત્ર થઈ

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં યુ.એન. મહેતા હોસ્પીટલના હાર્ટના દર્દીઓના લાભાર્થે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી ગઈકાલે મંગળવારે હાઈ કોન ઈન્વેસ્ટમેન્ટ કાસ્ટિંગ પ્રા.લી. દ્વારા મેટોડા ખાતે મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ, જેમાં ૨૦૧ બ્લડ બોટલ્સ અર્પણ કરવામાં આવેલ છે.

### જૈન આચાર્ય લોકેરાજી દ્વારા પૂજ્ય મોરારી બાપુની રામ કથાનું આયોજન

ઇતિહાસમાં પ્રથમ વખત જૈન આચાર્ય લોકેરાજી દ્વારા ભારતમાં આવેલા પ્રતિષ્ઠિત ભારત મંડપમમાં રામકથાનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેમાં વિશ્વવિખ્યાત રામકથા વાચક પરમ પૂજ્ય મોરારી બાપૂ વ્યાસ પીઠ પરથી ભગવાન શ્રીરામના જીવનચરિત્રનું રસપાન ૧૭ થી ૨૫ જાન્યુઆરી ૨૦૨૬ સુધી નવ દિવસ સુધી કરાવશે.આ કથા વિશ્વ શાંતિ કેન્દ્ર મિશનને સમર્પિત છે અને અહિંસા વિશ્વ ભારતીયા સંસ્થા દ્વારા આયોજિત છે, જે ભારતના ઇતિહાસમાં પ્રથમ અનોખું કાર્યક્રમ હશે.

# મિત્રતાના દાવે આપેલ રૂા. ૧.૫૦ લાખ પરત ન આપતા અજય વાઘેલાને ૧ વર્ષની સજા

રાજકોટ, તા.૧૧



સંદીપ સતાણી
એડવોકેટ

ગાંધીગ્રામમાં બિલેશ્વર મંદીર પાસે, શ્યામનગર, શેરી નં.-૩માં રહેતા નવિનચંદ્ર વાળોદરાને આરોપી અજય હમીર વાઘેલા સાથે મિત્રતાનો સંબંધ હતો. આરોપીને જરૂરીયાત ઉપસ્થિત થતા રકમની માંગણી કરી હતી. જેથી નવિનચંદ્રભાઈના પત્ની ફરિયાદી ગોપીબેને આરોપીને રૂ.૧.૫૦ લાખ ૪ માસ પુરતા હાથ ઉછીના આપેલ હતા.

ત્યારબાદ સમય પૂર્ણ થતા ફરીયાદીએ આરોપીને આપેલ હાથ ઉછીની રકમ રૂપરત માંગતા આરોપીએ ફરીયાદીને રૂ.૧,૫૦,૦૦૦નો ચેક ફરીયાદીને આપેલ હતો. આ ચેક વટાવાયા વગર પરત ફરેલ હતો. ફરિયાદીએ પોતાના વકીલ સંદિપ એન. સતાણી મારફતે દ્વારા લીગલ નોટીસ મોકલાવેલ. છતાં રકમ ન ચુકવતા કોર્ટમાં ચેક રિટર્નનો કેસ દાખલ કરેલ હતો. આ કેસ ચાલી જતા અદાલતે આરોપીની વર્તણૂક તેમજ ફરિયાદીના વકીલે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાઓ, દલીલો ધ્યાને લઈને આરોપી અજય વાઘેલાને તકસીરવાન ઠેરાવી એક વર્ષની સાદી કેદની સજા અને ચેક મુજબની રકમ જો આરોપી એક માસની અંદર ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ છ માસની સજાનો હુકમ રાજકોટના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ જજ દ્વારા કરવામા આવેલ હતો. આ કેસમાં ફરિયાદી તરફે વકીલ સંદિપ એન. સતાણી તથા તેમના આસિસ્ટન્ટ દિવ્યા બી. યાજ્ઞિક રોકાયા હતા.





# ધ્રાંગધ્રા-હળવદ હાઈવે ટોલનાકા પાસે ટ્રક ડ્રાઈવરોનું ચકકાજામ

## ટ્રક ચાલકને અજાણ્યા શખ્સોએ માર મારતા ઘેરા પ્રત્યાઘાતોઃ ડ્રાઈવરોએ હાઈવે બ્લોક કરતા પોલીસ દોડી ગઈઃ સમજાવટ

(ફારૂક ચૌહાણ)
વઢવાણ,તા.૧૧

ધ્રાંગધ્રા તાલુકાના સોલડી ગામ નજીક ટોલનાકા પર ટ્રક ચાલકને કોઈ અજાણ્યા શખ્સો દ્વારા માથાના ભાગ પર ગંભીર ઇજાહો પહોંચાડીને નાસી છૂટ્યા હતા જેમાં ટ્રક ચાલકો દ્વારા હાઇવે બ્લોક કરવામાં આવ્યો પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી.


સૂત્ર પાસેથી મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના સોલડી ગામ નજીક ટોલનાકા પર કોઈ અજાણા શખ્સો દ્વારા ટ્રક ચાલકને ઉભો રાખી અને ટ્રક ચાલક સાથે મગજમારી કરતા અજાણ્યા શખ્સો દ્વારા ટ્રક ચાલકને માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચાડી લોહી લુવાણ હાલતમાં માર મારીને નાસી છૂટ્યા હતા જેમાં સમગ્ર ટ્રક ચાલકો દ્વારા ધ્રાંગધ્રા હળવદ હાઇવે સોલડી ટોલનાકા નજીક હાઇવે બ્લોક કરીને ચક્કાજામ કરવામાં આવ્યો હતો જ્યારે પોલીસને ઘટનાની જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી ટ્રાફિક દૂર કરવાના પ્રયત્નો હાથ ધરાયા હતા ટ્રક ચાલકોની એક જ માંગ છે કે જે શખ્સો દ્વારા હુમલો કરવામાં આવ્યો છે તે શખ્સોની તત્કાલીક ધરપકડ કરવામાં આવે ત્યારબાદ જ ટ્રક ચાલકો પોતાના વાહનો હાઇવે પર રાબેતા મુજબ ચાલુ કરશે તેવી ટ્રક ચાલકોએ ચીમકી આપી હતી ત્યારે પોલીસ પણ મામલાને ઢાળ પાડવા માટે અનેક પ્રયત્નો હાથ ધરી રહી છે.

# વ્યાજખોરી અને સટ્ટાખોરીમાં દોઢ કરોડનું દેણું થઈ જતા ચોટીલાના યુવકે આપઘાતનો પ્રયાસ કર્યો

## ત્રાસ આપતાં વ્યાજખોર આક્ષેપિતોનું ચિઠ્ઠીમાં નામ લખી પગલું ભર્યું

રાજકોટ, તા.૧૧

વ્યાજખોરી અને સટ્ટાખોરીમાં દોઢ કરોડનું દેણું થઈ જતા ચોટીલાના યુવકે આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ત્રાસ આપતાં વ્યાજખોર આક્ષેપિતોનું ચિઠ્ઠીમાં નામ લખી પગલું ભર્યું હતું. ઝેરી દવા પિતા દિલીપ લક્ષ્મણભાઈ ખીમસુરીયા (ઉંમર વર્ષ ૩૭, રહે. જુના બસ સ્ટેન્ડ પાછળ, ચોટીલા)ને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો.



ચોટીલાના હાર્દિક ભરતભાઈ જાદવ, ભારતીબેન ભરતભાઈ જાદવ, વિશાલ દિનેશભાઈ મકવાણા, દિનેશ હીરાભાઈ મકવાણા, કનુભાઈ બોરીચા, કરમશીભાઈ, હીર મેડમ, ક્રિપાલસિંહ, કિશનભાઇ, રાજવીર ભાઈ, ભાવેશભાઈ, આશિકભાઇ સુલતાનભાઈ કલાગીયા, પટેલભાઈ સહિતના નામ ચિઠ્ઠીમાં લખ્યા છે. દિલીપે જણાવ્યું કે, તેણે આ લોકો પાસેથી વ્યાજે દોઢેક કરોડ જેટલાં રૂપિયા લીધા હતા. સેનેટરી અને કોલસાનો ધંધો કર્યો હતો. એકાદ કરોડ જેટલી રકમ વ્યાજ પેટે આપી દીધી અને આમાંથી અમુક સટ્ટો રમાડતા હોય જેથી ક્રિકેટ સટ્ટામાં રૂપિયા હારી ગયો. જે પછી આ ઉઘરાણી કરી ત્રાસ આપતા ઝેરી દવા પીધી હતી. ચોટીલા પોલીસે દિલીપનું નિવેદન નોંધણી વધુ તપાસ હાથ ધરી હતી.

# એક ડગ આગળ વધાર્યુંઃ નવી નવ મેડીકલ કોલેજ માટે હોસ્પિટલો પસંદ કરાઈ

## સૌરાષ્ટ્રની ચાર સહિત બ્રાઉનફિલ્ડ પ્રોજેકટની કોલેજોમાં હજુ આખરી મંજુરીની રાહ

રાજકોટ: ગુજરાતમાં લાંબા સમયથી રાજયમાં નવ નવી મેડીકલ કોલેજની સ્થાપના મુદ્દે હવે જે શહેરોમાં આ નવી મેડીકલ કોલેજોના જોડાણ માટેની હોસ્પીટલોની ઓળખ કરી લેવામાં આવી છે અને ટુંક સમયમાં જ આ પ્રોજેકટ આગળ વધશે. રાજયમાં આ પ્રકારે ખાનગી હોસ્પીટલો જે મેડીકલ કોલેજ સાથે સંલગ્ન થવા માટે પુરતી યોગ્યતા ધરાવતી હોય તેની સાથે રાજય સરકાર બ્રાઉનફિલ્ડ પ્રોજેકટ હેઠળ જોડાણ કરે છે અને તેના આધારે નવી મેડીકલ કોલેજોની સ્થાપના કરે છે અને હવે રાજય સરકાર તથા મેડીકલ એજયુકેશન બોર્ડની આખરી મંજુરી આવી ગયા બાદ આ પ્રોજેકટ પર આગળ વધાશે. જે નવ બ્રાઉનફિલ્ડ- પ્રોજેકટ હેઠળ મેડીકલ કોલેજોની સ્થાપના થવાની છે તેમાં ગીર સોમનાથ જીલ્લામાં વેરાવળ, બોટાદ, જામખંભાળીયા, નડીયાદ, આહવા, લુનાવાડા, છોટાઉદેપુર, આણંદ અને મોડાસાનો સમાવેશ થાય છે. રાજયના આરોગ્યમંત્રી શ્રી ઋષીકેશ પટેલે ગત વર્ષે આ યોજનાની જાહેરાત કરી હતી.

હાલ રાજયમાં જયાં મેડીકલ કોલેજ સાથે જોડાઈ શકે તેવી ખાનગી હોસ્પીટલો કે પછી અમરેલી સ્ટાઈલથી સરકારી હોસ્પીટલોનું આંશિક ખાનગીકરણ કરીને પછી તેને મેડીકલ કોલેજ અપાય છે જેથી હાલના તબીબી ઈન્ફ્રાસ્ટ્રકચરનો પુરતો ઉપયોગ કરી શકાશે અને જરૂર પડે તેને અપગ્રેડ કરીને આધુનિક સુવિધા સાથે હોસ્પીટલ અને મેડીકલ કોલેજ બન્નેનો લાભ મળી શકશે. હાલ રાજયમાં આ પ્રકારે દાહોદ, ભરૂચ, અમરેલી, બનાસકાંઠા અને તાપી જીલ્લામાં બ્રાઉનફિલ્ડ મેડીકલ કોલેજો આવેલી છે. રાજયમાં કુલ ૨૩ મેડીકલ કોલેજો છે અને રૂા.૭૪૦૦ બેઠકો છે પણ ગ્રીન ફિલ્ડ પ્રોજેકટની આ પ્રકારે મેડીકલ બેઠકોની સંખ્યા ઘટશે. આ પ્રકારે બ્રાઉન ફિલ્ડ મેડીનલ કોલેજો સાથે એક વખત હોસ્પીટલોને રાજય સરકારના ધારાધોરણ મુજબ અનેક સારવાર મફત આપવી પડે છે.

### હરિયાણાના ફરિદાબાદનો બનાવ

# પત્ની સાથે ઝઘડો થયા બાદ પતિનું મગજ ભમી ગયુઃ ચાર બાળકો સાથે ટ્રેન નીચે પડતુ મૂકયું

## ધસમસતી આવતી ટ્રેનને જોઈને બાળકો ભાગવા લાગ્યા પણ પિતાએ પકડી રાખ્યાઃ પાંચેયના કમકમાટીભર્યા મોત

ફરીદાબાદ,તા.૧૧

ફરીદાબાદ: હરિયાણાના ફરીદાબાદમાં, એક વ્યક્તિએ ચાર બાળકો સાથે ટ્રેન સામે કૂદીને આત્મહત્યા કરી લીધી. આત્મહત્યા કરતા પહેલા તેણે બાળકોને ઠંડા પીણા અને ચિપ્સ પણ આપ્યા હતા. જ્યારે ટ્રેન આવી ત્યારે બાળકોએ ભાગવાનો પ્રયાસ કર્યો પરંતુ તે વ્યક્તિએ તેમને પોતાના હાથમાં પકડી લીધા અને એકસાથે ટ્રેન સામે કૂદી પડ્યા. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ છે.

ખરેખર, આખો મામલો વલ્લભગઢ વિસ્તારનો હોવાનું કહેવાય છે. બિહારના રહેવાસી ૪૫ વર્ષીય મનોજ મહતોનો તેની પત્ની પ્રિયા સાથે કોઈ વાતને લઈને ઝઘડો થઈ રહ્યો હતો. મંગળવારે સવારે બંને વચ્ચે ઝઘડો થયો, ત્યારબાદ મહતોએ કહ્યું કે તે બાળકોને પાર્કમાં લઈ જઈ રહ્યો છે અને ઘરેથી નીકળી ગયો.



પોલીસે જણાવ્યું કે મહતો સ્ટેશનથી લગભગ એક કિલોમીટર પહેલા રેલવે ટ્રેક પર ચાલતો જોવા મળ્યો હતો. તે બે બાળકોને ખભા પર લઈને બે બાળકોના હાથ પકડી રહ્યો હતો. લોકો પાઈલટે દૂરથી ઘણી વાર હોર્ન વગાડ્યો, પરંતુ મહતો પાટા પરથી ખસ્યો નહીં. જ્યારે બાળકો દોડવા લાગ્યા, ત્યારે તેણે તેમને પોતાના હાથમાં પકડી લીધા. ટ્રેન નજીક આવતાની સાથે જ તે તેના ચાર બાળકો પવન (૧૦), કારુ (૯), મુરલી (૫) અને છોટુ (૩) સાથે ટ્રેનની સામે કૂદી પડ્યો. આ ઘટના બપોરે લગભગ ૧૨:૫૫ વાગ્યે બની હતી. માહિતી મળ્યા બાદ, પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી અને મૃતદેહોને ટ્રેક પરથી દૂર કરીને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા હતા.

# આંધ્ર પ્રદેશ સરકારની નવી જાહેરાતઃવધુ બાળકો ધરાવતાં યુગલોને નાણાકીય સહાય પૂરી પાડવામા આવશે

## રાજ્યમાં ઘટી રહેલા પ્રજનનદરને પહોંચી વળવા એન. ચંદ્રાબાબુ નાયડુની સરકારે નિર્ણય લીધો

આંધ્રપ્રદેશ,તા.૧૧

આંધ્ર પ્રદેશમાં એન. ચંદ્રાબાબુ નાયડુની સરકારે નવી યોજના બનાવી છે. જેમાં તેઓએ જાહેરાત કરી છે કે વધુ બાળકો ધરાવતાં યુગલોને નાણાકીય સહાય પૂરી પાડવા મા આવશે. આ ઉપરાંત પંચાયત અને સુધરાઈની ચૂંટણીના ઉમેદવારો માટે લાગુ કરાયેલી બે બાળકોની નીતિને પણ બદલાવી દેવામાં આવી છે. હવે બે થી વધારે બાળકો ધરાવતા ઉમેદવારો પણ ચૂંટણી લડી શકશે. આ પહેલાં બેથી વધારે બાળકો ધરાવતા લોકો ચૂંટણી લડી શકતા નહોતા. રાજ્યમાં ઘટી રહેલા પ્રજનનદરને પહોંચી વળવા માટે રાજ્ય સરકાર લોકોને મોટા પરિવારો રાખવા



માટે પ્રોત્સાહિત કરવાની યોજના બનાવી રહી છે.

આ સંદર્ભમાં આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન ચંદ્રાબાબુ કહ્યું હવે ઈન્વેસ્ટમેન્ટ ઈન ઘુમન કેપિટલ (માનવમૂડીમાં રોકાણ) પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. હું એક પરિવારને એક એકમ તરીકે ગણીને નાણાકીય પ્રોત્સાહન આપવાનું વિચારી રહ્યો છું. મોટા પરિવારો વધુ પ્રોત્સાહનો મેળવી શકે છે. ઝીરો પોવર્ટી પહેલ હેઠળ મેં પહેલેથી જ એક રસપ્રદ મોડલ શરૂ કર્યું છે જેમાં શ્રીમંત

લોકો ગરીબ પરિવારોને દત્તક લેશે. આ પગલું માત્ર આવકની અસમાનતાઓ દૂર નહીં કરે, સમગ્ર પરિવારનું કલ્યાણ પણ સુનિશ્ચિત કરશે.મુખ્ય પ્રધાન ચંદ્રાબાબુ નાયડુએ એવી પણ જાહેરાત કરી હતી કે આંધ્ર પ્રદેશમાં મહિલા કર્મચારીઓ ગમે એટલી વખત પ્રસૂતિની રજાનો લાભ લઈ શકે છે. પહેલાં એ ફકત બે પ્રસૂતિ સુધી મર્યાદિત હતી. હવે આ પ્રતિબંધ દૂર કરવામાં આવ્યો છે.

# અલકાયદાની ખતરનાક શાખા એકયુએપીના હિટ લિસ્ટમાં ટ્રમ્પ, મસ્ક અને અન્ય મોટા માથા

## ગાઝામાં થઈ રહેલી હિંસાનો બદલો લેવા વીડિયોમાં અપીલથી વિશ્વમાં ખળભળાટ

નવીદિલ્હી,તા.૧૧

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને અલ કાયદા ઇન અરેબિયન પેનિનસુલા (AQAP)એ જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. પરંતુ અમેરિકા દ્વારા આ અંગે સત્તાવાર રીતે કંઈ નિવેદન સામે આવ્યું નથી. જો કે, એક્યુએપીએ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઉપરાંત અન્ય લોકોના નામ પણ લીધા છે. જે વીડિયો સામે આવ્યો છે તેમાં આ ધમકીનું કારણ ગાઝામાં થઈ રહેલી હિંસા હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.



અહેવાલો અનુસાર, અલ કાયદાની યમન શાખાએ ઈઝરાયલ-હમાસ યુદ્ધમાં અમેરિકાની ભૂમિકા બદલ ડોનાલ્ડ ટ્રમ્પ અને એલોન મસ્કને મારી નાખવાની ધમકી આપી છે. માર્ચ ૨૦૨૪માં એક્યુએપીની કમાન સંભાળનારા સાદ બિન અતાફ અલ અવ્લાકી દ્વારા એક વીડિયો સંદેશ બહાર પાડવામાં આવ્યો છે.

લગભગ અડધા કલાક લાંબા આ વીડિયોમાં ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈલોન મસ્ક ઉપરાંત ઉપપ્રમુખ જેડી વેન્સ, વિદેશ મંત્રી માર્કો રુબિયો, રક્ષા મંત્રી પીટ હેગસેથના ચહેરા દેખાય છે. આ ઉપરાંત, ઇજિપ્ત, જોર્ડન અને ખાડીના આરબ દેશોના નેતાઓને મારી નાખવાની અપીલ છે. આ ઉપરાંત AQAPના વડાએ અમેરિકામાં રહેતા લોકોને ગાઝામાં ચાલી રહેલા યુદ્ધનો બદલો લેવાની અપીલ કરી છે.

ઉલ્લેખનીય છે કે, એક્યુએપીને અલ કાયદાની સૌથી ખતરનાક શાખા માનવામાં આવે છે. અમેરિકાએ અલ અવ્લાકી પર ૬૦ લાખ ડોલરનું ઇનામ જાહેર કર્યું છે.

# ‘દેવો કે દેવ મહાદેવ’ની પાર્વતી ઉર્ફે પૂજા બેનર્જી ઠગાઈનો ભોગ બની, જિંદગીભરની કમાણી ગુમાવી

## નજીકના મિત્રે છેતરપિંડી કર્યાનો આક્ષેપઃ વાયરલ વીડિયોમાં એકટ્રેસ ભાવુક બની

મુંબઈ,તા.૧૧

‘દેવોં કે દેવ મહાદેવ’માં ‘દેવી પાર્વતી’નું પાત્ર ભજવીને દરેક ઘરમાં પ્રખ્યાત થયેલી પૂજા બેનર્જી ઘણાં સમયથી ટીવી પર દેખાતી નથી. અભિનેત્રી હવે ફરી એકવાર ચર્ચામાં આવી છે. પૂજા બેનર્જી અને તેના અભિનેતા પતિ કુણાલ વર્મા સાથે છેતરપિંડી થઈ હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આ છેતરપિંડીના કારણે બન્નેએ જિંદગીભરની કમાણી ગુમાવી દીધી હતી. પૂજા બેનર્જીએ જણાવ્યું કે, તેના એક નજીકના મિત્રએ તેની સાથે છેતરપિંડી કરી છે, જેના કારણે તેણીએ બધી બચત ગુમાવી દીધી છે. નજીકના મિત્રએ જ આ કામ કર્યું હોવાનો અભિનેત્રીએ આરોપ લગાવ્યો છે.



અભિનેત્રી પૂજા બેનર્જીએ વધુમાંજણાવ્યું કે, આ તેના અને તેના પતિ માટે ખૂબ જ મુશ્કેલ સમય છે. અભિનેત્રીએ એક વીડિયો શેર કર્યો છે અને ચાહકોને તેની સાથે થયેલી છેતરપિંડી વિશે જણાવ્યું છે. પૂજા બેનર્જીએ આ વીડિયોમાં ખુલાસો કર્યો કે, ‘છેલ્લા બે-ત્રણ મહિના અમારા માટે ખૂબ જ મુશ્કેલ રહ્યા છે. અમે સમજી શકતા ન હતા કે આગળ શું થશે? અમારી સાથે છેતરપિંડી થઈ છે. આમાં, અમે ખૂબ મોટી રકમ ગુમાવી છે, જેના કારણે ફરી એકવાર આપણે શૂન્યથી શરૂઆત કરવી પડશે. અમે હાર માનવા માંગતા નથી, પણ આ છેતરપિંડીમાં અમે અમારી બધી બચત ગુમાવી દીધી છે. હું ફક્ત એટલું જ કહેવા માંગુ છું કે કૃપા કરીને અમને ટેકો આપો અને અમારા માટે પ્રાર્થના કરો. અમને ભગવાનમાં સંપૂર્ણ વિશ્વાસ છે.

વીડિયામાં તેઓ કહી રહ્યા છે કે, આ ઘટનાથી તેના પતિ કુણાલ ખૂબ જ પ્રભાવિત થયા છે. અભિનેત્રીએ તે વ્યક્તિની ઓળખ જાહેર કરી ન હતી જેણે તેને છેતર્યો હતો, પરંતુ તેણીએ ચોક્કસપણે જાહેર કર્યું કે તે તેના નજીકના મિત્રે તેમની સાથે છેતરપિંડી કરી છે. ઘટનાની વિગતો આપતા પૂજા ખૂબ જ ભાવુક થઈ ગઈ હતી.

# રાષ્ટ્રહિતમાં જ નિજ હિત સમાયેલું છેઃ ભાગવત

## સંઘ માટે પહેલા રાષ્ટ્ર અને માતૃભૂમિઃ પટણામાં કાર્યકર્તા વિકાસ વર્ગમાં સર સંઘ ચાલકનું સંબોધન

પટણા (બિહાર) તા.૧૧

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘ સંચાલક મોહન ભાગવત બે દિવસના પટણાના પ્રવાસે પહોંચ્યા હતા. અહીં તેમણે કેશવ સરસ્વતી વિદ્યામંદિરમાં કાર્યકર્તા વિકાસ વર્ગને સંબોધન કર્યું હતું. અહીં તેમણે રાષ્ટ્ર અને રાજનીતિના પરસ્પર સંબંધો પર પ્રકાશ નાખ્યો હતો અને રાષ્ટ્રહિતને સર્વોપરી બતાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે રાષ્ટ્રહિતમાં જ વ્યક્તિગત હિત નિહિત છે.



તેમણે વધુમાં જણાવ્યું હતું કે સમષ્ટિ અને વ્યષ્ટિનું આ સુંદર સુઘડ સ્વરૂપ છે. રાષ્ટ્ર અને રાજનીતિના સંદર્ભમાં આ સ્વરૂપની અપેક્ષા છે. મોહન ભાગવતે પ્રશિક્ષણ વર્ગનું નિરીક્ષણ કર્યું હતું અને સંઘના પદાધિકારીઓ સાથે બેઠક કરી હતી.

# મોલદીવ્ઝની ગ્લોબલ બ્રેન્ડ-એમ્બેસેડર બની કેટરિના કૈફ



માલદીવ્ઝ, તા.૧૧

માલદીવ્ઝ માર્કેટિંગ એન્ડ પબ્લિક રિલેશન્સ કોર્પોરેશન દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે બોલીવુડ-સ્ટાર અને સ્ટાઇલ આઇકોન કેટરિના કૈફ હવે મોલદીવ્ઝના ‘સની સાઇડ ઑફ લાઇફ’ની ગ્લોબલ બ્રેન્ડ-એમ્બેસેડર હશે. હાલમાં કોર્પોરેશન દ્વારા વિશ્વભરના પ્રવાસીઓને મોલદીવ્ઝની દરિયાઈ સુંદરતા તરફ આકર્ષવા માટે સમર સેલ કેમ્પેનની શરૂઆત કરવામાં આવી છે અને એ સમયે જ બ્રેન્ડ-એમ્બેસેડર તરીકે કેટરિનાના નામની જાહેરાત કરવામાં આવી છે. સમર સેલ કેમ્પેન હેઠળ મોલદીવ્ઝનાં લક્ઝરી રિસોર્ટ્સ, બુટિક હોટેલ્સ અને ફેમિલી-ફ્રેન્ડલી રોકાણ પર ખાસ ઑફર્સ આપવામાં આવી રહી છે.

કેટરિનાએ પોતાની આ જવાબદારી વિશે કહ્યું હતું કે ‘મોલદીવ્ઝ મારા માટે માત્ર એક સ્થળ નથી, એક અનુભવ છે જ્યાં પ્રકૃતિ પોતાના સૌથી સુંદર રૂપમાં મળે છે.

મને ખૂબ આનંદ છે કે હું ‘સની સાઇડ ઑફ લાઇફ’નો ચહેરો બની રહી છું.

આ અભિયાન દ્વારા હું ઇચ્છું છું કે વિશ્વભરના લોકો આ સ્વર્ગ જેવા ટાપુ-દેશની સુંદરતાનો અનુભવ કરે.’

### ‘બોયકોટ મોલદીવ્ઝ’ બાદ મોટું પગલું

જાન્યુઆરી ૨૦૨૪માં માલદીવ્ઝના કેટલાક પ્રધાનોએ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર કરેલી અપમાનજનક ટિપ્પણી બાદ સોશ્યલ મીડિયા પર ‘બોયકોટ મોલદીવ્ઝ’ ટ્રેન્ડ શરૂ થયો હતો એને કારણે ઘણા લોકોએ મોલદીવ્ઝની યાત્રા રદ કરી હતી અને મોલદીવ્ઝના પ્રધાનોની ચારે તરફ ટીકા થઈ હતી. આ ઘટનાને કારણે ભારત-મોલદીવ્ઝ સંબંધો પર અસર પડી હતી, પરંતુ કેટરિના કૈફની નિમણૂક અને વડા પ્રધાન મોદીની જુલાઈ ૨૦૨૫માં આયોજિત મોલદીવ્ઝની મુલાકાત દ્વિપક્ષીય સંબંધોમાં સુધારાના સંકેત આપે છે.

# દેશમાં રેકોર્ડબ્રેક સ્તરે વીજળીની માંગ છતાંય કોઈ રાજયમાં વીજ પુરવઠો ન્હોતો ખોરવાયો

## સોમવારે સૌથી વધુ વીજમાંગ ૨.૪૧ લાખ મેગાવોટ હતી છતા માંગ અને પુરવઠા વચ્ચે માત્ર ૦.૧ ટકાનું અંતર રહેલું

નવીદિલ્હી,તા.૧૧

ઉત્તર ભારતમાં ભીષણ ગરમીથી જનજીવન પ્રભાવિત થયું છે. ગરમીના કારણે દેશના અનેક રાજ્યોમાં વીજળીની માંગ વધી છે. સોમવારે દેશમાં વીજળીની માંગ રેકોર્ડ સ્તરે પહોંચી હતી. આ દિવસે પીક અવરમાં વીજળીની માંગ ૨.૪૧ લાખ મેગાવોટ પહોંચી હતી. તેમ છતાં દેશના કોઈ રાજ્યમાં વીજળીનો પુરવઠો ખોરવાયો નહોતો.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, દેશમાં વીજળીના પુરવઠા અને માંગ વચ્ચે માત્ર ૦.૧ ટકાનું અંતર છે. ૧૨ વર્ષ પહેલા વર્ષ ૨૦૧૩માં માંગ અને પુરવઠા વચ્ચે ૪.૨ ટકાનું અંતર હતું. વીજળીની પીક અવર માંગ ૨.૭૦ લાખ મેગાવોટ થઈ જાય ત્યારે પણ પૂરી કરી શકાશે. સૂત્રોના કહેવા પ્રમાણે, ભારત વીજળીનો એક મુખ્ય નિકાસકર્તા દેશ બનશે. દેશમાં વીજળીની માંગ ગત વર્ષના ઉચ્ચતમ સ્તર ૨.૫૦ લાખ મેગાવોટ પર નથી પહોંચી. આ પાછળનું કારણ મે મહિનામાં અપેક્ષાથી ઓછી ગરમી પડી હતી. કેન્દ્રીય વીજળી આયોગના અંદાજ મુજબ, વીજળીની માંગ આ વર્ષે ૨.૭૦ લાખ મેગાવોટને સ્પર્શી શકે છે. એપ્રિલ અને મે મહિનામાં દેશમાં વીજળીની માંગ અને પુરવઠા વચ્ચેનું અંતર ઘટી ગયું છે. દેશમાં વીજળી ઉત્પાદનની કુલ સ્થાપિત ક્ષમતા ૪.૭૨ લાખ મેગાવોટ છે, જેમાં ૨.૪૦ લાખ મેગાવોટ કોલસા આધારિત છે. જ્યારે ૨.૨૨ લાખ મેગાવોટ ઉત્પાદન ક્ષમતા રિન્યુએબલ એનર્જી સેક્ટરની છે.

# બેન્કોમાં રૂા.૭૮૨૧૩ કરોડની થાપણોમાં કોઈ દાવેદાર નથી

## મ્યુચ્યુઅલ ફંડ વગેરે પાસે પણ રૂા.૫૦૦ કરોડ અનકલેઈમ પડયા છેઃ થાપણદારો કે તેમના વારસદારોને શોધી દાવાની પતાવટ કરવા નાણામંત્રીની ફરી સૂચના

નવી દિલ્હી તા.૧૧

દેશની બેન્કોમાં થાપણદારોના નાણામાં અનકલેઈમ ડિપોઝીટ એટલે કે જે થાપણો પર તેની પાકતી મુદત બાદ પણ કોઈ કલેઈમ ન થયો હોય તે પ્રકારની થાપણ તેના થાપણદાર કે વારસદારોને મળે તે માટે તાત્કાલીક ઝડપી પગલા લેવા વધુ એક વખત નાણામંત્રી નિર્મલા સીતારામને બેન્કોને સૂચના આપી છે. બેન્કોમાં દર વર્ષે આ પ્રકારની અનકલેઈમ થાપણો વધતી જાય છે જે માર્ચ ૨૦૨૪ પછી ૨૬ ટકા વધીને રૂા.૭૮૨૧૩ કરોડ થઈ છે. ફકત સ્ટેટ બેંકમાં



જ આ પ્રકારે રૂા.૮૦૦૦ કરોડની થાપણો અનકલેઈમ પડી છે. આ ઉપરાંત સેબી હેઠળ નોંધાયેલા મ્યુચ્યુઅલ ફંડ અને અન્ય નાણાકીય સંસ્થાઓ પાસે રૂા.૫૦૦ કરોડની આ પ્રકારની રકમમાં કોઈ દાવેદાર થયુ નથી. સરકારે અનેક વખત બેન્કોને અનકલેઈમ થાપણદારોના હિત હોય તેને શોધીને તે નાણા પરત થાય તેવુ જણાવ્યુ છે. પરંતુ બેન્કો ભાગ્યે જ તેનો અમલ કરે છે. બીજી તરફ હવે નાણામંત્રીએ આ મુદ્દે બેન્કોને ઝડપ કરવા આદેશ આપ્યો છે.

# એક વર્ષમાં ઈન્ટરનેટ-કાર્ડ ફ્રોડમાં ૫૩ ટકા ઘટાડો

## આરબીઆઈની ઝુંબેશને સફળતા

ચેન્નઈ તા.૧૧

દેશમાં ડિઝીટલ વ્યવહારો વધવાની સાથે એક સમયે ઈન્ટરનેટ અને ક્રેડીટ-ડેબીટકાર્ડમાં જે ફ્રોડ થતા હતા તેમાં રિઝર્વ બેંક અને બેંકો તેમજ ગ્રાહકોની જાગૃતતાથી મોટો ઘટાડો થયો છે. આરબીઆઈના એક અહેવાલમાં જણાવાયું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫ના વર્ષમાં ઈન્ટરનેટ અને કાર્ડ ફ્રોર્ડમાં ૫૩ ટકા જેવો ઘટાડો થયો છે. ૨૦૨૨-૨૩થી ૨૦૨૩-૨૪ એમ બે વર્ષમાં આ પ્રકારના ફ્રોડ ચાર ગણા વધ્યા હતા. પરંતુ



આરબીઆઈએ જે એક પ્રકારે લોકોને જાગૃત કરવા માટે ઝુંબેશ ચલાવી તેના કારણે નાણાંકીય વર્ષ ૨૦૨૫નું ૧૩૫૧૬ ફ્રોડ નોંધાયા જેમાં રૂા.૫૨૦ કરોડની રકમ ફસાઈ હતી. જે અગાઉના વર્ષમાં રૂા.૧૪૫૭ કરોડ હતી અને કેસની સંખ્યા ૨૯૦૮૨ હતી. બેંક દ્વારા આ પ્રકારના ફ્રોડ અટકાવવામાં મોટી ભૂમિકા ભજવવામાં આવી છે.

# કેલિફોર્નિયાના ગવર્નરને કાશ પટેલે પણ ખખડાવી નાખ્યા

## એફબીઆઈને તમારી પરમિશનની જરૂર નથીઃ હું સૂચના આપી રહ્યો છું

વોશિંગ્ટન તા.૧૧

અમેરિકામાં ટ્રમ્પ શાસન દ્વારા તોફાનીઓને કાબુમાં લેવા નેશનલ ગાર્ડને એક બાદ એક રાજયમાં તૈનાત કરી રહી છે તે વચ્ચે હવે ટ્રમ્પ શાસનના અધિકારીઓ પણ ગવર્નરને ધમકાવવા લાગ્યા છે. એફબીઆઈના ડિરેકટર કાશ પટેલે હાલમાં જ લોસ એન્જલસમાં જે રીતે તોફાનો કાબુમાં આવતા નથી તેમાં ગવર્નર ગેવિન નુસ્કોમ સાથેની વાતચીતમાં



જણાવ્યું હતું કે લોસ એન્જેલીસ એ ગુન્હેગારોના હાથમાં ચાલી રહ્યું છે અને આપણે કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ પુનઃ સ્થાપવાની છે. ગવર્નરે તેમાં કેટલીક દલીલો કરવા પ્રયત્ન કરતા કાશ પટેલે કહ્યું કે હું તમને પૂછી રહ્યો નથી. સૂચના આપી રહ્યો છું. એટલું જ નહી તેમણે એવુ પણ લખ્યુ કે એફબીઆઈને દેશમાં બંધારણની સ્થિતિ જળવાઈ રહે તે માટે કોઈની મંજુરીની જરૂર નથી. મારી જવાબદારી લોકો પ્રત્યે છે. કોઈ રાજકીય પક્ષો પ્રત્યે નહી. ગવર્નરે આ તોફાનો માટે ટ્રમ્પને દોષિત ઠેરવવા પ્રયત્ન કર્યો હતો.

# લંડનમાં યોજાયેલ ICC હોલ ઓફ ફેમ કાર્યક્રમમાં મહેન્દ્રસિંહ ધોનીની ગેરહાજરી

## રાંચીમાં જિમ સેશન દરમિયાન મળ્યા પ્રતિસાદઃ JSCA દ્વારા ફૂલોનો બુકે આપી શુભેચ્છા અપાઈ





લંડન, તા.૧૧

લંડનમાં સોમવારે સાંજે પાંચ પુરૂષ અને બે મહિલા સહિત સાત ક્રિકેટર્સને ICC હોલ ઓફ ફેમથી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મેથ્યુ હેડન (ઑસ્ટ્રેલિયા), ગ્રેમ સ્મિથ (સાઉથ આફ્રિકા), હાશિમ અમલા (સાઉથ આફ્રિકા), ડેનિયલ વેટોરી (ન્યુ ઝીલેન્ડ) અને સના મીર (પાકિસ્તાન) આ સન્માન સ્વીકારવા માટે હાજર રહ્યાં હતાં, જ્યારે ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર મહેન્દ્ર સિંહ ધોની અને ઇંગ્લેન્ડની ભૂતપૂર્વ વિકેટકીપર-બેટર સારાહ ટેલર કાર્યક્રમમાં આવી શક્યાં નહોતાં.હોમટાઉન રાંચીમાં પોતાના ડેઈલ રૂટીનમાં વ્યસ્ત ધોની કયા કારણે લંડન ન ગયો એનું સ્પષ્ટ કારણ સામે આવ્યું નથી, પણ આ કાર્યક્રમના બીજા જ દિવસે ગઈકાલે તે ઝારખંડ સ્ટેટ ક્રિકેટ અસોસિએશનના જિમમાં જોવા મળ્યો હતો, જ્યાં અસોસિએશન દ્વારા તેને ફૂલોનો બુકે આપીને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ધોની આ સન્માન મેળવનાર ભારતનો નવમો પુરૂષ ક્રિકેટર અને ઓવરઓલ અગિયારમો ક્રિકેટર બન્યો છે. ઝારખંડ સ્ટેટ ક્રિકેટ અસોસિએશને એમ. એસ. ધોનીને ICC હોલ ઑફ ફેમમાં સામેલ થવા બદલ અભિનંદન પાઠવ્યા.

### કોને મળે છે આ સન્માન?

૨૦૦૯થી આ સન્માન અવિશ્વનીય સિદ્ધિઓ મેળવનાર ક્રિકેટર્સને આપવામાં આવે છે. જેણે છેલ્લે પાંચ વર્ષ કે એથી વધુ સમય પહેલાં છેલ્લી ઈન્ટરનેશનલ મેચ રમી હોય તેને જ આ સન્માન માટે માન્ય ગણવામાં આવે છે. હમણાં સુધી ૧૨૨ ક્રિકેટર્સને આ સન્માન મળ્યું છે.

### આ સન્માન મેળવનાર ભારતીય પ્લેયર્સ

બિશન સિંહ બેદી (૨૦૦૯), કપિલ દેવ (૨૦૦૯), સુનીલ ગાવસ્કર (૨૦૦૯), અનિલ કુંબલે (૨૦૧૫), રાહુલ દ્રવિડ (૨૦૧૮), સચિન તેન્ડુલકર (૨૦૧૯), વિનુ માંકડ (૨૦૨૧), વીરેન્દર સેહવાગ (૨૦૨૩), જયના એદલજી (૨૦૨૩), નીતુ ડેવિડ (૨૦૨૪), એમ. એસ. ધોની (૨૦૨૫).

‘‘ ICC હોલ ઓફ ફેમમાં સ્થાન મેળવવું એ એક સન્માનની વાત છે જે વિશ્વભરના ક્રિકેટરોની વિવિધ પેઢીઓના યોગદાનને માન્યતા આપે છે. આવા સર્વકાલીન મહાન પ્લેયર્સ સાથે તમારું નામ યાદ રાખવું એ એક અદ્ભુત અનુભૂતિ છે. એ એવી વસ્તુ છે જેને હું હંમેશાં યાદ રાખીશ.‘‘:

### કાશ્મીરમાં ટુરીઝમ વ્યવસાય તળીયેઃ રાહત આપવા વિવિધ એસો.ની માંગ

# પહેલગામ હુમલા બાદ કાશ્મીરના ધંધા-વ્યાપારને મોટો ફટકો

## એરલાઈન્સ તેમજ હોટલ સહિતના એસો. સરકારને પેકેજ આપવા અપીલ કરી

નવી દિલ્હી તા.૧૧

પહેલગામ હુમલા બાદ જમ્મુ-કાશ્મીરમાં ફરી એક વખત ભયનું વાતાવરણ છે. જો કે અમરનાથ યાત્રા સહિતના આયોજનોમાં સરકારે સુરક્ષાની વ્યવસ્થા રાખી છે. પરંતુ યાત્રાના શ્રદ્ધાળુઓની નોંધણી પણ ૫૦ ટકા જેવી ઘટી ગઈ છે તે વચ્ચે જમ્મુ-કાશ્મીર સરકારે હવે તેના ટુરીઝમ પર આધાર રાખતા વ્યાપાર-ધંધાને ટકાવી રાખવા માટે કેન્દ્ર સરકાર પાસે મદદ માંગી છે તો બીજી તરફ એરલાઈન્સ દ્વારા પણ લોકોને શ્રીનગર પહોંચાડવા અને પરત આવવા માટે જે રીતે યુઝર્સ ડેવલપમેન્ટ ચાર્જ અને એવીએશન સીકયોરીટી ફી જે શ્રીનગર એરપોર્ટ માટે ખાસ લેવાય છે તે હાલ સ્થગીત કરવા માંગણી કરી છે. આ ફી અત્યંત ઉંચી છે અને બંનેનો સરવાળો કરો તો ૧૨૫૦ રૂપિયાનો ચાર્જ વધી જાય છે. જો તે નાબુદ કરાય તો લોકોને સસ્તી ટિકિટનો લાભ મળી શકે. આ ઉપરાંત કાશ્મીરના હોટલ રેસ્ટોરાએસો. અને અન્ય સહેલાણીને સેવા આપતા એસો.એ પણ સરકાર પાસે તેમના ઈલેકટ્રીક બીલ છ માસ માટે માફ કરવા અને લોન પરનું વ્યાજમાં પણ રાહત આપવાની માંગણી કરી છે.




પહેલગામ હુમલા પુર્વે કાશ્મીરમાં લાખો સહેલાણીઓ મોજૂદ હતા પરંતુ હુમલા બાદ તે સંખ્યા અચાનક જ સાવ તળીયે પહોંચી ગઈ છે.

# ફૂડ ડિલીવરી માર્કેટમાં આવી રહી છે વધુ કંપનીઓઃ ગ્રાહકને સસ્તામાં અને ઝડપથી મળશે ફૂડ

## રેપિડો રેસ્ટોરન્ટ પાસેથી ઓછુ કમિશન લેશે, બિગ બાસ્કેટ ૧૦ મિનિટમાં કરશે ડિલીવરી

નવી દિલ્હી તા.૧૧

ઓનલાઈન ફૂડ મંગાવવાનું હોય તો મોટાભાગનાં લોકોના મનમાં સ્વિગી, ઝોમેટો જેવી કંપનીઓનાં નામ આવે છે.પરંતુ ઘણીવાર ફૂડ એટલા તો મોંઘા હોય છે કે લોકો મન ભાંગીને રહી જાય છે. હવે આ સ્થિતિ બદલવાની છે. કારણ કે ફૂડ ડીલીવરી માર્કેટમાં રેપીડો, બિગ બાસ્કેટ, જેવી કંપનીઓની પણ એન્ટ્રી થઈ રહી છે.

આથી હરીફાઈ વધશે, રેસ્ટોરન્ટને ઓછૂ કમિશન આપવુ પડશે ગ્રાહકોને પણ ઓછો ડીલીવરી ચાર્જ આપવો પડશે અને ફૂડ સસ્તુ પડશે. કંપનીઓ પર પણ સારી સેવા આપવાનો બોજ વધશે અને ગ્રાહકોને પણ અનેક ઓપ્શન મળશે.

**રેપિડો ૮.૧૫ ટકા કમિશન લેશેઃ**



રેપિડોએ ફૂડ ડીલીવરીમાં પગલા રાખતા કહ્યું હતું કે તે રેસ્ટોરન્ટ પાસેથી અડધુ કમિશન લેન સુત્રે અનુસાર રેપિડો ૮ થી ૧૫ ટકા કમિશન લેશે. જયારે ઝોમેટો સ્વીગી ૧૬ થી ૩૦ ટકા ચાર્જ વસુલે છે. નેશનલ રેસ્ટોરન્ટ એસોસીએશન ઓફ ઈન્ડિયા (એનઆરએઆઈ) સાથે સમજુતી અંતર્ગત રેપિડો ૪૦૦ રૂપિયાથી ઓછા ઓર્ડર પર ૨૫ રૂપિયા અને ૪૦૦ રૂપિયાથી વધુ ઓર્ડર પર ૫૦ રૂપિયાની ફિકસ્ડ ફી લેશે.

આ મોડેલ નાના રેસ્ટોરા માટે ફાયદાકારક રહેશે જે મોટા પ્લેટફોર્મર્સનાં ઉચા કમિશનથી પરેશાન છે.રેપિડોનો પાયલોટ પ્રોજેકટ બેંગ્લુરૂમાં જુનનાં અંત સુધીમાં શરૂ થઈ જશે.

**બિગ બાસ્કેટ ડાર્ક સ્ટોર્સ વધારશેઃ**

ટાટા સમુહની બિગ બાસ્કેટ માર્ચ ૨૦૨૬ સુધી પુરા ભારતમાં ૧૦ મિનિટમાં ફૂડ ડિલીવરી શરૂ કરવાની યોજના બનાવી રહી છે.આ પગલુ ૭.૧ બિલિયન ડોલરનાં કિવક કોમર્સ માર્કેટમાં સ્વિગીનાં સ્નેક, બ્લિકિટના બિસ્ટ્રો અને જેપ્ટો જેવા ખેલાડીઓને ટકકર આપશે. બિગ બાસ્કેટનાં સહ સંસ્થાપક વિપુલ પારેખે જણાવ્યું હતું કે ફૂડ ડિલીવરીના પાયલોટ પ્રોજેકટને જુલાઈ સુધીમાં ૪૦ ડાર્ક સ્ટોર્સ સુધી વધારવામાં આવશે.

આટલું જ નહિં કંપની પોતાના કુલ ડાર્ક સ્ટોર્સની સંખ્યા ૭૦૦ થી વધારીને ૨૦૨૫ સુધીમાં ૧૦૦૦-૧૨૦૦ કરવાની યોજના કરી રહી છે. ડાર્ક સ્ટોર્સ ગાઢ વસ્તીવાળા વિસ્તારમાં નાના ગોદામ છે,.

**ગ્રાહક-રેસ્ટોરન્ટ માટે રાહતઃ**

રેપિડો અને બિગ બાસ્કેટ ગ્રાહકો માટે સસ્તા અને વધુ ઝડપી વિકલ્પ લાવી રહી છે. જે ગ્રાહક અને રેસ્ટોરન્ટ માટે રાહત દાયક રહેશે.

# લોકલ ટ્રેનોથી ૩ વર્ષમાં ૭,૫૬૦ લોકોનાં મોત : ૭,૨૯૩ ઘાયલ

## ભીડ, અરાજકતા અને નબળી સુરક્ષા વ્યવસ્થા મૃત્યુનું કારણ બની રહી

મુંબઈ ,તા.૧૧

મુંબઈની 'લાઈફલાઈન' કહેવાતી લોકલ ટ્રેનો હવે ડેથ ટ્રેક પર દોડી રહી છે. મુંબઈ સ્ટેશન પર અકસ્માત અંગે સવાલો ઉભા થઈ રહ્યાં છે. એક આરટીઆઈના સવાલ મુજબ, છેલ્લાં ત્રણ વર્ષમાં મુંબઈ લોકલમાં મુસાફરી કરી રહેલાં ૭,૫૬૦ મુસાફરોએ પોતાનો જીવ ગુમાવ્યો છે, જ્યારે ૭,૨૯૩ ગંભીર રીતે ઘાયલ થયાં છે. મુંબઈ રેલવે પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલી આરટીઆઈની પૂછપરછમાં આ ખુલાસો થયો છે. સસ્તી, ઝડપી અને સુલભ સ્થાનિક મુસાફરી હવે જોખમી બની રહી છે. વધુ પડતી ભીડ, મર્યાદિત લોકલ ટ્રિપ્સ, અપૂરતી સુવિધાઓ, સ્ટેશનના પ્રવેશદ્વારો પર સુરક્ષાનો અભાવ અને પાટા નજીક બેરિકેડિંગનો અભાવ એ કેટલાક પરિબળો છે જે સ્થાનિક ટ્રેન અકસ્માતો તરફ દોરી જાય છે

સામાજિક કાર્યકર્તા સમીર ઝવેરીના જણાવ્યા અનુસાર મધ્ય રેલવેના રૂટ પર સૌથી વધુ અકસ્માતો થાણે અને કલ્યાણ વચ્ચે થયા છે. થાણે અને કલ્યાણ જીઆરપી પોલીસ સ્ટેશનમાં ૨૦૨૪ માં સૌથી વધુ મૃત્યુ નોંધાયાં છે. જેમાં કુલ ૩૮૭ લોકોના મોત થયાં હતાં અને ૭૮૮ લોકો ઘાયલ થયાં હતાં. એકલા કલ્યાણમાં જ ૧૧૬ મૃત્યુ અને ૧૫૭ ઘાયલ થયા હતાં, જ્યારે થાણેમાં ૬૮ મૃત્યુ અને ૧૦૭ ઇજાઓ નોંધાઈ હતી. આમાંથી મોટા ભાગનાં કિસ્સાઓમાં લોકો ચાલતી ટ્રેનમાંથી પડી ગયા હતાં અને મૃત્યુ પામ્યાં હતાં.



**મધ્ય રેલ્વે**

| વર્ષ | મૃત્યુ ઘાયલ |
|---|---|
| ૨૦૨૪ : | ૧,૫૩૩/૧,૬૫૫ |
| ૨૦૨૩ : | ૧,૬૫૦/૧,૪૬૬ |
| ૨૦૨૨ : | ૧,૫૮૫/૧,૧૫૩ |
| કુલ :- | ૪,૭૬૮/૪,૨૭૪ |

**પશ્ચિમ રેલ્વે**

| વર્ષ | મૃત્યુ ઘાયલ |
|---|---|
| ૨૦૨૪ : | ૯૩૫/૧,૦૪૨ |
| ૨૦૨૩ : | ૯૪૦/૯૭૫ |
| ૨૦૨૨ : | ૯૨૨/૧,૦૦૨ |
| કુલ : | ૨,૭૯૨/૩,૦૧૯ |

**રેલ્વે પ્રશાસન પર સવાલો ઉઠી રહ્યાં**

રેલ યાત્રી પરિષદના પ્રમુખ સુભાષ ગુપ્તાએ જણાવ્યું હતું કે એક તરફ મુંબઇની લોકલ ટ્રેનો દરરોજ લાખો મુસાફરોને લઇ જઇ રહી છે, તો બીજી તરફ આ આંકડા પ્રશાસનની બેદરકારીનો પુરાવો છે. સુરક્ષા વ્યવસ્થાનો અભાવ, ટ્રેનોની સંખ્યામાં વધારો ન થવો અને સિગ્નલિંગ સિસ્ટમમાં રહેલી ખામીઓને કારણે મુંબઈની લોકલ ટ્રેનની મુસાફરી અસુરક્ષિત બની ગઈ છે.

**એલોન મસ્કે ટ્રમ્પ સાથેના વિવાદ વચ્ચે સ્પેસએક્સની ડ્રેગન કેપ્સ્યુલ સેવાઓ બંધ કરવાની**

**મસ્કે બાદમાં ધમકી પાછી ખેંચી, પરંતુ આ વિવાદને કારણે સ્પેસ ઈન્ડસ્ટ્રીમાં ખળભળાટ મચી ગયો**

**ડ્રેગન કેપ્સ્યુલ નાસા માટે આઈએસએસ મિશનનો આધાર છે, તેના વિના ઘણાં પ્રોજેક્ટ્સ અટકી શકે છે**

# મસ્ક-ટ્રમ્પની તકરારથી અંતરિક્ષમાં ખળભળાટ



અંતરિક્ષની દુનિયામાં એક નવું વાવાઝોડું આવ્યું છે અને આ વખતે તે ઉલ્કા કે સૌર વાવાઝોડું નથી, પરંતુ વિશ્વના બે પ્રભાવશાળી લોકો - અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને અબજોપતિ એલોન મસ્ક વચ્ચે ભીષણ યુદ્ધ છે. ૬ જૂન ૨૦૨૫ ના રોજ સોશિયલ મીડિયા પર બંને વચ્ચે શરૂ થયેલી ચર્ચાએ માત્ર હેડલાઇન્સ જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન (આઇએસએસ) અને નાસાના મહત્વપૂર્ણ મિશન પર પણ પ્રશ્નાર્થ ચિહ્ન મૂક્યું હતું. મસ્કે પોતાની કંપની સ્પેસએક્સની ડ્રેગન કેપ્સ્યુલ સેવાઓ તાત્કાલિક બંધ કરી દેવાની ધમકી આપી હતી, જેણે અવકાશ ઉદ્યોગને હચમચાવી નાખ્યો હતો. જો કે, મસ્કે થોડા કલાકો પછી આ ધમકી પાછી ખેંચી લીધી હતી, પરંતુ આ ઘટનાએ નાસા અને યુએસ સ્પેસ પ્રોગ્રામની નબળાઇઓને ઉજાગર કરી હતી.

**બોઈંગનું સ્ટારલાઈનર હજુ સુધી તૈયાર નથી, રશિયાનું સોયુઝ જ એકમાત્ર વિકલ્પ છે**

### મસ્ક-ટ્રમ્પ વિવાદની શરૂઆત : એક ટ્વિટથી ભૂકંપ આવ્યો

આ બધું ત્યારે શરૂ થયું જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પે તેમનાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર લખ્યું, ''અમારા બજેટમાં અબજો ડોલરની બચત કરવાનો સૌથી સહેલો રસ્તો એલોન મસ્કની સરકારી સબસિડી અને કરારોને સમાપ્ત કરવાનો છે.'' મને હંમેશાં આશ્ચર્ય થતું હતું કે બાઈડેને આવું કેમ ન કર્યું. આ નિવેદન મસ્ક પર તીખો હુમલો હતો, કારણ કે તેમની કંપની સ્પેસએક્સને નાસા અને અમેરિકાના સંરક્ષણ મંત્રાલય તરફથી ૫૨૦ મિલિયન પ્રતિબંધો મળ્યાં હતાં. મસ્કે આ હુમલાનો જવાબ આપવામાં વધુ સમય લીધો ન હતો. તેને તેની સોશિયલ મીડિયા સાઈટ એક્સ પર લખ્યું છે કે, ''રાષ્ટ્રપતિના નિવેદનના જવાબમાં, સ્પેસએક્સ તરત જ તેના ડ્રેગન અવકાશયાનની સેવાઓ બંધ કરી દેશે.'' આ ધમકીથી માત્ર નાસા જ નહીં, પરંતુ સમગ્ર અંતરિક્ષ સમુદાય સ્તબ્ધ થઈ ગયો. ડ્રેગન કેપીઓન એ યુનાઈટેડ સ્ટેટ્સનું એકમાત્ર અવકાશયાન છે જે અવકાશયાત્રીઓને આઈએસએસ અને પાછા લઈ જઈ શકે છે. જો આ સેવાઓ બંધ કરવામાં આવે તો નાસાના ઘણા મહત્વપૂર્ણ મિશન અટકી શકે છે.



### ધમકીની અસર : નાસા માટે સંકટ

જો મસ્કે પોતાની ધમકી સાચી પાડી હોત તો નાસા માટે પરિસ્થિતિ ગંભીર બની જાત. હાલમાં, સ્પેસએક્સ એકમાત્ર અમેરિકન કંપની છે જે ક્રૂને ડ્રેગન કેપ્સ્યુલ દ્વારા આઇએસએસમાં ચાર લોકોને લઈ જઈ શકે છે. બોઈંગનું સ્ટારલાઈનર, જે નાસાનો બીજો વિકલ્પ હતો, તે હજી સંપૂર્ણપણે વિશ્વસનીય નથી. ૨૦૨૪ માં તેનું પરીક્ષણ મિશન અસફળ રહ્યું હતું અને તે હજી પણ આગામી ફ્લાઈટ માટે તૈયાર નથી. આ ઉપરાંત નોર્થરોપ ગ્રુમ્માનનું સિગ્નસ કાર્ગો વ્હીકલ અને સિએરા સ્પેસનું ડ્રીમ ચેઝર પણ વિકલ્પો છે, પરંતુ તે માત્ર કાર્ગો મિશન માટે જ છે અને હજુ સંપૂર્ણપણે કાર્યરત નથી. આવી સ્થિતિમાં, નાસા પાસે માત્ર એક જ વિકલ્પ છે. રશિયાની સોયુઝ કેપ્સ્યુલ બાકી છે, જેમાં ત્રણ લોકો બેસી શકે છે. નાસાએ તેના અવકાશયાત્રીઓને સોયુઝ મારફતે આઈએસએસમાં અગાઉ મોકલ્યા છે, પરંતુ યુક્રેન યુદ્ધ પછી રશિયન-યુએસ સંબંધોમાં જે તાણ આવી છે તે જોતાં તે ખર્ચાળ (સીટ દીઠ લાખો ડોલર) અને જોખમી વિકલ્પ છે.

મસ્કની ધમકીની અસર આઈએસએસના હાલના સાત સભ્યોના ક્રુ પર પણ પડી શકે છે. જો ડ્રેગન સેવાઓ બંધ કરી દેવામાં આવી હોત, તો ક્રૂ -૯ મિશન જેણે ચાર અવકાશયાત્રીઓને પાછા લાવ્યા હતા તે બંધ થઈ ગયું હોત અને આગામી ક્રૂ -૧૦ મિશન શરૂ કરવામાં આવશે નહીં. આને કારણે આઈએસએસ પર કર્મચારીઓની અછત સર્જાઈ હોત, જેણે વૈજ્ઞાનિક પ્રયોગો અને જાળવણીને અસર કરી હોત.

### ડ્રેગન કેપ્સ્યુલઃ ધ બેઝિસ ઓફ નાસા, લાઈફ ઓફ ધ આઈએસએસ

સ્પેસએકસની ડ્રેગન કેપ્સ્યુલ એ અવકાશ સંશોધનમાં એક ક્રાંતિકારી પગલું છે. તે માત્ર અવકાશયાત્રીઓને જ આઈએસએસમાં લઈ જાય છે, પરંતુ તે મોટા પ્રમાણમાં કાર્યો અને વૈજ્ઞાનિક ઉપકરણો પણ પરત કરી શકે છે. ૨૦૨૦ માં, નાસા માટે અવકાશયાત્રીઓને પ્રથમ વખત આઈએસએસ પર લઈ ગયા હતાં, જેણે યુ.એસ.ને રશિયાના સોનુઝ અવકાશયાન પરની નિર્ભરતાથી મુકત કર્યું હતું. તાજેતરના વર્ષોમાં ડ્રેગને ઘણી વખત તેની તાકાત બતાવી છે.

માર્ચ ૨૦૨૫ માં, જ્યારે બોઈંગની સ્ટારલ્કાના પિપ્સુલે તકનીકી ખામીને કારણે ક્રેશ થયું હતું, ત્યારે ડ્રેગન નવ મહિના પછી નાસાના બે અવકાશયાત્રીઓ, સુનિતા વિલિયમ્સ અને મર્ક્યુરી વિટમોરને સુરક્ષિત રીતે આઈએસએસથી લાવ્યા હતા. આ ઉપરાંત ડ્રેગનનો ઉપયોગ કોર્ક મિશન માટે પણ થાય છે, જેમ કે ૨૨ એપ્રિલ, ૨૦૦૫ના રોજ આઈએસએસને ૬,૭૦૦ પાઉન્ડ કાર્ગોની ડિલિવરી કરી હતી.

નાસાએ આઈએસએસ (૨૦૩૦માં આયોજિત) ની ડી-ઓર્બિટિંગ માટે ડ્રેગનની પસંદગી પણ કરી છે. ૫૮૪૩ મિલિયનના આ કરાર હેઠળ સ્પેસમા એક શક્તિશાળી ડ્રેગન વ્હીકલ બનાવશે, જે પૃથ્વીની ભ્રમણકક્ષામાંથી આઈએસએસને સુરક્ષિત રીતે હટાવી અને સમુદ્રમાં ઉતારશે.





### મસ્કે શા માટે યુ-ટર્ન લીધો?

મસ્કની ધમકીના થોડા કલાકો પછી, એક્સ પર એક વપરાશકર્તાએ (@Fab25june) તેને ''શાંત થવા'' અને ''પીછેહઠ'' કરવાની સલાહ આપી હતી. મસ્કે જવાબ આપ્યો, ''સારી સલાહ.'' ઠીક છે, અમે ડ્રેગનને ડિકમિશન કરીશું નહીં. આ યુ-ટર્ન ઘણા પ્રશ્નો ઉભા કરે છે. શું મસ્કની ધમકી માત્ર ટ્રમ્પ પર દબાણ લાવવાની યુક્તિ હતી? અથવા તે કોઈ આવેગજન્ય પ્રતિક્રિયા હતી જેણે પાછળથી હથોડા માર્યા હતા? મસ્ક અને ટ્રમ્પ વચ્ચેનો વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે મરાકે ટ્રમ્પના ''બિગ બોલ્ડ બ્યુટીફૂલ બિલ'' ને ''પવિત્ર'' ગણાવ્યું હતું. આ બિલમાં ઇલેક્ટ્રિક વાહનો અને સૌર પ્રોત્સાહનોમાં ઘટાડો કરવામાં આવ્યો છે, જે મસ્કની કંપનીઓ ટેસ્લા અને સ્પેસએક્સ માટે હાનિકારક છે. ટ્રમ્પે મસ્ક પર ''વિશ્વાસઘાત'' અને તેના કરાર રદ કરવાની ધમકી આપીને પ્રતિક્રિયા આપી હતી.

### યુ.એસ.ના અવકાશ ઉદ્યોગની નબળાઈ છતી થઈ છે

મસ્કની ધમકી, જો પાછી ખેંચી લેવામાં આવે તો પણ, યુએસ સ્પેસ ઉદ્યોગની નબળાઈઓને ઉજાગર કરે છે. સ્પેસએક્સ નાસા અને યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ માટે મુખ્ય ભાગીદાર છે. કંપનીને ૧૫ અબજ ડોલરના કોન્ટ્રાક્ટ મળ્યા છે, જેમાં ફાલ્કન ૯નો પણ સમાવેશ થાય છે. ડ્રેગન, અને સ્ટારશીપ જેવા પ્રોજેક્ટ્સ. નાસા દ્વારા તેના આર્ટેમિસ પોગ્રામ માટે સ્ટારશિપની પસંદગી કરવામાં આવી છે, જે ૨૦૨૭ માં ચંદ્ર પર અવકાશયાત્રીઓને ઉતારશે. જો સ્પેસએક્સની સેવાઓ બંધ થઈ જાય તો માત્ર આઈએસએસ મિશનને જ અસર નહીં થાય, પરંતુ મૂન મિશન, વૈજ્ઞાનિક પ્રયોગો અને લશ્કરી ઉપગ્રહ પ્રક્ષેપણો પણ જોખમમાં મુકાઈ જશે. નિષ્ણાતો કહે છે કે સ્પેસએક્સનું સ્થાન લેવું સરળ નથી, કારણ કે તેના હરીફો - જેમ કે બ્લુ ઓરિજિન અને યુનાઈટેડ લોન્ચ એલાયન્સ - હજી સુધી એટલા વિશ્વસનીય અથવા સસ્તા નથી.

### નાસાનો પ્રતિસાદ અને ભવિષ્ય

- નાસાના પ્રેસ સચિવ બેથેની સ્ટીક્સે મસ્કની ધમકીનો સીધો જવાબ આપવાનું ટાળ્યું હતું અને કહ્યું હતું કે, ''અમે રાષ્ટ્રપતિના અવકાશ દ્રષ્ટિકોણને લાગુ કરવા માટે અમારા ઉદ્યોગ ભાગીદારો સાથે કામ કરવાનું ચાલુ રાખીશું.'' આ નિવેદનથી સંકેત મળે છે કે નાસા આ વિવાદને શાંત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે, પરંતુ સ્પેસએક્સ પર તેની નિર્ભરતા સ્પષ્ટ દેખાઈ રહી છે
- આ દરમિયાન ટ્રમ્પ પ્રશાસનનો નાસાનો બજેટ પ્રસ્તાવ પણ વિવાદોમાં છે. આ બજેટમાં બોઈંગની સ્પેસ લોન્ચ સિસ્ટમ (એસએલએસ) અને લોકહીડ માર્ટિનની ઓરિયન કેપ્સ્યુલને ખતમ કરવાની વાત કરવામાં આવી છે, જે સ્પેસએક્સ માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. પરંતુ સેનેટે એસએલએસ માટે ૪.૧ અબજ ડોલરનું ભંડોળ પુનઃસ્થાપિત કર્યું હતું, જે ટ્રમ્પ અને મરાક યુદ્ધને પગલે નાસાની નીતિઓને અસર કરી શકે છે.
- મસ્ક-ટ્રમ્પનો જંગ ભલે થોડા સમયમાં શાંત થઈ હોય, પરંતુ તે અવકાશ ઉદ્યોગમાં એક ગંભીર પ્રશ્ન ઉભો કરે છેઃ શું અમેરિકાનો સ્પેસ પ્રોગ્રામ એક કંપની અને એક વ્યક્તિ પર આટલો બધો આધાર રાખી શકે છે? ડ્રેગન કેપ્સ્યુલ નાસાની કરોડરજ્જુ છે, અને તેના વિના, આઈએસએસ જેવા મહત્વપૂર્ણ મિશન જોખમમાં હશે. મસ્કની ધમકીએ એ પણ બતાવ્યું કે ખાનગી કંપનીઓ અને સરકાર વચ્ચેની ભાગીદારી કેટલી નાજુક હોઈ શકે છે. હવે સવાલ એ છે કે, શું મસ્ક અને ટ્રપ તેમના યુદ્ધને ભૂલી જશે અને અવકાશ સંશોધનના મોટા લક્ષ્યો પર ધ્યાન કેન્દ્રિત કરશે? અથવા ભવિષ્યમાં આ વિવાદ ફરી થી ઉભો થશે
- એક વાત ચોક્કસ છે કે અંતરિક્ષની દુનિયામાં આ નાટક હજી પૂરું થયું નથી. ભોલેનાથની જેમ મસ્ક અને ટ્રમ્પનો ડાન્સ પણ અંતરિક્ષની કક્ષાને હલાવી શકે છે, અને નાસાએ પોતાના ભવિષ્ય માટે નવા રસ્તા શોધવા પડશે.

**આઈપીઓની સંભાવનાવાળા અનલિસ્ટેડ શેર 'રોકેટ' બન્યાં**

# પ્રી-આઈપીઓની ધૂમ : શેરબજારમાં તેજી આવતા અનલિસ્ટેડ શેરોમાં એક મહિનામાં ૫૦ ટકાનો ઉછાળો

મુંબઈ : ૨૦૨૫માં ધીમી શરૂઆત બાદ હવે આઈપીઓ માર્કેટ જોર પકડી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. આગામી ત્રણથી છ મહિનામાં એક ડઝનથી વધુ મોટી કંપનીઓ આઇપીઓ લોન્ચ કરવા તૈયાર છે. મર્ચન્ટ બેન્કરોનું કહેવું છે કે ગૌણ બજારમાં સ્થિરતા પાછી ફરવાના કારણે અને ભૂરાજકીય મોરચે તણાવ હળવો થવાને કારણે આઇપીઓ માર્કેટમાં ઉછાળો આવવાની ધારણા છે. શેરબજારની વાપસીની સાથે જ આઈપીઓની સંભાવનાવાળા અનલિસ્ટેડ શેર એક મહિનામાં રોકેટ બની ગયા છે અને અનલિસ્ટેડ માર્કેટ (ગ્રે માર્કેટ)માં તેમના શેર હોટ કેકની જેમ વેચાઈ રહ્યાં છે.

### ગ્રે માર્કેટમાં હોટ કેકની જેમ વેચી રહ્યાં




**તોફાની તેજી :-** એક મહિનાની અંદર જ એનએસઈના અનલિસ્ટેડ શેરની કિંમત ૫૧ ટકા વધીને ૨૩૭૦ રૂપિયા પર પહોંચી ગઈ છે. એનએસડીએલ, વિક્રમ સોલર, ટાટા કેપિટલ સી કંપનીઓના અનલિસ્ટેડ શેરમાં પણ આવો જ લાભ જોવા મળ્યો હતો.

### આ કંપનીઓ ટૂંક સમયમાં જ બજારમાં ઝંપલાવશે

એચડીએફસી બેંકની સહાયક કંપનીઓ એચડીબી ફાઇનાન્શિયલ સર્વિસિસ, એનએસડીએલ, એનએસડીએલ, એનએસઇ, કલ્પતરુ, રૂબિકોન રિસર્ચ, ઓલ ટાઇમ પ્લાસ્ટિક્સ, રેગ્રીન-એક્સેલ ઇપીસી ઇન્ડિયા અને પેરામેસુ બાયોટેક આગામી ૩-૬ મહિનામાં આઇપીઓની તૈયારી કરી રહેલી કંપનીઓમાં સામેલ છે. આ ઉપરાંત કેડિલા, એસકે ફાઇનાન્સ, વેરિટાસ ફાઇનાન્સ, પારસ હેલ્થકેર, સીઆઇઈએલ એચઆર સર્વિસીસ, અવન્સે ફાઇનાન્શિયલ સર્વિસિસ, ડ્રોગ-કેટલ કેમિકલ્સ ઇન્ડિયા, બ્રિગેડ હોટેલ વેન્ચર્સ અને શ્રીજી શિપિંગ પણ આઇપીઓ લોન્ચ કરવાની તૈયારીમાં છે. તેમને સેબીએ મંજૂરી આપી દીધી છે.

# ગૂગલ મેપે કઠોડે ચડાવ્યા! નિર્માણાધીન ઓવરબ્રિજ પર ચડી કાર લટકી ગઈ!

ગોરખપુર (યુપી) તા.૧૧

ગોરખપુર- સોનૌલી હાઈવેના ભૈયા ફરેંદા ગુગલ મેપના આધારે પૂરઝડપે જઈ રહેલી કાર રવિવારે રાત્રે નિર્માણાધીન ફલાય ઓવર પર ચડીને નીચે લટકી ગઈ હતી. સદ્ભાગ્યે કાર સવાર બાલ-બાલ બચી ગયો હતો.

આ ઘટનામાં કામ કરાવનાર સંસ્થાની લાપરવાહી બહાર આવી છે. અર્ધ નિર્મિત ફલાય ઓવરના માર્ગ પર ડાયવર્ઝનના સંકેત નહોતા. જાણવા મળતી વિગત મુજબ કારમાં માત્ર ચાલક જ હતો. લખનૌનો રહેવાસી આ યુવક કારથી ગોરખપુર થઈને નેપાળ જઈ રહ્યો હતો ગુગલ મેપ મુજબ તે પૂરઝડપે કાર ચલાવી રહ્યો હતો. તે જેવો નિર્માણાધીન ફલાય ઓવર બ્રિજ પર ચડયો પરંતુ બ્રિજનો બીજો છેડો ન હોવાનું ચાલકને ભાન થતા તેણે કારને બ્રેક મારી હતી અને કાર ફલાય ઓવરના છેડે લટકી ગઈ હતી.

રાત્રે આ અકસ્માત થતા લોકોને જાણ થતા એકઠા થઈ ગયા હતા. પોલીસ પણ બચાવમાં લાગી હતી. કાર ચાલકને કોઈ પણ રીતે બહાર કાઢવામાં આવ્યો. તેને મામૂલી ઈજા થઈ હતી. સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે નિર્માણ સ્થળે ના તો સાઈન બોર્ડ છે કે ના તો ડાયવર્ઝનની સ્પષ્ટ સૂચના.

આ મામલે એમએનએઆઈના પી.ડી. લલિત પ્રતાપ પાલે જણાવ્યું હતું કે વાહન ચાલક દ્વારા અસ્થાયી બેરકેડ હટાવીને બ્રિજની તરફ જવાની વાત બહાર આવી છે. તેમ છતા મામલાની તપાસ કરાશે. કોઈ કમી હશે તો જવાબદાર સામે પગલા ભરવામાં આવશે.





**સદ્ભાગ્યે કાર ચાલકનો બચાવઃ નિર્માણાધીન બ્રિજ સ્થળે ડાયવર્ઝનના કોઈ સંકેત નહોતા**

# કેનેડામાં લાગુ થશે નવો નાગરિકતા કાનૂનઃ નવા કાયદામાં રહેઠાણના આધારે સિટીઝનશિપ

## નવા કાયદાથી ભારતીય સહિત તમામ ઈમિગ્રન્ટ્સને ફાયદો

ટોરન્ટો(કેનેડા),તા.૧૧

હાલમાં જ કેનેડાએ 'નવું નાગરિકતા બિલ'નો પ્રસ્તાવ રજૂ કર્યો છે. ઇમિગ્રેશન મંત્રી લેના મેટલેજ ડાયાબ દ્વારા ગુરુવારે સંસદમાં રજૂ કરાયેલા આ બિલમાં વારસાગત ધોરણે કેનેડિયન નાગરિકતા મેળવવાના વર્તમાન નિયમને નાબૂદ કરવાની વાત કરવામાં આવી છે. વર્ષ ૨૦૦૯માં રજૂ કરાયેલા નિયમ મુજબ કેનેડાની બહાર જન્મેલા કોઈપણ કેનેડિયન નાગરિકના વિદેશમાં જન્મેલા કે દત્તક લેવાયેલા બાળકને કેનેડાની નાગરિકતા મળતી નહોતી. હવે આ નિયમમાં સુધારો કરવાની રજૂઆત કરાઈ છે.

કેનેડાના વર્તમાન નાગરિકતા કાયદા મુજબ વારસાગત નાગરિકતા ફક્ત કેનેડામાં જન્મેલી પ્રથમ પેઢી સુધી જ મર્યાદિત છે. તેથી કેનેડાની બહાર જન્મેલા કોઈપણ



કેનેડિયન નાગરિક પોતાની નાગરિકતા વિદેશમાં જન્મેલા (કે દત્તક લીધેલા) પોતાના બાળકને આપી શકતા નથી. વર્ષ ૨૦૦૯માં સંસદમાં રજૂ કરાયેલા આ કાયદામાં રહેલી ભૂલને સુધારવા માટે bill C-3 નામે પ્રસ્તાવ રજૂ કરાયો છે.

નવા કાયદા મુજબ માતા-પિતાએ કેનેડા સાથે 'નોંધપાત્ર જોડાણ' દર્શાવવું પડશે. બાળકના જન્મ અથવા દત્તક લેવાયાના ઓછામાં ઓછા ૧,૦૯૫ દિવસ (ત્રણ વર્ષ) પહેલા માતા-પિતાની કેનેડામાં હાજરી હોવી જોઈએ. તેનો અર્થ એ છે કે વિદેશમાં જન્મેલા બાળકોને હવે કેનેડિયન નાગરિક હોવાને બદલે કેનેડામાં રહેઠાણના આધારે નાગરિકતા અપાશે.

અમેરિકામાં ટ્રમ્પ વહીવટી તંત્ર દ્વારા ઇમિગ્રેશન નીતિઓને કડક બનાવાતા એની પ્રતિકૂળ અસર ભારતીયોને પડી રહી છે, ત્યારે કેનેડામાં ઇમિગ્રેશન બાબતે થવા જઈ રહેલા આ સુધારાને કારણે ભારતીય ઇમિગ્રન્ટ્સ (સહિત તમામ ઇમિગ્રન્ટ સમુદાયો)ને લાભ થવાની અપેક્ષા છે, કારણ કે કેનેડા સાથે નોંધપાત્ર સંબંધ ધરાવતા કેનેડિયન નાગરિકોના ભારતમાં જન્મેલા સંતાનો હવે C-3 બિલના આધારે કેનેડિયન નાગરિકતા માટે પાત્ર બનશે. આ લાભ પ્રથમ પેઢી પછી વિદેશમાં દત્તક લેવાયેલા બાળકોને પણ મળશે



લાંબા સમયથી આપણે આ રીતે ભારતીયોનું અપમાન જોતા રહ્યા છીએ તે કદાચ દેશના લોકો માટે પણ એક અપમાન છે અને તે સ્થિતિ સ્વીકાર્ય બનવી જોઇએ નહીં

# ન્યુઆર્ક વિડીયો : ભારત આટલું લાચાર હોઇ ન શકે

**અમેરિકામાં ટ્રમ્પ શાસનના આગમન બાદ જે રીતે ગેરકાનુની વસાહતીઓ સામે કે વિઝા નિયમોનો ભંગ કરનાર સામે પગલા લેવાઈ રહ્યા છે તેની સામે કોઇ વિરોધ હોઇ ન શકે પરંતુ મહત્વનું એ છે કે જે રીતે તેમને ડિપોર્ટ કરવામાં આવી રહ્યા છે તે સૌથી વાંધાજનક છે અને તેમાં પણ બે દિવસ પહેલાના ન્યુઆર્ક વિમાની મથકે એક ભારતીય વિદ્યાર્થીને ક્રિમીનલની જેમ જમીન પર પછાડી હથકડી પહેરાવી તેની ચીસોની ચિંતા કર્યા વગર ડિપોર્ટ કરાયો તે દ્રશ્ય આક્રોશ સર્જનારૂ છે પરંતુ કમનસીબી એ છે કે આપણો આક્રોશ ફકત સોશ્યલ મીડિયા પુરતો મર્યાદિત રહે છે, ભુતકાળમાં આ જ રીતે અપમાનીત થઇને ડિપોર્ટ થયેલા ભારતીયો અંગે પણ સરકારે હાથ ઉંચા કરી દીધા હતા આ ઘટનામાં પણ મૌન છે**

આ દ્રશ્યો આક્રોશ સર્જનારા છે પરંતુ આપણી કમનસીબી એ છે કે આપણો આક્રોશ હવે ફકત સોશ્યલ મીડિયા સુધી સીમીત રહેવા લાગ્યો છે અને અમેરિકામાં ડિપોર્ટ થતા ભારતીયો સાથે જ અમાનવીય વ્યવહાર કરવામાં આવે છે તેની ચરમસીમા બે દિવસ પહેલા ન્યુજર્સીના ન્યુઆર્ક વિમાની મથકે જોવા મળી અને તે પણ એક ભારતીયએ તે દ્રશ્યો પોતાના મોબાઇલમાં જ કેદ કરી લીધા એટલે આપણે ખ્યાલ આવ્યો નહીંતર રોજ આ રીતે કેટલા ભારતીયો અમેરિકન માઇન્ડ સેટના કારણે અમાનવીય વ્યવહારો ભોગ બનતા હશે તે કદાચ કલ્પના કરી શકાય નહીં હજુ થોડો સમય પહેલા ટ્રમ્પ શાસનને જે રીતે સેંકડો ભારતીયોને હાથ અને પગમાં બેડીઓ પહેરાવીને ખાસ વિમાનમાં ડિપોર્ટ કર્યા હતા ત્યારે પણ આપણી સરકારે ભાગ્યે જ કોઇ ગંભીર પ્રત્યાઘાત આપ્યો હતો અને ન્યુઆર્ક વિમાન મથકની ઘટના પર અમેરિકા સ્થિત ભારતીય દુતાવાસની કચેરીએ પણ અમને કંઇ ખ્યાલમાં આવ્યું નથી તેવું કહીને લોકોનો આક્રોશ વધાર્યો છે દુતાવાસએ ભારતનું પ્રતિનિધિત્વ કરનારૂ છે તેની એક ફરજમાં અહીં આવતા ભારતીયોની સુરક્ષા પણ નિશ્ચિત કરવાની છે પરંતુ કદાચ તે સરકારી પ્રોપેગન્ડા સિવાય કંઇ કરતું નથી તેવો ખ્યાલ થોડા સમયથી બની રહ્યો છે.

## આપણા વિપક્ષો પણ બાંગલાદેશીઓ માટે આંસુ સારે છે રોહિંગ્યાને રોકી રાખવા સુપ્રીમ કોર્ટમાં જાય છે પણ આ ઘટનામાં સરકારની ટીકા કરીને પોતાની પોલીટીકલ ફરજ બજાવ્યાનો સંતોષ માને છે, લાંબા સમયથી અમેરિકા આ રીતે ભારતીય સાથે વ્યવહાર કરી રહ્યું છે તેમાં અમેરિકામાં વસતા અને તે દેશના અર્થતંત્રમાં જબરૂ યોગદાન આપણા ભારતીયો પણ કશુ બોલતા નથી તો પછી આપણે તેમના માટે મુળ ભારતીય કહીને ગૌરવ લેવાની કોઇ જરૂર નથી તેઓ ખાલી ડોલરની કમાણી માટે ત્યાં ગયા છે તે નિશ્ચિત થઇ જાય છે

મુળ ઘટના પર જાય તો ન્યુઆર્ક વિમાની મથકે કૃણાલ જૈન નામના ભારતીય કે જે તે જ ફલાઇટથી પરત આવી રહ્યા હતા તેઓએ પોતાના સોશ્યલ મીડિયા હેન્ડલ પર એક પોસ્ટ વિડીયો શેર કર્યો તેમાં એક ટીનએજ જેવો જ લાગતા ભારતીય વિદ્યાર્થીને ભારતીય ઇમીગ્રેશનના અધિકારીઓ જમીન પર પછાડીને હાથકડી પહેરાવી રહ્યા હતા પહેલો વિદ્યાર્થી જણાતો ટીનેજર ચીલ્લાતો રહ્યો અને બધા દ્રશ્યો જોતા રહ્યા ખુદ ભારતીય કૃણાલ જૈને કહ્યું કે હું પણ આ દ્રશ્યમાં હેલ્પલેશ બની ગયો અને સ્વભાવિક છે કે જે રીતે અમેરિકી ઇમીગ્રેશન વિભાગ તેના જ દેશના લોકો સામે પણ અમાનવીય વ્યવહાર કરે છે તે પછી કદાચ ભારતીયો માટે તો બચવું મુશ્કેલ બની જાય છે. હરિયાણી ભાષા બોલતો આ વિદ્યાર્થીને બાદમાં પ્લેનમાં બેસાડીને ડિપોર્ટ કરી દેવામાં આવ્યો સોશ્યલ મીડિયા પર તેમના હેન્ડલ પરથી જે વિડીયો પોસ્ટ થયો તેનો પ્રત્યાઘાત જબરો પડી રહ્યો છે. લોકો આક્રોશ ઠાલવી રહ્યા છે પરંતુ સરકારનું મૌન સૌથી વધુ અકળાવે છે. બેશક કદાચ ભારતીયો વિદ્યાર્થીના વિઝામાં કોઇ ગરબડ હશે અથવા તો તેને ઓવરસ્ટે એટલે કે અમેરિકામાં તેના વિઝા કરતા વધુ સમય રહ્યો હશે પરંતુ એ ચોકકસ છે કે તે ક્રિમીનલ ન હતો અને તેથી તેની સાથે ક્રિમીનલ જેવો વ્યવહાર એ કઇ રીતે સ્વીકાર્ય બને તે જ સૌથી મોટો પ્રશ્ન આવે છે. ભુતકાળની જેમ આ ઘટનામાં પણ વિદેશ મંત્રાલયે આ મુદ્દો અમેરિકી તંત્ર સાથે ઉઠાવવાની ખાતરી આપી ભારતમાં ભુતકાળમાં વિરોધ દર્શાવ્યો હતો ભાગ્યે જ અમેરિકી વલણમાં કોઇ ફેરફાર થયો છે. વાસ્તવમાં ભારતીય વિદ્યાર્થી સાથે શું થયું તેની ભાગ્યે જ માહિતી બહાર આવી છે અને અમેરિકી દુતાવાસે પોતાના વિધાનમાં સ્પષ્ટ કહી દીધુ કે અમેરિકામાં કાનુની રીતે આવતા લોકો આવકાર્ય છે પરંતુ ગેરકાનુની વસાહતી વેલકમ નથી.



**શા માટે અમેરિકા સાથે બેસીને ડિપોર્ટ થતા ભારતીયોને સન્માનજનક પરત લાવી શકાય તે મીકેનીઝમ ગોઠવાતું નથી ભારતીયોની સુરક્ષા નિશ્ચિત કરવા અમેરિકામાં અનેક ભારતીય દુતાવાસ છે તેને પણ ઘટના બની જ નથી તેવું વલણ લીધુ છે, તે પણ આશ્ચર્યજનક છે, ગામના બાળકોને આપણે બહુ રમાડયા હવે આપણા બાળકોની ચિંતા થવી જોઇએ, ભારત એ એવું લાચાર હોઇ ન શકે કે ટ્રમ્પ તેને ઇચ્છે તે રીતે ટ્રીટ કરી શકે દેશમાં એક ખુન્નસ જગાવવાની જરૂર છે જે ભારતને ટટ્ટાર રાખી શકે, ફકત હાથમાં ત્રિરંગા લઇને નીકળી પડવાથી કંઇ નહીં થાય, બદલાયેલા વૈશ્વિક સ્વરૂપમાં ભારત એક તાકાત છે પણ તે દુનિયાને અહેસાસ થાય તે જરૂરી છે**

ચોકકસપણે કોને આવવા દેવા અથવા કોને દેશમાં પ્રવેશ ન આપવો તે અમેરિકાનો અધિકાર છે, ભારતમાં આ મુદ્દે બાંગ્લાદેશીઓને બચાવવા પણ આપણા રાજનેતાઓ કૂદી પડે છે અને રોહિંગ્યા માટે તો મગરના આંસુ પણ સારે છે અને પોતાની વોટબેંક બનાવી દે છે. એક પણ બાંગ્લાદેશીને ડિપોર્ટ કરો તો અનેક રાજકીય નેતા કુદકા લગાવવા લાગે છે કારણ કે તૃષ્ટિકરણ જ તેમનું રાજકારણ છે. પરંતુ અમેરિકા જે રીતે ગેરકાનુની વસાહતીઓ સામે આકરા પગલા લઇ રહ્યું છે તે કદાચ સ્વીકાર્ય હોય તો પણ કમ સે કમ વિદ્યાર્થીઓ અથવા તો જે લોકો ટેકનીકલ કારણોસર અમેરિકાની વિઝાનો ભંગ કર્યો છે અથવા તો થઇ ગયો છે તેની સાથે આ પ્રકારનું વર્તન એ ભારતનું અપમાન છે તે જાણી લેવું જોઇએ. આપણે વારંવાર તિરંગા હાથમાં લઇને રોડ પર ઉતરી પડીએ છીએ અને રાષ્ટ્રીય ગૌરવ દર્શાવીએ છીએ. પરંતુ આ છડે ચોક અમેરિકાના ભારતના ગૌરવ પર ઘા કરે છે તેના પ્રત્યે આપણું મૌન આશ્ચર્યજનક છે અને લોકો ફકત સોશ્યલ મીડિયામાં પ્રતિભાવ આપે છે. મોટા ભાગના અખબારોએ પણ આ ઘટના કરતા સોનમ બેવફાને વધુ ચમકાવવાનું પસંદ કર્યુ છે એ આપણુ જર્નાલિઝમ કયાં જઇ રહ્યું છે તે દર્શાવે છે. વાસ્તવમાં આ દ્રશ્ય એ આખરી બની રહેવું જોઇએ. અમેરિકા સાથેનો ટ્રેડ અને લશ્કરી વ્યુહાત્મક સંબંધો આ તમામ તેની સાથે છે અને તેના માટે ભારતની જે મોટી બજાર છે તે સૌથી મોટુ હથિયાર બની શકે છે. તે મુદ્દામાં હાલ ન જાયે તો મહત્વનું એ છે કે સરકારે આ ચિંતા કરવી જોઇએ.

**સ્પોટ-લાઈટ**
**કે.આર.**
krisht555@gmail.com

વાસ્તવમાં અમેરિકા આ પ્રકારની ઘટનાઓ બેવડુ વલણ દાખવે છે. ગાઝા અને પેલેસ્ટાઇનમાં હજારો વિદ્યાર્થીઓ અને માસુમ બાળકો મરે છે પણ ત્યાં અમેરિકાનો સ્વાર્થ છે ખુદ અમેરિકામાં શુટઆઉટની ઘટના બને છે પણ ગન કલ્ચર પર કોઇ પ્રતિબંધ આવતો નથી પણ તેમાં ટ્રમ્પે અમેરિકાને મહાન બનાવવાની ઉતાવળમાં અમેરિકનોના મગજને એટલા મહાન બનાવી દીધા છે તે દુનિયા પર પોતાને શાસક સમજે છે જેના પર ગેરકાનુની વસાહતીનું લેબલ લાગે પછી તે સાચુ હોય કે ખોટુ પણ તેને તુર્ત જ અત્યાચારનો ભોગ બનાવાય છે તે દ્રશ્યો આપણે લોસએન્જિલિસમાં જોઇ રહ્યા છે અને અમેરિકા કઇ બાજુ ધકેલાઇ રહ્યું છે તે દુનિયા પ્રશ્ન પૂછવા લાગી છે. ભારતના વિદ્યાર્થીઓની ચિંતા કરીએ તે મહત્વનું છે. શા માટે ભારત સરકાર કોઇ એવું મીકિનિઝમ ગોઠવતી નથી કે અમેરિકા જેને ગેરકાનુની વસાહતી કહે તેને ભારત પરત સ્વીકારી લે બેશક પણ તેમને ભારતીય દુતાવાસને સુપ્રત કરી દેવા જોઇએ અને તેઓનું વતન વાપસી સન્માન સાથે થાય તે જોવાવું જોઇએ. અમેરિકાએ હાલમાં તેમના નાગરિકોને કોઇ બીજા દેશમાં સોશ્યલ મીડિયા પર બાન કરવામાં આવે તો પણ આકરા પગલાની ચેતવણી આપી છે જે દર્શાવે છે કે અમેરિકા તેના નાગરિકો પ્રત્યે ચિંતિત છે અને દરેક દેશ હોવા જોઇએ. પણ આપણે યુધ્ધ સમયે દેશના નાગરિકોને એરલીફ્ટ કરી શકતા હોય તો અમેરિકા સાથે બેસીને ગેરકાનુની વસાહતીનો મુદ્દો ઉઠાવી લેવો જોઇએ. લાંબા સમયથી આપણે આ રીતે ભારતીયોનું અપમાન જોતા રહ્યા છીએ તે કદાચ દેશના લોકો માટે પણ એક અપમાન છે અને તે સ્થિતિ સ્વીકાર્ય બનવી જોઇએ નહીં. ગામના છોકરાને બહુ રમાડાયા હવે દેશના બાળકોની ચિંતા થવી જોઇએ.

# RCB વેચવાની કોઇ વાત નથી

## યુનાઇટેડ સ્પીરીટે રિપોર્ટ ફગાવ્યા: કોઇ સાથે વાતચીત થઇ નથી

બેંગલુરુ :

મેકડોવેલની વ્હિસ્કી બનાવતી કંપની યુનાઇટેડ સ્પિરિટ્સે IPL ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને વેચવાના અહેવાલોને નકારી કાઢ્યા છે.

કંપનીએ કહ્યું- અમે કહેવા માંગીએ છીએ કે RCBનો હિસ્સો વેચવાના સમાચાર સંપૂર્ણપણે અટકળો પર આધારિત છે. કંપની આ પ્રકારની કોઈ પણ વાત પર ચર્ચા કરી રહી નથી.

અગાઉ, બ્લૂમબર્ગના એક અહેવાલમાં સૂત્રોને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે યુનાઇટેડ સ્પિરિટ્સ (USL) RCB ને ૨ બિલિયન એટલે કે લગભગ રૂ. ૧૭ હજાર કરોડમાં વેચવાનું વિચારી રહી છે.

USL પહેલા વિજય માલ્યાની કંપની હતી. જ્યારે માલ્યા નાદાર થઈ ગયા, ત્યારે તેને બ્રિટિશ દારૂ કંપની ડિયાજિયોએ ખરીદી લીધી. ડિયાજિયો RCBનો માલિક બન્યો.

### દારૂના વ્યવસાય પર ધ્યાન કેન્દ્રિત કરવાનો દાવો હતો

એવો દાવો કરવામાં આવી રહ્યો હતો કે RCB ડિયાજિયોના મુખ્ય દારૂના વ્યવસાયથી અલગ છે. તેને વેચીને, ડિયાજિયો ફક્ત તેના દારૂના વ્યવસાય પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે. એવું પણ કહેવામાં આવી રહ્યું હતું કે RCB એ તાજેતરમાં ૨૦૨૫ માં તેની પહેલી IPL ટ્રોફી જીતી છે. આનાથી છઈઇ નું વ્યાપારી મૂલ્ય વધ્યું છે. વેચાણ કરવાનો આ યોગ્ય સમય હોઈ શકે છે. આ ઉપરાંત, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય IPL જેવી મોટી રમતગમતની ઇવેન્ટમાં દારૂ અને તમાકુની પ્રત્યક્ષ કે પરોક્ષ જાહેરાતો પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની માંગ કરી રહ્યું છે. આવી સ્થિતિમાં, ડિયાજિયો IPLથી પોતાને દૂર રાખવા માંગે છે.

### તો IPLના ઇતિહાસમાં સૌથી મોટો સોદો હોત

જો ડિયાજિયો RCB વેચવાનો નિર્ણય લે છે, તો તે IPLના ઇતિહાસમાં સૌથી મોટો સોદો હશે. ૨૦૨૧ માં જ્યારે IPL માં બે નવી ટીમો લખનૌ સુપર જાયન્ટ્સ અને ગુજરાત ટાઇટન્સ ઉમેરવામાં આવી, ત્યારે લખનૌને RPSG ગ્રુપ દ્વારા ૭,૦૯૦ કરોડ રૂપિયામાં અને ગુજરાતને CVC કેપિટલ દ્વારા ૫,૬૨૫ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવ્યું. આ અત્યાર સુધીના સૌથી મોટા ફ્રેન્ચાઇઝ ખરીદી સોદા છે.

RCBનું વેલ્યુએશન ૨ બિલિયન અથવા લગભગ રૂ. ૧૭,૦૦૦ કરોડ છે, જે લખનૌ સુપર જાયન્ટ્સ અને ગુજરાત ટાઇટન્સની ખરીદી કરતા ઘણું વધારે છે.

### બ્રિટિશ કંપનીએ વિજય માલ્યા પાસેથી RCB ખરીદ્યું હતું

પહેલા આ ટીમના માલિક દારૂના ઉદ્યોગપતિ વિજય માલ્યા હતા, પરંતુ ૨૦૧૬ માં જ્યારે માલ્યા મુશ્કેલીમાં મુકાયા, ત્યારે ડિયાજિયોએ તેમની દારૂ કંપની સાથે મળીને RCB ખરીદી લીધી.

૨૦૦૮માં વિજય માલ્યાએ RCBને ૧૧.૬ મિલિયનમાં ખરીદ્યું હતું. તે સમયે આ રકમ આશરે ૪૭૬ કરોડ રૂપિયા હતી. તે સમયે તે IPLની બીજી સૌથી મોંઘી ટીમ હતી. માલ્યા તેમની કંપની USL દ્વારા RCBના માલિક હતા.

૨૦૧૪ માં, ડિયાજિયોએ યુએસએલમાં બહુમતી હિસ્સો ખરીદ્યો અને ૨૦૧૬ સુધીમાં, માલ્યાના બહાર નીકળ્યા પછી, ડિયાજિયોએ આરસીબીની સંપૂર્ણ માલિકી મેળવી લીધી. હાલમાં, આરસીબી યુએસએલની પેટાકંપની રોયલ ચેલેન્જર્સ સ્પોર્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ (આરસીએસપીએલ) દ્વારા સંચાલિત છે.

# નૈરોબીમાં ભારતીય પ્રવાસીઓની બસને ભયાનક અકસ્માત: પનાં મોત



નૈરોબી, તા.૧૧

પૂર્વ આફ્રિકામાં આવેલા કેન્યામાં ભારતીય પ્રવાસીઓની બસને ભયંકર અકસ્માત થયો હતો. તેમાં પાંચ લોકોના મોત થયા અને અનેક ઘાયલ થયા હતા. નૈરોબીથી ૧૫૦ કિ.મી. દૂર ન્યારૂરૂ નજીક આ અકસ્માત સર્જાયો હતો.

આ બસમાં કુલ ૨૮ ભારતીય પર્યટકો મુસાફરી કરી રહ્યા હતા જે કતારથી કેન્યાની મુલાકાતે આવ્યા હતા. દુર્ઘટનામાં અનેક યાત્રીઓ ઈજાગ્રસ્ત પણ છે. રાહત અને બચાવ કાર્યમાં લોકા કેરળ સભા અને નોરકા રૂટ્સ સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. ન્યારૂરૂમાં હાલમાં ઈજાગ્રસ્તોની સારવાર કરવામાં આવી રહી છે. તેમને જલદી જ સાજા થયા બાદ નૈરોબી મોકલવામાં આવશે. આ મામલે કતારમાં સંચાલિત ભારતીય એમ્બેસીએ ટ્વિટ કરીને જાણકારી આપી હતી કે ૨૮ ભારતીયોને લઇ જતી બસને કેન્યામાં અકસ્માત નડ્યો હતો અને તેમાં પાંચ ભારતીયોના મોત નીપજ્યાં છે. નૈરોબીના અધિકારીઓ સતત અમારા સંપર્કમાં છે. આ સાથે એમ્બેસીએ કોઈપણ પ્રકારની મદદ માટે હેલ્પલાઈન નંબર પણ જાહેર કર્યો હતો.

# હવે ઋતુરાજ ગાયકવાડ કાઉન્ટી ક્રિકેટ રમશે, યોર્કશાયર દ્વારા જાહેરાત; જુલાઈમાં મેચ રમશે



લંડન : ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ હવે યોર્કશાયર માટે ક્રિકેટ રમશે. મંગળવારે ક્રિકેટ ક્લબ દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી. યોર્કશાયરએ કાઉન્ટી સીઝનના બાકીના સમય અને ODI કપ માટે ગાયકવાડનો સમાવેશ કર્યો છે. તે જુલાઈમાં સરે સામે કાઉન્ટી ચેમ્પિયનશિપ મેચ રમતો જોવા મળશે.

ગાયકવાડ હાલમાં ઇંગ્લેન્ડ પ્રવાસ પર ઇન્ડિયા એ ટીમનો ભાગ છે જેણે ઇંગ્લેન્ડ લાયન્સ સામે બે બિનસત્તાવાર ચાર દિવસીય ટેસ્ટ રમી હતી. હવે ઇન્ડિયા એ ટીમ ૧૩ થી ૧૬ જૂન દરમિયાન બેકનહામમાં ભારતીય સિનિયર ટીમ સામે ચાર દિવસીય મેચ રમશે. યોર્કશાયરએ તેની વેબસાઇટ પર લખ્યું - પુણેના રહેવાસી ઋતુરાજ ગાયકવાડે, ઇન્ડિયન પ્રીમિયર લીગના ચેન્નાઈ સુપર કિંગ્સ અને રણજી ટ્રોફીની મહારાષ્ટ્ર ટીમના કેપ્ટન, છ વનડે અને ૨૩ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે. આ જમણા હાથનો બેટ્સમેન ટોચના ચારમાં ગમે ત્યાં આવી શકે છે અને ભારત માટે ઇનિંગ પણ ખોલી ચૂક્યો છે. આ પ્રસંગે ઋતુરાજ ગાયકવાડે પણ ખુશી વ્યક્ત કરી. તેમણે કહ્યું - હું હંમેશા અહીં કાઉન્ટી ક્રિકેટ રમવા માંગતો હતો અને ઇંગ્લેન્ડમાં યોર્કશાયરથી મોટો કોઈ ક્લબ નહીં હોય.

ઋતુરાજ અગાઉ IPL 2025માં રમતા જોવા મળ્યો હતો. જોકે, ઈજાને કારણે તે આખી સીઝન રમી શક્યો ન હતો અને બહાર રહ્યો હતો. તેના સ્થાને મહેન્દ્રસિંહ ધોનીને કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો હતો. આ સીઝન ચેન્નાઈ માટે ખાસ નહોતી. ૧૪ મેચમાં ૧૦ હાર સાથે, ટીમ પોઈન્ટ ટેબલમાં ૧૦મા સ્થાને રહી.

ભારત-પાક યુદ્ધ થાય તો હવે ટ્રમ્પ પણ રોકી નહિં શકે

# ભારતનું પાણી રોકવાનું પગલુ યુદ્ધ તરફ દોરી જશે: ધમકી



વોશિંગ્ટન : પાકિસ્તાનના ભૂતપૂર્વ વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટોએ આશંકા વ્યક્ત કરી હતી કે જો ભારત અને પાકિસ્તાન વચ્ચે ફરીથી યુદ્ધ ફાટી નીકળશે તો અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પ પાસે તેને રોકવાનો સમય નહીં હોય.

તેમણે વોશિંગ્ટન ડીસીમાં મિડલ ઇસ્ટ ઇન્સ્ટિટ્યૂટમાં આ વાત કહી. બિલાવલે ભારત પર બલુચિસ્તાનમાં દખલ કરવાનો અને બલુચિસ્તાન લિબરેશન આર્મી અને તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન જેવા સંગઠનોને સમર્થન આપવાનો આરોપ લગાવ્યો હતો.

તેમણે કહ્યું- શું દરેક આતંકવાદી હુમલા પછી ભારત સાથે યુદ્ધ કરવું જોઈએ? પાકિસ્તાન શાંતિ ઇચ્છે છે, જે બંને દેશોના હિતમાં છે. બિલાવલે કહ્યું કે આ વર્ષે પાકિસ્તાનમાં આતંકવાદ વધ્યો છે. જો હિંસા આ રીતે ચાલુ રહેશે તો ૨૦૨૫ સૌથી લોહિયાળ વર્ષ બની શકે છે.

બિલાવલે કહ્યું કે કાશ્મીર મુદ્દાને ઉકેલ્યા વિના કાયમી શાંતિ શકય નથી. તેમણે પાણીનો વિવાદ પણ ઉઠાવ્યો અને ચેતવણી આપી કે જો ભારત પાકિસ્તાનનું પાણી રોકે છે, તો તે પાણી યુદ્ધ તરફ દોરી શકે છે.

# વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો ફાઈનલ: ઓપનીંગ જોડી તરીકે ખ્વાજા સાથે લાબુશેન

## ઓસ્ટ્રેલિયાનો નવો પ્રયોગ: એક માત્ર સ્પીનરને સ્થાન





લંડન : દક્ષિણ આફ્રિકા પછી, ઓસ્ટ્રેલિયાએ પણ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો અંતિમ મેચ લોર્ડસના મેદાન પર શરૂ થયો છે. મેચ પહેલા ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સે પ્લેઇંગ-૧૧ ની પુષ્ટિ કરી હતી. સૌથી રસપ્રદ વાત એ છે કે ઓસ્ટ્રેલિયાએ તેની ઓપનિંગ જોડીમાં ફેરફાર કર્યા છે.

માર્નસ લાબુશેન તેની કારકિર્દીમાં પહેલીવાર ઓપનિંગ કરશે. બીજા છેડે ઉસ્માન ખ્વાજા તેને ટેકો આપશે. ઓસ્ટ્રેલિયાએ યુવાન સેમ કોન્સ્ટાસ કરતાં અનુભવી લાબુશેનને વધુ પસંદ કર્યો છે. ઓસ્ટ્રેલિયા પાસે જોશ ઇંગ્લિસને ટોપ ઓર્ડરમાં મોકલવાની પણ તક હતી, પરંતુ તેઓએ લાબુશેન સાથે જવાનું નક્કી કર્યું. કમિન્સે ઓલરાઉન્ડર કેમેરોન ગ્રીનની વાપસીની પણ પુષ્ટિ કરી, જે ઈજાને કારણે એક વર્ષ પછી ટેસ્ટ ક્રિકેટમાં વાપસી કરશે. ગ્રીન ત્રીજા નંબર પર બેટિંગ કરશે, સ્ટીવ સ્મિથ તેના મનપસંદ સ્થાન નંબર ચાર પર બેટિંગ કરશે.

કમિન્સે કહ્યું, અમને લાગ્યું કે કદાચ ત્રીજા નંબર પર આવવું ગ્રીન માટે સૌથી યોગ્ય રહેશે અને પછી, તમે જાણો છો, માર્નસ ટોચ પર ગયા પછી, અમને લાગ્યું કે તે ઠીક છે. તમે બધા જાણો છો કે કોન્સ્ટાસ અને ઇંગ્લેન્ડે સારી તૈયારી કરી હતી, પરંતુ પસંદગીકારો જ્યોર્જ બેઇલી અનુભવ સાથે જવા માંગે છે. તેણે ભૂતકાળમાં ઇંગ્લેન્ડમાં, ખાસ કરીને લોર્ડ્સમાં સારું પ્રદર્શન કર્યું છે.

ઓસ્ટ્રેલિયાએ પ્લેઇંગ-૧૧માં ગ્રીન અને બ્યુ વેબસ્ટરનો પણ સમાવેશ કર્યો છે. ફાસ્ટ બોલિંગની જવાબદારી કેપ્ટન કમિન્સ, જોશ હેઝલવુડ અને મિશેલ સ્ટાર્ક પર રહેશે. હેઝલવુડની ફિટનેસની ચિંતાઓ હોવા છતાં, તેને સ્કોટ બોલેન્ડ કરતાં વધુ પસંદ કરવામાં આવ્યો છે. ઓસ્ટ્રેલિયાએ નાથન લિયોનને એકમાત્ર સ્પેશિયાલિસ્ટ સ્પિનર તરીકે લીધો છે, જ્યારે વિકેટકીપિંગની જવાબદારી એલેક્સ કેરીને સોંપવામાં આવી છે. ટ્રેવિસ હેડ મિડલ ઓર્ડરમાં બેટિંગ કરશે.

ઉસ્માન ખ્વાજા, માર્નસ લાબુશેન, કેમેરોન ગ્રીન, સ્ટીવ સ્મિથ, ટ્રેવિસ હેડ, બ્યુ વેબસ્ટર, એલેક્સ કેરી (વિકેટકીપર), પેટ કમિન્સ (કેપ્ટન), મિશેલ સ્ટાર્ક, નાથન લિયોન, જોશ હેઝલવુડ.

# રોહિત શર્માની વન-ડે કેરિયર પણ સમાપ્તિના આરે? વર્લ્ડકપમાં નવો કેપ્ટન હશે



મુંબઇ, તા.૧૧

ટીમ ઈન્ડિયાના દિગ્ગજ ક્રિકેટર અને ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્માનું ૨૦૨૭ વર્લ્ડ કપ રમવાનું હવે મુશ્કેલ બન્યું છે. આગામી વનડે વર્લ્ડ કપ ૨૦૨૭માં સાઉથ આફ્રિકામાં યોજાવાની છે, ત્યારે રોહિત ૪૦ વર્ષનો થઈ ચૂક્યો હશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ વનડે ટીમમાં નેતૃત્વ પરિવર્તનની યોજના બનાવી રહ્યું છે.


એક રિપોર્ટ અનુસાર, BCCIએ એવી આશા રાખી હતી કે રોહિત ટેસ્ટની સાથે વનડેમાં પણ રિટાર્યમેન્ટ લેશે. પરંતુ ૩૮ વર્ષીય હિટમેને બધાને આશ્ચર્યમાં મૂકીને વનડે ક્રિકેટ રમવાનો નિર્ણય લીધો હતો, જેથી તેનું ૨૦૨૭ વર્લ્ડ કપનું સપનું પૂરું થઈ શકે. નોંધનીય છે કે રોહિતે ૨૦૨૩ વર્લ્ડ કપમાં ભારતને ફાઈનલ સુધી પહોંચાડ્યું હતું, જોકે વર્લ્ડકપનું ટાઇટલ જીતી નહતા શક્યા. પણ તેણે ભારતને T20 વર્લ્ડકપ અને વર્ષ ૨૦૨૫ની ચેમ્પિયન્સ ટ્રોફી જીતાડી હતી. ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં જીત મેળવ્યા બાદ રોહિતે કહ્યું હતું કે, ''હું વનડે ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નથી. જેથી કોઈ અફવા ન ફેલાવો.''

રિપોર્ટ્સ અનુસાર BCCI હવે વનડે ટીમમાં ફેરફાર કરવાનું વિચારી રહ્યું છે. ટીમ મેનેજમેન્ટ વનડે ફોર્મેટની કમાન યુવા ખેલાડીના હાથમાં સોંપવા ઈચ્છે છે. BCCI પાસે વર્ષ ૨૦૨૭ વર્લ્ડકપ પહેલા ૨૭ વનડે મેચના કાર્યક્રમોની યોજના છે. જેમાં બોર્ડને નવા કેપ્ટનને તૈયાર કરવાનો સારો અવસર મળશે.

સૂત્રોના જણાવ્યાનુસાર, રોહિત શર્માની જગ્યાએ શ્રેયસ અય્યરને કેપ્ટનની કમાન મળી શકે છે. IPL 2025માં અય્યરે તેની ટીમને ફાઈનલ સુધી પહોંચાડી છે અને તેણે મુંબઈને સૈયદ મુશ્તાક અલી ટ્રોફી પણ જીતાડી છે.

# રાજકોટ સહિત ચાર ઝોનમાં ઓક્ટોબરમાં 'મીની વાઈબ્રન્ટ'

## રાજય સરકાર તે પૂર્વે જ ઔદ્યોગિક લોજિસ્ટીક સ્ટાર્ટઅપ સહિતની પોલીસી જાહેર કરી દેશે




## મીની વાઈબ્રન્ટ બાદ જીલ્લાવાર સમિટની પણ યોજના: આવતા મહિને વિધીવત કાર્યક્રમ જાહેર કરાશે

અમદાવાદ,તા.૧૧

રાજ્યમાં ૨૦૨૭ માં જાન્યુઆરીમાં યોજાનારા વાઈબ્રન્ટ સમિટ પહેલા રાજ્યમાં ઓક્ટોબર ૨૦૨૫ થી ચાર ઝોનમાં મીની વાઇબ્રન્ટ યોજવાનું રાજ્યના ઉદ્યોગ વિભાગ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે આ મીની વાઈબ્રન્ટ યોજવાની વિધિવત જાહેરાત મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ જુલાઈ ૨૦૨૫ ના મધ્ય ભાગમાં કરશે તેમ રાજ્યના ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપુતે જણાવ્યું હતું ઉદ્યોગ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે ઉત્તર ગુજરાતમાં મહેસાણા, સૌરાષ્ટ્ર ઝોનમાં રાજકોટ, મધ્ય ગુજરાતમાં વડોદરા અને દક્ષિણ ગુજરાતમાં સુરત ખાતે મીની વાઈબ્રન્ટ યોજવામાં આવશે. ત્યારબાદ તમામ જિલ્લા પ્રમાણે વાઈબ્રન્ટ સમિટ યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ વાઇબ્રન્ટ સમિટ દરમિયાન રાજ્યની નજીક આવેલા બીજા રાજ્યોને ઔદ્યોગિક ગૃહોને વાઇબ્રન્ટ સમિટમાં આમંત્રણ આપવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગત વખતે જિલ્લા પ્રમાણે વાઇબ્રન્ટ સમિટ દરમિયાન રૂપિયા ૪૫૦૦૦ કરોડના એમઓયુ થવા પામ્યા હતા.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે ઓગસ્ટ ૨૦૨૫ માં સ્ટાર્ટઅપ પોલિસી, લોજિસ્ટિક પોલિસી, ઈન્ડસ્ટ્રીયલ પાર્ક પોલીસી, કોમન એન્વાયરમેન્ટ પોલિસી સહિત રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ પોલિસીની મુદ્દત પૂરી થાય છે ત્યારે આ ચાર ઝોનમાં યોજનારા વાઈબ્રન્ટ પહેલા નવી પોલિસીની પણ જાહેરાત કરવામાં આવશે. જેથી કરીને ઔદ્યોગિક ગૃહો આ નવી પોલીસી નો લાભમેળવી શકે. જોકે ડિફેન્સ અને એરોસ્પેસ પોલીસી અંતર્ગત જે ઔદ્યોગિક ગૃહો મૂડી રોકાણ કરવા માંગતા હશે તેમને હયાત પોલિસી નો લાભ આપવામાં આવશે, કારણ કે આ પોલિસી ડિસેમ્બરમાં પૂર્ણ થાય છે.

# પંચરવાલી સિંહણ! સાસણગીરનો વિડીયો વાયરલ: ટાયરની 'હવા' કાઢે છે

## સફારી સમયે એક સહેલાણીએ ઝડપેલા વિડીયો પરથી સિંહણના વર્તનનું રસપ્રદ વિશ્લેષણ



અમદાવાદ: હાલમાંજ થયેલી વસતિ ગણતરીમાં સૌરાષ્ટ્રમાં સિંહની વસતી લગભગ ૧૦૦૦ની નજીક પહોંચી ગઈ છે અને આ રીતે આપણે એશિયન સિંહોનું ગૌરવ વધારવામાં કામીયાબ નિવડયા છીએ. તે સમયે હવે સાસણગીરની એક સિંહણનો મસ્ત વિડીયો વાયરલ થયો છે અને તેમાં 'પંચરવાલી સિંહણ' તેવું 'ટેગ' અપાયુ

(અનુસંધાન છઠ્ઠા પાને)

# રાજકોટની ભાગોળે ટ્રેન હડફેટે બે યુવાનના કમકમાટીભર્યા મોત : અરેરાટી

## ગોંડલ હાઈવે નજીક કોરાટ ચોકડી પાસે ઢુંવા ફાટક પાસે બનેલો બનાવ : મૃતક સુનિલ મકવાણા લીલીસાજડીયાળીનો વતની : સૌરભ સોલંકી નવા થોરાળામાં રહે છે, મુળ બિહારનો વતની



મૃતક સુનિલ મકવાણા અને સૌરભ સોલંકીનો ફાઇલ ફોટો અને ઘટના સ્થળે પડેલ બંનેના મૃતદેહ તેમજ સીવીલ હોસ્પિટલ ખાતે એકત્ર થયેલ તેમના સ્વજનો. (તસ્વીર : સરફરાજ પઠાણ)

## બંને મિત્રો ગત મોડી રાત્રે હેમ પેકેજીંગ નામના કારખાનામાં કામે જતા હતા ત્યારે બનેલો બનાવ : શાપર પોલીસે સ્થળ પર પહોંચી મૃતદેહો પીએમ માટે ખસેડયા

રાજકોટ, તા. ૧૧

રાજકોટની ભાગોળે કોરાટ ચોકડી નજીક ઢુંવા ફાટક પાસે ટ્રેન હડફેટે બે યુવાનના કમકમાટીભર્યા મોત નિપજયાનો બનાવ બનતા અરેરાટી વ્યાપી ગઇ છે. આ અંગે જાણ થતા શાપર પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહો પીએમ માટે ખસેડયા હતા. મૃતકમાં સુનિલ મકવાણા રાજકોટ તાલુકાના લીલીસાજડીયાળી ગામે રહે છે જયારે સૌરભ સોલંકી મુળ બિહારનો વતની છે પણ રાજકોટના નવા થોરાળામાં રહે છે. બંને મિત્રો એક જ કારખાનામાં કામ કરતા હોય રાત્રે તેઓ કારખાને જતા હતા ત્યારે બનાવ બન્યો હોવાનો પ્રાથમિક તબકકે

(અનુસંધાન છઠ્ઠા પાને)

## વિશ્વ વિખ્યાત કથાકાર પૂ. મોરારીબાપુના ધર્મપત્ની

# નર્મદાબાનું તલગાજરડા ખાતે નિધન : સમાધિ અપાઈ

### તલગાજરડાના નિવાસસ્થાને રાત્રે ૧.૩૦ કલાકે નર્મદાબાએ અંતિમ શ્વાસ લીધા : થોડા દિવસથી તેમની તબિયત નાદુરસ્ત હતી, છેલ્લા બે દિવસથી અન્નનો ત્યાગ કર્યો હતો : નર્મદાબાના નિધનથી તલગાજરડા ગામ સંપૂર્ણપણે બંધ રહ્યું : મોટી સંખ્યામાં લોકો ઉમટી આવ્યા





**(વિપુલ હિરાણી)** ભાવનગર, તા. ૧૧

વિશ્વ વિખ્યાત કથાકાર પૂ. મોરારીબાપુના પત્ની નર્મદાબેનનું આજે સવારે તલગાજરડા ખાતે નિધન થયું છે. આ સમાચાર વાયુવેગે ફરી વળતા મોટી સંખ્યામાં લોકો તલગાજરડા દોડી ગયા છે.


નર્મદાબેનની ઉંમર ૭૫ વર્ષની હતી. તેઓ સરળ અને સાદગીભર્યુ જીવન જીવતા હતા તેમને થોડા દિવસથી સામાન્ય બીમારી હતી. પૂ. મોરારીબાપુ તલગાજરડામાં છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સવારે ૯ કલાકે નર્મદાબાની સમાધિ વિધિ શરૂ કરાઇ હતી અને આ પ્રસંગે તલગાજરડાના લોકો આવી પહોંચ્યા હતા. નર્મદાબાને શાસ્ત્રોકત વિધિ

(અનુસંધાન છઠ્ઠા પાને)


દુ:ખદ અવસાન

બેસણું - ડુમીયાણી



સ્વ. બળવંતભાઈ બચુભાઈ મણવર

ડુમીયાણી આશ્રમ શાળાના સ્થાપક

સ્વ.તા.૦૮-૦૬-૨૦૨૫, રવિવાર

ગુજરાત રાજ્યના પુર્વ શિક્ષણ મંત્રી અને પોરબંદર વિસ્તારના માજી સંસદ સભ્ય બળવંતભાઈ બચુભાઈ મણવર (ઉ.વ.૮૩)નું તા.૦૮-૦૬-૨૦૨૫ ને રવિવારના રોજ ડુમીયાણી મુકામે દુઃખદ અવસાન થયેલ છે. પરમકૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ અભ્યર્થના સાથે ૐ શાંતી...શાંતી...શાંતી...

સદ્‌ગતનું બેસણું : તા.૧૨-૦૬-૨૦૨૫, ગુરૂવારના રોજ સવારના ૯:૦૦ થી ૧૨:૦૦ કલાક દરમ્યાન, વ્રજભુમી શૈક્ષણીક સંકુલ, ડુમીયાણી, તા. ઉપલેટા, જી. રાજકોટ મુકામે રાખેલ છે.

લી. ગં. સ્વ. સવિતાબેન બળવંતભાઈ મણવર

ઉર્વશીબેન સંજયકુમાર ખાનપરા | કાંતીલાલ બચુભાઈ મણવર | મનહરભાઈ બચુભાઈ મણવર
રેશમાબેન સુનિલકુમાર સીણોજીયા | લીલાબેન કાંતીલાલ મણવર | પુષ્પાબેન મનહરભાઈ મણવર
એકતાબેન દિપલકુમાર ફળદુ | પાર્થભાઈ કાંતીલાલ મણવર | કેયુરીબેન જીતેશકુમાર કણસાગરા
ઝાંસીબેન અમિતકુમાર મેતલીયા | પુજાબેન પાર્થભાઈ મણવર | તેજલબેન ગૌરાંગકુમાર માકડીયા
જોનભાઈ કાંતીલાલ મણવર | તોરલબેન અંકિતકુમાર વૈશ્નાણી
નેહાબેન જોનભાઈ મણવર

મણવર પરીવારના જયશ્રી કૃષ્ણ

MO. 98252 25868, 99259 15700, 98254 52826


## નર્મદા ડેમમાં ૫૩.૦૪ ટકા પાણી

# સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૨૮.૧૦ ટકા પાણી

### સૌરાષ્ટ્ર સિવાયના રાજયના અન્ય જળાશયોમાં પાણી વધુ



અમદાવાદ તા.૧૧

ચાલુ વર્ષે આગામી દિવસોમાં ચોમાસાનું ગુજરાતમાં આગમન થવા જઇ રહ્યું છે ત્યારે ગત વર્ષે સાર્વત્રિક અને પૂરતા પ્રમાણમાં વરસાદ થયો હોવાના પરિણામે હાલની સ્થિતિએ સરદાર સરોવર સહિત રાજ્યના ૨૦૭ જળાશયોમાં કુલ સંગ્રહ શકિતના ૪૪.૧૮ ટકા જળ સંગ્રહ છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહશક્તિના ૫૩.૦૪ ટકા પાણી ઉપલબ્ધ છે. જેમાંથી આગામી સમયમાં નાગરિકોને જરૂરી પાણી ઉપલબ્ધ કરવામાં આવશે. ગત વર્ષે આ સમયે એટલે કે, તા. ૧૦ જૂન-૨૦૨૪ની સ્થિતિએ રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૪૦.૮૧ ટકા જળ સંગ્રહ હતો.

વધુમાં મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં સૌથી વધુ ૪૪.૦૮ ટકા જળ સંગ્રહ, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૪૩.૨૫ ટકા જળ સંગ્રહ, ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૨૯.૩૮ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૨૮.૧૦ ટકા અને કચ્છના ૨૦ જળાશયોમાં ૨૭.૫૭ ટકાથી વધુ જળ સંગ્રહ ઉપલબ્ધ છે.

આ સિવાય સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા ધોળીધજા તેમજ મોરબીના

(અનુસંધાન છઠ્ઠા પાને)

# વોર્ડ નં.૮ સહિતના પોશ વિસ્તારોમાં સંક્રમણ વધુ : શહેરમાં કોરોનાના નવા ૧૦ કેસ-બે ઓકસીજન પર

### બે દર્દી પરદેશ અને બે બહારગામથી પરત ફર્યા છે : અમીન માર્ગ, જાનકી પાર્ક, ધર્મજીવન, કોપર સ્ટોન, ગીતાનગર વિસ્તારનો સમાવેશ

રાજકોટ, તા. ૧૧

રાજકોટ શહેરમાં કોરોનાની ધીમી ગતિ યથાવત રહી છે. ગઇકાલે તા.૧૦ના રોજ કોરોનાના નવા ૧૦ કેસ બહાર આવ્યા છે. વોર્ડ નં.૮ના પોશ એરીયા સહિતના વિસ્તારમાં કેસ વધુ દેખાયા છે. તો નવા કેસમાં બે દર્દીને હોસ્પિટલમાં ઓકસીજન સપોર્ટ પર રાખવામાં આવ્યાનું જાણવા મળ્યું છે.

**કોરોનાના ૧૦ નવા કેસ**

| વોર્ડ | વિસ્તાર | જાતિ/ઉંમર/પ્રવાસ |
| --- | --- | --- |
| ૮ | અમીન માર્ગ | મહિલા-૬૩ વર્ષ |
| ૧૧ | શીવ ટાઉનશીપ | પુરૂષ-૫૮ વર્ષ |
| ૮ | જાનકી પાર્ક-૧ | મહિલા-૬૮ વર્ષ (મલેશીયા પ્રવાસ) |
| ૮ | જાનકી પાર્ક-૧ | મહિલા-૩૪ વર્ષ (મલેશીયા પ્રવાસ) |
| ૧૦ | એવરેસ્ટ પાર્ક | મહિલા-૫૨ વર્ષ |
| ૭ | ધર્મજીવન સોસાયટી | પુરૂષ-૮૦ વર્ષ |
| ૧૧ | શ્યામનંદ પાર્ક | મહિલા-૪૪ વર્ષ |
| ૧૦ | જલારામ પ્લોટ | પુરૂષ-૪૫ વર્ષ |
| ૯ | કોપર સ્ટોન સોસાયટી | મહિલા-૪૩ વર્ષ (ગાંધીનગર પ્રવાસ) |
| ૮ | ગીતાનગર | મહિલા-૫૫ વર્ષ (આદિપુર પ્રવાસ) |

મહાનગરમાં તા.૧૯-૫થી તા.૧૦-૬ સુધીમાં કોવિડ-૧૯ના કુલ ૧૨૪ કેસ નોંધાયા છે. આ પૈકી ૬૮ દર્દી કોરોના મુકત થયા છે અને ૫૬ દર્દી સારવાર હેઠળ છે. ન્યુ રાજકોટના વિકસીત વિસ્તારોમાં



(અનુસંધાન છઠ્ઠા પાને)


કાર રીમોટ
ઓરીજનલ રીમોટ સેલ (પાવર) ગેરેંટી સાથે બદલી આપવામાં આવશે.
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M.: 94297 85836

જોઈએ છે
બેટરીની દુકાન માટે
હેલ્પર / ઓફીસબોય
ટુ વ્હીલર લાયસન્સ જરૂરી
M. 98795 65659

ફલેટ વેચવાનો છે
3 BHK, ફુલ્લી ફર્નિશ્ડ, 975 કારપેટ, ઈન્દિરા સર્કલ પાસે, યુનિ. રોડ, રાજકોટ.
મોબા. 94262 67152

ઈસ્માઈલી ખોજા તથા મુસ્લિમ સમાજ લગતા એરીયામાં
2BHK ફલેટ વેચવાના છે
"અલીના એપાર્ટમેન્ટ", ૪-સુભાષનગર રૈયા રોડ, રાજકોટ.
98240 42382
97371 96999

જીવન કોમર્શીયલ કો-ઓપ. બેન્ક લિ.
હેડ ઓફીસ : "વિત્તાલય", ઢેબરભાઈ રોડ, રાજકોટ (ગુજરાત)

સપનું તમારું, લોન અમારી
સોનાના દાગીના પર તાત્કાલીક લોન
વ્યાજ દર ફકત 8.90%
ઓછામાં ઓછો વ્યાજદર | ઝડપી મંજુરી | શુન્ય પ્રોસેસીંગ ફી રૂા. ૧૦ લાખ સુધી
www.jivanbank.com

શાતિર સોનમના કિસ્સામાં રોજે રોજ આવતા નવા વળાંકો

# જો સોપારી કિલર્સથી પતિ બચી જાય તો સોનમે પતિનું કાસળ કાઢવા પ્લાન-બી તૈયાર કરેલો

## સેલ્ફીના બહાને સોનમે પહાડ પરથી પતિને ખાઈમાં ધકકો મારી દેવાની ખતરનાક યોજના ઘડેલી

નવી દિલ્હી તા.૧૧

ઈન્દોરના રાજા રઘુવંશીની હત્યા કેસમાં ક્રાઈમ થ્રીલરને ટકકર માટે તેવા રોજેરોજ વળાંકો આવી રહ્યા છે. પત્ની સોનમે રાજાને મારી નાખવા હુમલાખોરોને સોપારી તો આપી જ હતી પણ જો તે પ્લાન ફેલ ગયો તો તેણે પતિનો કાંટો કાઢી નાખવા પ્લાન બી પણ તૈયાર રાખ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ જો સોપારી કિલર્સ રાજાનો જીવ ન લઈ શકે તો સોનમની પતિ સાથે પહાડીઓ પર સેલ્ફી લઈને નીચે ધકકો મારી દેવાનો પ્લાન હતો.

પતિ રાજાની હત્યાનો પ્લાન તો સોનમે લગ્નના ૬ દિવસ બાદ જ બનાવી રાખ્યો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સોનમે પતિ રાજાને મારવા માટે સોપારી કિલર્સ બોલાવ્યા જ હતા પણ જો તેઓ રાજાનો જીવ ન લઈ શકે તો સોનમે સેલ્ફી લેવાને બહાને રાજાને પહાડ પરથી ધકકો મારી દેવાનો પ્લાન ઘડયો હતો. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે સોનમે વિચાર્યુ હશે કે જો કોઈ રીતે રાજા બચી જાય તો તેને ધકકો મારીને પહાડ પરથી નીચે ફેંકી દેવા અને ત્યારબાદ સોનમ બધાને એવું કહેતી કે રાજા એક અકસ્માતનો શિકાર બની ગયો અને ખાઈમાં નીચે પડી ગયો.

## સોનમે કામાખ્યા માતાની માનતાનું બહાનુ ધરી પતિને 'નજીક' નહોતો આવવા દીધો

### સોનમે પતિને કહેલુ–કામાખ્યા મંદિરના દર્શન બાદ આપણે પતિ–પત્નિની જેમ રહીશુ

નવી દિલ્હી તા.૧૧

રાજા અને સોનમની હેટ સ્ટોરીએ દેશભરમાં ચકચાર જગાવી છે. ત્યારે એવી ચોંકાવનારી વિગત બહાર આવી છે કે રાજા અને સોનમ વચ્ચે શારીરીક સંબંધો નહોતા રચાયા આ માટે સોનમે પતિ રાજાને કહ્યું હતું કે મે માનતા રાખી છે કે કામાખ્યા, મંદિરનાં દર્શન બાદ જ આપણે પતિ–પત્નિની જેમ રહેશુ. સોનમે પતિ પાસેથી માતા કામાખ્યા-મંદિરના દર્શન સુધી શારીરીક સંબંધ ન રચવાનું વચન માગી લીધુ હતું. લગ્નના ત્રણ દિવસમાં જ સોનમ પિયર ચાલી ગઈ હતી.



અને પિયરથી જ સીધી હનીમુન માટે પતિ સાથે નીકળી હતી. ઈન્દોર એરપોર્ટ પર જ બન્ને મળ્યા હતા. લગ્ન કરેલા હોવા છતા સોનમે અગાઉ વચન લીધેલ હોવાથી હનીમુનમાં પણ રાજા સોનમની પણ નજીક નહોતો આવ્યો.

રાજાના નજીકના મિત્ર અભિષેકે જણાવ્યું હતું કે રાજા માત્ર આસામ સુધી જ જવા માગતો હતો જેથી સોનમની કામાખ્યા મંદિરની માનતપિરી થઈ જાય પણ સોનમ તેને જબરજસ્તીથી મેઘાલય સુધી લઈ ગઈ હતી.

પ્રોહિબિશનનો ગુનો નોંધી કડક કાર્યવાહીનો ડીએસપીનો આદેશ

# હાંસોટમાં બે પોલીસકર્મી સહિત સાત લોકો દારૂની મહેફિલ માણતા ઝડપાયા

## વીડિયો વાયરલ થતા પોલીસ બેડામાં ખળભળાટ

ભરૂચ,તા.૧૧

ભરૂચ પોલીસ હેડ કવાર્ટરના વર્કશોપમાં બે પોલીસ કર્મચારીઓ દારૂ ઢીંચતા એલસીબીના હાથે ઝડપાઈ જવાની ઘટનાને હજુ ૪૮ કલાક નથી થયા ત્યાં હાંસોટ તાલુકા પોલીસ મથકમાં પીઆઈનો રાઈટર અને ડ્રાઈવર કેટલાક લોકો સાથે દારૂની મહેફિલ માણતા હોવાના અને નશામાં ચકનાચૂર થઈને ડાન્સ કરતો હોવાનો વીડિયો વાયરલ થતાં જ ભરૂચ પોલીસની આબરૂ ધૂળમાં મળી ગઇ છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઇ જિલ્લા પોલીસ વડાએ તાત્કાલિક તપાસના આદેશ આપી ૭ લોકો વિરૂદ્ધ પ્રોહિબિશનનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

હાંસોટ તાલુકા પોલીસ મથકના પીઆઈનો રાઈટર હિતેશ પરમાર તથા પોલીસની જીપ ચલાવતો ડ્રાઇવર તથા અન્ય કેટલાક ઈસમો એક મકાનમાં દારૂની



મહેફિલ જમાવી ડાન્સ કરતા હોવાનો વીડિયો કોઈએ બનાવીને સોશિયલ મીડિયા ઉપર વાયરલ કરતા પોલીસ બેડામાં હડકંપ મચી ગયો છે. બે દિવસ અગાઉ જ ભરૂચ એલસીબી પોલીસે ભરૂચ હેડ કવાર્ટરના બે પોલીસ કર્મીઓ સામે ચાલુ ફરજ દરમિયાન દારૂનું સેવન કરવાના મામલે ફરિયાદ દાખલ કરી હતી.

ત્યારે હાંસોટમાંથી પણ આવો કિસ્સો બહાર આવતા પોલીસ હવે આબરૂ બચાવવા દોડી હતી. જિલ્લા પોલીસ વડાએ વાયરલ વીડિયો મામલે તપાસ આદેશ આપી તપાસ હાથ ધરી હતી. આ મામલે હાંસોટ પોલીસ મથકમાં ફરજ બજાવતા હિતેશ પરમાર (ASI) અને ઠાકોરભાઈ ગોમાનભાઇ પટેલ (GRD), મુજાદ મોહંમદ ઝફર શેખ, મોહંમદ સફીક શેખ, નાસીરભાઈ, મહંમદ અનીસ મેમણ અને રઈશભાઈ સહિત સાત લોકો વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટ અંતગર્ત ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું અમેરિકાથી આવેલા એક મિત્ર દ્વારા પોલીસકર્મીઓ માટે આ પાર્ટીનું આયોજન કર્યું હતું.

### બી.પી. તથા ડાયાબીટીસની જેનેરીક દવાઓનું નિઃશુલ્ક વિતરણ

શ્રી સત્ય સાઈ સેવા સમિતી, રાજકોટ દ્વારા બી.પી. અને ડાયાબીટીસના દર્દીઓને એક મહિના ની જેનેરીક દવાઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. તારીખ:૧૫/૦૬/૨૦૨૫-રવિવાર ના સાંજે: ૬ થી ૭ સુધી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ, કાલાવડ રોડ, રાજકોટ ના પ્રાર્થના ખંડ માં ભજનપુર્ણ થયે આ દવાઓ વિના મુલ્યે આપવામાં આવશે. દર્દીઓ હાલ જે દવાઓ લેતા હોય તેની વિગત, ડોકટરના પ્રીસ્ક્રીપ્શન સાથે રાખવા. જરૂર લાગશે તેને ડાયાબિટીસ, સુગર ટેસ્ટ, તથા બ્લડ પ્રેશર ફ્રી માપી આપવામાં આવશે.

# રૂા.૨.૫ લાખ ઉછીની રકમ પરત ચુકવવાના ચેક રિટર્ન કેસમાં મિત્રને એક વર્ષની સજા

રાજકોટ,તા.૧૧

રાજકોટના કુવાડવા રોડ, ઉપર અંબીકા પાર્કમાં રહેતા જગદીશ દામજીભાઈ ગરસોંદીયાએ ઓગસ્ટ-૨૦૨૦ તેમના મીત્ર અને ઓળખીતા બિપીન કુમાર બાબુલાલ કાથરોટીયા (રહે. ડ્રિમ સીટી, કણકોટ રોડ, મવડી, રાજકોટ)ને ઉછીના પેટે બેંક મારફત રૂ.૨,૫૦,૦૦૦ મદદ માટે આપેલા હતા. જે રકમ જગદીશભાઈએ પરત માંગતા બિપીનકુમારએ ચેક આપેલ હતો. જે ચેક ફરીયાદીએ તેમના ખાતા વાળી બેંકમાં ડીપોઝીટ કરતા ફન્ડ્સ ઈન્સફીસીયન્ટના શેરા સાથે બિન ચુકતે રિટર્ન થતા ફરીયાદીએ તેમના વકીલ મારફત રાજકોટની સ્પેશીયલ નેગોશીયેબલ કોર્ટમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળ ફરીયાદ દાખલ કરેલી હતી.જે કેસ ચાલી જતા રાજકોટની કોર્ટે આરોપી બિપીનકુમારને તકસીરવાન ઠરાવી ૧ વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ વળતર પેટે ૬૦ દિવસમાં ન ચૂકવે તો વધુ ૬ મહીનાની સજાનો હુકમ કરેલ હતો. આ કેસમાં ફરીયાદી તરફે વકીલ અતુલ સી. ફળદુ, અજય કે. જાધવ, ચાર્મી કે. પંડયા રોકાયેલ હતા.



અતુલ ફળદુ
એડવોકેટ

# મિત્રતાના દાવે આપેલ રૂા. ૧.૫૦ લાખ પરત ન આપતા અજય વાઘેલાને ૧ વર્ષની સજા

રાજકોટ, તા.૧૧

ગાંધીગ્રામમાં બિલેશ્વર મંદીર પાસે, શ્યામનગર, શેરી નં.-૩માં રહેતા નવિનચંદ્ર વાળોદરાને આરોપી અજય હમીર વાઘેલા સાથે મિત્રતાનો સંબંધ હતો. આરોપીને જરૂરીયાત ઉપસ્થિત થતા રકમની માંગણી કરી હતી. જેથી નવિનચંદ્રભાઈના પત્ની ફરિયાદી ગોપીબેને આરોપીને રૂ.૧.૫૦ લાખ ૪ માસ પુરતા હાથ ઉછીના આપેલ હતા.

ત્યારબાદ સમય પૂર્ણ થતા ફરીયાદીએ આરોપીને આપેલ હાથ ઉછીની રકમ રૂપરત માંગતા આરોપીએ ફરીયાદીને રૂ.૧,૫૦,૦૦૦નો ચેક ફરીયાદીને આપેલ હતો. આ ચેક વટાવાયા વગર પરત ફરેલ હતો. ફરિયાદીએ પોતાના વકીલ સંદિપ એન. સતાણી મારફતે દ્વારા લીગલ નોટીસ મોકલાવેલ. છતાં રકમ ન ચુકવતા કોર્ટમાં ચેક રિટર્નનો કેસ દાખલ કરેલ હતો. આ કેસ ચાલી જતા અદાલતે આરોપીની વર્તણૂક તેમજ ફરિયાદીના વકીલે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાઓ, દલીલો ધ્યાને લઈને આરોપી અજય વાઘેલાને તકસીરવાન ઠેરાવી એક વર્ષની સાદી કેદની સજા અને ચેક મુજબની રકમ જો આરોપી એક માસની અંદર ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ છ માસની સજાનો હુકમ રાજકોટના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ જજ દ્વારા કરવામા આવેલ હતો. આ કેસમાં ફરિયાદી તરફે વકીલ સંદિપ એન. સતાણી તથા તેમના આસિસ્ટન્ટ દિવ્યા બી. યાજ્ઞિક રોકાયા હતા.



સંદીપ સતાણી
એડવોકેટ

# રાજકોટ જિલ્લાની ગ્રામ પંચાયતોનું ચૂંટણી ચિત્ર સાંજ સુધીમાં ફાઈનલ

## હરિફ ઉમેદવારોની યાદી તૈયારઃ ચૂંટણી ચિન્હ ફાળવાતા સાંજથી ઉમેદવારોના નામના બેલેટ પેપરોનું પણ પ્રિન્ટીંગ

રાજકોટ તા.૧૧

રાજકોટ જીલ્લાની ગ્રામ પંચાયતોની આગામી તા.૨૨ના યોજાનારી ચૂંટણીનું ચીત્ર આજે સાંજ સુધીમાં ફાઈનલ થઈ જશે. આજે ઉમેદવારી ખેંચવાનો અંતીમ દિવસ હોય સાંજ સુધીમાં હરીફ ઉમેદવારોની યાદી તૈયાર થતા ઉમેદવારોને ચૂંટણી ચિન્હ ફાળવી દેવાશે.

જીલ્લાની ગ્રામ પંચાયતોની આ ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણી તંત્ર અને વહીવટી તંત્ર દ્વારા કમરકસી દેવામાં આવી છે. આજે સાંજના હરીફ ઉમેદવારોની ફાઈનલ યાદી તૈયાર થતા જ ઉમેદવારોના નામના બેલેટ પેપરોના પ્રિન્ટીંગ પ્રેસમાં શરૂ કરી દેવામાં આવનાર છે. બેલેટ પેપરોનું પ્રિન્ટીંગ બે દિવસ સુધી ચાલશે. ગઈકાલે ગ્રામ પંચાયતોની ચૂંટણીના રાજકોટ આવી પહોંચેલા ઓબ્ઝર્વરે પ્રજાપતિએ કલેકટર કચેરી ખાતે જીલ્લા કલેકટર અને ડેપ્યુટી કલેકટરો સાથે બેઠક યોજી ચૂંટણી તૈયારીઓની સમીક્ષા કરી હતી.

અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ જીલ્લામાં ૬૪ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી અને ૨૪૩ પંચાયતોની પેટા ચૂંટણી યોજાનાર છે. જેમાં સરપંચ પદ માટે ૨૪૯ તેમજ સભ્યોની બેઠક ઉપર ૧૧૩૭ ઉમેદવારોએ પોતાના નામાંકન પત્ર ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કર્યા હતા. જેની ચકાસણી ગઈકાલે કરવામાં આવ્યા બાદ આજે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાનો અંતિમ દિવસ હતો. જેથી સાંજ સુધીમાં જીલ્લાની ૬૪ પંચાયતોની સામાન્ય અને ૨૪૩ પંચાયતોની પેટા ચૂંટણીનું ફાઈનલ ચીત્ર નકકી થશે.



# યુ.પી.માં સુલેહદેવ સ્વાભિમાન પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષને કાર્યકરે જાહેરમાં થપ્પડ મારી

## પાર્ટી મેં બનાવી અને મલાઈ તું ખાઈશ તેમ કહી સુભાસ્પાના કાર્યકરે ગાલે તમાચો ચોડી દીધો

લખનવ,તા.૧૧

ઉત્તર પ્રદેશના જૌનપુરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર હાલ વાયરલ થઈ રહ્યો છે. મઉ જિલ્લાના રહેવાસી સુહેલદેવ સ્વાભિમાન પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ મહેન્દ્ર રાજભર ઉર્ફે કટપ્પાને તેમના સાથી અને સુભાસ્પાના કાર્યકર બ્રિજેશ રાજભરે જૌનપુરના ઝફરાબાદના આશાપુરી ગામમાં સુહેલદેવ જયંતીના અવસરે આયોજિત કાર્યક્રમમાં હાર પહેરાવ્યા બાદ થપ્પડ ઝીંકી દીધી હતી.

સુભાસ્પાના કાર્યકર બ્રિજેશ રાજભરે હાર પહેરાવતાં પહેલા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ મહેન્દ્ર રાજભર વિશે વાત કરતાં કહ્યું હતું કે, 'જે બધા લોકોને અમારી વિધાનસભા અને લોકસભામાં મોકલવામાં આવ્યા હતા, તેઓ અમારા માટે લોબિંગ નથી કરી રહ્યા પરંતુ પોતાના માટે લોબિંગ કરી રહ્યા છે અને પોતાના પુત્ર અને પરિવાર માટે કામ કરી રહ્યા છે. રાજા સુહેલદેવનું નામ વેચાઈ રહ્યું છે. કેટલાક એવા અત્યાચારીઓ છે જેમને આપણે છોડી દઈશું.' આ પછી, તેમણે મહેન્દ્ર રાજભરને થપ્પડ મારતાં કહ્યું, 'પાર્ટી મેં બનાવી અને મલાઈ તું ખાઈશ...'

વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં, મહેન્દ્ર રાજભરે ઓમ પ્રકાશ રાજભરની પાર્ટી સાથે જોડાણ કરીને ભારતીય જનતા પાર્ટીના પ્રતિક પર બાહુબલી માફિયા મુખ્તાર અંસારી સામે ચૂંટણી લડી હતી, જેમાં તેઓ મુખ્તાર અંસારી સામે લગભગ ૬૦૦૦ મતોથી હારી ગયા હતા. ૨૦૧૭ની એ જ ચૂંટણીમાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મઉમાં એક જાહેર સભામાં તેમને કટપ્પાનું બિરુદ આપ્યું હતું અને કહ્યું હતું કે આ કટપ્પા બાહુબલીનો સફાયો કરી દેશે.

# ચાંદીનો ભાવ ૧.૧૦ લાખ નજીક



ચાંદીના ભાવમાં રેકોર્ડબ્રેક તેજીનો દોર જારી રહ્યો હતો અને માત્ર ૧.૧૦ લાખની નજીક પહોંચી ગયો હતો. રાજકોટમાં હાજર ચાંદીનો ભાવ ૧૦૯૩૦૦ હતો. કોમોડીટી એકસચેંજમાં તે ઘટીને ૧૦૧૭૫૦ હતો. સોનામાં વધુ ૨૦૦ રૂપિયાનો ભાવવધારો હતો. હાજર સોનુ ૯૯૭૦૦ તથા કોમોડીટી એકસચેંજમાં ૯૭૧૫૦ હતું. ચાંદીમાં સતત ભાવવધારો છે અને તેજીનાનવા ઝોનમાં છે. ટુંકાગાળામાં ભાવ સવા લાખને આંબી શકે છે.

પરવાનગી વિના આખી દુનિયાને બોલાવી લીધી

# બેંગ્લોર ભાગદોડ કેસમાં ક્રિકેટબોર્ડ અને આરસીબી જ જવાબદાર

## કર્ણાટક સરકારનુ અદાલતમાં મોટુ નિવેદન

બેંગ્લોર તા.૧૧

બેંગલુરૂના એમ.ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં RCBની જીતની ઉજવણી દરમિયાન ભાગદોડ કેસમાં કર્ણાટક સરકારે મોટું નિવેદન આપ્યું છે. કોર્ટમાં સુનાવણી દરમિયાન કર્ણાટક સરકારે BCCI અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ ને આ દૂર્ઘટના માટે જવાબદાર ગણાવ્યા છે.

કર્ણાટક સરકારે બેંગલુરૂના એમ.ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર ભાગદોડ માટે રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ (RCB) અને BCCIને સીધી રીતે જવાબદાર ઠેરવી છે. આ દૂર્ઘટનામાં ૧૧ લોકોના મોત થયા હતા. સરકારે હાઇકોર્ટમાં જણાવ્યુ કે આ ઈવેન્ટ માટે કોઇ પરવાનગી લેવામાં આવી નહતી અને આયોજકોએ સોશિયલ મીડિયા દ્વારા 'આખી દુનિયાને બોલાવી લીધી હતી'.

રાજ્ય સરકાર તરફથી હાજર રહેલા એડવોકેટ શશિ કિરણ શેટ્ટીએ કોર્ટમાં જણાવ્યું કે RCBએ ૨૯ મેએ પંજાબ વિરૂદ્ધ મેચ જીતી લીધી હતી. તેમ છતા તેમને ના તો જીતની ઉજવણી (વિકટરી પરેડ) કાઢવાની પરવાનગી લીધી અને ના તો સ્ટેડિયમમાં ઉજવણી માટે પરમિશન માંગી હતી.

શેટ્ટીએ જણાવ્યુ- ૩ જૂને મેચ શરૂ થવાના એક કલાક પહેલા આયોજકોએ તંત્રને એક પત્ર લખ્યો હતો જેમાં લખ્યુ હતું કે તે વિકટરી પરેડનું આયોજન કરશે. એટલે કે તે પરવાનગી માંગતા નહતા માત્ર પોતાના પ્લાનની જાણકારી આપતા હતા.

તેમ છતા RCBએ ૩ જૂનની રાત્રે ૧૧:૩૦ વાગ્યાથી લઇને ૪ જૂન સવાર સુધી સોશિયલ મીડિયા પર કેટલીક પોસ્ટ કરી હતી જેમાં ફેન્સને વિકટરી પરેડ અને સેલિબ્રેશનમાં સામેલ થવા માટે બોલાવવામાં આવ્યા હતા.

એડવોકેટ જનરલે કોર્ટમાં કહ્યું- એવું લાગી રહ્યું હતુ જેમ આખી દુનિયાને બોલાવી લેવામાં આવ્યા હોય. વકીલે જણાવ્યું કે સ્ટેડિયમની બહાર આશરે ૩.૫થી ૪ લાખ લોકો પહોંચી ગયા હતા જ્યારે સ્ટેડિયમની ક્ષમતા ૩૩૦૦૦ લોકોની જ હતી. વકીલે કહ્યું કે આયોજકોએ એમ પણ નહતું જણાવ્યુ કે અંદર કોને આવવા દેવામાં આવ્યા, તેમની સોશિયલ મીડિયા પોસ્ટમાં માત્ર એટલુ લખ્યુ હતું કે તમામ ફેન્સ આવે અને ટીમ માટે ચીયર કરે.

# ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો સીઝન-૩માં ક્રિકેટર ગંભીર, ચહલ, પંત હસાવશે

## નેટફિલકસ પર ૨૧મી જૂનથી શોનું પ્રસારણ

મુંબઈ,તા.૧૧

કોમેડિયન અને અભિનેતા કપિલ શર્મા તેમના શો 'ધ ગ્રેટ ઇન્ડિયન કપિલ શો'ની સીઝન ૩ સાથે દર્શકોનું મનોરંજન કરવા માટે તૈયાર છે. તાજેતરમાં કપિલે શોમાં નવજોત સિંહ સિદ્ધુના પાછા ફરવાની જાહેરાત કરી હતી અને સલમાન ખાન શોના પહેલા ગેસ્ટ હોવાની પુષ્ટિ પણ કરી હતી. હવે લેટેસ્ટ તસવીરો અનુસાર, ક્રિકેટ સ્ટાર્સ પણ કપિલના શોમાં જોડાવા જઈ રહ્યા છે.



યુઝવેન્દ્ર ચહલે ઈન્સ્ટાગ્રામ પર શોના સેટ પરથી કેટલીક તસવીરો શેર કરી હતી, જેમાં તે કપિલ શર્મા અને નવજોત સિંહ સિદ્ધુ સાથે પોઝ આપતો જોવા મળે છે. બીજી એક તસવીરમાં ગૌતમ ગંભીર, ઋષભ પંત અને અભિષેક શર્મા પણ જોવા મળે છે .

એક યુઝરે મજાકમાં લખ્યું, ગંભીર અને યુજીને સાથે જોવાની મજા આવશે. બીજા એક ચાહકે લખ્યું, આ એપિસોડ ખૂબ જ રમુજી બનવાનો છે. તે જ સમયે, ઘણા લોકોએ શ્રેયસ ઐયરની ગેરહાજરી પણ અનુભવી અને પૂછ્યું, સરપંચ સાહેબ કયાં છે?આ પહેલા નવજોત સિંહ સિદ્ધુએ શોના સેટ પરથી સલમાન ખાન સાથેના કેટલાક પડદા પાછળના ફોટા શેર કર્યા હતા. આ ફોટામાં સલમાન બીઈંગ હ્યુમન ટી-શર્ટ અને ઝાંખા ડેનિમ પહેરેલા જોવા મળ્યા હતા. સિદ્ધુએ કેપ્શનમાં લખ્યું હતું, સુલ્તાનનો સુલ્તાન, ધ ગ્રેટ ખાન સાથે!

કપિલ શર્મા આ વખતે પણ શો હોસ્ટ કરતા જોવા મળશે. તેમની સાથે શોમાં કૃષ્ણા અભિષેક, સુનીલ ગ્રોવર, કીકુ શારદા અને અર્ચના પૂરણ સિંહ પણ જોવા મળશે. શોની ત્રીજી સીઝન ૨૧ જૂનથી નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થવા જઈ રહી છે.

# વ્યાજખોરી અને સટ્ટાખોરીમાં દોઢ કરોડનું દેણું થઈ જતા ચોટીલાના યુવકે આપઘાતનો પ્રયાસ કર્યો

## ત્રાસ આપતાં વ્યાજખોર આક્ષેપિતોનું ચિઠ્ઠીમાં નામ લખી પગલું ભર્યું

રાજકોટ, તા.૧૧

વ્યાજખોરી અને સટ્ટાખોરીમાં દોઢ કરોડનું દેણું થઈ જતા ચોટીલાના યુવકે આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ત્રાસ આપતાં વ્યાજખોર આક્ષેપિતોનું ચિઠ્ઠીમાં નામ લખી પગલું ભર્યું હતું. ઝેરી દવા પિતા દિલીપ લક્ષ્મણભાઈ ખીમસુરીયા (ઉંમર વર્ષ ૩૭, રહે. જુના બસ સ્ટેન્ડ પાછળ, ચોટીલા)ને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો.



ચોટીલાના હાર્દિક ભરતભાઈ જાદવ, ભારતીબેન ભરતભાઈ જાદવ, વિશાલ દિનેશભાઈ મકવાણા, દિનેશ હીરાભાઈ મકવાણા, કનુભાઈ બોરીચા, કરમશીભાઈ, હીર મેડમ, ક્રિપાલસિંહ, કિશનભાઇ, રાજવીર ભાઈ, ભાવેશભાઈ, આશિકભાઇ સુલતાનભાઈ કલાગીયા, પટેલભાઈ સહિતના નામ ચિઠ્ઠીમાં લખ્યા છે. દિલીપે જણાવ્યું કે, તેણે આ લોકો પાસેથી વ્યાજે દોઢેક કરોડ જેટલાં રૂપિયા લીધા હતા. સેનેટરી અને કોલસાનો ધંધો કર્યો હતો. એકાદ કરોડ જેટલી રકમ વ્યાજ પેટે આપી દીધી અને આમાંથી અમુક સટ્ટો રમાડતા હોય જેથી ક્રિકેટ સટ્ટામાં રૂપિયા હારી ગયો. જે પછી આ ઉઘરાણી કરી ત્રાસ આપતા ઝેરી દવા પીધી હતી. ચોટીલા પોલીસે દિલીપનું નિવેદન નોંધણી વધુ તપાસ હાથ ધરી હતી.

# જીવરાજ પાર્ક વિસ્તારની સગીરાના અપહરણ દુષ્કર્મ અને પોકસો કેસમાં આરોપીનો જામીન પર છુટકારો

## આરોપીના કૃત્યથી ભોગ બનનાર બંને આંખે અંધ થઈ ગઈ હોવાની દલીલો ફગાવતી અદાલત

રાજકોટ, તા.૧૧

શહેરના જીવરાજ પાર્ક વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષની સગીર પુત્રીનું અપહરણ થયું હતું. રાજકોટના તાલુકા પોલીસ સ્ટેશનમાં આ અંગે આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) અને પોકસો એકટની કલમ ૪,૬, મુજબની ફરીયાદ નોંધાઈ હતી. જે ગુનામાં જેલ હવાલે રહેલ આરોપી ધીરજ પ્રમોદરાય જગન્નાથની જામીન અરજી હાઈકોર્ટે મંજુર કરી છે.



એડવોકેટ જીજ્ઞેશ સભાડ, રણજીત મકવાણા

કેસની વિગત મુજબ, ફરીયાદીએ પોતાની સગીર દીકરીના અપહરણ અંગે ફરિયાદ નોંધાવતા જણાવેલ કે, તેઓ પોતાના વતનમાં લગ્ન પ્રસંગમાં ગયેલ હતા. પરત આવ્યા ત્યારે ભોગબનનાર દીકરી જોવામાં ન મળતા તપાસ કરતા પણ મળી ન આવતા ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તપાસ કરી આરોપી ધીરજની ધરપકડ કરી હતી. તે સગીરા સાથે રાજકોટ ખાતે રાજનગર ચોકમાં ભાડાના મકાનમાં રહેતો હતો. ભોગબનનારનું નિવેદન લેતા આરોપીએ તેની મરજી વિરૂદ્ધ અવાર-નવાર શરીર સંબંધ બાંધ્યો હોવાનું ખુલ્યું હતું. તેમજ આરોપીના કૃત્યથી તે હાલ બન્ને આંખે જોઈ શકતી નથી અને અંધ થઈ ગઈ છે તેવી હકીકતો જણાવેલી હતી. જેલમાં રહેલ આરોપીના જામીન સેશન્સ કોર્ટે રદ કરતા હાઇકોર્ટમાં વકીલ મારફતે જામીન અરજી કરી હતી. જેમાં વાંધો લેવાયો હતો કે, સગીરા આરોપીના કૃત્યથી અંધ થઈ છે. જેથી જામીન આપવા જોઈએ નહીં. જોકે આરોપી પક્ષે વકીલે દલીલો કરેલી અને વિવિધ કોર્ટનાં ચુકાદા ટાંકેલા. જે ધ્યાને લઈ કોર્ટે આરોપીને જામીન મુક્ત કરવા હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપી વતી એડવોકેટ જીજ્ઞેશ એમ. સભાડ, રણજીત બી. મકવાણા, યોગેશ એ.જાદવ તથા મદદનીશમાં અભય ચાવડા, વિશાલ રોજાસરા, વિક્રમ કિહલા તેમજ હાઈકોર્ટમાં એડવોકેટ મેહુલ એસ. પાડલીયા રોકાયેલા હતા.

# હીરલબાએ સાગ્રીતો સાથે મળી એક વર્ષમાં ફ્રોડના ૧૮૫ કરોડ ઉપાડી લીધાઃ રિમાન્ડમાં ધડાકો

## પોરબંદરનાં હિરલબા જાડેજા અને તેના સાથીદારોના ૨૨ કરંટ બેંક ખાતાઓમાં ચીટીંગની રકમ જમા કરાવી હતીઃ મસમોટી રકમ વિડ્રોલ કરી સગેવગે પણ કરી નાખીઃ તપાસનો ધમધમાટઃ રિમાન્ડ દરમિયાન વધુ ચોંકાવનારી વિગતો ખુલે તેવી સંભાવના

જુનાગઢ તા.૧૧

જુનાગઢના ૩ વ્યકિતના નામે બોગસ દસ્તાવેજોના આધારે પોરબંદરના ભુરા મુંજાના પત્નિ હીરલબા જાડેજા અને તેના સાગ્રીતોએ ૨૨ જેટલા કરંટ બેંક ખાતા ખોલ્યા હતા. તેમાં ફ્રોડની રકમ જમા કરાવી હતી. ઓનલાઈન ફ્રોડ કર્યુ હતું. આ ગુન્હામાં જુનાગઢ એસઓજીએ હીરલબા તથા તેના બે સાગ્રીતોની ધરપકડ કરી તપાસ કરતા ૨૨ ખાતાઓમાં ૧૮૬ કરોડના ટ્રાન્ઝેકશન થયાનું અને તેમાંથી ૧૮૫ કરોડ તો વિડ્રો પણ કરી લીધાનું સામે આવ્યું છે. ગઈકાલે કોર્ટમાંથી આ ત્રીપુટીને કોર્ટે એક દિવસના રિમાન્ડ પર સોંપ્યા છે. પોરબંદરના ભુરા મુંજાના ધર્મપત્ની હીરલબા જાડેજા અને તેના સાગ્રીતો જુનાગઢના પ્રતાપ ભરાડ, પારસ જોશી અને ભરત સુત્રેજાને પ્રલોભન આપી તેના દસ્તાવેજો લઈ તેના આધારે જીએસટી નંબર મેળવી અલગ અલગ બેંકમાં ૨૨ કરંટ ખાતે ખોલાવ્યા હતા, પોરબંદરના સાઈબર પોલીસના લેટરના આધારે પુછપરછ કરતા જેમાં પુછપરછ કરતા જેમાં ખુલાસો થયો હતો. સાઈબર પીએસઆઈની પુછપરછમાં હીરલબા જાડેજા, નૈતિક માવાણી, સચીન મહેતા અને હીતેષ ઓડેદરા સામે ફરીયાદ નોંધાવી આઈટી એકટ સહિતની કલમો મુજબ ગુન્હો દાખલ કર્યો હતો. જેની તપાસ જુનાગઢ એસઓજીને સોંપવામાં આવી હતી. એસઓજી પીઆઈ પી.સી. સરવૈયા અને સ્ટાફે હીરલબા જાડેજા, સચીન મહેતા અને હીતેષ ભીમા ઓડેદરાનો ટ્રાન્સફર વોરંટથી કબ્જો મેળવી ધરપકડ કરી હતી. ગઈકાલે ત્રણેયને કોર્ટમાં રજુ કરતા એક એક દિવસના રીમાન્ડ મંજુર થયા હતા.

આ અંગે નાયબ પોલીસ અધિકારી હીતેષ ધાંધલ્યાના જણાવ્યા મુજબ હીરલબા જાડેજા અને તેના સાગ્રીતોએ જુનાગઢના ૩ વ્યકિતઓને પ્રલોભન આપી તેના દસ્તાવેજોના આધારે જીએસટી નંબર મેળવી ૨૨ જેટલા કરંટ ખાતાઓ ખોલી એક વર્ષમાં ૨૨ જેટલા કરંટ ખાતાઓ ખોલી એક વર્ષમાં ૨૨માંથી ૧૧ બેંક એકાઉન્ટમાં ૨.૨૩ કરોડના સાઈબર ફ્રોડના નાણાનું ટ્રાન્ઝેકશન થયું હતું. એક વર્ષ દરમ્યાન આ ૨૨ બેંક એકાઉન્ટમાં ૧૮૬ કરોડના ટ્રાન્ઝેકશન થયા હતા. તેમાંથી ૧૮૫ કરોડ વીડ્રો (ઉપાડી લીધા) થઈ ગયા છે. આ નાણા ઓનલાઈન આવ્યા છે. અને તેને સગેવગે કરી દેવાયા છે. અન્ય કયા કયા એકાઉન્ટમાં અને કઈ કઈ બેંકમાંથી રોકડ નાણા ઉપાડી તેનો સેના માટે ઉપયોગ કર્યો તે સહિતની બાબત અંગે તપાસ કરવામાં આવી રહી છે.

નાયબ પોલીસ અધિકારી હીતેષ ધાંધલ્યાએ વધુમાં જણાવ્યું છે કે ૨૨ ખાતાઓમાં એક વર્ષ દરમ્યાન જે રકમ જમા થઈ છે તે અંગે દેશભરમાંથી કેન્દ્ર સરકારના સમન્વય પોર્ટલ પર ૮૩ ફરીયાદો થઈ છે. ૨૨માંથી ૧૧ ખાતાઓનો ઉપયોગ થયો હતો જેમાં રૂા.૨૩ કરોડનું ટ્રાન્ઝેકશન થયું હતું. સુત્રોમાંથી જાણવા મળ્યા મુજબ ૨૨ ખાતાઓમાં આવેલી મોટી રકમનું ટ્રાન્ઝેકશન થયું છે તો આવા અનેક એકાઉન્ટ ખોલવામાં આવ્યા હતા. તે મુજબ ફ્રોડનો આંકડો ખુબજ મોટો સામે આવી શકે તેમ છે.